ICE® MIRACLES
EXCLUSIVE CLASS 1/2

સંપાદક : મૌલિક ગોંધિયા | VOLUME 1 | 15 to 30 APR - 2020




PAGE 86

## જલિયાવાલા બાગની 101મી વર્ષગાંઠ

13 એપ્રિલ, 1919ના રોજ અમૃતસર (પંજાબ)ના જલિયાવાલા બાગમાં 'વૈશાખી'ના દિવસે સેંકડો નિર્દોષ લોકોની હત્યા કરી નાખવામાં આવી હતી. બ્રિટિશ આંકડાઓ અનુસાર મરનારોની સંખ્યા 379 હતી પરંતુ તેનાથી ઘણા વધારે લોકો મર્યા હતા. આ હત્યાકાંડના વિરોધમાં રવિન્દ્રનાથ ટાગોરે પોતાની 'નાઈટહૂડ'ની ઉપાધિ નો ત્યાગ કર્યો હતો.



PAGE 13

## છુટક ફુગાવા (Inflation)માં ઘટાડો

## વિદ્યાદાન 2.0 લોન્ચ

PAGE 67




દેશના લાખો વિદ્યાર્થીઓને શીખવામાં મદદ કરવા આ શિક્ષણ સામગ્રીને 'દીક્ષા એપ' (DIKSHA APP)ના માધ્યમથી ઉપયોગ કરવામાં આવશે.

# સંપાદકની કલમે

વર્તમાન પ્રવાહો એ કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે મહત્ત્વનો ભાગ ભજવે છે. વર્તમાન પ્રવાહો પરીક્ષા માટે અગત્યતા ધરાવે છે પરંતુ તેનું ક્ષેત્ર એટલું વિશાળ છે કે પ્રશ્નો કોઈપણ ઘટના આધારીત પૂછવામાં આવતા હોય છે. વર્તમાન પ્રવાહોની આ અનિશ્ચિતતા દૂર કરી, વિદ્યાર્થીઓને એક જ સ્ત્રોતમાંથી તૈયારી કરવાની મહેનત થાય અને સમયમાં પણ બચાવ થાય તે આધારે જ **'ICE Miracle'** નામનું આ મેગેઝિન તૈયાર કરવામાં આવ્યું છે. જે દર 15 દિવસે પ્રકાશિત કરવામાં આવશે.

વર્ષ 2017થી લેવામાં આવતી GPSCની બધી જ પરીક્ષાઓના વર્તમાન પ્રવાહોના પ્રશ્નોનું વિશ્લેષણ કર્યા બાદ GPSC દ્વારા આવરી લેવામાં આવતા તમામ પાસાઓને આ મેગેઝિન અંતર્ગત આવરી લેવામાં આવેલ છે. GPSC દ્વારા લેવામાં આવતી પરીક્ષા માટે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ઘટનાઓનું વિશ્લેષણ કરવાની જરૂરીયાત રહેતી હોય છે અને વિશ્લેષણનું કૌશલ્ય ત્યારે જ કેળવી શકાય જ્યારે આ ઘટનાઓને વિવિધ દષ્ટિકોણથી જોવામાં આવે અને ખાસ કરીને આવી માહિતી ગુજરાતીમાં ઉપલબ્ધ હોય તો વિદ્યાર્થીઓને તૈયારી કરવામાં સરળતા રહેતી હોય છે. આથી આવો બહુ–દષ્ટિકોણ કેળવવાનો પ્રયાસ આ મેગેઝિન દ્વારા ICEના માધ્યમથી કરવામાં આવેલો છે. અમને ચોક્કસ એવી આશા છે કે આ મેગેઝિન તમારી મહેનતને સરળ અને સચોટ બનાવશે અને આવો જ પ્રયાસ કરવા ICE કટિબદ્ધ છે.

# INDEX

## 1. બંધારણ અને રાજ્યવ્યવસ્થા...1


- રાજ્યપાલ અને ફ્લોર ટેસ્ટ................................ 1
- રાજ્ય ચૂંટણી કમિશનર........................................ 2
- નાગરિક સુરક્ષા સ્વયંસેવક................................ 2
- અનામત અને વાસ્તવિક લાભાર્થીઓ................ 3
- મહામારી રોગ (સુધારણા) વટહુકમ, 2020....... 4
- પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા............................ 5
- સંજય કોઠારી કેન્દ્રીય તકેદારી આયોગના નવા મુખ્ય કમિશનર........................................................ 6
- ભારતીય બંધારણની મૂળસંરચના.................... 6
- બોડોલેંડ પ્રાદેશિક પરિષદ.................................. 8
- ભ્રષ્ટાચાર નિયંત્રણ કાયદાના ક્ષેત્રમાં માનદ યુનિવર્સિટી........................................................ 8


## 2. અર્થતંત્ર.........................10


- COVID-19 અને મનરેગા............................. 10
- 'યુજેન્સ' ઋણપત્ર.............................................. 11
- નોન-બેન્કિંગ ફાયનાન્સિયલ કંપનીમાં તરલતાનું સંકટ........................................................... 11
- COVID-19 અને એશિયન ડેવલપમેન્ટ બેંક........................................................... 12
- સોવરેન ગોલ્ડ બોન્ડ.......................................... 13
- છૂટક ફુગાવો........................................................ 13
- નિકાસના નિયમોમાં ફેરફાર.......................... 15
- ખરીફ પાકો પર રાષ્ટ્રીય સંમેલન : 2020........ 15
- COVID-19 અને રૂપિયાનું અવમૂલ્યન.......... 16
- વર્ષ 2020-21માં અનાજના ઉત્પાદનનું લક્ષ્ય..17
- રિવર્સ રેપો રેટમાં ઘટાડો..................................17
- એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક દ્વારા ભારતને નાણાકીય સહાય................................18
- IMF દ્વારા ભારતની આર્થિક વૃદ્ધિનું અનુમાન.....................................................19
- હેલિકોપ્ટર મની.................................................. 20
- કિસાન રથ એપ્લિકેશન.................................. 20
- ઓર્ડર બુક્સ, ઈન્વેન્ટરીઝ અને કેપેસિટી યુટિલાઈઝેશન સર્વે (OBICUS)...................... 21
- સોફ્ટવેર ટેકનોલોજી પાર્ક.............................. 21
- COVID-19 અને NPA.................................... 21
- જાહેર વિતરણ પ્રણાલી...................................... 22
- FDIના નિયમોમાં ફેરફાર.............................. 23
- નોન-બેન્કિંગ ફાયનાન્સિયલ કંપની અને સુક્ષ્મ નાણાકીય સંસ્થાઓની નાણાકીય સ્થિતિ સુધારવાના પ્રયાસો............................................23
- ડિજિટલ લેવડ-દેવડમાં વૃદ્ધિ............................ 24
- રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ અંતર્ગત 66 લાખ કાર્ડધારકોને રૂ. 1000ની સહાય.............25
- નાદારી પ્રક્રિયા રોકવા માટે વટહુકમ.............. 26
- પોષકતત્વ આધારિત સબસિડી...................... 26
- RBI દ્વારા ફરીથી ઓપરેશન ટ્વિસ્ટ શરૂ કરાશે..................................................................27
- કેન્દ્ર સરકારના મોંઘવારી ભથ્થામાં વધારાને સ્થગિત કરાયો..................................................28
- શ્રમ સંબંધિત સંસદીય સમિતિનો અહેવાલ..... 29
- કાચા તેલની કિંમતમાં ઘટાડાની ખાંડ ઉદ્યોગ પર અસર............................................................ 30
- કૃષિ કલ્યાણ અભિયાન.....................................31
- પ્રત્યક્ષ મુદ્રીકરણ (Direct Monetisation)...31
- વ્યુહાત્મક પેટ્રોલિયમ અનામત (Strategic Petroleum Reserves)................................. 32


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- બેન્કિંગ સેવાઓને જાહેર ઉપયોગી સેવા ઘોષિત કરવામાં આવી.......32
- RBI દ્વારા મ્યુચ્યુઅલ ફંડ માટે રોકડની સુવિધા.......33
- ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ સર્વિસ સેન્ટર ઓથોરિટી.......33
- COVID-19 હેતુ ADBથી 1.5 બિલિયન ડોલર ધિરાણની મંજૂરી.......34
- નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન (NIP) પર અંતિમ અહેવાલ.......35
- COVID-19 અને અસંગઠિત ક્ષેત્ર.......36
- Mapping India's Energy Subsidy, 2020 રિપોર્ટ.......36


## 3. આંતરરાષ્ટ્રીય ઘટનાઓ.....37


- આસિયાન દેશોનું આભાસી સંમેલન.......37
- વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના ભંડોળ પર રોક.......38
- ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી.......39
- ઈન્ટરનેશનલ મોનેટરી એન્ડ ફાયનાન્સ કમિટી.......40
- એશિયાની આર્થિક વૃદ્ધિમાં ઘટાડો.......40
- ન્યૂ ડેવલપમેન્ટ બેંક.......40
- ખાદ્ય અસુરક્ષા અને G20 મંત્રીઓની બેઠક.......41
- COVID-19ના કારણે રેમિટેંસમાં ઘટાડો.......42
- ભારત અને હિંદ મહાસાગર આયોગ.......42
- UNCTD દ્વારા 1 ટ્રિલિયન ડોલરનું દેવું માફ.......43
- H-1B વિઝા નિયમો કડક કરવાની માંગ.......43
- વ્યાપક પરમાણુ પરીક્ષણ પ્રતિબંધ સંધિ Comprehensive Nuclear Test Ban Treaty (CTBT).......44
- અલગાવવાદીઓ દ્વારા દક્ષિણ યમનમાં સ્વશાસનની ઘોષણા.......45
- BRICS વિદેશ મંત્રીઓની બેઠક.......45
- અમેરિકી આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા આયોગનો અહેવાલ.......46
- અમેરિકાની 'પ્રાયોરિટી વોચ લિસ્ટ'માં ભારત.......46


## 4. વિજ્ઞાન અને ટેકનોલોજી....48


- ડિજિટલ સ્ટેથોસ્કોપ.......48
- ડબલ લેયર માસ્ક.......48
- CollabCAD.......48
- ઓરી સંક્રમણનું જોખમ.......49
- વિશ્વ ચગાસ રોગ દિવસ.......49
- COVSACK.......50
- પૂલ પરીક્ષણ.......50
- હાર્પૂન અને ટોરપીડો મિસાઈલ.......51
- સ્વયં પ્રભા ટીવી ચેનલ.......51
- ચિત્રા જીનલૅમ્પ-એન (Chitra GeneLAMP -N).......52
- Demo - 2 મિશન.......53
- ચોખાનો હેન્ડ સેનિટાઈઝર બનાવવામાં ઉપયોગ.......53
- COVID-19 અને જીનોમ સિક્વન્સ.......54
- આયનાવરણ ઈલેક્ટ્રોન ઘનતાની આગાહીનું નવું મોડેલ.......55
- ઈન્ટરસ્ટેલર સ્પેસમાં લિથિયમની પર્યાપ્તતા.......56
- નૈનોબ્લીટ્ઝ - 3D.......56
- મોબાઈલ COVID-19 પરીક્ષણ લેબ.......57
- હબલ સ્પેસ ટેલિસ્કોપની 30મી વર્ષગાંઠ.......57
- હાઈડ્રોજન બળતણ કોષ આધારીત બસ અને કાર (Hydrogen Fuel Cell Based Bus and Car).......58


INSTITUTE FOR COMPETITIVE EXAMS

- પ્લાઝમા થેરેપી શરૂ કરનાર પ્રથમ સરકારી હોસ્પિટલ........................................58
- રસી માટે માનવ પરીક્ષણ........................................60
- HCARD........................................60
- અસમાન દળ ધરાવતા બે બ્લેક હોલનું વિલિનીકરણ........................................61


## 5. યોજના/પોર્ટલ/રિપોર્ટ.........62


- સ્ટેટ ઓફ ધ વર્લ્ડ નર્સિંગ રિપોર્ટ....................62
- દક્ષિણ એશિયા આર્થિક ફોકસ (South Asia Economic Focus)........................................62
- યુક્તિ પોર્ટલ........................................63
- ભારત પઢે ઓનલાઈન અભિયાન..................64
- COVID-19 નિયંત્રણ માટે ડેટા પૂલ...............64
- મુખ્યમંત્રી COVID-19 યોદ્ધા કલ્યાણ યોજના........................................65
- કોવિડ ઈન્ડિયા સેવા પ્લેટફોર્મ........................65
- ઈ-રક્તકોષ પોર્ટલ........................................65
- સંયમ એપ્લિકેશન........................................66
- વિશ્વ પ્રેસ સ્વતંત્રતા સૂચકાંક........................66
- ખાધ સંકટ પર વાર્ષિક અહેવાલ.....................67
- વિદ્યાદાન 2.0........................................67
- કોમોડિટી માર્કેટ આઉટલુક............................67
- ઈ-ગ્રામ સ્વરાજ પોર્ટલ અને સ્વામિત્વ યોજના........................................68
- આધાર સીડિંગની સમય મર્યાદામાં છૂટ..........69
- PRACRITI ડેશબોર્ડ........................................70
- લશ્કરી ખર્ચ પર SIPRIનો અહેવાલ................70
- વિસ્થાપિત લોકોની સંખ્યામાં વધારો..............71
- સ્વામિત્વ યોજના........................................71


## 6. પર્યાવરણ અને ભૌગોલિક ઘટનાઓ..........................73


- નવીનીકરણ ઊર્જા પ્રમાણપત્રો..........................72
- મોનસૂન સંબંધી અનુમાન..............................72
- ભૂકંપીય ધ્વનિમાં ઘટાડો..............................74
- ત્રિમેરેસુરુસ સાલાઝાર..............................74
- લૈધર બેક કાચબો..............................74
- કેલ્સાઈન્ડ પેટ કોકની આયાત........................75
- બેલી પુલ..............................75
- આંતરરાષ્ટ્રીય પૃથ્વી દિવસ..............................76
- સુજલામ સુફલામ જળ અભિયાનનો ત્રીજો તબક્કો..............................77
- રાવી નદી પર સ્થાયી પુલ..............................77
- એરોસોલના સ્તરમાં ઘટાડો..............................78
- દેહિંગ પટકાઈ વન્યજીવ અભ્યારણ.................79
- દેવનહલ્લી પોમેલો..............................79
- એટાલિન જળવિદ્યુત પરિયોજના....................80
- આર્કટિક ક્ષેત્ર અને ઓઝોન હોલ....................80
- રોહતાંગ ઘાટ..............................81
- પ્રથમ વર્ચ્યુઅલ પીટર્સબર્ગ જળવાયુ સંવાદ.....82
- ગંગા નદીના જળની ગુણવત્તા........................83
- દક્ષિણ એશિયા મોસમી આબોહવા આઉટલુક ફોરમ (South Asian Seasoned Climate Outlook Forum)..............................84
- જળ શક્તિ અભિયાન..............................84
- ANTHURIUM..............................85


## 7. ઈતિહાસ અને સંસ્કૃતિ.......86


- જલિયાવાલા બાગ હત્યાકાંડ વર્ષગાંઠ............86
- સિયાચિન દિવસ..............................86
- 'દેખો અપના દેશ' વેબિનાર સિરીઝ................87

- મહામારીનો ઈતિહાસ....................................... 87
- વિશ્વ ધરોહર દિવસ........................................ 88
- અમૂર્ત સાંસ્કૃતિક વારસાની રાષ્ટ્રીય સૂચિ........... 88
- અંબુબાચી મેળો.............................................. 90
- ખોંગજોમ દિવસ.............................................. 90
- ખુદાઈ ખિદમતગાર આંદોલન............................. 91
- બસવ જયંતી.................................................. 91


## 8. અન્ય સંક્ષિપ્ત વર્તમાન પ્રવાહો.............................93


- ઓપરેશન લાઈફલાઈન ઉડાન............................. 93
- સહયોગ એપ.................................................. 93
- અજય મહાજન કેર રેટિંગના નવા MD......... 93
- વિશ્વ હીમોફીલિયા દિવસ.................................. 94
- 'અસેસ કોરો ના' એપ્લિકેશન.......................... 94
- WWF ઈન્ડિયાના એમ્બેસેડર તરીકે વિશ્વનાથ આનંદની નિયુક્તિ.............................................. 94
- એશિયન બોક્સિંગ ચેમ્પિયનશીપ 2020........... 95
- ગોવા COVID-19 મુક્ત રાજ્ય........................... 95
- સામુદાયિક રસોઈઘરને જીઓ ટેગ (Geo Tag) કરનાર ઉત્તરપ્રદેશ પ્રથમ રાજ્ય........................ 95
- નરેલા કોરેન્ટાઈન સેન્ટર................................... 96
- કપિલ દેવ ત્રિપાઠી રાષ્ટ્રપતિના નવા સચિવ તરીકે નિયુક્ત............................................................. 96
- ટ્રાન્સજેન્ડર માટે ત્રીજા લિંગની અલગ શ્રેણી...96
- ઓનલાઈન કોચ વિકાસ કાર્યક્રમ.................. 96
- સિવિલ સેવા દિવસ - 2020............................ 97
- વૈશ્વિક સર્જનાત્મકતા અને નવીનતા દિવસ.. 97
- જીન ડિચ...................................................... 97
- રસીઓની સમાન પહોંચ માટે ઠરાવ................ 98
- નૂર ઉપગ્રહ.................................................... 98
- ટીમ માસ્ક ફોર્સ.............................................. 98
- વિશ્વ પુસ્તક તથા કોપીરાઈટ દિવસ.............. 98
- અંગ્રેજી ભાષા દિવસ........................................ 99
- પી.વી. સિંધુ બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન અભિયાનના એમ્બેસેડર તરીકે નામાંકિત...... 99
- ભારતીય વૈજ્ઞાનિકની અમેરિકાના 'રાષ્ટ્રીય વિજ્ઞાન બોર્ડ'માં નિયુક્તિ.............................. 99
- લોકડાઉન લર્નર્સ સિરીઝ.............................. 100
- 'આપ્તમિત્ર' હેલ્પલાઈન અને એપ્લિકેશન... 100
- ક્લાસિકલ સ્વાઈન તાવ............................... 100
- શાંતિ માટે કૂટનીતિ અને બહુપક્ષવાદ પર આંતરરાષ્ટ્રીય દિવસ.................................. 100
- ટિયાનવેન-1................................................ 101
- લેબનને મરીજુઆનાની ખેતીને કાયદેસર માન્યતા આપી...................................................... 101
- હરિયાણામાં પત્રકારો માટે વીમાની સુવિધા.. 101
- વિશ્વ મલેરિયા દિવસ.................................... 102
- આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિ દિવસ.................... 102
- વિશ્વ રસીકરણ સપ્તાહ................................. 102
- સાઉદી અરેબિયામાં નાબાલિકોને મૃત્યુદંડની સજા પર પ્રતિબંધ.............................................. 103
- પિચ બ્લૈક 2020.......................................... 103
- વૈશ્વિક બૌદ્ધિક સંપદા દિવસ....................... 103
- COVID-19 ટૂલ્સ (એક્ટ) એક્સલેરેટર..... 104
- રુહદાર વેન્ટિલેટર....................................... 104
- કાર્યસ્થળ પર સુરક્ષા અને આરોગ્ય માટે વિશ્વ દિવસ........................................................... 104
- ટી. એસ. તિરુમૂર્તિ સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ તરીકે નિયુક્ત.............................. 105
- એરો ઈન્ડિયા............................................... 105
- VITAL વેન્ટિલેટર....................................... 105
- Feluda......................................................... 105
- બ્લાઝાર....................................................... 106



JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# 1. બંધારણ અને રાજ્યવ્યવસ્થા

## રાજ્યપાલ અને ફ્લોર ટેસ્ટ

- માર્ચ, 2020માં મધ્યપ્રદેશના 22 ધારાસભ્યોએ રાજીનામુ આપ્યા બાદ રાજ્યપાલ લાલજી ટંડને ફ્લોર ટેસ્ટ કરવાનો આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટ દ્વારા રાજ્યપાલે આપેલ આ આદેશને સમર્થન આપવામાં આવ્યું છે.

### સુપ્રીમ કોર્ટના નિર્ણયની મુખ્ય બાબતો

- રાજ્યપાલને જ્યારે એવું જણાય કે વિધાનસભામાં મુખ્યમંત્રીની અધ્યક્ષતાવાળી મંત્રી પરિષદે બહુમતી/ સમર્થન ગુમાવી દીધું છે. તેવી સ્થિતિમાં ફ્લોર ટેસ્ટ દ્વારા મુદ્દો હલ કરવો જરૂરી છે.
- રાજ્યપાલ ફ્લોર ટેસ્ટ માટેનો આદેશ આપે તે બંધારણીય સત્તાની મર્યાદાથી વધીને કામ કર્યાનું ગણી શકાય નહીં. આ ઉપરાંત ફ્લોર ટેસ્ટના નિર્દેશ વખતે રાજ્યપાલે કોઈ રાજનૈતિક પાર્ટીની તરફેણ કરવી જોઈએ નહીં.
- ફ્લોર ટેસ્ટ માટે રાજ્યપાલની સત્તા ફક્ત વિધાનસભાની ચૂંટણી થાય પછી સરકારની બહુમતી સાબિત થાય ત્યાં સુધી જ નથી પરંતુ વિધાનસભાના સમગ્ર કાર્યકાળ સુધીની છે.
- જ્યારે પણ ધારાસભ્યો રાજીનામું ગૃહના અધ્યક્ષને આપે અને અધ્યક્ષ નિર્ણય લે ત્યાં સુધી ફ્લોર ટેસ્ટ માટે રાહ જોવાની રાજ્યપાલે જરૂર નથી. અધ્યક્ષ નિર્ણય આપે તે પહેલા પણ ફ્લોર ટેસ્ટનો આદેશ રાજ્યપાલ આપી શકે છે.

### Back to Basics : ફ્લોર ટેસ્ટ શું છે ?

- ફ્લોર ટેસ્ટ એ બંધારણીય પ્રક્રિયા છે. તેનો ઉપયોગ એ નક્કી કરવા માટે થાય છે કે શું સરકાર વિધાનસભા/લોકસભામાં બહુમત/ સમર્થન ધરાવે છે કે નહીં.
- ચૂંટણી થયા બાદ જે પક્ષ સરકાર બનાવવાનો દાવો કરે અથવા ચૂંટણી બાદના કાર્યકાળ પછી કોઈપણ સમયે સરકાર પાસે બહુમત છે કે નહીં તેની તપાસ ફ્લોર ટેસ્ટ દ્વારા થાય છે.
- ફ્લોર ટેસ્ટનો આદેશ રાજ્ય સ્તરે રાજ્યપાલ અને કેન્દ્ર સ્તરે રાષ્ટ્રપતિ આપે છે.

### ફ્લોર ટેસ્ટની પ્રક્રિયા

- ગૃહમાં સરકાર બનાવવા માટે 'જાદુઈ નંબર' (Magic Number)ની જરૂરીયાત હોય છે. આ જાદુઈ નંબર એટલે સરકાર બનાવવા માટે જરૂરી બેઠકો.
- સરકાર બનાવવા માટે કુલ બેઠકોની 50% + 1 બેઠકની જરૂર પડે છે. જો સરખા મત પડે તો અધ્યક્ષનો મત નિર્ણાયક મત રહેશે.
- જો કોઈ સભ્ય મત આપવા સમયે ગેરહાજર રહે કે પછી હાજર હોય પણ મત ન આપે તો બહુમતી એ હાજર અને મત આપતા સભ્યોના આધારે નક્કી થાય છે.

### સંયુક્ત ફ્લોર ટેસ્ટ

- જ્યારે બહુમતી સ્પષ્ટ ન હોય અને એકથી વધુ વ્યક્તિ સરકાર બનાવવા દાવો કરે ત્યારે કોની પાસે બહુમતી છે તે તપાસવા સંયુક્ત ફ્લોર ટેસ્ટ કરવામાં આવે છે.
- બહુમતી તપાસવા માટે રાજ્યપાલ/રાષ્ટ્રપતિ વિશેષ સત્ર બોલાવી શકે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## રાજ્ય ચૂંટણી કમિશનર

- તાજેતરમાં આંધ્રપ્રદેશની રાજ્ય સરકાર દ્વારા વટહુકમના માધ્યમથી 'રાજ્ય ચૂંટણી કમિશનર'ના કાર્યકાળમાં ઘટાડો કરવામાં આવ્યો હતો.
- વટહુકમના માધ્યમથી મદ્રાસ હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશની ઉત્તરાધિકારીના રૂપમાં નિમણૂક કરવામાં આવી હતી.
- વટહુકમ લાવવાનું કારણ જણાવતા આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, રાજ્ય ચૂંટણી કમિશનર સરકારની સલાહ વિના કાર્ય કરતા હતા અને અમુક રાજનૈતિક નેતાઓ માટે કાર્ય કરતા હતા.

### વટહુકમની મુખ્ય બાબતો

- વટહુકમ દ્વારા 'પંચાયત રાજ કાયદો, 1994'માં સુધારો કરવામાં આવ્યો અને 'રાજ્ય ચૂંટણી કમિશનર'ના કાર્યકાળને 3 વર્ષનો કરી દેવામાં આવ્યો હતો. પહેલા આ કાર્યકાળ 5 વર્ષનો હતો.
- હાલના રાજ્ય ચૂંટણી કમિશનરના કાર્યકાળને 3 વર્ષ થઈ ગયા હતા. આથી સુધારા બાદ તેઓ પદ પરથી આપોઆપ દૂર થયા હતા.
- વટહુકમમાં એ બાબતનો પણ ઉલ્લેખ છે કે, 'રાજ્ય ચૂંટણી કમિશનર' હાઈકોર્ટના ન્યાયાધીશને જે આધારે અને પ્રક્રિયા દ્વારા હટાવવામાં આવે છે તેના સિવાય હટાવી શકાશે નહીં.

### શા માટે વટહુકમ વિવાદમાં છે ?

- 'અપર્મિતા પ્રસાદ સિંહ વિરુદ્ધ સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ (2007)' કેસમાં અલ્હાબાદ હાઈકોર્ટે નિર્ણય આપ્યો હતો કે સેવાનો કાર્યકાળ પણ સેવાની શરતોનો એક ભાગ છે.
- રાજ્ય ચૂંટણી આયોગમાં સેવાના કાર્યકાળની સુરક્ષા ન હોવાથી કમિશનર પોતાની બંધારણીય જવાબદારી નિભાવવામાં સમર્થ રહેશે નહીં.

### Back to Basics : રાજ્ય ચૂંટણી પંચ વિશે

- રાજ્ય ચૂંટણી પંચના સંદર્ભે ભારતીય બંધારણના અનુચ્છેદ 243K અંતર્ગત જોગવાઈ કરવામાં આવી છે.
- રાજ્ય ચૂંટણી પંચ બંધારણીય સંસ્થા છે અને 73 અને 74માં બંધારણીય સુધારા દરમિયાન તેની રચના કરવામાં આવી હતી.

#### ■ રાજ્ય ચૂંટણી પંચનું માળખું

- રાજ્ય ચૂંટણી પંચમાં 1 રાજ્ય ચૂંટણી કમિશનર હોય છે જેની નિમણૂક રાજ્યપાલ દ્વારા કરવામાં આવે છે.
- રાજ્ય વિધાનમંડળના કાયદાની જોગવાઈ મુજબ, રાજ્ય ચૂંટણી કમિશનરની સેવાની શરતો, કાર્યકાળ એ રાજ્યપાલ નિયમથી નક્કી કરશે.
- રાજ્ય ચૂંટણી કમિશનરની નિમણૂક બાદ સેવાની શરતોમાં વિપરિત અસર થાય તેમ ફેરફાર કરી શકાય નહીં.

#### ■ રાજ્ય ચૂંટણી પંચના કાર્યો

- તે નગરપાલિકા, જિલ્લા પરિષદો, જિલ્લા પંચાયતો, ગ્રામ પંચાયતો, પંચાયત સમિતિ વગેરેની ચૂંટણી સંબંધિત કાર્યો કરે છે.

## નાગરિક સુરક્ષા સ્વયંસેવક

- COVID-19 સામે લડવા માટે લદ્દાખ, દમણ અને દીવ તથા પુડુચેરીને છોડીને બધા જ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 50000થી વધારે નાગરિક સુરક્ષા સ્વયંસેવકો ગોઠવવામાં આવ્યા છે.

- આ સ્વયંસેવકો COVID-19ના દિશા–નિર્દેશો અને નીતિઓને અસરકારક રીતે લાગુ કરવા સ્થાનીય પ્રશાસનની મદદ કરશે.
- તેઓ સેનિટાઈઝર, માસ્ક, PPE કીટ, સામુદાયિક રસોઈ, સામાજિક અંતર જાળવવું, રાશન, દવા વિતરણ વગેરે જેવા કાર્યો કરશે.

### Back to Basics : નાગરિક સુરક્ષા સ્વયંસેવક વિશે

- નાગરિક સુરક્ષા સ્વયંસેવકો 'નાગરિક સુરક્ષા અધિનિયમ, 1968' અને તેના સંબંધિત નિયમો અંતર્ગત કાર્ય કરે છે.
- તેઓ વિકટ પરિસ્થિતિઓ, જનતાની રક્ષા, આપદા સમયે સેવા તથા સુવિધાઓ વગેરે જેવા કાર્યો કરે છે.
- નાગરિક સુરક્ષા સ્વયંસેવકો જિલ્લા મેજિસ્ટ્રેટ/કલેક્ટરના અંતર્ગત કાર્ય કરે છે.
- કેન્દ્ર સરકાર નાગરિક સુરક્ષા માટે ઉત્તર પૂર્વના રાજ્યો (અસમ સિવાય) માટે કુલ ખર્ચના 50% અને અસમ સાથે અન્ય રાજ્યોને કુલ ખર્ચના 25% આર્થિક સહાય આપે છે.

## અનામત અને વાસ્તવિક લાભાર્થીઓ

- તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા આંધ્રપ્રદેશ રાજ્યમાં 'અનુસૂચિત ક્ષેત્રો'માં શિક્ષકોના પદ પર અનુસૂચિત જનજાતિ (ST)ને આપવામાં આવતા 100% અનામતને ગેરબંધારણીય જાહેર કર્યું હતું.
- STને આપવામાં આવતા 100% અનામતનો આદેશ રાજ્યપાલ દ્વારા વર્ષ 2000માં આપવામાં આવ્યો હતો.

### સુપ્રીમ કોર્ટના નિર્ણયની મુખ્ય બાબતો

- સુપ્રીમ કોર્ટની 5 ન્યાયાધીશોની પીઠ દ્વારા જાન્યુઆરી 2000માં તે સમયના રાજ્યપાલ જાહેર કરેલ આદેશને પડકારતી અરજી પર નિર્ણય આપ્યો હતો.
- જો કે સુપ્રીમ કોર્ટે આદેશને રદ કર્યો નથી પરંતુ ભવિષ્યમાં આવી જોગવાઈ ન કરવાની સૂચના આપી છે.

### 100% અનામત સંબંધે સરકાર અને સુપ્રીમ કોર્ટનો પક્ષ

- અનુસૂચિત ક્ષેત્રમાં 100% અનામત બાબતે સરકારે જણાવ્યું હતું કે, આદિવાસી ક્ષેત્રમાં ફક્ત આદિવાસીઓ દ્વારા શિક્ષા આપવી જોઈએ.
- સરકારની દલીલના સંદર્ભે સુપ્રીમ કોર્ટ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે જ્યારે અન્ય સ્થાનીય નિવાસી જનજાતીય ક્ષેત્રમાં વસવાટ કરે છે તો તેઓ પણ આદિવાસીઓને શિક્ષા આપી શકે છે.

### સુપ્રીમ કોર્ટ દ્વારા અનામતની વ્યવસ્થા પરની ચિંતા

- સુપ્રીમ કોર્ટના 5 ન્યાયાધીશોની પીઠ દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવી છે કે અન્ય પછાત વર્ગો (OBC), અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST)માં સામાજિક અને આર્થિક રૂપથી અનેક ઉન્નત ઉપવર્ગો છે. તેમના દ્વારા અનામતનો લાભ લેવાથી અન્ય વાસ્તવિક લાભાર્થીઓને લાભ મળતો નથી.
- સુપ્રીમ કોર્ટ મુજબ અનામતની વ્યવસ્થામાં સુધારો કરવાની જરૂરિયાત છે.
- અનામતનો ખ્યાલ પ્રમાણસરતા પર નહીં પરંતુ પર્યાપ્તતા પર આધારીત છે. અર્થાત્ અનામતનો લાભ જનસંખ્યાના પ્રમાણમાં નહીં પરંતુ પર્યાપ્ત પ્રતિનિધિત્વના આધારે મળવો જોઈએ.

## Back to Basics :
## ભારતમાં અનામતની વ્યવસ્થા

- ભારતીય બંધારણની અનુચ્છેદ 330 એ લોકસભામાં SC અને ST માટે અનામત બેઠકો સાથે સંબંધિત છે. હાલમાં લોકસભામાં SC માટે 84 અને ST માટે 47 બેઠકો અનામત છે.
- અનુચ્છેદ 332 એ રાજ્યની વિધાનસભાઓમાં SC અને ST માટે અનામત બેઠકો સાથે સંબંધિત છે. ગુજરાતમાં SC માટે 13 અને ST માટે 27 બેઠકો અનામત છે.
- અનુચ્છેદ 334 મુજબ, અનામત બેઠકો અને વિશેષ પ્રતિનિધિત્વની વ્યવસ્થા 80 વર્ષ પછી સમાપ્ત થશે. (104મો બંધારણીય સુધારા અધિનિયમ, 2020) આ વ્યવસ્થાનો લાભ SC અને STને લોકસભા અને રાજ્યોની વિધાનસભામાં અનામતના રૂપમાં મળે છે.
- જાહેર રોજગારી અંતર્ગત પણ SC અને STને અનામત આપવામાં આવે છે. આ વ્યવસ્થા અંતર્ગત વર્ષ 1990માં અન્ય પછાત વર્ગો (OBC)ને પણ અનામત આપવામાં આવ્યું હતું. અનામતનો આ લાભ વર્ગોને શૈક્ષણિક સંસ્થાઓ અંતર્ગત પણ મળે છે.

| ક્રમ | હાલમાં શૈક્ષણિક સંસ્થા તેમજ જાહેર રોજગારીમાં અનામતની સ્થિતિ | અનામતનું પ્રમાણ |
|---|---|---|
| 1 | અનુસૂચિત જાતિ (SC) | 15% |
| 2 | અનુસૂચિત જનજાતિ (ST) | 7.5% |
| 3 | અન્ય પછાત વર્ગો (OBC) | 27% |
| 4 | બિન અનામત વર્ગો | 10% |
| - | Total | 59.5% |

- 103મા બંધારણીય સુધારા અધિનિયમ, 2019 દ્વારા આર્થિક રીતે નબળા બિન અનામત વર્ગોને 10% અનામત આપવામાં આવ્યું હતું.

## મહામારી રોગ (સુધારણા) વટહુકમ, 2020

- રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા COVID-19 મહામારી વિરુદ્ધ લડતા સ્વાસ્થ્યકર્મીઓ સાથે હિંસાના કિસ્સાઓ ઓળખવા અને બિન–જામીનપાત્ર ગુનો જાહેર કરતા વટહુકમને મંજૂરી આપવામાં આવી હતી.

### વટહુકમની મુખ્ય બાબતો

- વટહુકમ એ મહામારી રોગ અધિનિયમ, 1897માં સુધારો હશે.
- COVID-19 વિરુદ્ધ લડતા સ્વાસ્થ્યકર્મીઓની સુરક્ષા માટે આ વટહુકમ લાવવામાં આવ્યો છે. તેના દ્વારા સ્વાસ્થ્યકર્મીઓ અને તેમની સંપત્તિ (આવાસ અને કાર્યસ્થળ)ની સુરક્ષાને સુનિશ્ચિત કરવામાં આવશે.
- મહામારી દરમિયાન સ્વાસ્થ્યકર્મીઓ વિરુદ્ધ હિંસા કે સંપત્તિના નુકસાન પર દોષીઓ સાથે શૂન્ય સહિષ્ણુતાની નીતિ રાખવામાં આવશે.
- વટહુકમની જોગવાઈ અનુસાર સ્વાસ્થ્યકર્મીઓ સાથે હિંસા પર 3 મહિનાથી 5 વર્ષ સુધીની જેલ અને રૂ. 50000થી રૂ. 2 લાખ સુધીના દંડની જોગવાઈ છે. જો ગંભીર ઈજા થશે તો 6 મહિનાથી 7 વર્ષની જેલ અને રૂ. 1 લાખથી રૂ. 5 લાખના દંડની જોગવાઈ છે.
- આ ઉપરાંત ગુનેગાર એ પીડિતને વળતરની ચૂકવણી અને સંપત્તિના નુકસાનની ચૂકવણી માટે જવાબદાર રહેશે અને સંપત્તિના નુકસાનની સ્થિતિમાં ચૂકવણી બજાર મૂલ્યથી બે ગણી રહેશે.
- વટહુકમ મુજબ 30 દિવસના સમયની અંદર ઈન્સ્પેક્ટર કક્ષાના અધિકારી ગુનાની તપાસ કરશે.

## Back to Basics : રાષ્ટ્રપતિની વટહુકમ જાહેર કરવાની સત્તા વિશે

- અનુચ્છેદ 123 હેઠળ રાષ્ટ્રપતિ પાસે સંસદનું સત્ર ચાલુ ન હોવાની સ્થિતિમાં વટહુકમ બહાર પાડવાની સત્તા છે.
- વટહુકમની સત્તા સંસદ દ્વારા બનાવવામાં આવેલ કાયદાની સમાન છે અને તરત જ અમલમાં આવે છે.
- વટહુકમ જાહેર કર્યા બાદ સંસદનું સત્ર મળ્યાના 6 અઠવાડિયામાં સંસદ દ્વારા મંજૂરી લેવી જરૂરી છે.
- કોઈ કાયદાની જેમ વટહુકમ ભૂતકાળની તારીખથી લાગુ થતો હોય શકે છે.
- સંસદનું સત્ર મળ્યાના 6 અઠવાડિયામાં જો વટહુકમ પસાર કરવામાં ન આવે તો એ બિનઅસરકારક બની જશે.
- સંસદના બે સત્રો વચ્ચેનો મહત્તમ સમયગાળો 6 મહિનાનો હોય છે. તેથી વટહુકમ મહત્તમ 6 મહિના અને 6 અઠવાડિયા માટે લાગુ થઈ શકે છે.
- રાષ્ટ્રપતિ મંત્રીમંડળની સલાહ પર વટહુકમ પાછો પણ ખેંચી શકે છે.

# પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા

- તાજેતરમાં પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (PCI) એ રિપબ્લિક ટીવી (Republic TV)ના એન્કર અર્નબ ગોસ્વામી પર થયેલા હુમલાની નિંદા કરી હતી.

## પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (PCI) વિશે

- PCIની સ્થાપના એ PCI અધિનિયમ, 1978 અંતર્ગત કરવામાં આવી હતી.

## PCIનું માળખું

- PCI અંતર્ગત 1 અધ્યક્ષ અને 28 સદસ્યો છે.
- અધ્યક્ષને લોકસભાના અધ્યક્ષ, રાજ્યસભાના સભાપતિ અને PCIના અન્ય સદસ્ય દ્વારા પસંદ કરવામાં આવે છે.

## PCIના કાર્યો

- PCI એ વર્તમાનપત્રોને પોતાની સ્વાયતત્તા જાળવવામાં મદદ કરે છે. પત્રકારો અને ન્યૂઝ એજન્સી માટે આચાર સંહિતા બનાવે છે.
- તેનો ઉદ્દેશ પ્રેસની સ્વતંત્રતા જાળવવા અને ભારતમાં વર્તમાનપત્રો અને ન્યૂઝ એજન્સીઓને ધોરણો જાળવવા અને સુધારવાનો છે.

## PCIની સત્તા

- પત્રકારિતાની નૈતિકતાના ઉલ્લંઘનની ફરિયાદો, સંપાદકો અથવા પત્રકારો દ્વારા વ્યાવસાયિક ગેરવર્તનની ફરિયાદ પ્રાપ્ત કરવાની સત્તા છે.
- તે સાક્ષીઓને બોલાવી શકે છે અને શપથ હેઠળ પુરાવા લઈ શકે છે. જાહેર રેકોર્ડની નકલ માંગી શકે છે. આ ઉપરાંત પત્રકાર, ન્યૂઝ એજન્સી, સંપાદક વગેરેને સલાહ પણ આપી શકે છે.
- PCIના નિર્ણયો વિરુદ્ધ કોર્ટમાં અપીલ થઈ શકતી નથી.
- જો કે PCIની સત્તા માર્ગદર્શિકા જાહેર કરવા સુધી જ મર્યાદિત છે. તે વર્તમાનપત્રો, ન્યૂઝ એજન્સી, સંપાદક કે પત્રકારને સજા આપી શકે નહીં.

## નોંધ

- PCI ફક્ત પ્રિન્ટ મિડીયાની કામગીરીની સમીક્ષા કરી શકે છે. અર્થાત્ તે વર્તમાનપત્રો, જર્નલ, મેગેઝીન અને પ્રિન્ટ મિડીયાના અન્ય સ્વરૂપો પર ધોરણો લાગુ કરી શકે છે.

- રેડિયો, ટેલિવિઝન અને ઈન્ટરનેટ જેવા ઈલેક્ટ્રોનિક મિડીયાની કામગીરીની સમીક્ષા કરવાની તેને સત્તા નથી.

## સંજય કોઠારી કેન્દ્રીય તકેદારી આયોગના નવા મુખ્ય કમિશનર

- 25 એપ્રિલ, 2020ના રોજ સેવાનિવૃત્ત IAS અધિકારી સંજય કોઠારીને કેન્દ્રીય તકેદારી આયોગ (Central Vigilance Commission)ના મુખ્ય કમિશનર તરીકે રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે શપથ અપાવી હતી.
- આ પહેલા સંજય કોઠારી ભારતના રાષ્ટ્રપતિના સચિવના રૂપમાં કાર્ય કરતા હતા. તેઓ 1980 બેચના IAS અધિકારી છે.
- સંજય કોઠારીને ઉચ્ચ સ્તરીય ભલામણ સમિતિ દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા. આ સમિતિની ભલામણ પર રાષ્ટ્રપતિ કમિશનરની નિમણૂક કરે છે.
- આ ઉપરાંત હાલમાં સુરેશ એન. પટેલને કેન્દ્રીય સતર્કતા આયોગના અન્ય કમિશનર તરીકે પણ નિયુક્ત કરવામાં આવ્યા હતા.

### Back to Basics :
### કેન્દ્રીય તકેદારી આયોગ (CVC) વિશે

- વર્ષ 1964માં ભ્રષ્ટાચાર પર અંકુશ લાવવા સંથાનામ સમિતિની ભલામણના આધારે 'કેન્દ્રીય તકેદારી આયોગ' (CVC)ની રચના કરવામાં આવી હતી.
- CVC એક વૈધાનિક સંસ્થા છે. સંસ્થાને વૈધાનિક દરજ્જો 2003માં આપવામાં આવ્યો હતો. તે કર્મચારી, લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
- CVC અંતર્ગત 1 મુખ્ય કમિશનર અને 2 અન્ય કમિશનરનો સમાવેશ થાય છે.
- અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક રાષ્ટ્રપતિ ભલામણ સમિતિના આધારે કરે છે. ભલામણ સમિતિમાં નીચેના સભ્યોનો સમાવેશ થાય છે :

1. પ્રધાનમંત્રી (સમિતિના અધ્યક્ષ)
2. લોકસભાના વિરોધપક્ષના નેતા
3. કેન્દ્રીય ગૃહમંત્રી

- CVCના અધ્યક્ષ અને સભ્યો રાષ્ટ્રપતિ સમક્ષ શપથ લે છે. અધ્યક્ષ અને સભ્યોનો કાર્યકાળ 4 વર્ષ અથવા 65 વર્ષ બેમાંથી જે પહેલા આવે તેટલો હોય છે.
- અધ્યક્ષ અને સભ્યોના કાર્યકાળ બાદ પુનઃનિયુક્તિ થઈ શકતી નથી.
- CVCના અધ્યક્ષ અને સભ્યોને રાષ્ટ્રપતિ કોઈ ગેરવર્તણૂક કે અસમર્થતાના આધારે હટાવી શકે છે.

### કેન્દ્રીય તકેદારી આયોગ (CVC)ના કાર્યો

- દિલ્હી સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ અધિનિયમની કાર્યવાહી પર દેખરેખ રાખે છે. જે ગુનાઓ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ 1988 સાથે સંબંધિત હોય.
- અખિલ ભારતીય સેવાના અધિકારીઓ, કેન્દ્ર સરકારના ગ્રુપ 'એ'ના અધિકારી કે સરકારના જાહેર નિગમોના અધિકારી વિરુદ્ધ ભ્રષ્ટાચાર સંબંધિત બાબતોની તપાસ કરી શકે છે.
- લોકપાલ દ્વારા સોંપવામાં આવેલી ફરિયાદો વિરુદ્ધ પ્રાથમિક તપાસ કરે છે.
- CVC પોતાની કામગીરીનો વાર્ષિક અહેવાલ રાષ્ટ્રપતિને સોંપે છે. જે સંસદના ગૃહો સમક્ષ મૂકે છે.

## ભારતીય બંધારણની મૂળસંરચના

- 24 એપ્રિલ, 1973ને ભારતીય બંધારણનો ઐતિહાસિક દિવસ માનવામાં આવે છે. તેનું

કારણ એ સુપ્રીમ કોર્ટ દ્વારા 'કેશવાનંદ ભારતી વિરુદ્ધ કેરલ રાજ્ય' અંતર્ગત આપવામાં આવેલ 'બંધારણની મૂળસંરચના' (Basic Structure of Constitution) છે.

## બંધારણની મૂળસંરચનાનો ઉદ્દભવ

- ➢ બંધારણ અમલમાં આવ્યું ત્યારથી તેની જોગવાઈઓમાં સુધારો કરવાના સંદર્ભે સંસદની સત્તા પર પ્રશ્નો ઉઠયા હતા.
- ➢ શરૂઆતના વર્ષોમાં સુપ્રીમ કોર્ટ દ્વારા 'શંકરી પ્રસાદ કેસ (1951)' અને 'સજ્જનસિંહ કેસ (1965)' અંતર્ગત બંધારણમાં સુધારા માટે સંસદની સત્તા પર કોઈ નિયંત્રણ નથી તેવો નિર્ણય આપ્યો હતો.
- ➢ ઉપરોક્ત બંને કેસમાં જણાવવામાં આવ્યું કે, અનુચ્છેદ 13 અંતર્ગત 'કાયદા'ની વ્યાખ્યામાં બંધારણીય સુધારાનો સમાવેશ થતો નથી. અર્થાત્ સંસદ બંધારણીય સુધારા દ્વારા મૂળભૂત અધિકારોમાં પણ ફેરફાર કરી શકે.
- ➢ પરંતુ 'ગોલકનાથ કેસ (1967)' અંતર્ગત સુપ્રીમ કોર્ટ દ્વારા નિર્ણય આપવામાં આવ્યો કે સંસદ એ મૂળભૂત અધિકારોમાં સુધારો કરી શકે નહીં અને અનુચ્છેદ 13 અંતર્ગત 'કાયદા' શબ્દમાં બંધારણીય સુધારાનો પણ સમાવેશ થાય છે.

## કેશવાનંદ ભારતી વિરુદ્ધ કેરલ રાજ્ય કેસ

- ➢ કેશવાનંદ ભારતી કેસ અંતર્ગત કેરલ રાજ્યની સરકારના જમીન સુધારા સંબંધિત બે કાયદાઓને પડકારવામાં આવ્યા.
- ➢ કેસ અનુચ્છેદ 26 અંતર્ગત પડકારવામાં આવ્યો. અનુચ્છેદ 26 એ સરકારના હસ્તક્ષેપ વિના ધાર્મિક સંપત્તિના સંચાલન સાથે જોડાયેલ છે.
- ➢ કેસ અંતર્ગત મુખ્ય પ્રશ્નો એ હતા કે શું બંધારણમાં સુધારાની બાબતે સંસદની સત્તા અનિયંત્રિત છે ?

## કેશવાનંદ ભારતી કેસ અંતર્ગત સુપ્રીમ કોર્ટનો નિર્ણય

- ➢ કેશવાનંદ ભારતી કેસ અંતર્ગત 13 ન્યાયાધીશોની બંધારણીય પીઠ દ્વારા 7-6 મતોના આધારે નિર્ણય આપવામાં આવ્યો કે, સંસદ બંધારણના કોઈપણ ભાગમાં ત્યાં સુધી સુધારો કરી શકે જ્યાં સુધી 'બંધારણની મૂળ સંરચના'નું ઉલ્લંઘન થતું ન હોય.
- ➢ જો કે સુપ્રીમ કોર્ટ દ્વારા 'મૂળ સંરચના'ને વ્યાખ્યાયિત કરવામાં આવેલ નથી. સમયાંતરે કોર્ટ પોતાના નિર્ણય દ્વારા મૂળ સંરચનામાં કઈ બાબતોનો સમાવેશ કરવો તે નક્કી કરશે.
- ➢ આ ઉપરાંત સુપ્રીમ કોર્ટ મુજબ અનુચ્છેદ 13 અંતર્ગત 'કાયદા'ની વ્યાખ્યામાં 'બંધારણીય સુધારા'નો સમાવેશ થતો નથી.

## બંધારણની મૂળસંરચના એટલે શું ?

- ➢ બંધારણની મૂળસંરચના એટલે બંધારણની એવી બાબતો જેમાં સંસદ એ બંધારણીય સુધારા કે અન્ય કાયદા દ્વારા ફેરફાર કરી શકે નહીં.
- ➢ જો સંસદ આવો સુધારો કે કાયદો બનાવશે તો ન્યાયાલય તેને ન્યાયિક સમીક્ષા દ્વારા ગેરબંધારણીય જાહેર કરી રદ કરી શકે છે.
- ➢ બંધારણની મૂળસંરચનાને સંપૂર્ણ રીતે વ્યાખ્યાયિત કરવામાં આવેલ નથી. પરંતુ સુપ્રીમ કોર્ટ દ્વારા વિવિધ ચુકાદાઓમાં નીચેની બાબતોને મૂળસંરચનાનો ભાગ ગણવામાં આવી છે.

1. બંધારણની સર્વોચ્ચતા
2. કારોબારી, ધારાસભા અને ન્યાયતંત્ર વચ્ચે સત્તાનું વિભાજન
3. બિનસાંપ્રદાયિકતા

4. સંસદીય વ્યવસ્થા
5. કાયદાનું શાસન
6. ન્યાયતંત્રની સ્વતંત્રતા
7. સમાનતાનો સિદ્ધાંત
8. ન્યાયિક સમીક્ષા
9. સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી
10. મૂળભૂત અધિકારો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો વચ્ચે સંતુલન
11. સાર્વભૌમત્ત્વ, લોકતંત્ર, ગણતંત્ર

## બોડોલેંડ પ્રાદેશિક પરિષદ

- COVID-19ના કારણે અસમમાં 'બોડોલેંડ પ્રાદેશિક ક્ષેત્રીય જિલ્લા'માં રાજ્યપાલ શાસન લાગુ થઈ શકે છે.
- બોડોલેન્ડ પરિષદની રચના બંધારણની અનુસૂચિ 6 હેઠળ મળતી વિશેષ સત્તાઓ દ્વારા કરવામાં આવેલ છે.

### રાજ્યપાલ શાસન લાગુ થવાનું કારણ

- બોડોલેંડ પ્રાદેશિક પરિષદનો હાલનો કાર્યકાળ 27 એપ્રિલ, 2020ના રોજ સમાપ્ત થઈ ચૂક્યો છે.
- તેના માટે 4 એપ્રિલ, 2020ના રોજ ચૂંટણી થવાની હતી પરંતુ COVID-19 મહામારીને લીધે તેને અનિશ્ચિત કાળ માટે સ્થગિત કરાયેલ છે.
- રાજ્યપાલ બોડોલેંડ પ્રાદેશિક ક્ષેત્રીય જિલ્લાના બંધારણીય વડા હોય છે.
- બોડોલેંડ પ્રાદેશિક ક્ષેત્રીય જિલ્લો એ બંધારણની છઠ્ઠી અનુસૂચિ અંતર્ગત આવે છે અને તેનો વહીવટ બોડોલેંડ પ્રાદેશિક પરિષદ દ્વારા થાય છે.

### Back to Basics : અનુસૂચિ 6 વિશે

- ભારતીય બંધારણની અનુસૂચિ 6 એ ચાર રાજ્યો અસમ, મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમના આદિજાતિ ક્ષેત્રો સાથે સંકળાયેલ છે.
- આ ચાર રાજ્યોમાં અનુસૂચિ 6 અંતર્ગત સ્વાયત્ત જિલ્લા (Autonomous District)ની રચના કરવામાં આવે છે.
- આ સ્વાયત્ત જિલ્લાઓ જિલ્લા પરિષદ (District Council)ની પણ રચના કરવામાં આવે છે.

### જિલ્લા પરિષદ વિશે

- સ્વાયત્ત જિલ્લાઓમાં જિલ્લા પરિષદની રચના કરવામાં આવે છે.
- જિલ્લા પરિષદમાં 30 સભ્યો હોય છે. 26 સભ્યોની ચૂંટણી કરવામાં આવે છે જ્યારે 4 સભ્યો રાજ્યપાલ દ્વારા નામાંકિત કરવામાં આવે છે.
- જિલ્લા પરિષદમાં સભ્યોનો કાર્યકાળ 5 વર્ષનો હોય છે.

### જિલ્લા પરિષદની સત્તાઓ

- જિલ્લા પરિષદ પોતાની અંતર્ગત આવતા ક્ષેત્રો માટે કાયદાઓ બનાવી શકે છે.
- જિલ્લા પરિષદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓ, દવાખાના, બજાર કે રસ્તાઓનું નિર્માણ, સ્થાપના અથવા સંચાલન કરી શકે છે.
- પરિષદ જિલ્લામાં નાણા ધીરનાર અને ગેર–જનજાતિય વ્યાપાર પર અંકુશ રાખે છે.
- સંસદ કે રાજ્ય વિધાનમંડળના કાયદાઓ આ સ્વાયત્ત જિલ્લાઓને લાગુ થતા નથી.

## ભ્રષ્ટાચાર નિયંત્રણ કાયદાના ક્ષેત્રમાં માનદ યુનિવર્સિટી


- તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, કોઈપણ માનદ યુનિવર્સિટી (Deemed University)માં લાંચ કે ભ્રષ્ટાચાર બાબતોની

સુનવણી 'ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ 1988' (Prevention of Corruption Act - 1988) અંતર્ગત કરી શકાય છે.

- સુપ્રીમ કોર્ટ દ્વારા ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે માનદ યુનિવર્સિટી સાથે જોડાયેલ વ્યક્તિ અથવા અધિકારી એ 'જાહેર સેવક' (Public Servent)ની વ્યાખ્યામાં આવે છે.
- કોર્ટના આ નિર્ણય પહેલા માનદ યુનિવર્સિટીના અધિકારીઓને જાહેર સેવકના રૂપમાં ગણવામાં આવતા ન હતા. જ્યારે તેઓ પણ મોટા પાયે રાજ્ય, સમુદાય અને જનતાના હિતમાં કાર્ય કરતા હોય છે.
- આમ માનદ યુનિવર્સિટી પણ 'ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988'ની કલમ 2(c) (xi) અંતર્ગત 'યુનિવર્સિટી'ની વ્યાખ્યામાં આવે છે.

## Back to Basics : માનદ યુનિવર્સિટી વિશે

- યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન એક્ટ - 1956ની કલમ-3 અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC)ની ભલામણ પર ઉચ્ચ શિક્ષણ સંસ્થા (યુનિવર્સિટીને બાદ કરતા)ને માનદ યુનિવર્સિટીનો દરજ્જો આપી શકાય છે.
- માનદ યુનિવર્સિટીને અન્ય યુનિવર્સિટીને મળતા બધા જ વિશેષાધિકારો અને સમાન દરજ્જો પ્રાપ્ત થાય છે.

# 2. અર્થતંત્ર

## COVID-19 અને મનરેગા

- COVID-19ના કારણે જ્યારે રાષ્ટ્રવ્યાપી લોકડાઉન ચાલુ છે તેવા સમયમાં 'મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરેંટી અધિનિયમ – મનરેગા' અંતર્ગત રોજગારી મેળવનાર લોકોની સંખ્યા એપ્રિલ, 2020માં અગાઉના મહિનાની સરખામણીએ ઘટીને માત્ર 1% રહી છે.

### COVID-19નો મનરેગા પર પ્રભાવ

- સરકારના આંકડાઓ મુજબ એપ્રિલ, 2020માં હજુ સુધી ફક્ત 1.9 લાખ પરિવારોને રોજગારી પ્રાપ્ત થઈ છે. જ્યારે માર્ચ, 2020માં આ આંકડો 1.6 કરોડ પરિવારો અને ફેબ્રુઆરી, 2020માં આ સંખ્યા લગભગ 1.8 કરોડ હતી.
- COVID-19ને નિયંત્રિત કરવામાં લોકડાઉન અંતર્ગત મનરેગાને કોઈ વિશેષ છૂટછાટ આપવામાં આવી નથી.
- મનરેગામાં ઘટતી રોજગારીના પરિણામે સર્વોચ્ચ ન્યાયાલયમાં અરજી કરવામાં આવી છે કે લોકડાઉન દરમિયાન બધા જ મનરેગા કાર્ડધારકોને સંપૂર્ણ મજદૂરી આપવી જોઈએ.
- જો કે COVID-19 સામે લડવા જાહેર કરાયેલ આર્થિક રાહત પેકેજ 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના' અંતર્ગત મનરેગાની મજૂરી રૂ. 182થી વધારીને રૂ. 202 કરવામાં આવી છે.

### Back to Basics : મનરેગા યોજના વિશે

- મનરેગા યોજના વર્ષ 2005માં શરૂ કરવામાં આવી હતી. જેનો મૂળ ઉદ્દેશ એ 'કામનો અધિકાર' (Right to Work)ને પૂર્ણ કરવાનો છે.
- યોજના અંતર્ગત ગ્રામીણ ક્ષેત્રમાં ઓછામાં ઓછી એક વર્ષમાં 100 દિવસની રોજગારી આપવાની જોગવાઈ છે.
- રોજગારી માટે અરજી કરનારને અરજી કર્યાના 15 દિવસની અંદર રોજગારી આપવી પડે છે અને જો રોજગારી ન મળે તો ભથ્થુ આપવાની જોગવાઈ છે.
- રોજગાર પ્રાપ્ત કરનારમાં 1/3 મહિલાઓ હોવી આવશ્યક છે.
- યોજના અંતર્ગત અરજી કરનારને સ્થાનીય સ્તર પર 5 કિમીની અંદર રોજગાર મળી રહે તે સુનિશ્ચિત કરવાનો ઉલ્લેખ છે.
- રોજગારી માટે અરજી કરનારને 18 વર્ષ પૂર્ણ થયેલા હોવા જોઈએ.
- ભારત સરકારનું ગ્રામીણ વિકાસ મંત્રાલય રાજ્ય સરકારો સાથે મળીને આ યોજનાના અમલીકરણ પર ધ્યાન રાખે છે.
- મનરેગા અંતર્ગત 'સામાજિક અન્વેશણ' કરવું ફરજિયાત છે. સામાજિક અન્વેશણ અર્થાત્ સરકારની યોજના તેના ઉદ્દેશો અને લક્ષ્યો પ્રાપ્ત કરી શકે છે કે નહીં તેનું મૂલ્યાંકન.
- ગ્રામ પંચાયત એ રોજગારી માટે અરજી સ્વીકારવી, ઘરની નોંધણી કરવી, જોબ કાર્ડ આપવા વગેરે જેવા કાર્યો માટે જવાબદાર છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## 'યુજેન્સ' ઋણપત્ર

- વિદ્યુત ક્ષેત્રના ઉપભોક્તાઓને રાહત આપવા અને કોલસાની પર્યાપ્ત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે 'કોલ ઈન્ડિયા લિમિટેડ' એ પોતાના 'ઈંધણ આપૂર્તિ કરાર' અંતર્ગત રોકડ ચૂકવણીના બદલે ભવિષ્યમાં ચોક્કસ સમયમાં ચૂકવણી કરવાની સુવિધાવાળું 'યુજેન્સ' ઋણપત્ર જાહેર કર્યું છે.

### યુજેન્સ ઋણપત્ર વિશે

- યુજેન્સ અર્થાત્ સ્થગિત. તે એક વિશિષ્ટ ઋણપત્ર છે. જે ઋણપત્રમાં ઉલ્લેખિત શરતોને પૂરી કરી પૂર્વ નિર્ધારિત સમય અથવા ભવિષ્યમાં રકમ ચૂકવવા માટે હોય છે.
- લેટર ઓફ ક્રેડિટમાં ઋણ પરિપક્વતા અને વાસ્તવિક ચૂકવણીની સમયમર્યાદા નક્કી કરી દેવામાં આવે છે.
- ખરીદનાર અને વેચનાર વચ્ચેનો વિશ્વાસ એ આ નાણાકીય સાધનનું મુખ્ય તત્ત્વ હોય છે.
- યુજેન્સ ઋણપત્ર દ્વારા ખરીદનારને તેની કાર્યશીલ મૂડી વધારવી તેમજ વેચનારને ચૂકવણી થાય તે પહેલા સ્ટોકની ઉપલબ્ધતાની ખાતરી થાય તે શક્ય બને છે.
- ખરીદનાર માલની ચૂકવણી કરે તે પહેલા માલની ગુણવત્તાને પણ તપાસી શકે છે.
- આ ઉપરાંત કોલસાની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા સાથે, કોલસાના ગ્રાહકોને ખૂબ રાહત મળશે.

### કોલ ઈન્ડિયા લિમિટેડ તથા ભારતમાં કોલસાનું ઉત્પાદન

- કોલ ઈન્ડિયા લિમિટેડની સ્થાપના વર્ષ 1975માં કરવામાં આવી હતી.
- તે એક મહારત્ન કંપની છે.
- ભારતના કુલ વીજળી ઉત્પાદનમાં કોલસાનું યોગદાન 54% છે અને કુલ કોલસાના ભંડારનો 99% કોલસો ગોંડવાના સંરચનામાં છે.
- ગોંડવાના કોયલા ક્ષેત્ર મુખ્ય રૂપથી દામોદર, સોન, મહાનદી, ગોદાવરી, પેંચ, વર્ધા વગેરે નદી ખીણોના કોલસા ક્ષેત્ર છે.

## નોન-બેન્કિંગ ફાયનાન્સિયલ કંપનીમાં તરલતાનું સંકટ

- COVID-19ના કારણે ઉદ્દભવેલ આર્થિક સંકટને લીધે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા બધી જ બેંકો અને નોન-બેન્કિંગ ફાયનાન્સિયલ કંપનીઓને (NBFC) પોતાના ગ્રાહકોને આપેલી લોનની ચૂકવણી પર 3 મહિનાની છૂટ આપવાનો નિર્દેશ આપ્યો હતો.
- RBIના આ નિર્ણય બાદ NBFCમાં તરલતા ઓછી થઈ છે. બેંકો દ્વારા NBFCને હાલમાં 7 લાખ કરોડથી વધુ લોન આપવામાં આવી છે.

### તરલતાના સંકટનું મુખ્ય કારણ

- હાલમાં બજારમાં આપવામાં આવેલી મોટા ભાગની લોન NBFC દ્વારા બેંકો પાસેથી લેવામાં આવેલી હોય છે.
- RBIના નિર્દેશોને લીધે NBFCને નીચે મુજબની બે સમસ્યાઓ થઈ રહી છે.

1. NBFC એ પોતાના ગ્રાહકોને આપેલી લોનની ચૂકવણી પર છૂટ આપવી પડે છે.
2. બેંકો એ NBFCને લોનની ચૂકવણી પર છૂટ આપવાથી મનાઈ કરી છે.

- RBIના દિશા–નિર્દેશોમાં NBFCને છૂટ આપવાની કોઈ જોગવાઈ કરવામાં આવી ન હતી.

## Back to Basics : NBFC વિશે

- NBFC એ સંસ્થાઓને કહેવામાં આવે છે જે કંપની અધિનિયમ, 1956 અંતર્ગત નોંધાયેલ હોય છે.
- તેના મુખ્ય કાર્યો નાણા ઉધાર આપવા, અલગ–અલગ શેર, વીમા કારોબાર, જામીનગીરી તથા ચિટફંડ સંબંધિત કાર્યોમાં રોકાણ કરવાના હોય છે.
- NBFCનું RBI, SEBI, IRDA વગેરે દ્વારા નિયમન કરવામાં આવે છે.
- RBI એવી NBFCનું નિયમન કરે છે જે લોન આપવી, થાપણો સ્વીકારવી, શેરનું ખરીદ–વેચાણ કરવું વગેરે સાથે સંકળાયેલ હોય.

## બેંકો અને NBFC વચ્ચે તફાવત

| બેંકો | NBFC |
|---|---|
| માંગ થાપણોને સ્વીકારી શકે છે. | માંગ થાપણોને સ્વીકારી શકે નહીં. |
| બેંકો બેન્કિંગ નિયમન અધિનિયમ 1949 અંતર્ગત નોંધાયેલ હોય છે. | NBFC એ કંપની અધિનિયમ, 1956 અંતર્ગત નોંધવામાં આવે છે. |
| ચૂકવણી અને સમાધાન પ્રણાલીનો ભાગ છે અને સ્વયં ચૂકવવાપાત્ર ચેક જાહેર કરી શકે. | ચૂકવણી અને સમાધાન પ્રણાલીનું અંગ નથી. સ્વયં ચૂકવવાપાત્ર ચેક જાહેર કરી શકે નહીં. |
| થાપણદારોને 'થાપણ વીમા અને ક્રેડિટ ગેરેંટી કોર્પોરેશન'ની થાપણ વીમા સુવિધા મળે છે. | આ સુવિધાનો લાભ NBFCના ગ્રાહકોને મળતો નથી. |
| CRR જાળવવો ફરજિયાત છે. | CRRની જોગવાઈ લાગુ પડતી નથી. |
| ખાનગી બેંકોમાં 74% અને જાહેર ક્ષેત્રની બેંકોમાં 20% FDIની છૂટ છે. | NBFCમાં 100% FDIની છૂટ છે. |

# COVID-19 અને એશિયન ડેવલપમેન્ટ બેંક

- બહુપક્ષીય ધિરાણ એજન્સ 'એશિયન ડેવલપમેન્ટ બેંકે' પોતાના COVID-29 પ્રતિક્રિયા પેકેજને વધારીને ત્રણ ગણું કરી નાખ્યું છે.
- પાછલા મહિને એશિયન ડેવલપમેન્ટ બેંકે વિકાસશીલ દેશો માટે 6.5 બિલિયન ડોલર પેકેજની ઘોષણા કરી હતી. જેનાથી આ દેશોને પોતાની અર્થવ્યવસ્થાને ફરીથી સુધારવામાં સહાય કરી શકાય.

## Back to Basics : એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB)

- ADB એક ક્ષેત્રીય વિકાસ બેંક છે જેની સ્થાપના 19 ડિસેમ્બર, 1966માં કરવામાં આવી હતી.
- આ બેંકની સ્થાપનાનો ઉદ્દેશ એશિયા–પ્રશાંત ક્ષેત્રમાં આર્થિક અને સામાજિક વિકાસને ગતિ આપવાનો છે.
- બેંકની અધ્યક્ષતા જાપાન દ્વારા કરવામાં આવે છે.
- બેંકનું મુખ્યાલય મનીલા, ફિલિપિન્સ ખાતે સ્થિત છે.
- બેંકના સદસ્યોની સંખ્યા 68 છે. જેમાંથી 49 એશિયા અને પ્રશાંત ક્ષેત્રના અને બાકીના 19 અન્ય ક્ષેત્રના છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### ADB અંતર્ગત ટોચના સભ્યો અને તેમનો હિસ્સો

| ક્રમ | ADB સભ્ય | હિસ્સો (ટકામાં) |
|---|---|---|
| 1 | જાપાન | 15.6 |
| 2 | સંયુક્ત રાષ્ટ્ર અમેરિકા (USA) | 15.6 |
| 3 | ચીન | 6.4 |
| 4 | ભારત | 6.3 |
| 5 | ઓસ્ટ્રેલિયા | 5.8 |

## સોવરેન ગોલ્ડ બોન્ડ

- તાજેતરમાં ભારત સરકારે રિઝર્વ બેંક સાથે પરામર્શ કરીને સોવરેન ગોલ્ડ બોન્ડ જાહેર કરવાનો નિર્ણય કર્યો છે.

### સોવરેન ગોલ્ડ બોન્ડ વિશે

- ભારત સરકાર દ્વારા સોવરેન ગોલ્ડ બોન્ડની શરૂઆત 2015માં કરવામાં આવી હતી.
- સોવરેન ગોલ્ડ બોન્ડ વાસ્તવિક રૂપમાં સોનાને રાખવાને બદલે જામીનગીરી (બોન્ડ)ના રૂપમાં રાખવા સાથે સંબંધિત છે. તેનાથી ભારતની સોના દ્વારા થતી આયાતમાં ઘટાડો હશે.
- યોજનાની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે મુજબની છે.

| લાક્ષણિકતાઓ | માહિતી |
|---|---|
| કોણ જાહેર કરે ? | ભારત સરકાર તરફથી રિઝર્વ બેંક જાહેર કરશે. |
| કોણ ખરીદી શકે ? | કોઈ વ્યક્તિ, હિન્દુ અવિભાજિત પરિવાર, ટ્રસ્ટ, ધાર્મિક સંસ્થા વગેરે |
| મૂલ્ય | 1 ગ્રામના એકમના આધારે સોનાના ગ્રામ સંબંધિ ગુણાંકમાં અંકિત કરવામાં આવશે. |
| બોન્ડનો સમયગાળો | બોન્ડનો સમયગાળો 8 વર્ષનો રહેશે અને 5મા વર્ષથી નીકળવાનો વિકલ્પ રહેશે. બોન્ડને એક્સચેન્જ પર વેચી પણ શકાશે અને અન્ય વ્યક્તિને ટ્રાન્સફર પણ કરી શકાશે. |
| ન્યૂનતમ કિંમત | બોન્ડની ન્યૂનતમ કિંમત 1 ગ્રામ છે. |
| મહત્તમ કિંમત | કોઈ વ્યક્તિ માટે 4 કિલો, હિન્દુ અવિભાજિત કુટુંબો માટે 4 કિલો અને ટ્રસ્ટ માટે 20 કિલો |
| સંયુક્ત ધારક | સંયુક્ત ધારકના કિસ્સામાં 4 કિલોની મર્યાદા ફક્ત પ્રથમ નામ ધારકને લાગુ પડશે. |
| જામીન | બોન્ડને લોન મેળવવા માટેની જામીન તરીકે ઉપયોગ કરી શકાશે. |

## છૂટક ફુગાવો

- રાષ્ટ્રીય આંકડાકીય કચેરી (National Statistical Office - NSO) દ્વારા જાહેર કરાયેલ આંકડાઓ મુજબ છૂટક ફુગાવાનો દર માર્ચ મહિનામાં ઘટીને 5.9% રહ્યો હતો.

- અહીં એ બાબત પણ નોંધવી જરૂરી છે કે આ દર પાછળના 4 મહિનાના દર કરતા સૌથી નીચે છે. આ ઉપરાંત ફેબ્રુઆરી મહિનામાં છૂટક ફુગાવાનો દર 6.58% રહ્યો હતો.
- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ગ્રાહક ભાવ સૂચકાંક ફુગાવાનો લક્ષ્ય 2%-6% વચ્ચે રાખવામાં આવ્યો છે. જોકે માર્ચ મહિનામાં ફુગાવાનો દર આ લક્ષ્યને અનુલક્ષીને જ રહ્યો હતો.

## Back to Basics : ફુગાવો (Inflation) વિશે

- ફુગાવો કિંમતોના સામાન્ય સ્તરમાં થતી સતત વૃદ્ધિ છે. અર્થાત્ કોઈ એક વસ્તુની કિંમતમાં વધારો થાય તો તે ફુગાવો કહેવાતો નથી.
- ફુગાવાના દરને ભાવ સૂચકાંકના આધારે માપવામાં આવતો હોય છે. જેના મુખ્યત્વે બે પ્રકારો છે.

**■ ફુગાવાના માપનના પ્રકારો**

1. જથ્થાબંધ ભાવ સૂચકાંક (Wholesale Price Index - WPI)
2. ગ્રાહક ભાવ સૂચકાંક (Consumer Price Index - CPI) [RBI દ્વારા જાહેર કરાયેલ ફુગાવાનું પ્રમુખ માપન]

## CPI અને WPI વચ્ચેનો તફાવત

| ગ્રાહક ભાવ સૂચકાંક - CPI | જથ્થાબંધ ભાવ સૂચકાંક - WPI |
|---|---|
| છૂટક ખરીદારીના દષ્ટિકોણથી ભાવ વધારાને માપે છે. | જથ્થાબંધ બજારોમાં પ્રર્વતતી કિંમત અથવા જથ્થાબંધ થતા વ્યવહારોના દષ્ટિકોણથી ભાવ વધારાને માપે છે. |
| દર મહિને માપવામાં આવે છે. | સપ્તાહના ધોરણે માપવામાં આવે છે. |
| વસ્તુ અને સેવા એમ બંનેનો સમાવેશ થાય છે. | ફક્ત વસ્તુનો સમાવેશ કરવામાં આવે છે. |
| 2012 એ CPIનું આધારવર્ષ છે. | 2011-12 એ WPIનું આધારવર્ષ છે. |
| CPIના 4 પ્રકારો છે :<br>1. ઔદ્યોગિક શ્રામિકો માટે CPI<br>2. કૃષિ મજૂરો માટે CPI<br>3. ગ્રામીણ મજૂરો માટે CPI<br>4. CPI (ગ્રામીણ અને શહેરી સંયુક્ત) | WPIમાં આવા પ્રકારો જોવા મળતા નથી. |
| ઉપરોક્ત પ્રકારોમાં પ્રથમ 3 એ શ્રમ અને રોજગાર મંત્રાલયના શ્રમ બ્યૂરો દ્વારા જાહેર કરવામાં આવે છે. જ્યારે CPI સંયુક્ત એ કેન્દ્રીય આંકડાકીય સંગઠન (CSO) દ્વારા જાહેર કરવામાં આવે છે. | WPI એ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના આર્થિક સલાહકારના કાર્યાલય દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે. |

## In depth : હેડલાઈન અને કોર ફુગાવો

**■ હેડલાઈન ફુગાવો (Headline Inflation)**

- અર્થતંત્રની અંદર થતા સંપૂર્ણ ભાવ વધારાની ગણતરી હેડલાઈન ફુગાવા અંતર્ગત કરવામાં આવે છે.
- તેના અંતર્ગત ખાદ્ય, ઈંધણ અને અન્ય વસ્તુઓમાં થતા ભાવવધારાનો સમાવેશ થાય છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- **કોર ફુગાવો (Core Inflation)**
  - કોર ફુગાવા અંતર્ગત ફુગાવાની ગણતરી વખતે ખાદ્ય અને ઈંધણમાં થયેલા ભાવવધારાને ધ્યાનમાં લેવામાં નથી આવતો.

## નિકાસના નિયમોમાં ફેરફાર

- COVID-19એ ભારતની અર્થવ્યવસ્થા પર વિશેષ રૂપથી પ્રભાવ પાડયો છે. આ પ્રભાવને ધ્યાનમાં રાખીને RBI દ્વારા નિકાસની આવક અને તેને દેશમાં મોકલવી, તે સંદર્ભે સમયગાળામાં વધારો કર્યો છે.
- આ ઉપરાંત RBI દ્વારા રાજ્યોને આર્થિક ઋણ વધારે લેવા માટેની પણ મંજૂરી આપવામાં આવેલી છે.

### RBI દ્વારા નિયમોમાં કરવામાં આવેલ ફેરફારો

| હાલનો નિયમ | નિયમમાં ફેરફાર |
|---|---|
| જો નિકાસકારો વસ્તુ કે સોફ્ટવેરની નિકાસ કરે તો નિકાસની પૂરી રકમ નિકાસની તારીખથી 9 મહિનાની અંદર દેશમાં લાવવી ફરજિયાત છે. | COVID-19થી વૈશ્વિક ધોરણે થતી સમસ્યાને કારણે 9 મહિનાનો સમય વધારીને 15 મહિના કરી દેવામાં આવેલ છે. |

### નિયમોમાં કરવામાં આવેલ અન્ય ફેરફારો

- RBI દ્વારા રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકારો માટે 'વેઝ એન્ડ એન્ડ મીન્સ એડવાન્સ'ની સીમાને 60% સુધી વધારવામાં આવી છે. આ વધારેલ સીમા 1 એપ્રિલ, 2020થી 30 સપ્ટેમ્બર, 2020 સુધી માન્ય રહેશે.
- આ ઉપરાંત કાઉન્ટ સાઈકિલકલ કેપિટલ બફરના અમલીકરણને પણ આગામી 1 વર્ષ માટે સક્રિય કરવાની આવશ્યકતા નથી.

### Back to Basics : વેઝ એન્ડ મીન્સ એડવાન્સ અને કાઉન્ટર સાયક્લિકલ કેપિટલ બફર વિશે

- **વેઝ એન્ડ મીન્સ એડવાન્સ શું છે ?**
  - તે RBI દ્વારા સરકારને આપવામાં આવતી હંગામી લોન સુવિધા છે. જેનાથી સરકારો આવક અને ખર્ચ વચ્ચેના કામચલાઉ મેળ ખાતાને પહોંચી શકે.
  - સરકાર નાણા ઉધાર લે તેની પર RBIને વ્યાજ આપે છે. આ વ્યાજનો દર રેપો રેટ જેટલો હોય છે.
  - વેઝ એન્ડ મીન્સ એડવાન્સની મર્યાદા RBI અને સરકાર દ્વારા નક્કી કરવામાં આવે છે.
  - આ વ્યવસ્થા 1 એપ્રિલ, 1997થી રજૂ કરવામાં આવી હતી.
  - વેઝ એન્ડ મીન્સની મર્યાદા પણ પૂરી થઈ જાય તો સરકાર ઓવરડ્રાફ્ટનો વિકલ્પ પસંદ કરી શકે છે, જે 10 દિવસ માટે મળે છે. તેના પર વ્યાજદર રેપો રેટ કરતાં 2% વધુ હોય છે.
- **કાઉન્ટર સાયક્લિકલ કેપિટલ બફર શું છે?**
  - કેપિટલ બફર એ ફરજિયાત મૂડી છે જેને નાણાકીય સંસ્થાઓએ અન્ય ન્યૂનતમ મૂડી આવશ્યકતાઓ ઉપરાંત બફર તરીકે રાખવાની હોય છે.
  - આર્થિક પરિસ્થિતિમાં થતા ફેરફારોથી બેંકિંગ ક્ષેત્રને થતા નુકસાનથી બચવાનો ઉદ્દેશ આ વ્યવસ્થાનો છે.

## ખરીફ પાકો પર રાષ્ટ્રીય સંમેલન : 2020

- કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી દ્વારા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ખરીફ પાકો પર રાષ્ટ્રીય સંમેલનની અધ્યક્ષતા કરવામાં આવી હતી.

- આ સંમેલનનો ઉદ્દેશ રાષ્ટ્રવ્યાપી લોકડાઉનના સમયગાળા દરમિયાન ખરીફ પાકોની ખેતી માટે તૈયારીઓ વિશે રાજ્યો સાથે વિભિન્ન મુદ્દાઓ પર ચર્ચા કરવાનો હતો.
- વર્ષ 2020-21 માટે અનાજનું લક્ષ્ય 298 મિલિયન ટન નક્કી કરવામાં આવ્યું છે. જેનો લક્ષ્ય 2019-20 માટે 291 મિલિયન ટન હતો.
- સંમેલનમાં એ બાબત પણ જણાવવામાં આવી હતી કે લોકડાઉનને કારણે ખેતીને અસર ન થાય તેના માટે 'ઓલ ઈન્ડિયા એગ્રી ટ્રાન્સપોર્ટ કોલ સેન્ટર' શરૂ કરવામાં આવ્યું છે.

## Back to Basics : ઋતુઓના આધારે પાકના પ્રકારો

- **ખરીફ (ચોમાસુ) પાક**
  - ચોમાસામાં લેવાય છે.
  - પાકનો સમય જૂન–જુલાઈથી ઓક્ટોબર–નવેમ્બરનો હોય છે.
  - ડાંગર, મકાઈ, જુવાર, બાજરી, કપાસ, તલ, મગફળી અને મઠ–મગ ખરીફ પાકો છે.
- **રવી (શિયાળુ) પાક**
  - શિયાળામાં લેવાય છે.
  - પાકનો સમય ઓક્ટોબર–નવેમ્બરથી માર્ચ–એપ્રિલ સુધીનો હોય છે.
  - ઘઉં, ચણા, જવ, સરસવ, અળસી વગેરે રવી પાક છે.
- **જાયદ (ઉનાળુ) પાક**
  - ઉનાળામાં લેવામાં આવે છે.
  - પાકનો સમય માર્ચથી જૂન સુધીનો હોય છે.
  - ડાંગર, મકાઈ, મગફળી, તલ, બાજરી, તરબૂચ, કાકડી, સકરટેટી એ જાયદ પાક છે.

# COVID-19 અને રૂપિયાનું અવમૂલ્યન

- COVID-19 મહામારીના પરિણામે ભારતીય રૂપિયાનું અમેરિકાના ડોલરની સરખામણીએ 43 પૈસાનું અવમૂલ્યન થયું છે.
- રૂપિયાની કિંમતમાં અવમૂલ્યનનું હાલનું મુખ્ય કારણ એ છે કે રોકાણકારો જોખમી બજારમાંથી પોતાનું રોકાણ કાઢીને સુરક્ષિત દેશોમાં લઈ જઈ રહ્યા છે.
- ઘરેલુ અને વૈશ્વિક અર્થવ્યવસ્થા પર COVID-19 બીમારીના લીધે પ્રતિકૂળ અસર પડી છે.
- આંતરરાષ્ટ્રીય સ્તરે રૂપિયાની કિંમત હૂંડિયામણ દરના આધારે નક્કી થતી હોય છે.

## Back to Basics : હૂંડિયામણ દર વિશે

- હૂંડિયામણ દર એક દેશના ચલણની બીજા દેશમાં ચલણમાં શું કિંમત છે તે દર્શાવે છે. દા.ત. એક ડોલર ખરીદવા આપણે રૂ. 60 દેવા પડતા હોય તો હૂંડિયામણનો દર રૂ. 60 પ્રતિ ડોલર હશે.

## હૂંડિયામણ દરના નિર્ધારણ માટેની પદ્ધતિ

1. **ફિક્સ એક્સચેન્જ રેટ :** અહીં અન્ય વિદેશી ચલણની સરખામણીમાં પોતાના ચલણની કિંમત દેશની મધ્યસ્થ બેંક દ્વારા નક્કી કરવામાં આવે છે.
2. **ફ્લોટિંગ એક્સચેન્જ રેટ :** અહીં બજારના પરીબળો દ્વારા એક દેશના ચલણની કિંમત અન્ય દેશના ચલણની સરખામણીએ થાય છે. આવા પરીબળો એટલે માંગ અને પુરવઠો.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## રૂપિયાનું અવમૂલ્યન

- ભારત માટે હૂંડિયામણ દર ઊંચો થાય ત્યારે ભારતના ચલણનું આંતરરાષ્ટ્રીય બજારમાં મૂલ્ય ઘટ્યું ગણાય. તેને રૂપિયાનું અવમૂલ્યન કહે છે. દા.ત. 1 ડોલર ખરીદવા રૂ. 60ને બદલે રૂ. 70 આપવા પડે તો રૂપિયાનું અવમૂલ્યન થયું કહેવાય.

## હૂંડિયામણ દરમાં RBIની ભૂમિકા

- જો RBI રૂપિયાનું મૂલ્ય વધારવા માંગતું હોય તો તે પોતાના વિદેશી ભંડોળમાં ડોલર પડયા હોય તેનું વેચાણ કરી શકે જેનાથી બજારમાં ડોલરનો પુરવઠો વધી જાય અને તેની સરખામણીએ રૂપિયાનું મૂલ્ય મજબૂત થાય.
- દા.ત. હાલ ડોલરની બજારમાં ખૂબ માંગ છે અને 1 ડોલરની કિંમત 60 રૂપિયા આપવા છતાં ડોલર મળતા નથી, RBI ડોલર વેચે તો પુરવઠો વધતા કિંમત ઘટી જશે, અર્થાત્ એવું બની શકે કે હવે 1 ડોલર ખરીદવા ફક્ત 50 રૂપિયા આપવા પડે. તેને રૂપિયાની મૂલ્યવૃદ્ધિ થઈ કહેવાય.
- ઉપરના ઉદાહરણથી વિપરિત સ્થિતિમાં જો RBI બજારમાં મોટા પ્રમાણમાં ડોલરનો પુરવઠો હોય તે ખરીદી લે તો તેની માંગ વધશે અને રૂપિયાનું અવમૂલ્યન થશે.
- દા.ત. ડોલરનો મોટો પુરવઠો હોવાની સ્થિતિમાં 1 ડોલર સામે 50 રૂપિયા આપવા પડતા હોય, અને તેનો પુરવઠો ઓછો થતા એવું બની શકે કે 1 ડોલર માટે 60 રૂપિયા આપવા પડે. અર્થાત્ રૂપિયાનું અવમૂલ્યન થયું કહેવાય.

# વર્ષ 2020-21માં અનાજના ઉત્પાદનનું લક્ષ્ય

- કૃષિ મંત્રાલય દ્વારા વર્ષ 2020-21 માટે 298 મિલિયન ટન અનાજ ઉત્પાદન માટેનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.
- આ લક્ષ્ય વર્ષ 2019-20ના અંદાજિત લક્ષ્યથી 2% વધુ છે.
- ચોખા અને ઘઉંના ઉત્પાદનનું લક્ષ્ય વર્ષ 2019-20ના અંદાજિત ઉત્પાદનના સ્તર પર રાખવામાં આવ્યું છે. જ્યારે દાળ અને અન્ય અનાજના ઉત્પાદનના લક્ષ્યમાં વધારો કરવામાં આવ્યો છે.
- અનાજ ઉપરાંત તેલીબિયા માટે વર્ષ 2020-21માં લગભગ 37 મિલિયન ટનથી વધુનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે જે વર્ષ 2019-20ના અંદાજિત ઉત્પાદન લક્ષ્ય કરતા 3 મેટ્રિક ટન વધુ છે.

# રિવર્સ રેપો રેટમાં ઘટાડો

- 17 એપ્રિલ, 2020ના રોજ RBI દ્વારા રિવર્સ રેપો રેટમાં 25 બેસિસ પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો છે.
- તે પહેલા રિવર્સ રેપો રેટ 4% હતો જે ઘટાડીને 3.75% થયો છે.

## રિવર્સ રેપો રેટ ઘટાડવાનું કારણ

- જ્યારે વાણિજ્યિક બેંકો RBI પાસે નાણા જમા કરાવે છે ત્યારે એ નાણા પર RBI નિશ્ચિત દરે વ્યાજ ચૂકવે છે. આ વ્યાજનો દર એટલે રિવર્સ રેપો રેટ.

- રિવર્સ રેપો રેટમાં ઘટાડા બાદ બેંકો જે રકમ RBIમાં જમા કરાવશે તેના પર ઓછું વ્યાજ મળશે આથી બેંકો વધુ નાણાને બજારમાં ધિરાણના સ્વરૂપમાં આપે તેવો RBIનો ઉદ્દેશ છે કારણ કે બજારમાં નાણાં આપવા પર રિવર્સ રેપો રેટ કરતા વધુ વ્યાજ મળે છે.
- તેનાથી બજારમાં નાણાની તરલતા જળવાઈ રહેશે અને COVID-19ના સમયગાળામાં પણ લોન મેળવવી સરળ રહેશે.
- રિવર્સ રેપો રેટ એ RBIની નાણાકીય નીતિનો ભાગ છે.

## Back to Basics : નાણાકીય નીતિ વિશે

- નાણાકીય નીતિ અર્થવ્યવસ્થામાં વ્યાજ દર, નાણાનો પુરવઠો, ધિરાણની ઉપલબ્ધતા જેવી બાબતોમાં દેશની મધ્યસ્થ બેંકની નીતિનો ખ્યાલ આપે છે.
- નાણાકીય નીતિના વિવિધ સાધનો દ્વારા મધ્યસ્થ બેંક અર્થવ્યવસ્થાને ચલાવે છે. આ ઉપરાંત નાણાકીય નીતિ દ્વારા ભારતમાં RBI એ ફુગાવાને અંકુશમાં રાખે છે. RBIને આ સત્તા 'RBI એક્ટ, 1934' અંતર્ગત પ્રાપ્ત છે.
- ભારતમાં નાણાકીય નીતિ એ 'નાણાકીય નીતિ સમિતિ' દ્વારા તૈયાર કરવામાં આવે છે. તેમાં RBI અને સરકાર બંનેના સભ્યો હોય છે.
- હાલમાં RBI દર બે મહિને નાણાકીય નીતિના સંદર્ભે નિર્ણયો લે છે.

## નાણાકીય નીતિના સાધનો

| | |
|---|---|
| રેપો રેટ | તે એક દર છે જેના દ્વારા RBI બેંકોને સરકારી કે અન્ય માન્ય જામીનગીરીના બદલામાં ધિરાણ આપે છે. |
| સ્ટેટ્યુટરી લિક્વિડિટી રેશિયો (SLR) | બેંકોએ પોતાની 'નેટ ડિમાન્ડ એન્ડ ટાઈમ લાયેબિલિટી (NDTL)'ના આધારે રકમ RBI પાસે સુરક્ષિત રાખવાની હોય છે. આ રકમ એ જામીનગીરી, રોકડ કે સોનાના રૂપમાં હોય શકે. NDTLના અમુક ટકા ઉપરોક્ત રૂપમાં રાખવા જરૂરી છે જે દરને SLR કહે છે. |
| કેશ રિઝર્વ રેશિયો (CRR) | NDTLના ચોક્કસ દરે રકમ રોકડના સ્વરૂપમાં સુરક્ષિત રાખવી પડે છે. આ દરને CRR કહેવામાં આવે છે. |
| બેંક રેટ | બેંકોને કોઈપણ પ્રકારની જામીનગીરી વિના જે દરે RBI ધિરાણ આપે તેને બેંક રેટ કહે છે. |
| માર્જિનલ સ્ટેડિંગ ફેસિલિટી (MSF) | સામાન્ય રીતે બેંકો NDTL દ્વારા SLR અંતર્ગત જે રકમ રાખી હોય છે તેનો જામીનગીરી તરીકે ઉપયોગ કરી RBI પાસેથી ધિરાણ મેળવી શકે નહીં. પરંતુ SLRમાં રાખેલ રકમના અમુક ટકાની જામીનગીરીનો લોન લેવા માટે ઉપયોગ કરવાની RBI છૂટ આપે છે તેને MSF કહે છે. |

## એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક દ્વારા ભારતને નાણાકીય સહાય

- COVID-19થી લડવા એશિયન ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ બેંક (AIIB) ભારતને 500 મિલિયન ડોલરની નાણાકીય સહાય કરશે.
- આ નાણાકીય સહાયથી ભારતને પોતાની સ્વાસ્થ્ય સેવાઓ સુધારવામાં મદદ મળશે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- COVID-19થી લડવા AIIB દ્વારા 'સંકટ રિકવરી સુવિધા' બનાવવામાં આવી હતી અને તેના અંતર્ગત 10 બિલિયન ડોલર ફાળવવામાં આવ્યા હતા.
- ભારત આ નાણાકીય સહાયનો ઉપયોગ સ્વાસ્થ્ય માળખુ સુધારવા તથા સ્વાસ્થ્ય ઉપકરણો ખરીદવા માટે કરશે.

## Back to Basics : AIIB વિશે

- AIIB એ એશિયામાં સામાજિક અને આર્થિક પરિણામો સુધારવા માટેના મિશન સાથેની એક બહુપક્ષીય વિકાસ બેંક છે.
- AIIBનું વડું મથક બૈજિંગ ખાતે છે અને તેણે તેની કાર્યવાહી 2016થી શરૂ કરી હતી અને તેની કાર્યવાહી 2016થી શરૂ કરવામાં આવી હતી.
- હાલમાં બેંકના કુલ 102 માન્ય સભ્ય દેશો છે.
- AIIB અંતર્ગત એશિયાના ક્ષેત્ર સિવાય અન્ય ક્ષેત્રના દેશો પણ સભ્યો બની શકે છે.
- AIIBની કુલ મૂડી 100 બિલિયન ડોલર છે જેમાં 50 બિલિયન ડોલરનો ફાળો ચીનનો છે. બીજા નંબરે 8.4 બિલિયન ડોલરના ફાળા સાથે ભારતનો ક્રમ આવે છે.
- 26.61% વોટિંગ હિસ્સા સાથે ચીન સૌથી વધુ હિસ્સો ધરાવે છે. ત્યારબાદ 7.6% વોટિંગ હિસ્સા સાથે ભારતનો ક્રમ છે.
- બેંક અંતર્ગત કુલ મતમાં 75% હિસ્સો ક્ષેત્રીય સભ્યોનો છે.

# IMF દ્વારા ભારતની આર્થિક વૃદ્ધિનું અનુમાન

- આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ (International Monetary Fund - IMF) દ્વારા નાણાકીય વર્ષ 2020-21 માટે ભારતની આર્થિક વૃદ્ધિનો અંદાજિત દર ઘટાડવામાં આવ્યો છે.
- IMF મુજબ વર્ષ 2020-21ના નાણાકીય વર્ષ માટે ભારતનો આર્થિક વૃદ્ધિદર 1.9% રહેવાનો અંદાજ છે. આ પહેલા જાન્યુઆરી, 2020માં આ દર 5.8% રાખવામાં આવ્યો હતો.
- COVID-19 એ સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થાને અસર કરી છે જેના કારણે IMF મુજબ વિશ્વને વર્ષ 1930 કરતા પણ વધુ મંદી પ્રભાવિત કરશે.
- IMF મુજબ ભારત એવા બે દેશોમાં સમાવિષ્ટ છે જેનો આર્થિક વૃદ્ધિદર વર્ષ 2020-21માં સકારાત્મક રહેશે. અન્ય બીજા દેશમાં ચીનનો આર્થિક વૃદ્ધિદર 1.2% રહેવાનો અંદાજ છે.

## Back to Basics : IMF વિશે

- IMFની સ્થાપના વર્ષ 1944ના 'બ્રેટન વુડ્સ સંમેલન'માં કરવામાં આવી હતી. ત્યારબાદ તેની કાર્યવાહી 27 ડિસેમ્બર, 1945થી 29 સભ્ય દેશો દ્વારા શરૂ કરવામાં આવી હતી.
- 1 માર્ચ, 1947થી IMF દ્વારા પોતાની નાણાકીય જવાબદારીઓ શરૂ કરવામાં આવી હતી.
- હાલમાં IMFના 189 સભ્ય દેશો છે અને તેનું વડું મથક એ અમેરિકાના વોશિંગ્ટન ડી.સી. ખાતે આવેલું છે.
- વૈશ્વિક સ્તરે નાણાકીય સહાય પૂરી પાડવી, લેણ–દેણ તુલાની કટોકટી વખતે નાણાકીય સહાય, ચલણની સ્થિરતા, સભ્ય દેશોની નાણાકીય અને આર્થિક નીતિઓનું મૂલ્યાંકન વગેરે જેવા કાર્યો કરે છે.

- IMFના સભ્ય દેશો પોતાનો નાણાકીય હિસ્સો સંસ્થાને આપે છે જેને દેશનો ક્વોટા (Quota) કહે છે. તે સભ્ય દેશની સંપત્તિ અને આર્થિક કામગીરી પર આધારિત હોય છે.
- સભ્ય દેશોના ક્વોટાને SDR (Special Drawing Rights) અર્થાત્ વિશેષ ઉપાડ હકમાં દર્શાવવામાં આવે છે.
- SDR એ કોઈ ચલણ નથી પરંતુ એક એકમ છે. તેનું મૂલ્ય એ US ડોલર, યુરો, જાપાનીસ યેન, પાઉન્ડ સ્ટર્લિંગ અને ચાઈનીસ રેનમીનબી એમ 5 દેશના ચલણ દ્વારા નક્કી થાય છે.
- ક્વોટાના આધારે જ સભ્ય દેશોનો મતદાન હિસ્સો નક્કી થાય છે.
- હાલમાં સૌથી વધુ SDR એ USA ધરાવે છે અને તેનો મતદાન હિસ્સો પણ સૌથી વધુ અર્થાત્ 17.45% છે.
- ભારતનો મતદાન હિસ્સો એ 2.76% છે.

## હેલિકોપ્ટર મની

- COVID-19 અને વૈશ્વિક લોકડાઉનના સંદર્ભે 'હેલિકોપ્ટર મની'નો ખ્યાલ પ્રકાશમાં આવ્યો છે.
- તેલંગાણા રાજ્યના મુખ્યમંત્રી કે.સી. રાવે પણ RBIને ભારતની હાલની કટોકટીને દૂર કરવા અને આર્થિક પ્રવૃત્તિને આગળ વધારવા માટે હેલિકોપ્ટર મનીના ખ્યાલને અપનાવવાનું સૂચન કર્યું છે.

### હેલિકોપ્ટર મની શું છે ?

- હેલિકોપ્ટર મની એક બિનપરંપરાગત નાણાકીય નીતિનું સાધન છે. જેનો હેતુ પાટા પરથી ઉતરી ગયેલી અર્થવ્યવસ્થાને ફરી સુધારવાનો છે.
- તે મોટા પ્રમાણમાં પૈસા છાપવાનો અને તેને લોકોમાં વહેંચવાના ખ્યાલ સાથે સંકળાયેલ બાબત છે.
- અમેરિકાના અર્થશાસ્ત્રી 'મિલ્ટોન ફ્રેડમેન' દ્વારા આ શબ્દ વિકસાવવામાં આવ્યો હતો.

### ભારતના અર્થતંત્રના પરિપ્રેક્ષ્યમાં હેલિકોપ્ટર મની

- અર્થવ્યવસ્થામાં નાણાની તરલતા વધારવા મધ્યસ્થ બેંક (RBI) દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારને બિન–ચૂકવવાપાત્ર નાણા આપવા.
- લોકો પાસે વધુ નાણા આવે જેથી તેઓ વધુ ખર્ચ કરી શકે અને તેનાથી અર્થતંત્ર ફરી વેગવંતુ બને.
- તેનાથી અર્થતંત્રની અંદર માંગમાં વધારો થશે અને સાથે જ ફૂગાવો પણ વધશે. તેનો અંતિમ લાભ લોકોની આવકમાં થતા વધારાના રૂપમાં પણ થશે.

## કિસાન રથ એપ્લિકેશન

- ભારત સરકાર દ્વારા ખેડૂતોને પોતાની કૃષિ પેદાશ મંડી સુધી પહોંચાડવા મદદના રૂપે 'કિસાન રથ' એપ્લિકેશન શરૂ કરવામાં આવી છે.

### કિસાન રથ એપ્લિકેશનની મુખ્ય બાબતો

- એપ્લિકેશનમાં ખેડૂતો એ કૃષિ પેદાશોની વિગતોને મુકવાની રહેશે. જેને તેઓ પરિવહન કરવા માંગતા હોય.
- પોસ્ટ કર્યા બાદ વજન સંબંધિત ટ્રક વિશે કિંમતની હરજી ઉપલબ્ધ થશે. તે નક્કી કર્યા બાદ ટ્રાન્સપોર્ટની મંજૂરી મળી જશે.
- કૃષિ પેદાશોની વિગતો અને વજનની જાણકારી વ્યાપારી અને ટ્રાન્સપોટર બંનેને રહેશે.

## ઓર્ડર બુક્સ, ઈન્વેન્ટરીઝ અને કેપેસિટી યુટિલાઈઝેશન સર્વે (OBICUS)

- તાજેતરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એ OBICUSની 49મી આવૃત્તિ શરૂ કરી હતી.
- આ સર્વે જાન્યુઆરી–માર્ચ, 2020 માટે આયોજિત કરવામાં આવી રહ્યો છે.

### OBICUS વિશે

- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા વર્ષ 2008થી દર ત્રણ મહિના (ત્રિમાસિક) ધોરણે OBICUSનું આયોજન કરે છે.
- આ સર્વે નાણાકીય નીતિ ઘડવા માટે જરૂરી મૂલ્યવાન માહિતી પૂરી પાડે છે.
- સર્વેમાં ચોક્કસ ત્રિમાસિક દરમિયાન પ્રાપ્ત થયેલા નવા ઓર્ડર, ત્રિમાસિકની શરૂઆતમાં બેકલોગ અને ત્રિમાસિકના અંતમાં બાકી રહેલા ઓર્ડરનો ડેટા સમાવિષ્ટ હોય છે.
- આ ઉપરાંત સર્વેમાં ત્રિમાસિકના અંતમાં ચાલુ હોય તેવું ઉત્પાદન અને તૈયાર વસ્તુઓ (Finished Goods)ના ડેટાનો પણ સમાવેશ કરવામાં આવે છે.
- RBI દ્વારા સર્વેના માધ્યમથી ક્ષમતા ઉપયોગ (Capacity Utilisation)ના સ્તરનો અંદાજો લગાવવામાં આવે છે.
- સર્વેની 48મી આવૃત્તિ અનુસાર, નાણાકીય વર્ષ 2019-20ના ત્રીજા ત્રિમાસિકમાં ક્ષમતા ઉપયોગ ઘટીને 68.6% થઈ ગઈ હતી જે બીજા ત્રિમાસિકમાં 69.1% હતી.
- OBICUSની 48મી આવૃત્તિમાં 704 ઉત્પાદન ક્ષેત્ર સાથે જોડાયેલી કંપનીનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## સોફ્ટવેર ટેકનોલોજી પાર્ક

- COVID-19ના કારણે લાગુ કરવામાં આવેલા રાષ્ટ્રવ્યાપી લોકડાઉનને લીધે ઉત્પન્ન થયેલા પડકારોને ધ્યાનમાં રાખી ભારત સરકારે સોફ્ટવેર ટેકનોલોજી પાર્કથી સંચાલિત નાની આઈટી (IT) કંપનીઓને ભાડાની રકમ ચૂકવવાથી રાહત આપી છે.
- આ કંપનીઓને માર્ચ–જૂન (1/3/2020 - 30/6/2020) અર્થાત્ 4 મહિના માટે ભાડુ ન આપવાની છૂટ આપવામાં આવી છે.

### સોફ્ટવેર ટેકનોલોજી પાર્ક વિશે

- સોફ્ટવેર ટેકનોલોજી પાર્ક એ સોફ્ટવેરની નિકાસને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ સાથે 'ઈલેક્ટ્રોનિક અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય' અંતર્ગત સ્થાપવામાં આવેલ સ્વાયત્ત સંસ્થા છે.
- તેની શરૂઆત વર્ષ 1991થી કરવામાં આવી હતી. હાલમાં તેના ભારતમાં 60 કેન્દ્રો છે.

## COVID-19 અને NPA

- જાહેર ક્ષેત્રની બેંકોમાં માર્ચ 2020 દરમિયાન રૂ. 50000 કરોડથી વધુનું ધિરાણ 'બિન કાર્યરત અસ્કયામતો' (NPA - Non Performing Assets)માં પરિવર્તિત થયું છે. જે બેંકો માટે ચિંતાનો વિષય છે.
- તેનું કારણ એ છે કે, જાહેર ક્ષેત્રની બેંકો દ્વારા RBIને COVID-19 દરમિયાન અસ્કયામતોનું વર્ગીકરણ વિશેષ ઉલ્લેખ ખાતાઓ-2 (Special Mention Accounts-2) માં ન કરવાની વિનંતી કરવામાં આવી હતી. પરંતુ RBI એ તેને માન્યતા આપી ન હતી.

- તેના કારણે આ ખાતાની રકમ NPAમાં પરિવર્તિત થઈ ગઈ હતી.

## Back to Basics :
## વિશેષ ઉલ્લેખ ખાતાઓ અને NPA વિશે

- SMA ખાતુ લોન લેનાર વ્યક્તિઓ દ્વારા ઋણની ચૂકવણી ન કરે તેવા સમયે પ્રારંભિક બોજ/તાણને પ્રદર્શિક કરે છે. લોન લેનાર વ્યક્તિઓ જ્યારે લોનની રકમ કે પછી વ્યાજની રકમ ન ચૂકવે ત્યારે તે લોન NPAમાં પરિવર્તિત થાય તે પહેલા જ તેને પ્રારંભિક તાણ/બોજ તરીકે એક અલગ ખાતા અંતર્ગત વર્ગીકૃત કરવામાં આવે તેવા ખાતાને 'વિશેષ ઉલ્લેખ ખાતા' કહે છે.
- લોન લેનારને SMAમાં વર્ગીકૃત કરવામાં આવે એટલે જરૂરી નથી કે તે લોનનું NPAમાં પરિવર્તન થાય તે ફક્ત તણાવની પ્રારંભિક સ્થિતિને પ્રદર્શિત કરે છે.
- જો આવા ખાતાની/લોન ધારકની ઓળખ જલ્દીથી કરી પગલાઓ લેવામાં આવે તો તે NPAમાં પરિવર્તિત થતા રોકી શકાય છે.
- SMA અંતર્ગત ખાતાને ત્રણ શ્રેણીમાં વર્ગીકૃત કરવામાં આવે છે.

**SMAની શ્રેણીઓ**

| | |
|---|---|
| SMA-0 | જો મૂળરકમ કે વ્યાજ એ 1-30 દિવસો સુધી ચૂકવવામાં ન આવે. |
| SMA-1 | જો મૂળરકમ કે વ્યાજ એ 31-60 દિવસો સુધી ચૂકવવામાં ન આવે. |
| SMA-2 | જો મૂળરકમ કે વ્યાજ એ 61-90 દિવસો સુધી ચૂકવવામાં ન આવે. |

## NPA વિશે

- જો લોનની રકમ અથવા વ્યાજને 90 કે તેથી વધુ દિવસ સુધી ચૂકવવામાં ન આવે તો તેનું વર્ગીકરણ NPA તરીકે કરવામાં આવે છે.
- કૃષિ માટે આપેલ લોનને NPA તરીકે વર્ગીકૃત કરવાના નિયમો સામાન્ય લોનથી અલગ છે.
- જો ટૂંકાગાળાના પાક પર લોનની રકમ અથવા વ્યાજ 2 પાકની ઋતુ (Crop Season) સુધી ચૂકવવામાં ન આવે અને લાંબાગાળાના પાક પર 1 પાકની ઋતુ સુધી ચૂકવવામાં ન આવે તો લોન NPA તરીકે વર્ગીકૃત થશે.
- NPAને પણ અલગ અલગ ત્રણ શ્રેણીઓમાં નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવે છે.

| | |
|---|---|
| સબ સ્ટાન્ડર્ડ એસેટ્સ (Sub-Standard Assets) | જો લોન NPAના રૂપમાં 12 મહિના સુધી રહે. |
| ડાઉટફૂલ એસેટ્સ (Doubtful Assets) | જો NPA સબ સ્ટાડર્ડ એસેટ તરીકે 12 મહિના સુધી રહે. |
| લોસ એસેટ્સ (Loss Assets) | RBI મુજબ તે વસૂલ ન થઈ શકે તેવી એસેટ હોય છે. |

## જાહેર વિતરણ પ્રણાલી

- COVID-19 મહામારી વચ્ચે સરકાર દ્વારા જાહેર વિતરણ પ્રણાલીના માધ્યમથી 'રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ' (National Food Security Act) દ્વારા અંદાજિત 80 કરોડ લોકોને અનાજનું વિતરણ કરવામાં આવશે તેવો અંદાજ છે.

- જાહેર વિતરણ પ્રણાલીના માધ્યમથી સસ્તા અનાજને લોકો સુધી પહોંચાડવામાં આવે છે. કેન્દ્ર સરકાર અનાજ ઉપલબ્ધ કરાવે છે. જેનું વિતરણ રાજ્ય સરકારો દ્વારા કરવામાં આવતું હોય છે.

## Back to Basics :
## રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, 2013 વિશે

- રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ દ્વારા મહિલાઓ, બાળકો અને પરિવારોની ખાદ્ય અને પોષણની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે છે.
- તેના અંતર્ગત દેશની કુલ 67% વસતી આવરી લેવામાં આવે છે. તેમાં ગ્રામીણ ક્ષેત્રની 75% વસતી અને શહેરી ક્ષેત્રોની 50% વસતી આવરી લેવામાં આવે છે.
- રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ અંતર્ગત લાભાર્થીને પ્રાધાન્યતા ધરાવતા ઘરો અને અત્યોંદય અન્ન યોજના ઘરો એમ બે શ્રેણીમાં વર્ગીકૃત કરવામાં આવે છે.
- પ્રાધાન્યતા ધરાવતા ઘરોને પ્રતિ વ્યક્તિ પ્રતિ માસ 5 કિલો અનાજ સસ્તા ભાવે અર્થાત્ ચોખા રૂ. 3/કિલો, ઘઉં રૂ. 2/કિલો અને પોષક અનાજ રૂ. 1/કિલોના ભાવે આપવામાં આવે છે.
- અત્યોંદય અન્ન યોજના ઘરો (અત્યંત ગરીબ)ને પ્રતિ કુટુંબ પ્રતિ માસ 35 કિલો અનાજ આપવામાં આવે છે.
- 6-14 વર્ષના બાળકો મધ્યાહન ભોજન યોજના અને ICDS યોજના અંતર્ગત નિઃશુલ્ક પોષણયુક્ત ભોજના માટે પણ હકદાર રહેશે.
- સગર્ભા સ્ત્રીઓ અને સ્તનપાન કરાવતી માતાઓને રૂ. 6000નો પ્રસૂતિ લાભ પણ આપવામાં આવશે.

## FDIના નિયમોમાં ફેરફાર

- COVID-19ના કારણે ઉત્પન્ન થયેલ પડકારોને જોતા ભારત સરકારે દેશના વિભિન્ન ક્ષેત્રો સાથે જોડાયેલ કંપનીઓમાં ભારતની જમીન સીમાથી જોડાયેલ પાડોશી દેશોથી 'પ્રત્યક્ષ વિદેશી રોકાણ' (FDI) માટે સરકારની મંજૂરી ફરજિયાત કરી છે.
- એવા તમામ વિદેશી રોકાણ માટે સરકારની મંજૂરીની જરૂર પડશે જેમાં રોકાણ સંસ્થાઓ અથવા રોકાણથી લાભ મેળવતી વ્યક્તિ ભારતની જમીન સીમા સાથે જોડાયેલ હોય.
- આ નિયમો બદલવાનું કારણ એ કંપનીઓ આર્થિક દબાણ વચ્ચે તકનો લાભ ન લે તેવું છે.
- વર્તમાનમાં 7 દેશો પાકિસ્તાન, અફઘાનિસ્તાન, નેપાળ, ચીન, ભૂતાન, બાંગ્લાદેશ અને મ્યાનમાર ભારત સાથે જમીન સીમા ધરાવે છે.

## નોન-બેન્કિંગ ફાયનાન્સિયલ કંપની અને સુક્ષ્મ નાણાકીય સંસ્થાઓની નાણાકીય સ્થિતિ સુધારવાના પ્રયાસો

- તાજેતરમાં RBI દ્વારા નોન–બેન્કિંગ ફાયનાન્સિયલ કંપની (Non-Banking Financial Companies-NBFC) અને સુક્ષ્મ નાણાકીય સંસ્થાઓ (Micro Finance Institutions-MFI)ની નાણાકીય સ્થિતિ સુધારવા હેતુ અનેક ઉપાયોની ઘોષણા કરવામાં આવી છે.

## RBIના નાણાકીય સ્થિતિ સુધારવાના ઉપાયો

➢ RBI એ 'લક્ષિત લાંબાગાળાના રેપો સંચાલન' (Targated Long Term Repo Operation - TLTRO 2.0) અંતર્ગત NBFC અને MFIને રોકડ ઉપલબ્ધ કરાવશે.

➢ TLTRO 2.0 અંતર્ગત બેંકોને રૂ. 50000 કરોડ આપવામાં આવશે. આ રકમ બેંકોને 4.4%ના દરે આપવામાં આવશે.

➢ બેંકો RBI પાસેથી જેટલી રકમ ઉધાર લેશે તેની ઓછામાં ઓછી 50% રકમ સુક્ષ્મ અને મધ્યમ કદની NBFC અને MFIને આપવાની રહેશે. તે રકમની વહેંચણી નીચે મુજબની રહેશે.

1. 10% રકમ MFIની જામીનગીરી કે યોજનાઓમાં રોકાણ કરવાની રહેશે.
2. 15% રકમ 500 કરોડ કે તેનાથી ઓછી સંપત્તિ ધરાવતી NBFCની જામીનગીરી કે યોજનાઓમાં રોકાણ કરવાની રહેશે.
3. 25% રકમને 500-5000 કરોડ સંપત્તિ ધરાવતી NBFCમાં રોકાણ કરવાની રહેશે.

➢ TLTRO 2.0 અંતર્ગત બેંકો જે રકમ ઉધાર લેશે તેને NBFCના ગ્રેડ બોન્ડ, વાણિજ્યિક પત્રો કે બિન–પરિવર્તનીય ઋણપત્રો (Non-Convertible Debenture)માં રોકાણ કરવાની રહેશે.

## RBI દ્વારા લેવાયેલ અન્ય પગલા

➢ RBI દ્વારા દેશની ત્રણ નાણાકીય સંસ્થાઓ, નેશનલ હાઉસિંગ બેંક (NHB), નાબાર્ડ (NABARD) અને ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બેંક (SIDBI) માટે વધારાના રૂ. 50000 કરોડની નાણાકીય વ્યવસ્થા કરવામાં આવેલ છે.

➢ આ રકમની વહેંચણી અને ઉપયોગ નીચે મુજબ કરવામાં આવશે.

| રકમની વહેંચણી | ઉપયોગ |
|---|---|
| નાબાર્ડને રૂ. 25000 કરોડ | ક્ષેત્રીય ગ્રામીણ બેંકો અને ગ્રામીણ ક્ષેત્રોમાં ભંડોળ આપનાર અન્ય નાણાકીય સંસ્થાને આપશે. |
| SIDBIને રૂ. 15000 કરોડ | મધ્યમ અને નાના વેપારીઓને લોનના રૂપમાં અપાશે. |
| NHBને રૂ. 10000 કરોડ | હાઉસિંગ ક્ષેત્રમાં લોનના રૂપમાં અપાશે. |

### Back to Basics :
### લાંબા ગાળાના રેપો સંચાલન એટલે શું?

➢ LTRO એક એવું માધ્યમ છે જેના અંતર્ગત RBI રેપો રેટ પર 1-3 વર્ષના સમય માટે 1 લાખ કરોડનું ઋણ આપે છે તથા જામીનગીરીના રૂપમાં સરકારી ઋણપાત્રોને લાંબાગાળા માટે સ્વીકાર કરે છે.

➢ સામાન્ય રીતે રેપો રેટ પર 1-28 દિવસ માટે ઋણ (Loan) આપવામાં આવતું હોય છે પરંતુ તે જ દર પર LTROના માધ્યમથી લાંબા ગાળા માટે (1-3 વર્ષ) ઋણ આપવામાં આવે છે.

## ડિજિટલ લેવડ-દેવડમાં વૃદ્ધિ

➢ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા મુજબ COVID-19ના કારણે દેશભરમાં લોકડાઉનની સ્થિતિના વચ્ચે ડિજિટલ રીતે લેવડ–દેવડમાં વૃદ્ધિ થઈ છે.

- RBIના આંકડાઓ અનુસાર માર્ચ, 2020માં બેંકોમાં રિયલ ટાઈમ ગ્રોસ સેટલમેન્ટ (RTGS) અંતર્ગત લેવડ–દેવડમાં 34%નો વધારો થયો છે. RTGS અંતર્ગત માર્ચ 2020માં રૂ. 120.47 લાખ કરોડની લેવડ–દેવડ થઈ હતી જ્યારે ફેબ્રુઆરી 2020માં આ આંકડો રૂ. 89.90 લાખ કરોડ હતો.
- માર્ચ, 2020ના ત્રીજા અને ચોથા અઠવાડિયા દરમિયાન ડિજિટલ લેવડ–દેવડની સંખ્યા રૂ. 124.73 કરોડ અને રૂ. 224.16 કરોડ રહી હતી.
- માર્ચ, 2020માં ભારતીય રાષ્ટ્રીય ચૂકવણી પ્રણાલી (National Payment Corporation of India- NPCI) દ્વારા સંચાલિત યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (UPI) ના માધ્યમથી રૂ. 125 કરોડની ડિજિટલ લેવડ–દેવડ થઈ હતી.
- આ ઉપરાંત NPCI દ્વારા સંચાલિત 'ભારત બિલ ચૂકવણી પ્રણાલી'ના માધ્યમથી માર્ચ, 2020માં ડિજિટલ લેવડ– દેવડની સંખ્યા 1.58 કરોડ થઈ હતી. જે ફેબ્રુઆરી 2020માં 1.49 કરોડ હતી.

### ભારતીય રાષ્ટ્રીય ચૂકવણી પ્રણાલી (National Payment Corporation of India - NPCI) વિશે

- NPCI એ દેશમાં છૂટક ચૂકવણી અને સમાધાન પ્રણાલીનું એક સંગઠન છે.
- તેને RBI અને ભારતીય બેંક સંઘ (IBA) દ્વારા ભારતમાં ચૂકવણી અને સમાધાન પ્રણાલી અધિનિયમ, 2007ની જોગવાઈ હેઠળ એક મજબૂત ચૂકવણી અને સમાધાન માળખા માટે સ્થાપિત કરવામાં આવેલ છે.
- તે કંપની અધિનિયમ, 1956ની કલમ 25ની જોગવાઈ અંતર્ગત એક 'બિન–નફાકારી સંગઠન' તરીકે સ્થાપિત છે.
- ભારતમાં ભીમ એપ, IMPS, ભારત બીલ ચૂકવણી પ્રણાલી, યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ, આધાર સક્ષમ ચૂકવણી સેવા, ATM વગેરેનું સંચાલન NPCI કરે છે.

### રિયલ ટાઈમ ગ્રોસ સેટલમેન્ટ - RTGS

- RTGS એક ઈલેક્ટ્રોનિક ચૂકવણી પ્રણાલી છે. જેમાં બેંકો વચ્ચે ચૂકવણીની સૂચનાઓને આખા દિવસ દરમિયાન પ્રત્યક્ષ સમય પર તરત જ પ્રક્રિયા કરવામાં આવે છે.
- આ સુવિધા રૂ. 2 લાખ કે તેનાથી વધારાની રકમ માટે ઉપલબ્ધ છે.

## રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ અંતર્ગત 66 લાખ કાર્ડધારકોને રૂ. 1000ની સહાય

- લોકડાઉનની સ્થિતિના સંદર્ભે ગુજરાત રાજ્યના ગરીબ અને શ્રમજીવી પરિવારોને આર્થિક સહાયતા આપતો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.
- આ નિર્ણય મુજબ રાજ્યના 66 લાખ જેટલા ગરીબ, મધ્યમવર્ગીય, શ્રમિકોના પરિવારો – કાર્ડધારકો જેઓ રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ અંતર્ગત અનાજ મેળવવા પાત્રતા ધરાવે છે. તેમના ખાતામાં રૂ. 1000ની રકમ જમા કરવામાં આવશે.
- આ રકમને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBI) ના માધ્યમથી લાભાર્થીને પહોંચાડવામાં આવશે.

➤ રૂ. 1000નો આ લાભ મેળવવા લાભાર્થી પરિવારે કોઈ વધારાના ફોર્મ ભરવા નહીં પડે. રાજ્ય સરકાર પાસે 66 લાખ લાભાર્થીના ડેટાબેઈઝના આધારે રકમ જમા કરાવવામાં આવશે.

## નાદારી પ્રક્રિયા રોકવા માટે વટહુકમ

➤ કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા કોરોના વાયરસ દરમિયાન લોકડાઉનને ધ્યાનમાં રાખતા કંપનીઓ વિરુદ્ધની નાદારી પ્રક્રિયા શરૂ કરવાના સમયને 6 મહિના માટે સ્થગિત કરવાનો વટહુકમ તૈયાર કર્યો છે.

➤ આ નિર્ણયથી લોકડાઉનના સમયે કંપનીઓને નાદાર થવાથી બચાવી શકાશે.

➤ નાદારી પ્રક્રિયાને સંચાલિત કરવા માટે ભારતમાં 'ઈન્સોલવન્સી એન્ડ બેંકરપ્ટસી કોડ' (IBC) ની વ્યવસ્થા છે.

➤ લોકડાઉનના સંદર્ભે નાણા મંત્રી દ્વારા IBCની કલમ 7, 9 અને 10ને સ્થગિત કરવાની ઘોષણા કરવામાં આવી હતી.

➤ કોર્પોરેટ મંત્રાલય દ્વારા માર્ચ મહિનામાં COVID-19ના પ્રભાવ અને લોકડાઉનના કારણે MSMEને રાહત આપવા નાદારી પ્રક્રિયા શરૂ કરવાની સીમા રૂ. 1 લાખથી વધારીને રૂ. 1 કરોડ કરી હતી.

### Back to Basics : Insolvency and Bankruptcy Code (IBC) વિશે

➤ IBC દ્વારા વ્યક્તિ અને નિગમો બંને માટે નાદારી પ્રક્રિયાને વ્યાપક અને સરળ બનાવવામાં આવી છે.

➤ IBC એ નાદારીની પ્રક્રિયાને નિશ્ચિત સમય (180 દિવસ)માં પૂર્ણ કરવાની જોગવાઈ છે.

➤ કોઈ કંપની અને ભાગીદારી પેઢીની વિરુદ્ધ નાદારી પ્રક્રિયા 'નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ' (NCLT) અને વ્યક્તિ વિરુદ્ધ નાદારી પ્રક્રિયા દેવુ પુનઃપ્રાપ્તિ ટ્રિબ્યુનલ (Debt Recovery Tribunal - DRT) અંતર્ગત કરવામાં આવે છે.

➤ જો કોઈ કંપની દેવુ ચૂકવતી નથી તો IBC અંતર્ગત દેવુ વસુલવા કંપનીને નાદાર જાહેર કરી શકાય છે.

➤ IBCની કલમ 7 નાદારી પ્રક્રિયાની શરૂઆત સાથે સંબંધિત છે. કલમ 9 અંતર્ગત, જો લેણદારને દેવાદાર તરફથી ચૂકવણી ન થાય તો લેણદાર દેવાદાર વિરુદ્ધ નાદારી પ્રક્રિયા શરૂ કરી શકે છે. કલમ 10 અંતર્ગત કંપની પોતાને જ નાદાર જાહેર કરવા સ્વયં વિરુદ્ધ નાદારી પ્રક્રિયા શરૂ કરી શકે છે.

## પોષકતત્ત્વ આધારિત સબસિડી

➤ ભારત સરકારની આર્થિક બાબતોની કેન્દ્રીય સમિતિએ ફોસ્ફેટ અને પોટાશ (P & K) ખાતરો માટે વર્ષ 2020-21 માટે પોષકતત્ત્વ આધારિત સબસિડી (Nutrient Based Subsidy)ના દરો નિર્ધારિત કરવા માટે મંજૂરી આપી છે.

➤ સમિતિ દ્વારા પોષકતત્ત્વ આધારિત સબસિડી યોજના હેઠળ એમોનિયમ ફોસ્ફેટ નામના જટિલ ખાતરને શામેલ કરવાની પણ મંજૂરી આપવામાં આવી છે.

➤ આ યોજના અંતર્ગત યુરિયા ખાતરનો સમાવેશ કરવામાં આવતો નથી.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- આ યોજના અંતર્ગત ફોસ્ફેટ અને પોટાશ (P & K) ખાતરના પ્રત્યેક પોષક તત્ત્વ જેવા કે નાઈટ્રોજન, ફોસ્ફેટ, પોટાશ અને સલ્ફર પર સબસિડીના દર નક્કી કરવામાં આવે છે.
- વર્ષ 2020-21માટે પ્રતિ કિલો (રૂપિયામાં) નક્કી કરવામાં આવેલ સબસિડીના દર :

| નાઈટ્રોજન (N) | ફોસ્ફરસ (P) | પોટાશ (K) | સલ્ફર (S) |
|---|---|---|---|
| 18.789 | 14.888 | 10.116 | 2.374 |

### Back to Basics :
### પોષકતત્ત્વ આધારિત સબસિડી વિશે

- આ યોજના 'ખાતર અને રસાયણ' મંત્રાલય દ્વારા વર્ષ 2010માં શરૂ કરવામાં આવી હતી.
- યોજના અંતર્ગત ફોસ્ફેટ અને પોટાશ ખાતરના પોષક તત્ત્વો અર્થાત્ નાઈટ્રોજન, ફોસ્ફરસ, પોટાશ અને સલ્ફરના દર નક્કી કરવામાં આવે છે.
- વાર્ષિક આધાર પર સબસિડીના દર નક્કી કરતી વખતે આંતરરાષ્ટ્રીય મૂલ્ય, વિનિમય દર, આંતરરાષ્ટ્રીય બજારમાં ગેસની કિંમત વગેરેને ધ્યાનમાં રાખવામાં આવે છે.
- ખાતર વેચતી કંપનીઓને સબસિડી આપવામાં આવે છે જેથી તેઓ ખેડૂતોને સસ્તા ભાવે ખાતર ઉપલબ્ધ કરાવી શકે.
- આ સાથે જ ખાતર વેચતી કંપનીઓને ખાતરની 'મહત્તમ છૂટક કિંમત' નક્કી કરવાની છૂટ આપવામાં આવી છે.
- અહીં યાદ રાખવું જરૂરી છે કે આ યોજનામાં યુરિયા ખાતરનો સમાવેશ કરવામાં આવેલ નથી.
- યુરિયા ખાતરની કિંમતો સરકાર નક્કી કરે છે. હાલમાં તે 'મહત્તમ છૂટક કિંમત' (MRP) પર ખેડૂતોને આપવામાં આવે છે. ત્યારબાદ સરકાર યુરિયા વેચતી કંપનીઓને ખેડૂતોને ખાતર ઉપલબ્ધ કરાવવા સુધીનો ખર્ચ અને MRP વચ્ચેના મૂલ્ય તફાવતને સબસિડી તરીકે આપે છે.

## RBI દ્વારા ફરીથી ઓપરેશન ટ્વિસ્ટ શરૂ કરાશે

- તાજેતરમાં RBI દ્વારા ઓપન માર્કેટ ઓપરેશનના માધ્યમથી એક સાથે સરકારી જામીનગીરીઓની ખરીદી અને વેચાણ કરવામાં આવશે. આ ઓપન માર્કેટ ઓપરેશનની કિંમત રૂ. 10000 કરોડ હશે.
- આવા ઓપન માર્કેટ ઓપરેશનને 'ઓપરેશન ટ્વિસ્ટ' તરીકે ઓળખવામાં આવે છે. સૌપ્રથમ વખત તેનો ઉપયોગ ડિસેમ્બર, 2019માં કરવામાં આવ્યો હતો.

### ઓપરેશન ટ્વિસ્ટ વિશે મહત્વની બાબતો

- તેના અંતર્ગત RBI ટૂંકાગાળાની જામીનગીરીનું વેંચાણ અને લાંબાગાળાની જામીનગીરીની ખરીદી કરે છે. આ બંને કાર્યો એકસાથે કરવામાં આવે છે.
- ઓપન માર્કેટ ઓપરેશન દ્વારા કાર્ય કરવાથી ટૂંકાગાળાના વ્યાજદરમાં વધારો અને લાંબાગાળાના વ્યાજદરમાં ઘટાડો જોવા મળે છે.
- ઓપરેશન ટ્વિસ્ટનો સૌપ્રથમ ઉપયોગ 1961માં US ફેડરલ રિઝર્વ દ્વારા અર્થતંત્રમાં રોકડ પ્રવાહ વધારવા અને US ડોલરને મજબૂત કરવા માટે કરવામાં આવ્યો હતો.

## ઓપરેશન ટ્વિસ્ટની અસરો

- લાંબાગાળાની જામીનગીરી (બોન્ડ) ખરીદવાને કારણે તેની માંગ વધશે અને તેની કિંમતમાં વધારો થશે.
- પરંતુ કિંમતમાં વધારાની સાથે બોન્ડથી મળતા વળતર (Yield)માં ઘટાડો થશે. (બોન્ડની કિંમતમાં વધારો અને તેનાથી મળતા વળતર વચ્ચે વ્યસ્ત સંબંધ છે.)
- બજારમાં વ્યાજનો દર એ બોન્ડ પર મળતા વળતરના દરના આધારે નક્કી થાય છે. આથી જો બોન્ડ પરનું વળતર ઓછું હશે તો વ્યાજનો દર પણ ઘટશે.
- આમ લાંબાગાળાના વ્યાજમાં થતા ઘટાડાને કારણે લોકો ઓછા વ્યાજના દરે લાંબાગાળાની લોન લઈ શકશે.
- આ ઉપરાંત અર્થતંત્રમાં વપરાશ અને ખર્ચ વધશે.

## Back to Basics : સરકારી જામીનગીરી વિશે

- સરકારી જામીનગીરી એ કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલ વ્યાપારીક સાધન છે. તેના દ્વારા સરકાર નાણા ઉધાર લે છે અને તેના પર નિશ્ચિત દરે વ્યાજ પણ ચૂકવે છે.
- જામીનગીરીના મુખ્યત્વે બે પ્રકાર છે.

1. **ટૂંકાગાળાની જામીનગીરી**

- તે સામાન્ય રીતે ટ્રેઝરી બિલ તરીકે ઓળખાય છે.
- તેનો સમયગાળો સામાન્ય રીતે 1 વર્ષથી ઓછો હોય છે.
- હાલમાં 91 દિવસ, 182 દિવસ અને 364 દિવસ માટે ટ્રેઝરી બિલ જાહેર કરવામાં આવે છે.

2. **લાંબાગાળાની જામીનગીરી**

- તે સામાન્ય રીતે 1 વર્ષથી વધુના સમયગાળા માટે જાહેર કરવામાં આવે છે.
- તેને સરકારી બોન્ડ તરીકે ઓળખવામાં આવે છે.
- ભારતમાં કેન્દ્ર સરકાર ટ્રેઝરી બિલ અને સરકારી બોન્ડ બંને જાહેર કરે છે, જ્યારે રાજ્ય સરકારો ફક્ત સરકારી બોન્ડ જાહેર કરે છે.

# કેન્દ્ર સરકારના મોંઘવારી ભથ્થામાં વધારાને સ્થગિત કરાયો

- COVID-19 મહામારીના કારણે સરકારની આવક પર પણ પ્રતિકૂળ અસર પડી છે.
- આ બાબતને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે જુલાઈ 2021 સુધી કેન્દ્ર સરકારના 48 લાખ કર્મચારીઓ અને 65 લાખ પેન્શનધારકોના મોંઘવારી ભથ્થામાં થતા વધારાને સ્થગિત કરવામાં આવ્યો છે.

## કેન્દ્ર સરકારના નિર્ણયની મુખ્ય બાબતો

- નાણા મંત્રાલય અનુસાર નિર્ણય લેવામાં આવ્યો છે કે, 1 જાન્યુઆરી, 2020થી કેન્દ્ર સરકારના કર્મચારીઓને ચૂકવવા પાત્ર મોંઘવારી ભથ્થુ (Dearness Allowance - DA) અને પેન્શનધારકોને ચૂકવવા પાત્ર મોંઘવારી રાહત (Dearness Relief - DR)ના વધારાના હપ્તાની ચૂકવણી કરવામાં આવશે નહીં.
- આ ઉપરાંત કેન્દ્ર સરકારે માર્ચ, 2020માં DA અને DR અંતર્ગત 4%નો વધારો કરવાનો નિર્ણય લીધો હતો. તે વધારાને પણ સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

- જો કે હાલના દરે ચૂકવવામાં આવતા DA અને DR એ યથાવત્ ચાલુ રહેશે.
- દર 6 મહિને DA અને DRના દરમાં વધારો કરવામાં આવે છે. સરકારના નિર્ણય મુજબ જૂન, 2020થી જૂન, 2021 સુધી ત્રણ હપ્તામાં વધારો કરવામાં આવશે નહીં.
- જૂન 2021 બાદ DA અને DRમાં વધારાનો નિર્ણય કરવામાં આવે ત્યારે ઉપરોક્ત ત્રણેય હપ્તાનો વધારો જોડી દેવામાં આવશે. પરંતુ 1.5 વર્ષનું કોઈ એરિયર નહીં મળે.

### કેન્દ્ર સરકારના નિર્ણયની અસર

- જૂન, 2021 સુધી વધારાને સ્થગિત કરતા સરકારના અંદાજિત રૂ. 37,530 કરોડ બચશે.
- જો રાજ્ય સરકાર પણ પોતાના કર્મચારીઓના સંબંધે આવો નિર્ણય લેશે તો કેન્દ્ર અને રાજ્ય બંને દ્વારા કુલ રૂ. 82,566 કરોડની બચત થશે.
- સરકારની આ બચતનો લાભ સ્વાસ્થ્ય અને કલ્યાણ સેવાઓ પર વધારે ખર્ચ કરીને પ્રાપ્ત થશે.

### Back to Basics : મોંઘવારી ભથ્થુ (DA) અને મોંઘવારી રાહત (DR) વિશે

- ફુગાવાને કારણે થતા ભાવવધારાની અસરને સંતુલિત કરવા સરકાર કર્મચારીઓને DA અને પેન્શનધારકોને DR આપે છે.
- તેમાં વધારો વર્ષમાં 2 વખત જાહેર કરવામાં આવે છે (દા.ત દર 6 મહિને). વધારો એ 7મા પગાર પંચ દ્વારા આપવામાં આવેલ ફોર્મુલાના આધારે નક્કી થાય છે.
- DAની ગણતરી કર્મચારીના બેઝિક પે (Basic Pay) પર નક્કી થાય છે અને DRની ગણતરી પેન્શનધારકોના બેઝિક પેન્શન (Basic Pension) પર થાય છે.
- હાલમાં DA અને DRનો દર 17% છે.
- DAનું નિર્ધારણ એ પાછળના 12 મહિનાના ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્ષના આધારે થાય છે.

## શ્રમ સંબંધિત સંસદીય સમિતિનો અહેવાલ

- તાજેતરમાં શ્રમ સંબંધિત સંસદીય સમિતિએ ઔદ્યોગિક સંબંધ સંહિતા - 2019 (The Industrial Relations Code - 2019) પર લોકસભાના અધ્યક્ષ સમક્ષ એક અહેવાલ પ્રસ્તુત કર્યો છે.

### સંસદીય સમિતિના અહેવાલની મુખ્ય બાબતો

- સંસદીય સમિતિ શ્રમ મંત્રાલયની એ બાબત પર સહમત છે કે વીજળી, કોલસા વગેરેની અછત કામદારોને લીધે થતી નથી. આથી તેની અછતના કારણે કામકાજ ઠપ થાય તો તે સ્થિતિમાં કામદારોને વળતર મળવું જોઈએ.
- સમિતિ મુજબ વીજળીની અછત, મશીનરી ટૂટવી વગેરેની સ્થિતિમાં મજૂરોને 45 દિવસો માટે 50% મજૂરીની ચૂકવણી યોગ્ય ગણાશે.
- સમિતિનું માનવું છે કે પ્રાકૃતિક આપત્તિઓ દરમિયાન મજૂરોની મજૂરીની ચૂકવણી ત્યાં સુધી ઉચિત નથી જ્યાં સુધી ઉદ્યોગ ફરીથી ચાલવા ન લાગે.
- ઔદ્યોગિક સંબંધ સંહિતા - 2019 એ લોકસભામાં રજૂ કરવામાં આવી હતી અને તેને શ્રમ સંબંધી સ્થાયી સમિતિને ભલામણ માટે આપવામાં આવી હતી.

## ઔદ્યોગિક સંબંધ સંહિતા - 2019

## (The Industrial Relations Code - 2019)

- ઔદ્યોગિક સંબંધ સંહિતા - 2019માં ટ્રેડ યુનિયન અધિનિયમ - 1926, ઔદ્યોગિક રોજગાર (સ્થાયી આદેશ) અધિનિયમ - 1946 અને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ - 1947ની જોગવાઈઓને સરળ અને તર્કસંગત બનાવીને સમાવવામાં આવી છે.
- તેના દ્વારા 40થી વધુ શ્રમ સંબંધિત કાયદાઓને તર્કસંગત અને સરળ બનાવવામાં આવશે.
- સંહિતા મુજબ 7થી વધુ સભ્યો ટ્રેડ યુનિયન બનાવવા અરજી કરી શકશે. ઓછામાં ઓછા 10% કર્મચારીઓ અથવા 100 કર્મચારીઓ બેમાંથી જે ઓછા હોય તેવા ટ્રેડ યુનિયનની નોંધણી થશે.
- 100થી વધુ કર્મચારી ધરાવતા ઉદ્યોગોને કામદારોને કાર્ય મુક્તિ કે ઉદ્યોગ બંધ કરવા મંજૂરી લેવી પડશે. વર્ષ 2018માં આ મર્યાદા 300 કર્મચારીઓની હતી.
- ઔદ્યોગિક વિવાદોના સમાધાન માટે કેન્દ્ર કે રાજ્ય એ સમાધાન અધિકારીની નિમણૂક કરશે. જો સમાધાન ન થાય તો પક્ષો એ ઔદ્યોગિક ટ્રીબ્યુનલ સમક્ષ જઈ શકશે.

# કાચા તેલની કિંમતમાં ઘટાડાની ખાંડ ઉદ્યોગ પર અસર

- તાજેતરમાં West Texas Intermediate (WTI) કાચા તેલની કિંમતો -40.32 ડોલર/બેરલ સુધી નકારાત્મક બની હતી. (WTI કાચુ તેલ USAના કાચા તેલનો પ્રકાર છે.)
- કાચા તેલની કિંમતોમાં થયેલ ઘટાડો એ અન્ય ઉદ્યોગ ખાસ કરીને ખાંડના ઉદ્યોગ પર જોવા મળ્યો છે.

## કાચા તેલની કિંમતમાં ઘટાડાની ખાંડ ઉદ્યોગ પર અસર

- જ્યારે કાચા તેલની કિંમતો વધુ હોય છે ત્યારે ખાંડની મિલો એ શેરડીને ઈથેનોલ બનાવવા માટે વેંચતી હોય છે. ઈથેનોલનો ઉપયોગ 'ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ' બનાવવા માટે થાય છે.
- જો કે હાલમાં કાચા તેલની કિંમતમાં ઘટાડો થયો છે. તેને લીધે ખાંડની મિલો શેરડી વેચે છે તે કિંમતમાં પણ ઘટાડો થયો છે. કારણ કે હાલમાં ઈથેનોલની કોઈ માંગ નથી.

## ભારત પર અસર

- વર્ષ 2020માં બ્રાઝિલમાં શેરડીનું ઉત્પાદન ખૂબ વધારે થયું છે અને મહામારીને લીધે ખાંડનો વપરાશ ઘટયો છે. તેની અસર ભારતની ખાંડની મિલો અને શેરડીના ખેડૂતો બંનેને થશે.

## ભારતમાં ખાંડના ઉદ્યોગ વિશે

- બ્રાઝિલ પછી ભારત ખાંડના ઉત્પાદનમાં બીજું સ્થાન ધરાવે છે અને ભારત તેનો વપરાશ કરતો મોટો ગ્રાહક પણ છે.
- ઉત્તરપ્રદેશ એ શેરડીનું સૌથી વધુ ઉત્પાદન કરે છે. જો કે મહારાષ્ટ્રમાં ખાંડની મિલો સૌથી વધુ છે.
- શેરડીની કિંમતો નિયંત્રિત કરવા ખેડૂતોને 'ઉચિત અને લાભકારી મૂલ્ય' (Fair and Remunerative Price - FRP) આપવામાં આવે છે.
- FRPનું નિર્ધારણ 'કૃષિ ખર્ચ અને કિંમત આયોગ' સાથે ચર્ચા કરી કેન્દ્ર સરકાર નક્કી કરે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## કૃષિ કલ્યાણ અભિયાન

- 23 એપ્રિલ, 2020ના રોજ કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, 'કૃષિ કલ્યાણ' અભિયાન અંતર્ગત ત્રીજા તબક્કામાં ખેડૂતોની આવક બમણી કરવાના હેતુથી વિવિધ કૃષિ પદ્ધતિ માટે લગભગ 17 લાખ ખેડૂતોને પ્રશિક્ષિત કરવાની યોજના બનાવવામાં આવી છે.

### કૃષિ કલ્યાણ અભિયાન વિશે

- કૃષિ કલ્યાણ અભિયાનને દેશના 112 આકાંક્ષી જિલ્લાઓમાં લાગુ કરવામાં આવી રહ્યું છે.
- હાલ સુધીમાં તેના બે તબક્કાઓ પૂર્ણ થઈ ચૂકયા છે. જેના દ્વારા 11.05 લાખ ખેડૂતોને 'કૃષિવિજ્ઞાન કેન્દ્રો' દ્વારા પ્રશિક્ષિત કરવામાં આવ્યા છે.
- વર્ષ 2022 સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના હેતુથી વર્ષ 2018માં આ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું.
- અભિયાન આકાંક્ષી જિલ્લાઓમાં 1000થી વધુ વસતીવાળા પ્રત્યેક 25 ગામડાઓમાં ચલાવવામાં આવે છે.
- નીતિ આયોગ દ્વારા આકાંક્ષી જિલ્લાઓની ઓળખ કરવામાં આવી છે. આવા કુલ 115 જિલ્લાઓ છે.
- આકાંક્ષી જિલ્લા કાર્યક્રમ અંતર્ગત આવા સામાજિક–આર્થિક રીતે જિલ્લાઓને વિકસિત કરવામાં આવે છે.

## પ્રત્યક્ષ મુદ્રીકરણ (Direct Monetisation)

- સરકાર પાસે પોતાને નાણાની જરૂરીયાતને સંતોષવા માટે બે વિકલ્પ હોય છે.

1. પ્રત્યક્ષ રીતે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) નવા નાણા છાપીને સરકારને આપે.
2. RBI સરકાર વતી બજારમાંથી નાણા ઉધાર લઈને આપે.

- ઉપરોક્ત પ્રથમ વિકલ્પ એ પ્રત્યક્ષ મુદ્રીકરણ છે. જ્યારે બીજો વિકલ્પ એ અપ્રત્યક્ષ મુદ્રીકરણ છે.
- સરકાર પોતાની ખાદ્યને પૂરી કરવા નાણા ઉધાર લેતી હોય છે.

### પ્રત્યક્ષ મુદ્રીકરણ કઈ રીતે કાર્ય કરે છે ?

- તેના અંતર્ગત RBI નવા નાણા છાપીને સરકારને આપે છે.
- નવા નાણાના બદલમાં RBIને સરકાર બોન્ડ આપશે. અર્થાત્ બોન્ડ દ્વારા લીધેલા નાણાની રકમ નિશ્ચિત સમયમાં ચૂકવશે.
- નવા છાપવામાં આવતા નાણા એ RBI માટે જવાબદારી (Liability) છે, જ્યારે સરકાર તરફથી મળતા બોન્ડ એ મિલ્કત (Assets) છે.

### પ્રત્યક્ષ વિમુદ્રીકરણથી થતા લાભ

- સરકારને નાણાની જરૂરીયાત માટે બજાર પર આધાર રાખવો નહીં પડે અને બજારમાં રહેલી રોકડના પ્રવાહને અસર નહીં થાય.
- જો સરકાર બજારમાંથી બોન્ડ જાહેર કરી નાણા ઉધાર લે તો રોકડનો પ્રવાહ ઓછો થતા વ્યાજદરમાં વધારો થશે.
- પ્રત્યક્ષ વિમુદ્રીકરણ દ્વારા વિદેશી રોકાણકારો અને ઋણ પરનો આધાર પણ ઓછો થશે.
- સરકાર નાણાનો ખર્ચ એ વિકાસના કાર્યક્રમોમાં ઉપયોગ કરી શકશે અને બજારમાં જે નાણાની તરલતાનો સંકટ હોય તે દૂર કરી શકાશે. આ ઉપરાંત લોકોની આવક વધારવામાં તથા માંગનું સર્જન કરવામાં નાણા ઉપયોગી બનશે.

### સરકાર માટે નાણા ઉધાર લેવાની મર્યાદા

- રાજકોષીય ખાદ્યને પૂરી કરવા સરકાર નાણા ઉધાર લે છે. અર્થાત્ સરકાર દેવું (Debt) કરે છે પરંતુ આ ઉધાર લેવામાં આવતા નાણાની પણ મર્યાદા હોય છે.
- વિશેષજ્ઞોના મુજબ સરકારનું દેવું GDPના 80-90% હોવું જોઈએ. ભારતમાં હાલમાં તે GDPના 70% છે.
- આ ઉપરાંત રાજકોષીય ખાદ્યની પણ મર્યાદા છે. જે મુજબ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો એમ બંનેની રાજકોષીય ખાદ્ય GDPના 6% સુધી રાખવાની મર્યાદા છે.
- રાજકોષીય ખાદ્યની આ મર્યાદા "Fiscal Responsibility and Budget Management Act" (FRBM Act) અંતર્ગત નક્કી કરવામાં આવી છે.

## વ્યુહાત્મક પેટ્રોલિયમ અનામત (Strategic Petroleum Reserves)

- તાજેતરમાં કાચા તેલ (Crude Oil)ની કિંમતો ઘટવાને કારણે ભારત દ્વારા તેની વ્યુહાત્મક પેટ્રોલિયમ અનામતમાં કાચા તેલનો સંગ્રહ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

### ભારતમાં આ સુવિધા કઈ જગ્યાએ છે ?

- હાલમાં ભારતમાં વ્યુહાત્મક પેટ્રોલિયમ અનામતને સંગ્રહ કરવાની સુવિધા વિશાખાપટ્ટનમ (આંધ્રપ્રદેશ), મેંગલોર (કર્ણાટક) અને પાદુર (કર્ણાટક) ખાતે સ્થિત છે.
- આ સુવિધા વિકસાવવાનું અને તેનું સંચાલન કરવાનું કાર્ય એ 'ભારતીય વ્યુહાત્મક પેટ્રોલિયમ અનામત લિમિટેડ' (Indian Strategic Petroleum Reserve Limited) દ્વારા કરવામાં આવે છે. આ કંપની ઓઈલ ઈન્ડસ્ટ્રી ડેવલપમેન્ટ બોર્ડની પેટા કંપની છે. તે પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય અંતર્ગત આવે છે.

### Back to Basics : વ્યુહાત્મક પેટ્રોલિયમ અનામત વિશે

- તેનો ખ્યાલ 1973માં OPEC તેલ કટોકટીના સમયે USA દ્વારા આપવામાં આવ્યો હતો.
- તેના અંતર્ગત કાચા તેલનો જથ્થો અંડરગ્રાઉન્ડમાં સંગ્રહિત કરવામાં આવે છે.
- ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી અનુસાર કટોકટી દરમિયાન દેશ પાસે તેના 90 દિવસની ચોખ્ખી આયાત જેટલો કાચા તેલનો જથ્થો હોવો જોઈએ.
- આમ વ્યુહાત્મક પેટ્રોલિયમ અનામત દ્વારા કાચા તેલની કટોકટી કે ભાવની અસ્થિરતાને પહોંચી શકાય છે.

## બેન્કિંગ સેવાઓને જાહેર ઉપયોગી સેવા ઘોષિત કરવામાં આવી

- ભારત સરકાર દ્વારા 21 ઓક્ટોબર, 2020 સુધી બેંકિંગ ઉદ્યોગને જાહેર ઉપયોગી સેવાના રૂપમાં ઘોષિત કરવામાં આવેલ છે.
- આ આદેશ 'ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, 1947' અંતર્ગત લેવામાં આવેલ છે.
- આદેશ દ્વારા બેન્કિંગ ક્ષેત્રના કર્મચારીઓ દ્વારા હડતાલને રોકવા માટે બેન્કિંગ સેવાને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ અંતર્ગત લાવવામાં આવેલ છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### આદેશ લાવવાનું મુખ્ય કારણ

- સરકારના અમુક નિર્ણયો હતા જેનાથી બેંક સંગઠનો (યુનિયન) સહમત ન હતા. દા.ત. સરકાર દ્વારા બેંકોના વિલય સંદર્ભે લેવામાં આવેલા નિર્ણયથી બેંક સંગઠનો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો.
- જાહેર ઉપયોગી સેવાના આદેશ બાદ બેન્કિંગ ઉદ્યોગના અધિકારી કે કર્મચારીઓ આદેશ અમલમાં રહેશે ત્યાં સુધી હડતાલ નહીં પાડી શકે.

### Back to Basics :
### ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, 1947 વિશે

- ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, 1947 શ્રમ સંબંધિત કાયદાઓને નિયંત્રિત કરે છે.
- તેનો મુખ્ય ઉદ્દેશ ઔદ્યોગિક ક્ષેત્રે સંવાદિતા અને શાંતિ સ્થાપવાનો છે.
- આ અધિનિયમ એ ફક્ત સંગઠિત ક્ષેત્રોને લાગુ પડે છે.

## RBI દ્વારા મ્યુચ્યુઅલ ફંડ માટે રોકડની સુવિધા

- મ્યુચ્યુઅલ ફંડ ક્ષેત્રમાં ચાલતા નાણાકીય સંકટના પરીણામે RBI દ્વારા 'સ્પેશ્યઅલ લિક્વિડીટી વિન્ડો' અંતર્ગત રૂ. 50000 કરોડની સુવિધા આપવામાં આવી છે.

### સ્પેશ્યલ લિક્વિડીટી વિન્ડો વિશે

- રેપો ઓપરેશન (Repo Operation)ના માધ્યમથી આ સુવિધા RBI દ્વારા બેંકોને આપવામાં આવશે અને બેંકો પછીથી રોકડ મ્યુચ્યુઅલ ફંડને આપશે.
- રેપો (Repurchase Agreement) ઓપરેશન અંતર્ગત જામીનગીરી (Securities)ના આધારે બેંકો RBI પાસેથી રોકડ મેળવશે અને નિશ્ચિત સમય બાદ તે જ જામીનગીરી ફરીથી ખરીદી લેશે.
- આ સુવિધા અંતર્ગત રેપો ઓપરેશન 90 દિવસ માટે રહેશે.
- બેંકોએ RBI પાસેથી મેળવેલી રકમનો ઉપયોગ ફક્ત મ્યુચ્યુઅલ ફંડને લોન આપવા માટે કરી શકાશે.
- બેંકો મ્યુચ્યુઅલ ફંડને કોર્પોરેટ બોન્ડ, કોમર્શિયલ પેપર, ડિબેન્ચર વગેરેના આધારે લોન આપશે.

### RBI દ્વારા શા માટે આ પગલાઓ લેવામાં આવ્યા ?

- તાજેતરમાં ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ કંપની 'ફ્રેન્કલિન ટેમ્પલટોન' દ્વારા પોતાની 6 ફંડ સ્કીમ બંધ કરવાને કારણે મ્યુચ્યુઅલ ફંડ ક્ષેત્રે રોકડની કટોકટી સર્જાય તેવી શક્યતા છે.
- આથી RBI દ્વારા લેવાયેલ પગલાને પરીણામે રોકાણકારોનો વિશ્વાસ વધારી શકાશે.

## ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ સર્વિસ સેન્ટર ઓથોરિટી

- ભારત સરકાર દ્વારા ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ સર્વિસ ઓથોરિટી (IFSCA)ની સ્થાપના કરવામાં આવી છે.
- IFSCAનું વડુંમથક એ ગાંધીનગર, ગુજરાત ખાતે રહેશે.

### ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ સર્વિસ સેન્ટર ઓથોરિટી વિશે

- તેની સ્થાપના તાજેતરમાં સરકાર દ્વારા નોટિફિકેશનના માધ્યમથી કરવામાં આવી હતી.

### IFSCAનું મુખ્ય કાર્ય

- IFSCA એ ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ સર્વિસ સેન્ટર અંતર્ગત નાણાકીય બજારનું નિયમન કરશે.
- ઓથોરિટી થાપણો, નાણાકીય સંસ્થાઓ દ્વારા બહાર પાડવામાં આવતી જામીનગીરી, વીમાના કરારો વગેરેનું નિયમન કરશે.
- IFSCA પહેલા ઉપરોક્ત બાબતોનું નિયમન RBI, SEBI, IRDAI વગેરે જેવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતું હતું.

### IFSCAનું માળખું

- IFSCA અંતર્ગત 9 સભ્યો હશે. જેમની નિમણૂક કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવશે.
- અધ્યક્ષ અને સભ્યોનો કાર્યકાળ 3 વર્ષનો રહેશે અને તેમની પુનઃનિયુક્તિ પણ થઈ શકે છે.
- સભ્યો અંતર્ગત 1 અધ્યક્ષ, નાણા મંત્રાલયમાંથી 2 સભ્યો, RBI, SEBI, IRDAI અને PFRDA એમ દરેકમાંથી 1 સભ્ય અને પસંદગી સમિતિની ભલામણના 2 સભ્યો એમ કુલ 9 સભ્યો હશે.

### Back to Basics : ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ સર્વિસ સેન્ટર (IFSC) વિશે

- IFSC એ કોર્પોરેટ, સરકાર કે કોઈ વ્યક્તિને આંતરરાષ્ટ્રીય સ્તરેથી ભંડોળ મેળવવા માટેની સુવિધા આપે છે.
- ગ્લોબલ ટેક્સ મેનેજમેન્ટ, વેલ્થ મેનેજમેન્ટ, વિલય, રિસ્ક મેનેજમેન્ટ ઓપરેશન વગેરે જેવા કાર્યો પણ IFSC અંતર્ગત થાય છે.
- IFSCની સ્થાપના ગાંધીનગર ખાતે ગીફ્ટ સિટી અંતર્ગત કરવામાં આવી છે.

## COVID-19 હેતુ ADBથી 1.5 બિલિયન ડોલર ધિરાણની મંજૂરી

- તાજેતરમાં એશિયન ડેવલપમેન્ટ બેંકે (ADB) COVID-19 મહામારી સામે લડવા ભારતને 1.5 બિલિયન ડોલર ધિરાણની મંજૂરી આપી છે.
- ADB દ્વારા મહામારી નિયંત્રિત કરવા અને ગરીબ અને આર્થિક લોકોને સામાજિક સુરક્ષા માટે ધિરાણ આપ્યું છે.
- ADB પોતાના 'COVID-19 Active Response and Expenditure Support - CARES' કાર્યક્રમના માધ્યમથી 800 મિલિયનથી વધારે લોકોને સામાજિક સુરક્ષા આપવા સુવિધા ઉપલબ્ધ કરાવશે.
- ADBથી પ્રાપ્ત ધિરાણ લગભગ 65% ભાગના ગરીબો અને મહિલાઓ સહિત અન્ય સંવેદનશીલ લોકોને સહાયતા આપશે.
- ધિરાણના કરાર અંતર્ગત COVID-19 સામે લડતા સ્વાસ્થ્યકર્મીઓ માટે વીમાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

### COVID-19 Active Response and Expenditure Support (CARES) વિશે

- CARES કાર્યક્રમને ‘કાઉન્ટર સાઈક્લિકલ સપોર્ટ ફેસિલિટી’ અંતર્ગત સંચાલિત COVID-19 Pandemic Response Option (CPRO) દ્વારા નાણા પૂરા પાડવામાં આવે છે.
- CPROની સ્થાપના વિકાસશીલ સદસ્ય દેશોને COVID-19 સામે લડવા માટે 13 એપ્રિલ, 2020ના રોજ ADB દ્વારા 20 બિલિયન ડોલરની નાણાકીય સહાયતા આપવા કરવામાં આવી હતી.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન (NIP) પર અંતિમ અહેવાલ

- NIP માટે રચવામાં આવેલી ટાસ્ક ફોર્સે પોતાનો અંતિમ અહેવાલ એ નાણામંત્રીને આપ્યો હતો.
- નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન પ્રોજેક્ટ એ માળખાગત (Infrastructure) સુવિધાઓના વિકાસ સાથે સંકળાયેલ છે.

## ટાસ્ક ફોર્સના અહેવાલની મુખ્ય બાબતો

- આ અહેવાલ એ વર્ષ 2020-2025 સાથે સંબંધિત છે.
- NIP અંતર્ગત નાણામંત્રીએ વર્ષ 2019-20ના બજેટમાં આગામી 5 વર્ષ માટે રૂ. 100 લાખ કરોડના રોકાણની જાહેરાત કરી હતી.
- કેન્દ્રીય મંત્રાલયો/રાજ્ય સરકારોએ પ્રદાન કરેલ વધારાના/સંશોધિત આંકડાઓ ધ્યાનમાં રાખી ટાસ્ક ફોર્સનો અહેવાલ વર્ષ 2020-25 માટે રૂ. 111 લાખ કરોડ ખર્ચ કરવાનું સૂચવે છે.
- NIP અંતર્ગત કેન્દ્ર 39%, રાજ્યો 40% અને ખાનગી ક્ષેત્રો 21% હિસ્સો ધરાવશે તેવી આશા છે.
- અહેવાલે કોર્પોરેટ બોન્ડ બજારોને વધારે સઘન બનાવીને NIPના ધિરાણની રીતો અને માધ્યમો પણ સૂચવ્યા છે. દા.ત. મ્યુનિસિપલ બોન્ડ, વિકાસલક્ષી ધિરાણ સંસ્થાની રચના.
- કુલ અપેક્ષિત મૂડી ખર્ચ રૂ. 111 લાખ કરોડનું વર્ગીકરણ અને તે કયાં તબક્કામાં છે તેની માહિતી નીચે મુજબ છે.

| પ્રોજેક્ટની રકમ | તબક્કો |
|---|---|
| 44 લાખ કરોડ | અમલીકરણ |
| 33 લાખ કરોડ | વિભાવના (Conceptual) તબક્કામાં |
| 22 લાખ કરોડ | વિકાસના તબક્કામાં |
| 11 લાખ કરોડ | માહિતી ઉપલબ્ધ નથી |

- ટાસ્ક ફોર્સના અહેવાલ મુજબ માળખાગત રોકાણ ધરાવતા પ્રોજેક્ટમાં ઊર્જા (24%), માર્ગ (18%), શહેરી (17%), રેલવે (12%) જેવા ક્ષેત્રો 71% હિસ્સો ધરાવે છે.
- ટાસ્ક ફોર્સે ત્રણ સમિતિઓની રચના કરવાની ભલામણ કરી છે.

1. NIP પ્રગતિ પર નજર રાખવા અને વિલંબો દૂર કરવા એક સમિતિ
2. અનુવર્તી અમલીકરણ માટે દરેક માળખા માટે મંત્રાલય સ્તરે સંચાલન સમિતિ
3. NIP માટે નાણાકીય સંસાધનો એકઠા કરવા આર્થિક બાબતોના વિભાગમાં સંચાલન સમિતિ

## Back to Basics :

## નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન (NIP) વિશે

- માળખાગત સુવિધાઓનો વિકાસ કરવા અને તેની પાછળ રોકાણ વધારવાના હેતુથી નાણા મંત્રીએ વર્ષ 2019-20ના બજેટમાં તેની જાહેરાત કરી હતી.
- તે સમયે 5 વર્ષ માટે માળખાગત સુવિધાના પ્રોજેક્ટ પાછળ 100 લાખ કરોડ ખર્ચ કરવાનો લક્ષ્ય હતો.
- NIP દેશભરમાં વૈશ્વિક કક્ષાનું માળખું પ્રદાન કરવા તથા તમામ નાગરિકો માટે જીવનની ગુણવત્તા સુધારવાની કવાયત છે.
- તેનો ઉદ્દેશ પ્રોજેક્ટની તૈયારીમાં સુધારો કરવાનો, માળખાગત ક્ષેત્રમાં રોકાણને આકર્ષવાનો અને ભારતને 2024 સુધીમાં 5 ટ્રિલિયન ડોલર ઈકોનોમી બનાવવાનો છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## COVID-19 અને અસંગઠિત ક્ષેત્ર

- તાજેતરમાં આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન (International Labour Organisation - ILO) દ્વારા જાહેર કરાયેલ અહેવાલ મુજબ, COVID-19ના કારણે વિશ્વની અડધી મજૂર વસતીને પોતાની આજીવિકા ગુમાવવાનો સંકટ છે.
- તેની મુખ્ય અસર એ અસંગઠિત ક્ષેત્રો પર થશે. કારણ કે કુલ મજૂર વસતી (લગભગ 3.3 બિલિયન)માંથી 2 બિલિયન મજૂરો અસંગઠિત ક્ષેત્ર સાથે જોડાયેલ છે.
- COVID-19ની શરૂઆતના પ્રથમ મહિનામાં આ મજૂરોની મજદૂરીમાં 60%નો ઘટાડો જોવા મળ્યો હતો અને વર્ષ 2020ના બીજા ત્રિમાસિકમાં લગભગ 1.6 બિલિયન મજૂરોની આજીવિકા ગુમાવવાની સ્થિતિ બની ગઈ છે.
- ILO મુજબ આંકડાઓ દર્શાવે છે કે વર્તમાનમાં વૈશ્વિક બેરોજગારી સંકટ અને તેના પ્રતિકૂળ પરિણામો ILO દ્વારા ત્રણ અઠવાડિયા પહેલા જાહેર કરાયેલ અનુમાન કરતા પણ ખરાબ રહેશે.
- વૈશ્વિક બેરોજગારીના પરીણામે અમેરિકી મહાદ્વીપ અને આફ્રિકાના દેશોમાં અસંગઠિત મજૂરોની આવકમાં 81%, એશિયા–પ્રશાંત ક્ષેત્રમાં 21.6%, યુરોપ અને મધ્ય એશિયામાં 70% ઘટાડો થઈ શકે છે.

### ભારતના સંદર્ભે મુખ્ય બાબતો

- વર્ષ 2018ના આંકડાઓ મુજબ ભારતમાં 81% મજૂરો અસંગઠિત ક્ષેત્ર સાથે જોડાયેલ છે.
- COVID-19ના લીધે શહેરમાં કામ કરતા પ્રવાસી મજૂરોને રોજગારી ન મળવાથી અને પરિવહન અને મંડી ચાલુ ન રહેતા ગ્રામીણ અર્થવ્યવસ્થા પર સૌથી વધુ અસર થઈ શકે છે.
- COVID-19 મહામારીનો પ્રભાવ પશ્ચિમના દેશોથી ઓછો છે, પરંતુ લોકડાઉનના લીધે મજૂરોની આવક પર પ્રભાવ પડયો છે.

## Mapping India's Energy Subsidy, 2020 રિપોર્ટ

- તાજેતરમાં CCEW અને IISD નામની સંસ્થા દ્વારા 'Mapping India's Energy Subsidy, 2020' રિપોર્ટ પ્રકાશિત કરવામાં આવ્યો છે.
- CCEWનું પૂરું નામ 'કાઉન્સિલ ઓન એનર્જી, એનવાયરમેન્ટ એન્ડ વોટર' છે.
- IISDનું પૂરું નામ 'ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ' છે.

### રિપોર્ટની મુખ્ય બાબતો

- રિપોર્ટમાં વર્ષ 2017ની સરખામણીએ 2019ની સ્થિતિ નીચે મુજબ દર્શાવવામાં આવી છે.

1. ઊર્જા સબસિડીમાં 35%નો ઘટાડો થયો છે.
2. ક્રૂડ ઓઈલ તથા ગેસ માટેની સબસિડીમાં 65%નો વધારો થયો છે.
3. વિજળીકૃત વાહનો તથા પુનઃપ્રાપ્ય ઊર્જા માટેની સબસિડીમાં વર્ષ 2014 કરતા 3.5 ગણો વધારો થયો છે.
4. ઈલેક્ટ્રોનિક કાર માટેની સબસિડીમાં 2017 કરતા 11 ગણો વધારો થયો છે.

# 3. આંતરરાષ્ટ્રીય ઘટનાઓ

## આસિયાન દેશોનું આભાસી સંમેલન

- COVID-19ના ફેલાવાને રોકવા માટે આસિયાન (ASEAN - Association of Southeast Asian Nations) દેશોએ પોતાનું આભાસી સંમેલન સંપન્ન કર્યું હતું.

### આભાસી સંમેલનની મુખ્ય બાબતો

- આભાસી સંમેલનની અધ્યક્ષતા એ વિયેતનામ દ્વારા કરવામાં આવી હતી.
- વિયેતનામે સંમેલનમાં દક્ષિણ પૂર્વ એશિયાઈ નેતાઓને COVID-19થી લડવા એક આપાતકાલીન ફંડને સ્થાપિત કરવાનો આગ્રહ કર્યો હતો.
- આ સંમેલનમાં બ્રુનેઈ, કંબોડિયા, ઈન્ડોનેશિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, ફિલીપીંસ, સિંગાપુર, થાઈલેન્ડ અને વિયેતનામે ભાગ લીધો હતો.
- આસિયાનના સહયોગી દેશો પણ છે. તેના સહયોગી દેશો ચીન, જાપાન અને દક્ષિણ કોરિયા એ પણ આ સંમેલનમાં ભાગ લીધો હતો.

### Back to Basics : ASEAN વિશે

- ASEAN એ દક્ષિણ–પૂર્વ એશિયાના દેશોનું એક ક્ષેત્રીય સંગઠન છે. જે એશિયા–પ્રશાંતના વસાહતી રાષ્ટ્રોમાં વધતા તણાવ વચ્ચે રાજનૈતિક અને સામાજિક સ્થિરતાને પ્રોત્સાહન આપવા સ્થાપિત કરવામાં આવ્યું હતું.
- વર્ષ 1967માં આસિયાન ઘોષણાપત્ર (બેંકોંગ ઘોષણા) પર સંસ્થાપક રાષ્ટ્રો દ્વારા હસ્તાક્ષર કર્યા બાદ આસિયાનની સ્થાપના કરવામાં આવી હતી.
- ઈન્ડોનેશિયા, મલેશિયા, ફિલીપીંસ, સિંગાપુર અને થાઈલેન્ડ તેના સંસ્થાપક રાષ્ટ્રો છે.
- આસિયાનનું મુખ્યાલય જકાર્તા (ઈન્ડોનેશિયા) ખાતે આવેલું છે.
- હાલમાં આસિયાનના સભ્યો નીચે મુજબના છે.

**આસિયાન સભ્ય દેશો (10)**

| | |
|---|---|
| 1. ઈન્ડોનેશિયા | 2. મલેશિયા |
| 3. ફિલીપીંસ | 4. સિંગાપુર |
| 5. થાઈલેન્ડ | 6. બ્રુનેઈ |
| 7. વિયેતનામ | 8. લાઓસ |
| 9. મ્યાનમાર | 10. કંબોડિયા |

- આસિયાનનું આદર્શ વાક્ય 'વન વિઝન, વન આઈડેંટિટી, વન કોમ્યુનિટી' છે.
- આસિયાનસમુદાયમાંરાજનૈતિકસુરક્ષાસમુદાય, આર્થિક સમુદાય અને સામાજિક–સાંસ્કૃતિક સમુદાય મુખ્ય છે.

### In depth : આસિયાન અને ભારત

- આસિયાન સાથે ભારતનો સંબંધ તેની વિદેશ નીતિ અને 'એક્ટ ઈસ્ટ નીતિ'નો મુખ્ય આધાર છે.
- ભારત પાસે જકાર્તામાં આસિયાન અને પૂર્વી એશિયા શિખર સંમેલન માટે અલગ–અલગ મિશન છે.
- ભારત અને આસિયાનમાં પહેલેથી જ 25 વર્ષની ડાયલોગ પાર્ટનરશીપ, 15 વર્ષનું સમિટ લેવલ ઈન્ટરેક્શન અને 5 વર્ષની સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ છે.
- આસિયાન ભારતનું વ્યાપારિક ભાગીદાર છે.
- આસિયાન દેશો સાથે ભારતનો લગભગ 10.6% વેપાર છે.

INSTITUTE FOR COMPETITIVE

- ભારતની કુલ નિકાસમાં 11.28% (લગભગ) ફાળો આસિયાનનો છે.
- આ ઉપરાંત નીચે મુજબની પહેલો પણ ભારત–આસિયાનનો સંબંધ દર્શાવે છે.

| પહેલ | માહિતી |
|---|---|
| દિલ્લી ઘોષણા | આસિયાન–ભારત વ્યુહાત્મક ભાગીદારી અંતર્ગત સહયોગના પ્રમુખ ક્ષેત્રના રૂપમાં સમુદ્રી ક્ષેત્રમાં સહયોગ કરવો. |
| દિલ્હી સંવાદ | આસિયાન અને ભારત વચ્ચે રાજનૈતિક સુરક્ષા અને આર્થિક મુદ્દો પર ચર્ચા કરવા વાર્ષિક ટ્રૈક 1.5 કાર્યક્રમ |
| આસિયાન-ભારત કેન્દ્ર | ભારત અને આસિયાન સંગઠનો અને થિંક–ટૈંકો સાથે સંશોધન રક્ષા તથા નેટવર્કિંગ ગતિવિધિ ચાલુ કરવા. |

- આ ઉપરાંત આસિયાન દેશોને અન્ય 6 દેશો સાથે ફ્રીટ્રેડ એગ્રીમેન્ટ સંબંધે 'પ્રાદેશિક વ્યાપક આર્થિક સહયોગ' (Regional Comprehensive Economic Partnership - RCEP) છે. જો કે તેના પર હસ્તાક્ષર કરવાનો વર્ષ 2019માં ઈનકાર કર્યો હતો.

## વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના ભંડોળ પર રોક

- કોરોના વાયરસ મહામારીથી લડવા પર વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO)ની ભૂમિકા પર ઉઠતા પ્રશ્નોને કારણે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપ દ્વારા WHOને આપવામાં આવતી નાણાકીય સહાય અર્થાત્ ભંડોળ પર રોક લગાવવાની ઘોષણા કરી છે.
- 500 મિલિયન ડોલર સાથે અમેરિકા એ WHOમાં ભંડોળ આપનારો સૌથી મોટો દેશ હતો. પરંતુ હાલમાં અમેરિકા જ COVID-19થી સૌથી વધુ પ્રભાવિત છે. અમેરિકામાં COVID-19ના 6 લાખથી વધુ કેસ અને 28000થી વધુ લોકોના મૃત્યુ થયા છે.

### શા માટે ભંડોળ આપવા પર રોક લગાવવામાં આવી ?

- અમેરિકા અનુસાર WHO પોતાના કાર્યો કરવામાં નિષ્ફળ રહ્યું છે અને WHO એ વાયરસ વિશે ચીનના નકારાત્મક પ્રચારને પ્રોત્સાહન આપ્યું જેનાથી વાયરસને લીધે આવી ગંભીર સ્થિતિ ઉદ્દભવી છે.
- અમેરિકાના મત મુજબ WHO સાચા સમયે માહિતી એકત્રિત કરવામાં પણ નિષ્ફળ રહ્યું હતું.

### Back to Basics : વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન વિશે

- સંયુક્ત રાષ્ટ્રની આરોગ્ય માટેની વિશેષ એજન્સી WHOની સ્થાપના 1948માં થઈ હતી.
- WHOનું મુખ્ય મથક સ્વિટ્ઝર્લેન્ડના જીનીવા ખાતે સ્થિત છે.
- હાલમાં WHOના 194 સભ્ય દેશો છે.
- WHO આંતર–સરકારી સંસ્થા છે અને સામાન્ય રીતે તેના સભ્ય રાજ્યોના આરોગ્ય મંત્રાલયોના સહયોગથી કાર્ય કરે છે.
- WHOની કામગીરી 7 એપ્રિલ, 1948થી શરૂ થઈ હતી આથી તે દિવસને દર વર્ષે 'વિશ્વ આરોગ્ય દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- વર્ષ 2020ના વિશ્વ આરોગ્ય દિવસની થીમ : 'નર્સો અને મિડવાઈફને સપોર્ટ કરો'


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનને ભંડોળ

- WHOને મુખ્યત્વે સભ્ય દેશો, પરોપકારી સંસ્થાઓ અને સંયુક્ત રાષ્ટ્રના વિવિધ સંગઠનો દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે.
- WHOના આંકડા મુજબ તેને 35.41% ભંડોળ સભ્ય દેશોના સ્વૈચ્છિક યોગદાન દ્વારા, 9.33% ભંડોળ પરોપકારી સંસ્થાઓના યોગદાનથી અને 8.1% ભંડોળ સંયુક્ત રાષ્ટ્રના સંગઠનોથી મળે છે. બાકીનું ભંડોળ તે અન્ય વિવિધ સ્ત્રોતોમાંથી મેળવે છે.
- સભ્ય દેશો દ્વારા આપવામાં આવતા ભંડોળમાં ભારતનું યોગદાન લગભગ 1% છે.

## ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી

- ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA) દ્વારા વૈશ્વિક સ્તરે કાચા તેલની માંગ પર COVID-19 અને લોકડાઉનના કારણે થયેલી અસરો સંદર્ભે અવલોકન કરવામાં આવ્યું છે.

### IEA દ્વારા કરવામાં આવેલ અવલોકનો

1. સાઉદી અરેબિયા અને રશિયા વચ્ચે કાચા તેલના ભાવમાં થતા યુદ્ધ અને ત્યારબાદ વાયરસ દ્વારા થયેલા આર્થિક વિનાશને કારણે વર્ષના પ્રારંભથી જ કાચું તેલ (ક્રુડ ઓઈલ)ના ભાવમાં આશરે 60%નો ઘટાડો થયો છે.
2. COVID-19ના લીધે અને વૈશ્વિક સ્તરે લોકડાઉનને પરીણામે હવે કાચા તેલની માંગમાં સૌથી વધારે ઘટાડો થશે.
3. એક દિવસમાં 4.3 મિલિયન બેરલની માંગમાં થતો ઘટાડો અંદાજિત રીતે એક દાયકામાં થતા ઘટાડાની સમાન છે.

### Back to Basics :
### ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી વિશે

- ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી એક સ્વાયત્ત સંગઠન છે જે પોતાના 30 સદસ્ય દેશો અને 8 સહયોગી દેશો દ્વારા વિશ્વસનીય, સસ્તી અને સ્વચ્છ ઊર્જા સુનિશ્ચિત કરવા માટે કામ કરે છે.
- IEAની સ્થાપના 1973ના તેલ સંકટ પછી 1974માં કરવામાં આવી હતી.
- IEAનો સભ્ય દેશ ફરજિયાતપણે OECD - Organisation for Economic Co-operation and Developmentનો સભ્ય હોવો જરૂરી છે.
- વર્ષ 2017માં ભારત IEAનું એક સહયોગી સભ્ય બન્યું હતું.
- IEAનું મુખ્યાલય ફ્રાંસના પેરિસ ખાતે સ્થિત છે.
- IEA નીચેના 4 ક્ષેત્રોમાં મુખ્યત્વે કાર્ય કરે છે.

1. ઊર્જા સુરક્ષા
2. આર્થિક વિકાસ
3. પર્યાવરણ જાગૃકતા
4. દુનિયા સાથે જોડાણ અને કાર્ય

- વિવિધ વિષયો પર સમયાંતરે IEA દ્વારા નીચે મુજબના અહેવાલો (રિપોર્ટ) પ્રકાશિત કરવામાં આવે છે.

■ **IEA દ્વારા પ્રકાશિત થતા અહેવાલો**

1. ગ્લોબલ એનર્જી એન્ડ $CO_2$ સ્ટેટસ રિપોર્ટ
2. વર્લ્ડ એનર્જી આઉટલુક
3. વર્લ્ડ એનર્જી સ્ટેટેસ્ટિકસ
4. વર્લ્ડ એનર્જી બેલેન્સ
5. એનર્જી ટેકનોલોજી પર્સપેક્ટિવ

## ઈન્ટરનેશનલ મોનેટરી એન્ડ ફાયનાન્સ કમિટી

- કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમને તાજેતરમાં વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ઈન્ટરનેશનલ મોનેટરી એન્ડ ફાયનાન્સ કમિટી (IMFC)ની બેઠકમાં ભાગ લીધો હતો.
- બેઠક આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) ના મેનેજિંગ ડિરેક્ટરના વૈશ્વિક નીતિગત એજન્ડા પર આધારિત હતી. જેનું શીર્ષક 'અસાધારણ પરિસ્થિતિઓ - અસાધારણ પગલાં' હતું.
- IMFCના સભ્ય દેશોએ COVID-19નો મુકાબલો કરવા સભ્ય દેશોએ ઉઠાવેલા વિવિધ પગલાઓ અને ઉપાયો પર સમિતિને અપડેટ કરી હતી.
- આ ઉપરાંત સભ્ય દેશોએ વૈશ્વિક તરલતા અને નાણાકીય પોષણ સાથે સંબંધિત જરૂરીયાતો પૂર્ણ કરવા IMF દ્વારા પ્રસ્તુત થયેલા સંકટ સમાધાન પેકેજ પર પોતપોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

### Back to Basics : IMFC વિશે

- IMFC એ ઈન્ટરનેશનલ મોનેટરી અને ફાયનાન્સિયલ સિસ્ટમ વિશે IMFના બોર્ડ ઓફ ગવર્નરને સલાહ આપે છે. જો એવી કોઈ ઘટનાઓ હોય જેનાથી સિસ્ટમમાં વિક્ષેપ થાય તો તે અંગે પણ જાણ કરે છે.
- IMFC અંતર્ગત 24 સભ્યો હોય છે. અને તેના સભ્યો બધા જ દેશોનું IMF અંતર્ગત પ્રતિનિધિત્વ કરે છે.
- IMFC વર્ષમાં 2 વખત મળે છે.

## એશિયાની આર્થિક વૃદ્ધિમાં ઘટાડો

- આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF)ના અંદાજ મુજબ હાલના વર્ષમાં COVID-19 મહામારીના કારણે એશિયાની આર્થિક વૃદ્ધિ શૂન્ય રહી શકે છે.
- જો આવું થાય તો એ છેલ્લા 60 વર્ષમાં એશિયાનું સૌથી ખરાબ પ્રદર્શન ગણાશે.
- આ ઉપરાંત IMF અનુસાર વૈશ્વિક અર્થવ્યવસ્થામાં આ વર્ષે 3%નો ઘટાડો થઈ શકે છે.

## ન્યૂ ડેવલપમેન્ટ બેંક

- કેન્દ્રીય નાણામંત્રી દ્વારા વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ન્યૂ ડેવલપમેન્ટ બેંકની બોર્ડ ઓફ ગવર્નરની 5મી વાર્ષિક બેઠકમાં ભાગ લેવામાં આવ્યો હતો.
- COVID-19 પર ચર્ચા કરતા નાણા મંત્રી દ્વારા બ્રિક્સ દેશોને લગભગ 5 બિલિયન ડોલરની નાણાકીય સહાયતા ઝડપથી ઉપલબ્ધ કરાવવા માટે બેંકના પ્રયાસોની પ્રશંસા કરી હતી.
- ન્યૂ ડેવલપમેન્ટ બેંક દ્વારા ભારતને પણ 1 અરબ ડોલરની સહાય આપવામાં આવી છે.

### Back to Basics : ન્યૂ ડેવલપમેન્ટ બેંક વિશે

- ન્યૂ ડેવલપમેન્ટ બેંક (NDB)ને BRICS સભ્ય દેશો (બ્રાઝિલ, રશિયા, ઈન્ડિયા, ચીન અને દક્ષિણ આફ્રિકા) દ્વારા 2014માં સ્થાપિત કરવામાં આવી હતી.
- 2014માં બ્રિક્સની છઠ્ઠી બેઠક એ 'ફોર્ટાલેઝા' (Fortaleza) ખાતે આયોજિત કરવામાં આવી હતી.

- NDBનું વડું મથક શાંઘાઈ (ચીન) ખાતે છે.
- NDB અંતર્ગત બ્રિક્સના બધા જ સભ્યોનો હિસ્સો સરખા પ્રમાણમાં છે.
- NDBની શરૂઆતની મૂડી 50 બિલિયન ડોલર રાખવામાં આવી હતી.
- હાલમાં NDBના પ્રેસિડેન્ટ કે.વી. કામથ છે.
- NDBના બોર્ડ ઓફ ગવર્નરની પ્રથમ બેઠક 2016માં ચીનના શાંઘાઈ ખાતે અને બીજી બેઠક 2017માં નવી દિલ્હી (ભારત) ખાતે યોજવામાં આવી હતી.
- NDBનો ઉદ્દેશ બ્રિક્સ અને અન્ય ઉભરી રહેલ બજાર અર્થવ્યવસ્થાઓ અને વિકાસશીલ દેશોના પાયાગત માળખામાં અને સતત વિકાસ પરિયોજનાઓ માટે વ્યાપક સંસાધન એકત્રિત કરવાનો છે. જેથી વૈશ્વિક પ્રગતિ અને વિકાસ માટે બહુપક્ષીય તથા ક્ષેત્રીય નાણાકીય સંસ્થાઓ દ્વારા થતા પ્રયાસોમાં ઝડપ લાવી શકાય.

## ખાદ્ય અસુરક્ષા અને G20 મંત્રીઓની બેઠક

- તાજેતરમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રીએ COVID-19 મહામારીનો સામનો કરવા માટે G20 દેશોના કૃષિ મંત્રીઓની બેઠકમાં ભાગ લીધો હતો.
- આ બેઠકમાં ખાદ્ય સુરક્ષા, સલામતી અને પોષણ પર COVID-19ના પ્રભાવ સંબંધે ચર્ચા કરવામાં આવી હતી.

### કૃષિ મંત્રીઓની બેઠકની મુખ્ય બાબતો

- આ બેઠક એ સાઉદી અરેબિયાની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી.
- ભારત દ્વારા બેઠક અંતર્ગત સામાજિક સુધાર, સ્વાસ્થ્ય અને સ્વચ્છતાના પ્રોટોકોલનું પાલન કરતા લોકડાઉનના સમયે બધા કૃષિ કાર્યોને છૂટ આપવાની અને જરૂરી કૃષિ ઉપજ અને ખાદ્ય પુરવઠાની ઉપલબ્ધતા બાબતે લેવાયેલા નિર્ણયો વિશે માહિતી આપવામાં આવી હતી.

### COVID-19ની ખાદ્ય સુરક્ષા પર અસર

- કોરોના વાયરસે પોતાનો પ્રભાવ સમગ્ર વિશ્વ પર પાડયો છે. જેનાથી 25 લાખ લોકો સંક્રમિત થયા છે અને લગભગ 1.5 લાખથી વધારે લોકોના મૃત્યુ થયા છે.
- વૈશ્વિક ધોરણે લોકડાઉનની સ્થિતિના કારણે ઉત્પાદન ચક્ર, લોજિસ્ટીકમાં અવરોધ થવાને લીધે ખાદ્ય સુરક્ષા પર અસર પડી છે.

### Back to Basics : G20 વિશે

- વર્ષ 1997ના નાણાકીય સંકટના કારણે નિર્ણય લેવામાં આવ્યો કે દુનિયાની મુખ્ય અર્થવ્યવસ્થાઓએ એક મંચ પર એકત્રિત થવું જોઈએ.
- વર્ષ 1999માં G20ની સ્થાપના 7 દેશો – અમેરિકા, કેનેડા, બ્રિટેન, જર્મની, જાપાન, ફ્રાંસ અને ઈટલીના વિદેશ મંત્રીઓના નેતૃત્ત્વમાં કરવામાં આવી હતી.
- G20નો કોઈ સ્થાયી સ્ટાફ નથી કે તેનું કોઈ મુખ્યમથક પણ નથી. તે માત્ર એક મંચ છે.
- આ સમૂહમાં ભારત સહિત 19 દેશો અને યુરોપિયન સંઘનો સમાવેશ થાય છે.

### G20ના સભ્ય દેશો

- ભારત, આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચીન, ફ્રાન્સ, જર્મની, ઈન્ડોનેશિયા,

ઈટલી, જાપાન, મેક્સિકો, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, તૂર્કી, બ્રિટન, અમેરિકા અને યુરોપિયન સંઘ

## COVID-19ના કારણે રેમિટેંસમાં ઘટાડો

➤ તાજેતરમાં વિશ્વ બેંકના 'માઈગ્રેશન એન્ડ ડેવલપમેન્ટ બ્રીફ'ની વિશિષ્ટ આવૃત્તિ અનુસાર, COVID-19ની મહામારીને કારણે વર્ષ 2020માં વૈશ્વિક સ્તરે પ્રવાસીઓ દ્વારા મોકલવામાં આવતા નાણા (રેમિટેંસ)માં ઘટાડો જોવા મળે તેવું અનુમાન છે.

➤ વર્ષ 2020માં ભારતીય પ્રવાસી દ્વારા મોકલવામાં આવતા નાણા 64 બિલિયન ડોલર પહોંચી શકે છે. જેમાં 23%નો ઘટાડો અંદાજવામાં આવ્યો છે. વર્ષ 2019માં તે સંખ્યા 83 બિલિયન ડોલર હતી.

➤ રિપોર્ટ અનુસાર વિશ્વના અન્ય પ્રમુખ ક્ષેત્રો જેવા કે યુરોપ અને મધ્ય એશિયામાં 27.5, ઉપ–સહારા આફ્રિકામાં 23.1%, દક્ષિણ એશિયામાં 22.1%, પાકિસ્તાનમાં 23%, બાંગ્લાદેશમાં 22% જેટલો ઘટાડો થઈ શકે છે.

### Back to Basics : રેમિટેંસ અને 'માઈગ્રેશન એન્ડ ડેવલપમેન્ટ બ્રીફ' વિશે

■ **રેમિટેંસ એટલે શું ?**

➤ રેમિટેંસ એ પ્રવાસી કામદારો દ્વારા નાણા અથવા વસ્તુના રૂપમાં પોતાના મૂળ સમુદાય/પરિવારને મોકલવામાં આવતી આવક છે.

➤ વૈશ્વિકીકરણને કારણે તેનું પ્રમાણ વધ્યું છે.

➤ વર્ષ 2019માં વિશ્વ બેંકના અહેવાલ અનુસાર રેમિટેંસ પ્રાપ્ત કરનાર પ્રથમ દેશ ભારત હતો.

■ **માઈગ્રેશન એન્ડ ડેવલપમેન્ટ બ્રીફ વિશે**

➤ પ્રવાસી કામદારોના સંદર્ભે વિશ્વ બેંક દ્વારા તૈયાર કરવામાં આવતો એક અહેવાલ (રિપોર્ટ) છે.

➤ તેને વિશ્વ બેંકની મુખ્ય સંશોધન શાખા 'ડેવલપમેન્ટ ઈકોનોમિક્સ'ની 'માઈગ્રેશન એન્ડ રેમિટેંસ' યુનિટ દ્વારા તૈયાર કરવામાં આવે છે.

## ભારત અને હિંદ મહાસાગર આયોગ

➤ 6 માર્ચ, 2020ના રોજ યોજવામાં આવેલી હિંદ મહાસાગર આયોગ (Indian Ocean Commission)ની 34મી બેઠકમાં ભારતને નિરીક્ષક સભ્ય તરીકેનું સ્થાન મળ્યું હતું.

➤ હિંદ મહાસાગર આયોગના સભ્યો 'પશ્ચિમ હિંદ મહાસાગર' ક્ષેત્રમાં સ્થિત છે. તે વ્યુહરચનાત્મક ક્ષેત્ર છે. જે આફ્રિકાના દક્ષિણ–પૂર્વ તટને ફક્ત હિંદ મહાસાગર સાથે નહીં પરંતુ અન્ય મહત્ત્વપૂર્ણ મહાસાગરો સાથે પણ જોડે છે.

➤ ભારત એ પશ્ચિમી હિંદ મહાસાગરના સમુદ્રી દેશોને સમુદ્ર ક્ષમતા નિર્માણમાં મદદરૂપ બની શકે છે. આ ઉપરાંત પશ્ચિમી હિંદ મહાસાગર ક્ષેત્રના દેશોના 'વિશિષ્ટ આર્થિક ક્ષેત્રો' (Exclusive Economic Zone)માં પેટ્રોલિંગની ક્ષમતાનો વિકાસ કરવામાં સહાય કરી શકે છે.

### Back to Basics : હિંદ મહાસાગર આયોગ વિશે

➤ તે એક આંતર–સરકારી સંગઠન છે જે 'દક્ષિણ–પશ્ચિમ હિંદ મહાસાગર' ક્ષેત્રમાં વધુ સારા સમુદ્રી શાસનની દિશામાં કાર્ય કરે છે.

- તેના અંતર્ગત 5 સભ્ય દેશો છે : કોમોરોસ, મડાગાસ્કર, મોરીશસ, રિયુનિયન (ફ્રાન્સના નિયંત્રણ હેઠળ) અને સેશલ્સ
- તેનું વડુંમથક એબેન (મોરીશસ) ખાતે સ્થિત છે.
- આયોગની સ્થાપના 1982માં કરવામાં આવી હતી.
- ભારત સિવાય આયોગ અંતર્ગત અન્ય 4 નિરીક્ષકો છે : ચીન, યુરોપિયન યુનિયન, માલ્ટા અને ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ઓફ લા ફ્રાંસોફોની.
- IOC દ્વારા વિવિધ પહેલો પણ કરવામાં આવી છે. આવી મુખ્ય પહેલો નીચે મુજબ છે :

1. MASE કાર્યક્રમ

- તેનો ઉદ્દેશ દક્ષિણ–પૂર્વ આફ્રિકા અને હિંદ મહાસાગરમાં સમુદ્રી સુરક્ષાને મહત્ત્વ આપવાનો છે. તેને યુરોપિયન યુનિયન દ્વારા નાણાકીય સહાયતા આપવામાં આવે છે.

2. રિજિનલ મેરીટાઈમ ઈન્ફોર્મેશન ફ્યુઝન સેન્ટર

- તે સમુદ્રી પ્રવૃત્તિઓનું નિરીક્ષણ અને માહિતીના આદાન–પ્રદાન દ્વારા સમુદ્રી ડોમેઈન પ્રતિ જાગૃકતા વધારવા માટે શરૂ કરાયું છે.

## UNCTD દ્વારા 1 ટ્રિલિયન ડોલરનું દેવું માફ

- યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (UNCTD) દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે, વિકાસશીલ દેશોના 1 ટ્રિલિયન ડોલરના દેવાને માફ કરવામાં આવશે.
- UNCTD મુજબ 64 ઓછી આવક ધરાવતા દેશો પોતાની આરોગ્ય પ્રણાલી કરતા દેવા (ઉધાર) પર વધુ ખર્ચ કરે છે.
- હાલમાં કાચા તેલના ઉત્પાદનમાં ઘટાડો, નિકાસ પર પ્રતિકૂળ અસર તથા COVID-19ના લીધે તેઓ સમસ્યાનો સામનો કરી રહ્યા છે.
- આ ઉપરાંત UNCTDના આંકડાઓ મુજબ મધ્ય અને ઓછી આવક ધરાવતા દેશો પર 700 બિલિયન ડોલર અને 1.1 ટ્રિલિયન ડોલરનું દેવું છે.

### UNCTD વિશે

- UNCTD એ સંયુક્ત રાષ્ટ્રની એક સંસ્થા છે. તેની સ્થાપના 1964માં કરવામાં આવી હતી.
- આ સંસ્થા વેપાર, રોકાણ અને વિકાસ સંબંધિત ઉદ્દેશો સાથે કામ કરે છે. તે વિકાસશીલ દેશોના વિકાસ માટે અનુકૂળ તેમના એકીકરણને વૈશ્વિક અર્થવ્યવસ્થામાં પ્રોત્સાહન આપે છે.
- તેનું વડું મથક જીનિવા, સ્વિટ્ઝર્લેન્ડ ખાતે છે.
- **UNCTD દ્વારા પ્રકાશિત કરવામાં આવતા અહેવાલો (રિપોર્ટ)**

1. વ્યાપાર અને વિકાસ રિપોર્ટ
2. વિશ્વ રોકાણ રિપોર્ટ
3. ન્યૂનતમ વિકસિત દેશ રિપોર્ટ
4. સૂચના અને અર્થવ્યવસ્થા રિપોર્ટ
5. ટેકનોલોજી અને નવીનતા રિપોર્ટ
6. વસ્તુ તથા વિકાસ રિપોર્ટ

## H-1B વિઝા નિયમો કડક કરવાની માંગ

- H-1B વિઝા એ પ્રવાસી કામદારો સાથે જોડાયેલ છે.
- હાલમાં COVID-19 મહામારીને કારણે અમેરિકામાં વધતી બેરોજગારીના કારણે સ્થાનિક લોકોને રોજગાર પૂરો પાડવા આ નિયમો વધુ કડક બનાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

- જો કે અમેરિકાના રાષ્ટ્રપતિ દ્વારા આવનારા 90 દિવસો માટે નવા 'ગ્રીન કાર્ડ' જાહેર કરવા પર રોક લગાવી દીધી છે. ગ્રીન કાર્ડ એ અમેરિકામાં પ્રવાસી લોકોને કાયમી નિવાસ માટે આપવામાં આવે છે.

## H-1B વિઝા વિશે

- H-1B વિઝા અમેરિકાની સરકાર દ્વારા આપવામાં આવતા વિઝાનો પ્રકાર છે. તેના અંતર્ગત અન્ય દેશોના ઉચ્ચ કૌશલ્ય ધરાવતા કામદારોને નિશ્ચિત સમય માટે અસ્થાયી રૂપથી અમેરિકામાં રહીને કામ કરવાની મંજૂરી આપવામાં આવે છે.
- હાલમાં અમેરિકાની સરકાર દ્વારા પ્રત્યેક વર્ષમાં મહત્તમ 65000 H-1B વિઝા જાહેર કરવાની મંજૂરી આપવામાં આવી છે.
- એક અંદાજ મુજબ અમેરિકામાં હાલમાં 30 લાખ લોકો H-1B વિઝાના આધારે કામ કરે છે. અને તેમાંથી 24% લોકો દર વર્ષે ગ્રીન કાર્ડ માટે અરજી કરે છે.

# વ્યાપક પરમાણુ પરીક્ષણ પ્રતિબંધ સંધિ Comprehensive Nuclear Test Ban Treaty (CTBT)

- તાજેતરમાં USA દ્વારા ચીન અને રશિયા વિરુદ્ધ ઓછી ઉપજવાળા (Low Yeild) પરમાણુ પરીક્ષણ કરવાનો આક્ષેપ મૂકવામાં આવ્યો હતો જે CTBTનું ઉલ્લંઘન છે.

## Back to Basics : વ્યાપક પરમાણુ પરીક્ષણ પ્રતિબંધ સંધિ (CTBT) વિશે

- CTBTની વાટાઘાટો 'નિઃશસ્ત્રીકરણની પરિષદ' જે જિનીવા ખાતે મળી હતી ત્યારે કરવામાં આવી હતી.
- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા CTBTને 1996માં અપનાવવામાં આવી હતી.
- CTBT એ ક્યાંય પણ અને કોઈ પણ દ્વારા કરવામાં આવતા બધા જ પરમાણુ પરીક્ષણોને પ્રતિબંધિત કરે છે.
- આ સંધિ 1996થી હસ્તાક્ષર માટે રાખવામાં આવેલ છે. ત્યારથી 182 દેશોએ તેના પર હસ્તાક્ષર કર્યા છે.
- પરંતુ સંધિ એ એનેક્સ 2 અંતર્ગતના 44 દેશો અપનાવશે પછી અમલમાં આવશે.
- એનેક્સ 2 અંતર્ગત એવા દેશો છે જેમની પાસે સંધિના સમયે પરમાણુ સુવિધાઓ હતી.
- ઓગસ્ટ 2011 સુધીમાં આ 44 દેશોમાંથી 36 દેશો દ્વારા સંધિ અપનાવવામાં આવેલ છે જ્યારે 8 દેશોએ મંજૂરી આપી નથી. તેમાં નીચેના દેશોનો સમાવેશ થાય છે.

1. ચીન
2. નોર્થ કોરિયા
3. ઈજિપ્ત
4. ભારત
5. ઈરાન
6. ઈઝરાયલ
7. પાકિસ્તાન
8. USA

- ઉપરોક્ત 8 દેશોમાંથી ચીન, ઈજિપ્ત, ઈરાન, ઈઝરાયેલ અને USA દ્વારા સંધિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યો છે પરંતુ મંજૂરી આપવામાં આવી નથી.
- ભારત, નોર્થ કોરિયા અને પાકિસ્તાન દ્વારા સંધિ પર હસ્તાક્ષર પણ કરવામાં આવ્યા નથી.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## વ્યાપક પરમાણુ પરીક્ષણ પ્રતિબંધ સંધિ સંસ્થા Comprehensive Nuclear Test Ban Treaty Organisation (CTBTO)

- આ સંસ્થા એ CTBT સંધિને પ્રોત્સાહન આપવા માટે છે અને સંધિના અમલ સંબંધિત નીરિક્ષણ પણ કરે છે.
- આ સંસ્થા 1996માં સ્થાપવામાં આવી હતી. તેનું વડુંમથક વિયેના ખાતે છે.

## અલગાવવાદીઓ દ્વારા દક્ષિણ યમનમાં સ્વશાસનની ઘોષણા

- તાજેતરમાં યમનમાં 'Southern Transitional Council - STC' અલગાવવાદી સમૂહ દ્વારા ઘોષણા કરવામાં આવી છે કે તેમના નિયંત્રણવાળા ક્ષેત્રોમાં તેઓ સ્વ–શાસન સ્થાપિત કરશે.
- STC એ સાઉદી અરેબિયાના નેતૃત્ત્વ ધરાવતા ગઠબંધનના પ્રમુખ સમૂહોમાંથી એક છે જે હૂતી (Houthi) વિદ્રોહીઓ વિરુદ્ધ લડે છે.

### યમન સંકટ

- અરબ ક્ષેત્રમાં લોકતાંત્રિક આંદોલન જેને ‘અરબ સ્પ્રિંગ’ તરીકે ઓળખવામાં આવે છે. તેના પછી યમનના શાસકે સત્તા હાદી (Hadi's) વિરુદ્ધ શિયા મુસલમાનો (હૂતી)ને સત્તા સ્થળાંતરિત કરી હતી.
- હૂતીને ઈરાનનું સમર્થન છે જ્યારે સાઉદી અરેબિયા હૂતીના વિરુદ્ધ છે.
- વર્ષ 2014માં હાદી સરકારને સત્તાથી દૂર કર્યા બાદ યમનમાં હિંસા શરૂ થઈ જેમાં સાઉદી અરેબિયાના નેતૃત્ત્વવાળા ગઠબંધને હસ્તક્ષેપ કર્યો હતો.
- આ વિદ્રોહને સાઉદી અરેબિયા અને ઈરાન વચ્ચેના યુદ્ધના રૂપમાં પણ જોવામાં આવે છે.

## BRICS વિદેશ મંત્રીઓની બેઠક

- તાજેતરમાં ભારતના વિદેશ મંત્રી દ્વારા BRICS (બ્રાઝિલ, રશિયા, ઈન્ડિયા, ચીન, સાઉથ આફ્રિકા) વિદેશ મંત્રીઓની બેઠકમાં વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ભાગ લીધો હતો.
- આ બેઠકની અધ્યક્ષતા રશિયા દ્વારા કરવામાં આવી હતી.

### બેઠક અંતર્ગત મુદ્દાઓની ચર્ચા

- આ બેઠકમાં વિદેશી મંત્રીઓ દ્વારા ચેપી, ઝડપથી ફેલાતી જોખમી બીમારી COVID-19 સામે લડવાના ઉપાયોની ચર્ચા કરવામાં આવી હતી.
- મહામારીના નાણાકીય, વ્યાપાર, આર્થિક, સામાજિક પરીણામો વિશે પણ અભિપ્રાયોની આપ–લે કરવામાં આવી હતી.
- BRICS દેશો 15 બિલિયન ડોલરના 'Special Loan Instrument' ભંડોળની વ્યવસ્થા COVID-19 મહામારીથી અર્થતંત્રને ફરી જીવિત કરવા ન્યૂ ડેવલપમેન્ટ બેંકને ફાળવવા સંમત થયા છે.

### Back to Basics : BRICS વિશે

- BRICS એ પાંચ ઉભરતી અર્થવ્યવસ્થાઓ (બ્રાઝિલ, રશિયા, ઈન્ડિયા, ચીન અને સાઉથ આફ્રિકા)નો સમૂહ છે.

- BRICSની ચર્ચા વર્ષ 2001માં Goldman Sachsના અર્થશાસ્ત્રી જિમ ઓ'નીલ દ્વારા બ્રાઝિલ, રશિયા, ભારત અને ચીનની અર્થવ્યવસ્થાના વિકાસની સંભાવના પરના એક રિપોર્ટમાં કરવામાં આવી હતી.
- વર્ષ 2006માં ચાર દેશોએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની બેઠકના અંતમાં વિદેશ મંત્રીઓની બેઠક સાથે અનૌપચારિક સંવાદ શરૂ કર્યો હતો.
- સંવાદની સફળતા બાદ સરકાર અને દેશના વડાઓના સ્તર પર સંમેલન આયોજન કરવાનું નક્કી થયું.
- વર્ષ 2009માં BRICનું પ્રથમ સંમેલન યેકતેરિનબર્ગ (રશિયા) ખાતે યોજાયું.
- વર્ષ 2010માં દક્ષિણ આફ્રિકા સમૂહમાં જોડાયું અને નામ BRICS થયું.
- વર્ષ 2014માં બ્રિક્સની છઠ્ઠી બેઠકમાં સમૂહ દેશો દ્વારા 'ન્યૂ ડેવલપમેન્ટ બેંક'ની સ્થાપના કરવામાં આવી હતી.

## અમેરિકી આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા આયોગનો અહેવાલ

- અમેરિકી આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા આયોગ (United States Commission on International Religious Freedom - USCIRF) એ વર્ષ 2020ના પોતાના વાર્ષિક અહેવાલમાં ભારતને 'Countries of Particular Concern - CPC' શ્રેણી અંતર્ગત વર્ગીકૃત કરેલ છે.
- USCIRF દ્વારા જાહેર કરાયેલ અહેવાલમાં નાગરિકતા (સુધારણા) અધિનિયમ, નેશનલ રજિસ્ટર ઓફ સિટીઝન (NRC) અને જમ્મુ કશ્મીરની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવી હતી.
- ધાર્મિક સ્વતંત્રતાની બાબતમાં ભારતને ચીન, ઉત્તર કોરિયા, પાકિસ્તાન અને સાઉદી અરેબિયા જેવા દેશોની શ્રેણીમાં વર્ગીકૃત કરાયેલ છે.
- અહેવાલ મુજબ કેન્દ્ર સરકારે મજબૂત બહુમતનો ઉપયોગ કરી ભારતમાં ધાર્મિક સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરતી રાષ્ટ્રીય સ્તરની નીતિઓનું નિર્માણ કર્યું છે.

### અહેવાલ સંબંધે ભારતનો પક્ષ

- ભારત સરકારે USCIRFના અહેવાલને 'પક્ષપાતી' જાહેર કર્યો છે. સાથે જ બધા જ અવલોકનોનો અસ્વીકાર કર્યો છે.
- વિદેશ મંત્રાલય દ્વારા USCIRFના નિવેદનને ન માનતા ભારતની આંતરિક બાબતોમાં અમેરિકી સંસ્થાની દખલ પર સવાલો ઉઠાવ્યા છે.

## અમેરિકાની 'પ્રાયોરિટી વોચ લિસ્ટ'માં ભારત

- અમેરિકા એ વર્ષ 2020માં પણ ભારતને 'બૌદ્ધિક સંપદા' (Intellectual Property - IP) અધિકારોના સંરક્ષણ અને અમલીકરણમાં ઘટાડાને કારણે 'સંયુક્ત રાજ્ય વ્યાપાર પ્રતિનિધિ' (United States Trade Representative - USTR)ની 'પ્રાયોરિટી વોચ લિસ્ટ'માં અકબંધ રાખેલ છે.
- તેનો અર્થ થાય છે કે ભારતમાં બૌદ્ધિક સંપદા અધિકારોની સ્થિતિ સારી નથી અથવા પર્યાપ્ત માત્રામાં સુધાર આવેલ નથી.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- આ લિસ્ટમાં અન્ય દેશોમાં અલ્જિરિયા, આર્જેન્ટિના, ચિલી, ચીન, ઈન્ડોનેશિયા, રશિયા, સાઉદી અરેબિયા, યુક્રેન અને વેનેઝુએલાનો સમાવેશ થાય છે.
- આ ઉપરાંત USTRના 'વોચ લિસ્ટ'માં બ્રાઝિલ, કેનેડા, કોલંબિયા, પાકિસ્તાન અને થાઈલેન્ડ સહિત અન્ય 23 દેશો છે.

## ભારતને 'પ્રાયોરિટી વોચ લિસ્ટ'માં રાખવાનું કારણ

- અમેરિકા મુજબ ભારત દ્વારા લાંબા સમયથી બૌદ્ધિક સંપદાના અધિકારોના રક્ષણ માટે પ્રયત્નો કર્યા નથી. તેનાથી અમેરિકાની કંપનીઓને નુકસાન થાય છે.
- અમેરિકાની કંપનીઓએ બૌદ્ધિક સંપદાના અધિકારો માટે પડકારોનો સામનો કરવો પડે છે. જે નવા શોધકારો માટે પેટન્ટ પ્રાપ્ત કરવા, પેટન્ટ ચાલુ રાખવા જેવી પ્રક્રિયા ખૂબ જ અઘરી બનાવે છે.
- આ ઉપરાંત કોપીરાઈટ પ્રોત્સાહિત કરવા માટે અસફળ નીતિઓ અને વ્યાપાર રહસ્યો (Trade Secrets) માટે અપર્યાપ્ત માળખુ પણ જવાબદાર છે.

## Back to Basics : પ્રાયોરિટી વોચ લિસ્ટ, વોચ લિસ્ટ અને બૌદ્ધિક સંપદા અધિકારો

### ■ પ્રાયોરિટી વોચ લિસ્ટ અને વોચ લિસ્ટ

- સંયુક્ત રાજ્ય વ્યાપારી પ્રતિનિધિ (USTR) દ્વારા પ્રત્યેક વર્ષ 'સ્પેશ્યલ 301 રિપોર્ટ' (Special 301 Report) જાહેર કરવામાં આવે છે.
- રિપોર્ટ અંતર્ગત વિભિન્ન દેશોમાં બૌદ્ધિક સંપદા અધિકારો જેવા કે પેટન્ટ, કોપીરાઈટ, ટ્રેડમાર્ક વગેરે સંબંધિત અવરોધોની તપાસ કરવામાં આવે છે.
- દેશોને 'પ્રાયોરિટી વોચ લિસ્ટ' અને 'વોચ લિસ્ટ' એ બે શ્રેણીમાં વર્ગીકૃત કરવામાં આવે છે. જે અમેરિકી કંપનીઓ માટે ચિંતાજનક હોય.
- 'પ્રાયોરિટી વોચ લિસ્ટ'માં USTR દ્વારા એવા દેશોનો સમાવેશ કરવામાં આવે છે. જેમના બૌદ્ધિક સંપદા અધિકારોના નિયમો કડક ન હોય.

### ■ બૌદ્ધિક સંપદા અધિકાર

- જો કોઈ વ્યક્તિ કોઈ પ્રકારનું બૌદ્ધિક સર્જન (સાહિત્યની રચના, કૃતિ, શોધ, નિર્માણ) કરતો હોય તો તેના પર પ્રથમ એ સર્જનકારનો હક હોવો જોઈએ. આથી બૌદ્ધિક સર્જન માટે આપવામાં આવતા આવા અધિકારોને બૌદ્ધિક સંપદા અધિકાર કહે છે.
- તેનો ઉદ્દેશ માનવીની સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવાનો હોય છે.
- બૌદ્ધિક સંપદા અધિકારોને નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવે છે.

**બૌદ્ધિક સંપદા અધિકારો**

1. કોપીરાઈટ
2. પેટન્ટ
3. ટ્રેડમાર્ક
4. ઔદ્યોગિક ડિઝાઈન
5. ભૌગોલિક સંકેતક (GI Tag)

# 4. વિજ્ઞાન અને ટેકનોલોજી

## ડિજિટલ સ્ટેથોસ્કોપ

- ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી – બોમ્બેની એક ટીમ દ્વારા 'ડિજિટલ સ્ટેથોસ્કોપ' વિકસિત કરવામાં આવ્યું છે, જે કોરોના વાયરસથી સંક્રમિત વ્યક્તિની છાતીનો અવાજ દૂરથી સાંભળવા અને તેને રેકોર્ડ કરવામાં મદદ કરશે.
- IIT – બોમ્બે દ્વારા ડિવાઈસની પેટન્ટ પણ પ્રાપ્ત કરી લેવામાં આવી છે.
- તેનું નિર્માણ IIT ટેકનોલોજી બિઝનેસ ઈન્ક્યુબેટર દ્વારા સંચાલિત સ્ટાર્ટઅપ 'આયુડિવાઈસ' દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.

### ડિજિટલ સ્ટેથોસ્કોપનો મુખ્ય ઉદ્દેશ

- તેનો મુખ્ય ઉદ્દેશ સંક્રમિત વ્યક્તિના નિદાન દરમિયાન ડોક્ટરોની સુરક્ષાને સુનિશ્ચિત કરવાનો છે.
- ડિજિટલ સ્ટેથોસ્કોપથી પીડિતની છાતીના 'ઓસ્કલ્ટેટેડ' સાઉન્ડ બ્લૂટૂથના માધ્યમથી ડોક્ટર સુધી પહોંચશે. જેથી દર્દી નજીક આવવાની આવશ્યકતા નહીં રહે.

## ડબલ લેયર માસ્ક

- તાજેતરમાં ખાદી અને ગ્રામઉદ્યોગ આયોગે ડબલ લેયર ખાદી માસ્ક વિકસિત કર્યા છે.
- દેશમાં ડબલ લેયર માસ્કની માંગ વધી રહી છે. જમ્મુ અને કશ્મીર સરકારે ખાદી અને ગ્રામઉદ્યોગ આયોગને 7.5 લાખ માસ્કનો ઓર્ડર આપ્યો છે.
- આ માસ્ક હવાને એક સરળ માર્ગ આપે છે. માસ્ક ધોવા યોગ્ય, બાયોડિગ્રેડેબલ અને પુનઃઉપયોગ માટે યોગ્ય છે.

### ખાદી અને ગ્રામઉદ્યોગ આયોગ (Khadi and Village Industries Commission - KVIC) વિશે

- KVIC એ ખાદી અને ગ્રામ ઉદ્યોગ આયોગ અધિનિયમ, 1956 અંતર્ગત એક વૈધાનિક સંસ્થા છે. અને તે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય (MSME) અંતર્ગત આવે છે.
- તે ગ્રામીણ ક્ષેત્રોમાં ખાદી અને ગ્રામ ઉદ્યોગ વિકાસ માટે કાર્યક્રમોની યોજના, પ્રચાર, આયોજન અને અમલીકરણ કરે છે.
- KVIC ખાદી ઉત્પાદનોનું વેચાણ અને માર્કેટિંગને પણ પ્રોત્સાહન આપે છે.

## CollabCAD

- અટલ ઈનોવેશન મિશન, નીતિ આયોગ અને નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર એ સાથે મળીને 'અટલ ટિંકરીંગ લેબ' (ATL) શાળાઓમાં CollabCAD શરૂ કર્યું છે.
- CollabCADથી વિદ્યાર્થીઓ કમ્પ્યૂટર આધારિત 3D ડિઝાઈન્સ બનાવી શકશે.
- આ પહેલનો ઉદ્દેશ ATLના વિદ્યાર્થીઓ સર્જનાત્મકતા અને કલ્પનાના મુક્ત પ્રવાહ સાથે 3D ડિઝાઈન બનાવવા અને તેમાં સુધારા કરવા માટે મજબૂત પંચ પૂરું પાડવાનો છે.
- આ કમ્પ્યૂટર સક્ષમ સોફ્ટવેર સિસ્ટમોનું એક સહયોગી નેટવર્ક છે. જે 2D ફોર્મેટિંગ અને 3D પ્રોડક્ટ ડિઝાઈન વિગતો સાથે સંપૂર્ણ એન્જિનિયરિંગ સોલ્યુશન પ્રદાન કરે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## Back to Basics :

### અટલ ટિંકરીંગ લેબ શું છે ?

- 'આધુનિક ઈનોવેટર્સ તરીકે ભારતમાં એક મિલિયન બાળકોને કેળવવા' એ દૃષ્ટિથી અટલ ઈનોવેશન મિશન અંતર્ગત ભારતભરની શાળાઓમાં અટલ ટિંકરીંગ લેબની સ્થાપના કરવામાં આવી છે.
- તેનો ઉદ્દેશ યુવાઓમાં કુતુહલ, સર્જનાત્મકતા અને કલ્પનાને પ્રોત્સાહન આપવાનો છે.
- અટલ ટિંકરીંગ લેબની સ્થાપના માટે અટલ ઈનોવેશન મિશન અંતર્ગત એક વખત 10 લાખ તથા કાર્યશીલ ખર્ચાઓ માટે મહત્તમ 5 વર્ષ માટે 10 લાખનું અનુદાન આપવામાં આવે છે.
- ધોરણ 6-12ની સરકારી શાળા, સ્થાનીય સંસ્થા કે ખાનગી ટ્રસ્ટ અથવા મંડળી ATL સ્થાપી શકે છે.

## ઓરી સંક્રમણનું જોખમ

- યુનિસેફ અને વિશ્વ આરોગ્ય સંસ્થા મુજબ વૈશ્વિક ધોરણે 117 મિલિયન બાળકોમાં ઓરી (Measles)નું જોખમ વધ્યું છે. તેનું મુખ્ય કારણ ઘણા દેશોએ COVID-19ના કારણે પોતાના રસીકરણના કાર્યક્રમો સ્થગિત કર્યા છે.

### ઓરી વિશે

- ઓરી એક ચેપી વાયરલ રોગ છે. સલામત અને અસરકારક રસી હોવા છતાં વૈશ્વિક સ્તરે નાના બાળકોમાં તે મૃત્યુનું એક મહત્ત્વનું કારણ બન્યું છે.
- ચેપગ્રસ્ત વ્યક્તિઓના નાક, મોં અથવા ગળામાંથી ટીપા દ્વારા ઓરી ફેલાય છે.

### ઓરીના લક્ષણો

- પ્રારંભિક લક્ષણો સામાન્ય રીતે ચેપના 10-12 દિવસ પછી દેખાય છે.
- લક્ષણોમાં તીવ્ર તાવ, વહેતું નાક, લાલ આંખો, મોંના અંદરના ભાગોમાં નાની સફેદ ફોલ્લીઓનો સમાવેશ થાય છે.
- કેટલાક દિવસો પછી ફોલ્લીઓ વિકસે છે. તે ચહેરા અને ઉપલા ગળાથી શરૂ થાય છે અને નીચે તરફ ફેલાય છે.
- ખૂબ જ ગંભીર કિસ્સામાં અંધત્વ, એન્સેફાલીટીસ (ચેપ જે મગજના સોજાનું કારણ બને છે), ઝાડા અને સંબંધિત ડિહાઈડ્રેશન અને ન્યુમોનિયા વગેરે જેવા ગંભીર ચેપનો પણ સમાવેશ થાય છે.

### નિવારણ

- બાળકો માટે નિયમિત રસી અને સાથે સામૂહિક રસીકરણનો કાર્યક્રમ ઉપયોગી છે.
- આ ઉપરાંત 'ગ્લોબલ વેક્સિન એક્શન પ્લાન' અંતર્ગત 2020 સુધીમાં 5 વિશ્વ સ્વાસ્થ્ય આરોગ્ય ક્ષેત્રોમાં ઓરી તથા રૂબેલાને નાબૂદ કરવાનું લક્ષ્ય છે.

### રૂબેલા શું છે ?

- તેને જર્મન ઓરી પણ કહેવામાં આવે છે.
- તે સામાન્ય રીતે હળવા વાયરસ ચેપ છે જે બાળકો અને નાના વયસ્કોમાં જોવા મળે છે.

## વિશ્વ ચગાસ રોગ દિવસ

- વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા 14 એપ્રિલ, 2020ના રોજ પ્રથમ વખત વિશ્વ ચગાસ રોગ દિવસ મનાવવામાં આવ્યો હતો.
- આ દિવસનો ઉદ્દેશ ચગાસ રોગ સંદર્ભે જાગૃકતા ફેલાવવાનો છે.

## ચગાસ રોગ વિશે

- ચગાસ રોગ ટ્રાયટોમિન (Triatomine) નામના એક જંતુ (Worms)ના કરડવાથી થાય છે. જે વ્યક્તિના ચહેરા પર કરડે છે.
- ચગાસ એક ચેપી રોગ છે. જે ટ્રાયટોમિનમાં હાજર પ્રોટોજન પરોપજીવી દ્વારા થાય છે. પરંતુ તે શરદી અને ફ્લૂ જેવો ચેપી રોગ નથી અર્થાત્ એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં ફેલાતો નથી.
- આ રોગ ધીરે ધીરે ફેલાય છે. ગરીબ લોકો પાસે આરોગ્યની યોગ્ય સંભાળ ન હોવાથી તેમને ખાસ અસર કરે છે.
- રોગનું નામ ડો. કાર્લોસ રિબેઇ્રો જસ્ટિનિઆનો ચગાસના નામ પરથી પડ્યું છે જેમણે 1909માં બ્રાઝીલમાં આ બીમારીના પ્રથમ દર્દીનું ઈલાજ કર્યું હતું.
- રોગને ઉપક્ષિત ઉષ્ણકટિબંધીય બીમારી તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. જે મુખ્યત્વે વિશ્વના વિકાસશીલ અને ઓછી વસતીવાળા દેશોને અસર કરે છે.
- રોગ અમેરિકન ટ્રિપૈનોસોમિયાસિસ તરીકે પણ ઓળખાય છે.

## COVSACK

- ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) દ્વારા COVID-19 સામે લડવા કોવિડ સેમ્પલ કલેક્શન કિયોસ્ક (COVSACK) વિકસિત કરવામાં આવ્યું છે.
- COVSACKને કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC)ના ડોક્ટરો સાથે ચર્ચા–વિચારણા કરીને તૈયાર કરવામાં આવ્યું છે.

## COVSACKનું કાર્ય

- COVSACK એ શંકાસ્પદ દર્દીઓ પાસેથી લેવામાં આવેલ COVID-19ના નમૂનાઓ લેવા માટે આરોગ્ય કર્મચારીઓના ઉપયોગ માટેનું એક કિયોસ્ક છે.
- પરીક્ષણ અંતર્ગત દર્દીઓ કિયોસ્કમાં થઈ ચાલે છે અને આરોગ્ય વ્યવસાયિકો દ્વારા બિલ્ટ ઈન ગ્લવ્ઝના માધ્યમથી બહારના ભાગમાંથી નાકના માધ્યમથી અથવા એક ઓરલ સ્વાબ લેવામાં આવે છે.
- કિયોસ્ક કેબિનની શિલ્ડીંગ સ્ક્રીન દર્દીના નમૂના લેતી વખતે છાંટાના ફેલાવાથી આરોગ્ય કર્મચારીઓની રક્ષા કરે છે અને PPE કીટની જરૂરીયાતને ઘટાડે છે.
- દર્દી બહાર નીકળે પછી કિયોસ્ક પર લગાવાયેલ ચાર નોઝલ સ્પ્રે ખાલી ચેમ્બરને 70 સેકન્ડ માટે જીવાણું નાશક ધુમાડો છોડીને જીવાણું રહિત બનાવી દે છે.

## પૂલ પરીક્ષણ

- ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે ઉત્તરપ્રદેશને COVID-19ના પૂલ પરીક્ષણ શરૂ કરવાની મંજૂરી આપી છે.
- ઉત્તપ્રદેશ પૂલ પરીક્ષણ શરૂ કરનાર પ્રથમ રાજ્ય બન્યું છે. તેનાથી રાજ્યની COVID-19ના પરીક્ષણો કરવામાં ઝડપ આવશે.

### પૂલ પરીક્ષણની પ્રક્રિયા

- આ પ્રક્રિયામાં એક સાથે ઘણાં નમૂનાઓ રાખવામાં આવે છે. અને તેનું પરીક્ષણ કરવામાં આવે છે.
- જો બધા જ નમૂનાનું પરિણામ નકારાત્મક આવે તો તેનો અર્થ છે સમૂહના બધા લોકોનું પરીક્ષણ નકારાત્મક છે.

➤ પરંતુ જો સંગ્રહિત નમૂનામાંથી કોઈ એક નમૂનાનું પરિણામ સકારાત્મક આવશે તો સમૂહના બધા નમૂનાનું પરીક્ષણ વ્યક્તિ રૂપથી કરવામાં આવશે.

## હાર્પૂન અને ટોરપીડો મિસાઈલ

➤ અમેરિકાએ ભારતને AGM-84L હાર્પૂન બ્લોક II એર મિસાઈલ અને MK-54 ઓલ-અપ રાઉન્ડ લાઈટવેટ ટોરપીડો મિસાઈલના વેચાણ માટેની મંજૂરી આપી છે.

➤ AGL-84L હાર્પૂન મિસાઈલનું નિર્માણ બોઈંગ કરશે, જ્યારે MK-54 ઓલ-અપ રાઉન્ડ લાઈટવેટ ટોરપીડો મિસાઈલનું નિર્માણ રેથિયોન કંપની દ્વારા કરવામાં આવશે.

➤ ભારત હાર્પૂન મિસાઈલનો ઉપયોગ દરિયાઈ સીમાની રક્ષા માટે જમીનથી જમીન પર હુમલો કરવા P-8I એન્ટિ-સબમરિન વોરફેર વિમાનમાં લગાવવામાં આવશે.

### હાર્પૂન અને ટોરપીડો મિસાઈલ વિશે

| AGM-84L હાર્પૂન બ્લોક II એરમિસાઈલ | MK-54 ઓલ-અપ રાઉન્ડ લાઈટવેર ટોરપીડો મિસાઈલ |
|---|---|
| તેની હથિયાર ધારણ કરવાની ક્ષમતા 500 પાઉન્ડ છે. | મિસાઈલની હથિયાર ધારણ કરવાની ક્ષમતા 96.8 પાઉન્ડ છે. |
| એન્ટિ-શીપ મિસાઈલ છે જેનો ઉપયોગ દુશ્મનોની નૌકા કે જહાજ પર હુમલો કરવા માટે કરવામાં આવે છે. | મિસાઈલ પરમાણુ ઊર્જાથી ચાલતી સબમરિનને નષ્ટ કરવામાં સક્ષમ છે. તેને જહાજની સપાટી, હેલિકોપ્ટર અથવા વિમાનથી છોડી શકાય છે. |
| મિસાઈલ દરેક મોસમમાં કામ કરી શકે છે અને રડારમાંથી બચવામાં પણ સક્ષમ છે. | મિસાઈલ પાણીની અંદરના લક્ષ્યોને ટ્રેક અને વર્ગીકૃત કરી હુમલો કરી શકે છે. |
| મિસાઈલનો વજન 1160 પાઉન્ડ છે અને 67 નોટિકલ માઈલ દૂર લક્ષ્યને નષ્ટ કરી શકે છે. | મિસાઈલનો વજન 608 પાઉન્ડ છે. |
| મિસાઈલમાં એર–બ્રિધિંગ ટર્બોજેટ ઈંધણ તથા સોલિડ-પ્રોપ્લેંટ બૂસ્ટરનો ઉપયોગ કરવામાં આવે છે. | MK-50 ટોરપીડોનું ઉન્નત સોનાર ટ્રાંસીવર અને MK-46ના પ્રોપલ્શન સિસ્ટમનો MK-54માં ઉપયોગ કરવામાં આવ્યો છે. |

## સ્વયં પ્રભા ટીવી ચેનલ

➤ ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયે COVID-19થી ઉત્પન્ન પડકારરૂપ સ્થિતિથી વિદ્યાર્થીઓની શિક્ષા પ્રભાવિત ન થાય અને જેની પાસે ઈન્ટરનેટની પહોંચ નથી તેમના માટે સ્વયં પ્રભા ટીવી ચેનલ (Swayam Prabha TV Channel)ના માધ્યમથી પાઠ્યક્રમ સંબંધિત વ્યાખ્યાનનું પ્રસારણ કરવામાં આવશે.

### સ્વયં પ્રભા ટીવી ચેનલ વિશે અન્ય માહિતી

➤ સ્વયં પ્રભા 32 DTH ચેનલોનો એક સમૂહ છે જે GSAT-15 ઉપગ્રહનો ઉપયોગ કરી 24 × 7 ઉચ્ચ ગુણવત્તાવાળા શૈક્ષણિક કાર્યક્રમો પ્રસારિત કરે છે.

- આ ચેનલને ભાસ્કરાચાર્ય ઈન્સ્ટિટયૂટ ફોર સ્પેસ એપ્લિકેશન એન્ડ જિયો–ઈન્ફોર્મેટિક્સ (BISAG), ગાંધીનગર સાથે જોડવામાં આવેલ છે.
- આ ચેનલના માધ્યમથી NPTEL, IIT, VGC, CEC, IGNOU, NCERT અને NIOS દ્વારા સામગ્રી પૂરી પાડવામાં આવે છે.
- ગાંધીનગર ખાતે આવેલું સૂચના અને પુસ્તકાલય નેટવર્ક કેન્દ્ર (INFLIBNET) આ વેબ પોર્ટલની જાળવણી કરે છે.
- દરરોજ ઓછામાં ઓછા 4 કલાક વિષય અનુસાર માહિતી અપલોડ કરવામાં આવે છે.
- આ ઉપરાંત માનવ સંસાધન વિકાસ મંત્રાલય ડિજિટલ શિક્ષાને પ્રોત્સાહન આપવા 'સ્ટડી વેબ્સ ઓફ એક્ટિવ લર્નિંગ ફોર યંગ એસ્પાયરિંગ માઈન્ડ' (SWAYAM) પોર્ટલનું પણ સંચાલન કરે છે.
- સ્વયંપ્રભા ચેનલમાં નીચેની માહિતીનો સમાવેશ કરવામાં આવે છે.

■ **ઉચ્ચતર શિક્ષા**

- સ્નાતક સ્તર પર પાઠયક્રમ સામગ્રી જેમ કે કલા, વિજ્ઞાન, વાણિજ્ય, પ્રદર્શન કલા, સામાજિક વિજ્ઞાન, એન્જિનિયરીંગ, ટેકનોલોજી, કાયદો, ચિકિત્સા વગેરે વિષયોની માહિતી આપવામાં આવશે.

■ **સ્કૂલ શિક્ષા**

- શિક્ષકોની તાલીમ સાથે બાળકોને શિક્ષણ અને તાલીમ આપવાના મોડયૂલ અને વ્યાવસાયિક ડિગ્રી કાર્યક્રમોમાં પ્રવેશ માટેની સ્પર્ધાત્મક તૈયારીમાં મદદ થાય તેવું મટિરિયલ પણ અપલોડ થાય છે.

■ **અભ્યાસક્રમ**

- અભ્યાસક્રમ આધારિત બાબતો જે ભારત અને વિદેશમાં જીવનભર શીખવાવાળા ભારતીય નાગરિકોની જરૂરીયાતોને પૂરી કરે છે.

## ચિત્રા જીનલૈમ્પ-એન (Chitra GeneLAMP-N)

- કેરળના તિરુવનંતપુરમમાં સ્થિત શ્રી ચિત્રા તિરુનલ ઈન્સ્ટિટયૂટ ફોર મેડિકલ સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા એક નિદાન પરીક્ષણ કિટ 'ચિત્રા જીનલૈમ્પ–એન' વિકસિત કરી છે જે ઓછી કિંમતે 2 કલાકમાં COVID-19ની તપાસ કરી શકે છે.
- આ ઈન્સ્ટિટયૂટ એ ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય 'વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ' અંતર્ગત કાર્ય કરે છે.
- આ નિશ્ચિત નિદાન પૂરું પાડતો ટેસ્ટ કે જે SARS-CoV-2ના એક જીનને રિવર્સ ટ્રાન્સ્ક્રીપ્ટેસ લૂપ–મીડીએટેડ એમ્પલિફિકેશન ઓફ વાયર ન્યુક્લીક એસિડ (RT-LAMP) નો ઉપયોગ કરવામાં આવે છે.
- કિટ SARS-CoV-2 માટે જ છે અને જીનના બે રિજીયનને શોધી શકે છે અને એ બાબતની ખામી રહે છે કે વાયરસ જીનમાં તેના હાલના પ્રસાર દરમિયાન પરિવર્તન થાય તો પણ એક રિજીયનમાં નિષ્ફળ જાય નહીં.
- એક જ મશીનની સિંગલ બેચમાં કુલ 30 સેમ્પલનું ટેસ્ટીંગ થઈ શકે છે.
- ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ મુજબ આ કિટ દ્વારા કરાયેલ ટેસ્ટ 100% ચોકસાઈ ધરાવે છે અને RT-PCRનો ઉપયોગ કરીને કરવામાં આવેલા ટેસ્ટ સાથે મેચ થાય છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## Demo - 2 મિશન

- 18 એપ્રિલ, 2020ના રોજ નાસા (NASA) દ્વારા ઘોષણા કરવામાં આવી હતી કે તે 27 મે, 2020ના રોજ અંતરિક્ષ યાત્રીઓને આંતરરાષ્ટ્રીય સ્પેશ સ્ટેશન પર પ્રવાસ માટે મોકલશે.
- આ મિશનને સ્પેસએક્સ (ખાનગી અંતરિક્ષ કંપની) દ્વારા લોન્ચ કરવામાં આવશે અને તેના માટે ફાલ્કન-1 રોકેટનો ઉપયોગ કરવામાં આવશે.
- અંતરિક્ષ યાત્રીઓને સ્પેશ સ્ટેશનમાં મોકલવામાં આવતા નાસાના મિશનને 'કમર્શિયલ ક્રૂ પ્રોગ્રામ' નામ આપવામાં આવ્યું છે.
- ડેમો-1 મિશનને સ્પેસએક્સ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું. તે આંતરરાષ્ટ્રીય સ્પેશ સ્ટેશનમાં લોન્ચ થનારી પ્રથમ પરીક્ષણ ઉડાન હતી.
- કોમર્શિયલ ક્રૂ પ્રોગ્રામને અમેરિકાની સરકાર દ્વારા નાણાકીય સહાય આપવામાં આવી છે અને નાસા તેનું સંચાલન કરશે. આ કાર્યક્રમ અંતર્ગત ખાનગી કંપની અંતરિક્ષ યાત્રીઓને આંતરરાષ્ટ્રીય સ્પેશ સ્ટેશન સુધી લઈ જવા ક્રૂ વ્હીકલનું સંચાલન કરશે.
- ડેમો-1 મિશન માનવરહિત મિશન હતું.

### આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન (ISS) વિશે

- ISS એ અંતરિક્ષમાં રહેવા યોગ્ય કૃત્રિમ ઉપગ્રહ છે અને તે પૃથ્વીની નીચેની ભ્રમણકક્ષામાં કાર્યરત છે.
- તેને 1998માં શરૂ કરવામાં આવ્યું હતું.
- ISS એ માઈક્રોગ્રેવીટી અને અવકાશ પર્યાવરણ સંશોધન પ્રયોગશાળા તરીકે સેવા આપે છે. જેમાં અંતરિક્ષ યાત્રીઓ જીવવિજ્ઞાન, ભૌતિકશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, હવામાનશાસ્ત્ર વગેરે સંબંધિત પ્રયોગો કરે છે.
- ISS 90 મિનિટમાં લગભગ 17500 મિલ પ્રતિ કલાકની ઝડપે પૃથ્વીનું ચક્કર લગાવે છે.
- ISSના આ પ્રોજેક્ટમાં વિશ્વની 5 સ્પેસ એજન્સીઓનો સમાવેશ થાય છે તે નીચે મુજબ છે :

| સ્પેસ એજન્સી | દેશ/સમૂહ |
|---|---|
| NASA | અમેરિકા |
| Roscosmos State Corporation | રશિયા |
| European Space Agency | યુરોપ |
| Camadian Space Agency | કેનેડા |
| Japan Aerospace Exploration | જાપાન |

- મહિલાઓમાં અંતરિક્ષમાં સૌથી વધુ સમય રહેવાનો રેકોર્ડ 'ક્રિસ્ટિના કોચ'ના નામે છે. તેણે ISSમાં 328 દિવસો પસાર કર્યા હતા.
- પુરુષોમાં અંતરિક્ષમાં સૌથી વધુ સમય રહેવાનો રેકોર્ડ 'વેલેરી પોલ્યાકોવ'ના નામે છે.

## ચોખાનો હેન્ડ સેનિટાઈઝર બનાવવામાં ઉપયોગ

- તાજેતરમાં પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રીની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય જૈવ ઈંધણ સંકલન સમિતિ (National Bio-fuel Coordination Committee - NBCC)ની બેઠક મળી હતી.

➤ આ બેઠકમાં ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (FCI) પાસે ઉપલબ્ધ વધારાના ચોખાના જથ્થાનો ઉપયોગ ઈથેનોલ બનાવવામાં કરવામાં આવશે. ત્યારબાદ ઈથેનોલનો ઉપયોગ હેન્ડ સેનિટાઈઝર બનાવવામાં થશે.

➤ આ નિર્ણય એ જૈવિક ઈંધણ અંગે રાષ્ટ્રીય નીતિ, 2018 (National Policy on Bio-fuel 2018)ના સંદર્ભે લેવામાં આવ્યો છે. આ નીતિમાં ઉલ્લેખ છે કે વર્ષ દરમિયાન કૃષિ મંત્રાલય પાસે જરૂરિયાત કરતા વધારે ખાદ્યાન્નનો પૂરવઠો હોય ત્યારે વધારાના આ જથ્થાને ઈથેનોલમાં રૂપાંતરિત કરવાની મંજૂરી આપવામાં આવે.

## Back to Basics : જૈવિક ઈંધણ વિશે

➤ જૈવિક ઈંધણ (Bio-fuel) એ હાઈડ્રોકાર્બન ઈંધણ છે જે ટૂંકા સમયમાં કાર્બનિક પદાર્થોમાં થી ઉત્પન્ન થાય છે. તે અશ્મિભૂત ઈંધણથી અલગ છે કારણ કે તેને બનાવવામાં લાખો વર્ષ લાગે છે.

➤ જૈવિક ઈંધણને ઊર્જાના નવીનીકરણ સ્વરૂપમાં માનવામાં આવે છે અને અશ્મિભૂત ઈંધણ કરતા ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન ઓછું હોય છે.

➤ બાયો ઈથેનોલ, બાયો ડીઝલ, બાયો ગેસ એ જૈવ ઈંધણો છે.

### જૈવિક ઈંધણનું વર્ગીકરણ

| પ્રકાર | સંબંધિત માહિતી |
|---|---|
| પ્રથમ પેઢીના જૈવ ઈંધણ | જૈવ ઈંધણ બનાવવા ઘઉં, શેરડી અને અન્ય ખાદ્ય પેદાશોનો ઉપયોગ કરવામાં આવે છે. |
| બીજી પેઢીના જૈવ ઈંધણ | બિન–ખાદ્ય પદાર્થોનો જૈવ ઈંધણ બનાવવા ઉપયોગ કરવામાં આવે છે. દા.ત. લાકડું, ઘાસ, કાર્બનિક કચરો વગેરે. |
| ત્રીજી પેઢીના જૈવ ઈંધણ | તેમાં વિશેષ રૂપથી ઈજિનિયર્સ શેવાળ (Engineeres Algae) નો ઉપયોગ કરવામાં આવે છે. શેવાળના બાયોમાસનો ઉપયોગ જૈવ ઈંધણમાં પરિવર્તિત કરવા માટે કરવામાં આવે છે. |
| ચોથી પેઢીના જૈવ ઈંધણ | ત્રીજી પેઢીના જૈવ ઈંધણના ઉત્પાદન વખતે કાર્બનનું ઉત્સર્જન પણ થાય છે. તેથી ચોથી પેઢીના જૈવ ઈંધણમાં આ કાર્બનને એકત્રિત કરી તેનો સંગ્રહ કરી લેવામાં આવે છે. જેથી ગ્રીન હાઉસ ગેસની અસર ઓછી થાય. |

## જૈવ ઈંધણ અંગે રાષ્ટ્રીય નીતિ, 2018

➤ નીતિ અંતર્ગત 2030 સુધીમાં પેટ્રોલમાં 20% ઈથેનોલ અને ડીઝલમાં 5% જૈવ ડીઝલ મિશ્રિત કરવાનો લક્ષ્ય રાખવામાં આવેલા છે.

➤ નીતિ અંતર્ગત ઈથેનોલના ઉત્પાદન માટે કાચા માલની વ્યાખ્યાને વિસ્તૃત કરવા શેરડીનો રસ, મીઠી બાજરી, મકાઈ, તૂટેલા ચોખા, ખરાબ ઘઉં, ખરાબ બટેટા વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે જેનો ઉપયોગ જૈવ ઈંધણ બનાવવા કરી શકાશે.

# COVID-19 અને જીનોમ સિક્વન્સ

➤ દેશની એકમાત્ર રાજ્યની સરકારી લેબોરેટરી 'ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર' (GBRC)ના વૈજ્ઞાનિકોએ COVID-19ની આખી જીનોમ સિક્વન્સ જાણી લીધી છે.

- ➤ આ જીનોમ સિકવન્સ કોરોનાવાયરસનું મૂળ શોધવામાં અને નિદાન માટેની વેક્સિન બનાવવામાં ખૂબ ઉપયોગી નીવળશે.
- ➤ જીનોમ સિકવન્સનો અર્થ થાય છે કે વંશસૂત્ર શોધવું.

## જીનોમ સિકવન્સમાં શેનો સમાવેશ થાય છે ?

- ➤ આ સિકવન્સમાં COVID-19 તરીકે ઓળખાતા વાયરસના આંતરિક અને બાહ્ય બંધારણ, તેમાં આવેલ ફેરફાર વગેરેની શોધ કરવામાં આવી છે.
- ➤ GBRCના ડાયરેક્ટરે જણાવ્યું હતું કે આ વર્તમાન વાયરસનું 9મું મ્યુટેશન છે. આ અંગે દુનિયામાં હજુ સુધી 6 મ્યુટેશનની ઓળખ કરવામાં આવી છે.
- ➤ આમ GBRC દ્વારા 3 નવા મ્યુટેશનની શોધ કરાઈ છે. આ વાયરસ દર 15 દિવસે એક વખત મ્યુટેટ થાય છે અર્થાત્ તેનું બંધારણ બદલે છે.

## Back to Basics : જીનોમ સિકવન્સ વિશે

- ➤ જીનોમ સિકવન્સ અંતર્ગત DNA (Deoxyribonucleic Acid)ના અંદરના ન્યુક્લિયોટાઈડનો ચોક્કસ ક્રમ જાણી શકાય છે.
- ➤ ન્યુક્લિક એસિડ એ DNA અથવા RNA (Ribonucleic Acid) હોય છે. મનુષ્યમાં જે સંરચના હોય છે એ DNAની હોય છે. જ્યારે વાયરસ એ DNA અથવા RNAની સંરચના ધરાવે છે.
- ➤ કોરોના વાયરસ (COVID-19)ની સંરચના RNAની છે.
- ➤ જીનોમ સિકવન્સની મદદથી સજીવની પ્રકૃતિ, સ્વરૂપ, તેમાં આવેલા બદલાવને જાણી શકાય છે.

## ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર (GBRC) વિશે

- ➤ ગુજરાતમાં બાયોટેકનોલોજી ક્ષેત્રે સંશોધન માટે ગુજરાત સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગ અંતર્ગત આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે.
- ➤ બાયોટેકનોલોજી ક્ષેત્રના વિકાસ માટે ગુજરાત સરકારે વર્ષ 2004માં 'ગુજરાત રાજ્ય બાયોટેકનોલોજી મિશન'ની રાજ્ય નોડલ એજન્સી તરીકે GBRC કાર્ય કરે છે.

# આયનાવરણ ઈલેક્ટ્રોન ઘનતાની આગાહીનું નવું મોડેલ

- ➤ ભારત સરકારના 'વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ'ની સ્વાયત સંસ્થા 'ભારતીય ભૂ–ચુંબકીય સંસ્થા' નવી મુંબઈના શોધકર્તાઓએ આયનાવરણ ઈલેક્ટ્રોન ઘનતાની આગાહીનું નવું મોડેલ વિકસાવ્યું છે.
- ➤ તે 'આર્ટિફિશિયલ ન્યુરલ નેટવર્ક આધારિત વૈશ્વિક આયનાવરણ મોડેલ'ના રૂપમાં વિકસિત કરવામાં આવ્યું છે.
- ➤ આ મોડેલ એ માનવીય મગજ દ્વારા કરવામાં આવતી પ્રક્રિયા જેવી કે પેટર્નની ઓળખ, વર્ગીકરણ, ક્લસ્ટરીંગ, સામાન્યીકરણ વગેરેનું સ્થાન લેશે.

## આયનાવરણ પરિવર્તનશીલતા

- ➤ સંચાર અને નૌવહન માટે આયનાવરણ ઈલેક્ટ્રોન ઘનતા પરિવર્તનશીલતાની દેખરેખ ખૂબ મહત્ત્વ ધરાવે છે.
- ➤ આયનાવરણ પરિવર્તનશીલતા વ્યાપક સ્તર પર સૌર ઉત્પન્ન કરતા પરીબળો અને વાતાવરણની પ્રક્રિયા દ્વારા પ્રભાવિત થાય છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## Back to Basics : આયનાવરણ વિશે

- વાતાવરણના સ્તરોમાં આયનાવરણ એ 80-400 કિમી વચ્ચે સ્થિત છે.
- અહીં હવા અતિશય ગરમ અને એકદમ પાતળી હોય છે.
- અહીં સૂર્યના અલ્ટ્રાવાયોલેટ કિરણોના સતત પ્રહારને કારણે ઉષ્માવરણની હવાનું આયનીકરણ થાય છે.
- રેડિયોના તરંગો આ આવરણની વીજભારયુક્ત હવા સાથે અથડાઈને પરાવર્તન થઈ પાછા પૃથ્વી પર આવે છે. તેથી પૃથ્વી પરના રેડિયો પ્રસાર માટે આ આવરણ ખૂબ ઉપયોગી છે.
- આ આવરણમાં થતી આયનીકરણ પ્રક્રિયાને લીધે કેટલીક વાર ધ્રુવ પ્રદેશમાં ઊંચે આકાશમાં 'મેરુ જ્યોત' (Aurora) જોવા મળે છે.

# ઈન્ટરસ્ટેલર સ્પેસમાં લિથિયમની પર્યાપ્તતા

- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ એસ્ટ્રોફિઝિક્સ (IIA)ના સંશોધનકર્તાઓ દ્વારા લિથિયમથી સમૃદ્ધ વિશાળ તારાઓની શોધ કરવામાં આવી હતી.
- IIAના વૈજ્ઞાનિકો દ્વારા નાસાના 'કેપલર સ્પેસ ટેલિસ્કોપ'થી પ્રાપ્ત થયેલા ડેટાનો ઉપયોગ કરીને વાયુમંડળના કંપનનું વિશ્લેષણ કર્યું હતું.
- આ શોધથી ખ્યાલ આવે છે કે તારામાં લિથિયમનું ઉત્પાદન થઈ રહ્યું છે અને તે તારાઓની વચ્ચે પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ છે.

## શોધની મુખ્ય બાબતો

- લિથિયમ સમૃદ્ધ તારાઓ અને અન્ય તારાઓમાં અંતર સ્થાપિત કરવા વૈજ્ઞાનિકો એ તારાના કેન્દ્રમાં થનારી હિલિયમ દહન પ્રક્રિયાને આધારે બનાવ્યો હતો.
- શોધ દર્શાવે છે કે વધુ પડતું લિથિયમ ફક્ત હિલિયમ નિર્માણ/દહનવાળા તારાઓમાં જ જોવા મળે છે. આ વિશાળ તારાઓને 'લાલ તારાઓ' અર્થાત્ 'રેડ ક્લંપ જાયન્ટ'ના રૂપમાં પણ ઓળખાય છે.
- લિથિયમ બિગ બૈંગ ન્યુક્લિયોસિંથેસિસ (BBN)થી ઉત્પન્ન 3 આદિ તત્ત્વોમાંથી એક છે. અન્ય તત્ત્વોમાં હિલિયમ અને હાઈડ્રોજનનો સમાવેશ થાય છે. BBN લિથિયમની વિપુલતા દર્શાવે છે જો કે શોધ મુજબ હાલની માત્રા કરતા લિથિયમની માત્રા 4 ગણી દર્શાવવામાં આવી છે.
- આ શોધ અનેક સિદ્ધાંતો જેવા કે 'ગ્રહ ઉત્થાન' અને BBNને ખતમ કરવામાં કે માન્યતા આપવામાં મદદ કરશે.

## ઈન્ટરસ્ટેલર સ્પેસ એટલે શું ?

- ઈન્ટરસ્ટેલર સ્પેસ અર્થાત એ ક્ષેત્ર જ્યાં સૂર્યથી આવતો સતત પ્રવાહ તથા ચુંબકીય ક્ષેત્ર તેની આસપાસના વાતાવરણને અસર ન કરે. તેને હિલિઓપોઝ પણ કહેવામાં આવે છે.

# નૈનોબ્લીટ્ઝ - 3D

- ઈન્ટરનેશનલ એડવાન્સ રિસર્ચ સેન્ટર ફોર પાઉડર મેટલર્જી એન્ડ ન્યુ મટિરિયલ્સના વૈજ્ઞાનિકોએ અમેરિકાની નેનોમેકેનિક્સ ઈંક સાથે મળીને મલ્ટી ફેઝ એલોય, કમ્પોસાઈટ


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

અને મલ્ટિ લેયર કોટિંગ જેવા નેનો–મેકેનિકલ પદાર્થોના ગુણધર્મો માપવા અદ્યતન સાધન વિકસાવ્યું છે.

- નૈનોબ્લીટ્ઝ-3D નામનું આ સાધન ગ્લાસ ફાયબર રેઈનસ્ફોર્ડ, પોલિમર કમ્પોસાઈટ, ડ્યુઅલ–ફેઝ સ્ટીલ્સ, સોફ્ટવુડ અને શેલ જેવા વિવિધ પદાર્થોની શ્રેણીમાં પરિણામો આપવા સમર્થ છે.
- આ તકનીક થોડા જ સમયમાં વધુ પરીણામો આપી શકે છે અને તેનાથી 10000 ડેટા બિંદુ ઉત્પન્ન થઈ શકે છે જેના પર મશીન લર્નિંગ એલ્ગોરિધમ દ્વારા પ્રક્રિયા થઈ શકે છે.
- નૈનોબ્લિટ્ઝ-3Dની મદદથી એક વખતમાં 1000 ઉચ્ચ ગતિવાળા નૈનો-ઈન્ડેન્ટેશન પરીક્ષણ કરી શકાય છે. નૈનો-ઈન્ડેન્ટેશન પરીક્ષણો પદાર્થના યાંત્રિક ગુણ જેવા કે કઠોરતા, સ્થિતિસ્થાપકતા અને પાતળા કોટિંગની વિભંજન કઠોરતાના મૂલ્યાંકન માટે કરવામાં આવે છે.
- નૈનોબ્લિટ્ઝ-3Dને 'ઈન્ટીગ્રેટેડ કમ્પ્યુટેશનલ મટિરિયલ ઈન્જિનિયરિંગ'ની મદદથી વિકસિત કરવામાં આવેલ છે.

## મોબાઈલ COVID-19 પરીક્ષણ લેબ

- ધ મોબાઈલ વાયરોલોજી રિસર્ચ એન્ડ ડાયગ્નોસ્ટીક લેબોરેટરી એ DRDO દ્વારા ESIC હોસ્પિટલ (હૈદરાબાદ) સાથે મળીને બનાવવામાં આવેલ પરીક્ષણ લેબ છે.
- આ લેબ દરરોજ 1000 નમૂનાઓ પરીક્ષણ કરવાની ક્ષમતા ધરાવે છે.
- આ લેબ એ બાયોસેફટી લેવલ 2 અને 3 ધરાવે છે તથા ICMR (Indian Council of Medical Research) અને WHO દ્વારા ઉલ્લેખિત સુરક્ષાના ધોરણો પણ ધરાવે છે.

## હબલ સ્પેસ ટેલિસ્કોપની 30મી વર્ષગાંઠ

- 24 એપ્રિલ, 2020ના રોજ નાસાએ હબલ સ્પેસ ટેલિસ્કોપની 30મી વર્ષગાંઠનો ઉત્સવ મનાવ્યો હતો.
- દુનિયામાં સૌથી લાંબા સમય સુધી કાર્યરત ટેલિસ્કોપમાંથી એક છે.
- હબલ સ્પેસ ટેલિસ્કોપ દ્વારા પોતાની 30મી વર્ષગાંઠ પર એક કોસ્મિક રીફનું ચિત્ર લેવામાં આવ્યું હતું.

### કોસ્મિક રીફ વિશે

- કોસ્મિક રીફ એ તારાઓનો એક સમૂહ છે, જે સમુદ્રમાં જોવા મળતા કોરલ રીફ જેવો દેખાય છે.
- આ સમૂહનો પ્રત્યેક તારો સૂર્યના આકારથી 10 ગણો દેખાય છે. આ તારાઓ એક નિહારિકા (નેબ્યુલા)માં છે.
- નેબ્યુલા ગેસ અને ધૂળનું એક વિશાળ વાદળ છે. આ તારાઓમાંથી નીકળતી ધૂળને કારણે નેબ્યુલા બને છે.
- આ રીફ ચારે તરફથી લાલ રંગથી ચમકે છે. નાઈટ્રોજન અને હાઈડ્રોજન ગેસની ચમકને કારણે તે લાલ રંગ દેખાય છે.
- રીફમાં વાદળી રંગ પણ છે જે ઓક્સિજનની ઉપસ્થિતિના કારણે છે.

### હબલ સ્પેસ ટેલિસ્કોપ વિશે

➢ તે યુરોપિયન સ્પેસ એજન્સી સાથે મળીને ચલાવવામાં આવે છે.
➢ બ્રહ્માંડના ત્વરિત વિસ્તારની શોધમાં ટેલિસ્કોપે મહત્ત્વની ભૂમિકા ભજવી છે.
➢ હબલ સ્પેસ ટેલિસ્કોપે આકાશગંગાના કેન્દ્રોમાં બ્લેકહોલના અસ્તિત્વનું પ્રમાણ આપ્યું હતું.

## હાઈડ્રોજન બળતણ કોષ આધારીત બસ અને કાર (Hydrogen Fuel Cell Based Bus and Car)

➢ નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન (NTPC) દ્વારા દિલ્હી અને લેહ માટે 10 હાઈડ્રોજન બળતણ કોષ આધારીત ઈલેકટ્રિક બસ અને 10 કારને ખરીદવા માટેનો રસ દાખવવામાં આવ્યો છે અને તેને ખરીદવા આંતરરાષ્ટ્રીય સ્તરે આમંત્રણ આપ્યું છે.
➢ તે મુખ્ય રીતે પ્રદૂષણ ઘટાડવા માટે ઉપયોગી બનશે અને ગ્રીન એનર્જી માટે પણ ઉપયોગી બની રહેશે.
➢ તેનાથી પરીવહન પ્રણાલીથી ઉત્સર્જિત થતા કાર્બન ડાયોક્સાઈડમાં ઘટાડો કરી શકાશે.

### Back to Basics : હાઈડ્રોજન બળતણ કોષ (Hydrogen Fuel Cell) વિશે

➢ તે એક રાસાયણિક પ્રક્રિયા છે જેમાં હાઈડ્રોજનયુક્ત કોષને વીજળીમાં રૂપાંતરિત કરવામાં આવે છે.
➢ બળતણ કોષનો મુખ્ય ફાયદો એ છે કે તેને વારંવાર ચાર્જ કરવા પડતા નથી. તે જ્યાં સુધી બળતણ હોય ત્યાં સુધી વીજળી ઉત્પન્ન કરી શકે છે.
➢ બળતણ કોષ એ હાઈડ્રોજન અને ઓક્સિજન બંનેનું સંયોજન કરી વીજળી ઉત્પન્ન કરે છે.
➢ હાઈડ્રોજન બળતણ કોષ અંતર્ગત હાઈડ્રોજન એનોડમાંથી પસાર થાય છે, ઓક્સિજન કેથોડમાંથી પસાર થાય છે.
➢ એનોડમાં હાઈડ્રોજન પરમાણુ એ પ્રોટોન અને ઈલેકટ્રોનમાં વિભાજિત થાય છે. પ્રોટોન એ ઈલેક્ટ્રોલાઈટ મેમ્બરેનમાંથી પસાર થાય છે. જે ઈલેક્ટ્રોનને સર્કિટમાંથી પસાર થવા માટે દબાણ કરે છે જેનાથી વીજ પ્રવાહ ઉત્પન્ન થાય છે.
➢ હાઈડ્રોજન બળતણ કોષનો મુખ્ય ફાયદો એ છે કે તેની કાર્યદક્ષતા ઊંચી હોય છે અને ઓછાથી શૂન્ય જેટલું ઉત્સર્જન થાય છે.

## પ્લાઝમા થેરેપી શરૂ કરનાર પ્રથમ સરકારી હોસ્પિટલ

➢ ઉત્તરપ્રદેશ રાજ્યમાં 'કિંગ જ્યોર્જ મેડિકલ યુનિવર્સિટી' એ દેશનું પ્રથમ સરકારી હોસ્પિટલ બન્યું છે જ્યાં COVID-19ના દર્દીઓના ઈલાજ માટે પ્લાઝમા થેરેપીનો ઉપયોગ કરવામાં આવ્યો હોય.
➢ આ પ્લાઝમા થેરેપીનો પ્રથમ ડોઝ 58 વર્ષના દર્દીને આપવામાં આવ્યો હતો.
➢ ગુજરાતમાં પ્રથમ વખત અમદાવાદમાં SVP હોસ્પિટલ ખાતે પ્લાઝમા થેરેપીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને 'સ્મૃતિ ઠક્કર' એ ગુજરાતના પ્રથમ પ્લાઝમા ડોનર બન્યા હતા.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## પ્લાઝમા થેરેપી શું છે ?

- COVID-19ના સંદર્ભે ઉપયોગમાં લેવામાં આવતી આ થેરેપી દ્વારા કોરોના વાયરસથી સાજી થયેલી વ્યક્તિના એન્ટિબોડીઝનો ઉપયોગ અન્ય વ્યક્તિ માટે કરવામાં આવે છે.
- કોરોના વાયરસથી સાજી થયેલી વ્યક્તિનું લોહી લેવામાં આવે છે. તેમાંથી પ્લાઝમા અલગ કરીને જે દર્દી વાયરસથી લડી રહ્યો હોય તેનામાં ચડાવવામાં આવે છે.
- તેનું મુખ્ય કારણ એ છે કે, વાયરસથી સાજી થયેલી વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ સારી હોય છે આથી તેનો ઉપયોગ અન્યના નિદાનમાં કરી શકાય છે.
- એન્ટિબોડીઝ વાયરસ સામે સારી રીતે લડત આપે છે અને તેને ખતમ કરીને શરીરને વાયરસ મુક્ત કરે છે.
- કોઈ વ્યક્તિનું સીધું જ લોહી ચડાવવામાં બ્લડ ગ્રુપ મેચ થવાના પ્રશ્નો થાય છે એટલે કોરોનાથી સાજા થયેલ વ્યક્તિનું લોહી લઈને તેમાંથી રક્તકણો જુદા પાડી દેતા છેલ્લે પીળા રંગનું ઘટ્ટ પ્રવાહી વધે છે. જેને પ્લાઝમા કહે છે.

## પ્લાઝમા થેરેપીનો ઈતિહાસ

- ભૂતકાળમાં પણ પ્લાઝમા થેરેપીનો ઉપયોગ ઘણી વખત કરવામાં આવ્યો છે.
- USA દ્વારા સ્પેનીશ ફ્લૂ દરમિયાન દર્દીઓના નિદાન વખતે આ પ્રક્રિયાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2014માં WHO દ્વારા ઈબોલાના દર્દીઓ માટે પ્લાઝમા થેરેપીના ઉપયોગ માટે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી.
- આ ઉપરાંત MERS રોગ માટેના નિદાન માટે 2015માં પણ આ થેરેપીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## પ્લાઝમા થેરેપીના સંદર્ભે WHOની માર્ગદર્શિકા

- 2014માં જાહેર કરવામાં આવેલ આ માર્ગદર્શિકા મુજબ થેરેપી માટે લોહી આપનાર (ડોનર)ની સંમતિ જરૂરી છે.
- પ્લાઝમા એ રોગથી સાજી થયેલી વ્યક્તિમાંથી જ લેવા અને એવી વ્યક્તિમાં જ ચડાવવા જેઓ HIV, હિપેટાઈટીસ અને અન્ય ચેપી રોગથી સંક્રમિત ન હોય.
- જો સંપૂર્ણ લોહી દેવામાં આવતું હોય તો પ્લાઝમાને અલગ કર્યા બાદ જ દર્દીમાં દાખલ કરવા.
- જે વ્યક્તિમાંથી પ્લાઝમા લીધા હોય અને ફરીથી તેમાંથી જ લેવાની જરૂરીયાત હોય તો પુરુષોમાં થી 12 અઠવાડિયા બાદ અને મહિલાઓમાંથી 16 અઠવાડિયા બાદ જ લેવા.

## પ્લાઝમા થેરેપીની મર્યાદા

- દર્દી એ વાયરસથી ઠીક થયા બાદ 15 દિવસે એન્ટિબોડી વિકસિત થાય છે અને 28 દિવસે સારા એન્ટિબોડી મળે છે. આથી નિદાનમાં ખૂબ વિલંબ થાય છે.
- આ થેરેપી 40-60 વર્ષના વયજૂથ માટે અસરકારક છે. પરંતુ 60થી વધુ વર્ષની વય માટે અસરકારક સાબિત થઈ નથી. જો કે કોરોના વાયરસથી મૃત્યુ પામનાર વધુ લોકો વૃદ્ધ વયજૂથના છે અને તેમની રોગપ્રતિકારક શક્તિ પણ નબળી હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- કોરોના વાયરસથી સંક્રમિત થનાર વ્યક્તિ અને સાજા થનાર વ્યક્તિઓ વચ્ચે ખૂબ તફાવત છે. આથી વ્યાપક સ્તરે આ થેરેપીનો ઉપયોગ થવો શક્ય નથી.
- WHO તેમજ ભારત સરકાર દ્વારા સત્તાવાર રીતે જણાવવામાં આવેલું છે કે પ્લાઝમા થેરેપીથી ચોક્કસ રીતે નિદાન થાય છે તેવા કોઈ લક્ષણો જોવા મળ્યા નથી.

## રસી માટે માનવ પરીક્ષણ

- COVID-19 રસીના વિકાસ માટે ઘણા લોકો દ્વારા સ્વૈચ્છિક રીતે માનવો પર થતા પરીક્ષણમાં ભાગ લીધો છે. આ પ્રક્રિયાને 'Human Challange Trials (HCT)' કહે છે.
- તેના અંતર્ગત ભાગ લેતા સ્વૈચ્છિક વ્યક્તિને કોરોના વાયરસના ચેપી બનાવવામાં આવે છે જેથી રસી બનાવવાના કાર્યને ઝડપથી આગળ વધારી શકાય.

### રસીની માન્યતા માટે પ્રક્રિયા

- રસીને માન્યતા પ્રાપ્ત કરવા માટે અલગ અલગ તબક્કાઓમાંથી પસાર થવું પડે છે. આ તબક્કાઓને 'Clinical Trials' તરીકે ઓળખવામાં આવે છે.
- રસીના વિકાસ માટેના આ તબક્કાઓ નીચે મુજબ છે :

| તબક્કો | વિશેષતા |
|---|---|
| તબક્કો-1 | નાના સમૂહના લોકો પર રસીનું પરીક્ષણ કરવામાં આવે છે. |
| તબક્કો-2 | દર્દીઓ પર પરીક્ષણની સંખ્યા વધારવામાં આવે છે. એવા લોકોને રસી આપવામાં આવે છે જેમના માટે તે બનાવવામાં આવે છે. |
| તબક્કો-3 | પરીક્ષણનો વિસ્તાર વધારવામાં આવે છે. મોટા સમૂહને રસી આપવામાં આવે છે. અહીં રસી વિના આપવામાં આવતા નિદાન સાથે રસીની અસરકારકતાને તપાસવામાં આવે છે. |

- પરીક્ષણમાં ભાગ લેતા વ્યક્તિઓની સંમતિ પ્રાપ્ત કર્યા પછી જ તેમનો સમાવેશ પરીક્ષણ માટે કરી શકાય છે.

## HCARD

- ફ્રન્ટલાઈન COVID-19 હેલ્થકેર વોરિયર્સની સહાયતા માટે The Council of Scientific and Industrial Research - CSIR દ્વારા એક રોબોટ HCARD વિકસિત કરવામાં આવેલ છે.
- તેનું પૂરું નામ 'Hospital Care Assistive Robotic Device (HCARD)' છે.

### HCARDની વિશેષતા

- આ ડિવાઈસ/રોબોટ COVID-19 સંક્રમિત લોકોથી શારીરિક અંતર બનાવી રાખવા સ્વાસ્થ્યકર્મીઓને મદદ કરશે.
- તેનું નિર્માણ ‘સેન્ટ્રલ મેકેનિકલ એન્જિનિયરીંગ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ’ દુર્ગાપૂર દ્વારા કરવામાં આવેલ છે. તે CSIRની લેબ છે.
- આ રોબોટ અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ છે. તે સ્વયંસંચાલિત અને મનુષ્ય દ્વારા સંચાલિત એમ બંને રીતે કામ કરે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- રોબોટને એક નિયંત્રણ સ્ટેશન દ્વારા નિયંત્રિત અને સંચાલિત કરી શકાય છે. તેનામાં નીચેની વિશેષતાઓ છે.

1. નેવિગેશન
2. દર્દીઓની દવા અને ભોજન ઉપલબ્ધ કરાવવા 'ડ્રોવર એક્ટિવેશન સિસ્ટમ'
3. નમૂના સંગ્રહ માટે ઓડિયો-વિડીયો કમ્યુનિકેશન

- રોબોટની કિંમત રૂ. 5 લાખથી ઓછી છે અને વજન 80 કિગ્રા છે.

## અસમાન દળ ધરાવતા બે બ્લેક હોલનું વિલિનીકરણ

- લેસર ઈન્ટરફેરોમીટર ગ્રેવિટેશનલ વેવ ઓબ્ઝર્વેટરી (LIGO) દ્વારા પ્રથમ વખત અસમાન દળ ધરાવતા બે બ્લેક હોલના વિલિનીકરણને શોધી કાઢ્યું છે.
- GQ190412 તરીકે ઓળખાતી આ ઘટના 12 એપ્રિલ, 2019ના રોજ જોવા મળી હતી. જે LIGO દ્વારા જોવા મળેલી પ્રથમ ઘટના GW150914 પછી 5 વર્ષ દેખાઈ હતી.

### GW190412 વિશે

- તેમાં 8 અને 30 સૌર દળ (Solar Mass) ધરાવતા બે બ્લેક હોલના વિલિનીકરણનો સમાવેશ થાય છે.
- આ વિલિનીકરણ 2.5 બિલિયન પ્રકાશ વર્ષ દૂર થયું હતું.
- સૌર દળ એ આશરે $2 \times 10^{30}$ કિગ્રા જેટલા સૂર્યનો સમૂહ છે.
- તે ખગોળશાસ્ત્રમાં દળનો પ્રમાણભૂત એકમ છે.
- આ ઘટના મહત્ત્વપૂર્ણ એટલા માટે છે, કારણ કે આ પહેલા સરખુ દળ ધરાવતા બ્લેકહોલનું અવલોકન કરવામાં આવ્યું હતું.

### સરખુ દળ અને અલગ-અલગ દળ ધરાવતા બ્લેકહોલ વચ્ચેનો તફાવત

- સરખા દળ ધરાવતા બ્લેકહોલમાં ગુરુત્વાકર્ષણ તરંગોનું પ્રચંડ ઉત્સર્જન ભ્રમણ કક્ષાના આવર્તન (Orbital Frequency) કરતા બે ગણું થાય છે.
- અલગ–અલગ દળ ધરાવતા બ્લેકહોલમાં ઉત્સર્જન ભ્રમણકક્ષાના આવર્તન કરતા ત્રણ ગણું થાય છે.

### Back to Basics : બ્લેકહોલ અને LIGO વિશે

■ **બ્લેક હોલ વિશે**

- બ્લેક હોલ એવું ક્ષેત્ર છે જ્યાં ગુરુત્વાકર્ષણ એટલું પ્રબળ હોય છે કે પ્રકાશ પણ બહાર નીકળી શકે નહીં.
- જ્યારે બે બ્લેક હોલ એકબીજાને ભ્રમણ કરે છે અને તેનું વિલય થાય છે ત્યારે ગુરુત્વાકર્ષણ તરંગો ઉત્પન્ન થાય છે.

■ **LIGO વિશે**

- તે ગુરુત્વાકર્ષણ તરંગોનું અવલોકન કરતી એક વેધશાળા છે.
- તેમનો ઉદ્દેશ ગુરુત્વાકર્ષણ તરંગોને શોધવાનો છે.
- LIGO અંતર્ગત બે અલગ ઈન્ટરફેરોમીટર ગોઠવવામાં આવ્યા છે જેના દ્વારા ગુરુત્વાકર્ષણ તરંગોને શોધવામાં આવે છે.

# 5. યોજના / પોર્ટલ / રિપોર્ટ

## સ્ટેટ ઓફ ધ વર્લ્ડ નર્સિંગ રિપોર્ટ

- વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન, આંતરરાષ્ટ્રીય નર્સ પરિષદ અને 'નર્સિંગ નાઉ કૅંપેન' દ્વારા 'સ્ટેટ ઓફ ધ વર્લ્ડ નર્સિંગ રિપોર્ટ' જાહેર કરવામાં આવ્યો છે.

### રિપોર્ટ સંબંધિત મુખ્ય તથ્યો

- સ્વાસ્થ્ય ક્ષેત્રમાં નર્સોની ભૂમિકા મહત્ત્વની છે. સ્વાસ્થ્ય ક્ષેત્રમાં કામ કરનાર લોકોમાં નર્સોની ભાગીદારી 59%થી વધારે છે.
- જાહેર કરવામાં આવેલ રિપોર્ટમાં માનસિક સ્વાસ્થ્ય, કટોકટીની તૈયારી, સ્વાસ્થ્ય અને દેખભાળ વગેરેના સંદર્ભમાં નર્સ દ્વારા આપવામાં આવેલ યોગદાનને વર્ણવવામાં આવ્યું છે.
- રિપોર્ટ મુજબ વર્તમાનમાં વૈશ્વિક સ્તરે પ્રતિ હજાર લોકો પર 36.9 નર્સોનું પ્રમાણ છે.
- આફ્રિકા ખંડની સરખામણી એ અમેરિકા ખંડમાં નર્સોની સંખ્યા 10 ગણી છે.
- રિપોર્ટ અનુસાર વર્તમાનમાં વૈશ્વિક સ્તરે નર્સોની સૌથી ઓછી સંખ્યાએ દક્ષિણ–પૂર્વી એશિયા ક્ષેત્રના દેશોમાં છે.

### ભારતમાં નર્સોની સ્થિતિ

- વર્ષ 2018ના આંકડાઓ અનુસાર ભારતમાં નર્સોની સંખ્યા 15.6 લાખ અને સહાયક નર્સોની સંખ્યા 7.72 લાખ હતી.
- ભારતના સ્વાસ્થ્ય ક્ષેત્રમાં કામ કરતા લોકોમાં સૌથી વધુ હિસ્સો નર્સોનો છે.
- આ ઉપરાંત સ્વાસ્થ્ય ક્ષેત્રમાં મહિલા નર્સોની ભાગીદારી 88% છે જ્યારે વૈશ્વિક સ્તરે આ પ્રમાણ 90% છે.

### નર્સ સંબંધિત અન્ય માહિતી

- સ્વાસ્થ્ય ક્ષેત્રમાં દર્દીઓની સારવાર કરવામાં, ચેપને રોકવામાં અને નિયંત્રિત કરવામાં નર્સની ભૂમિકા સૌથી અગત્યની હોય છે.
- COVID-19થી લડવા ચીન અને અન્ય ક્ષેત્રોમાં 28000થી વધુ નર્સોએ હુબઈ પ્રાંતમાં જઈને પોતાની સેવા આપી હતી.
- પાછલા અમુક વર્ષોમાં નર્સોને પોતાના કામના સ્થળ પર બીમારીઓનો ચેપ, ઓછું વેતન, લાંબા કલાકો સુધી કામ, ભેદભાવ જેવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે.
- જો કે આ સમસ્યાના સમાધાન માટે નીચે મુજબના પગલાઓ લઈ શકાય છે :

1. સરકારે દેશના વિભિન્ન ભાગોમાં નર્સિંગ સંબંધિત શિક્ષણ અને પ્રશિક્ષણ કાર્યક્રમોમાં થતા રોકાણમાં વધારો કરવો જોઈએ.
2. જાહેર અને ખાનગી ક્ષેત્રોમાં કાર્યરત નર્સો માટે રાષ્ટ્રીય માપદંડોના આધારે વેતન આપવાની વ્યવસ્થા કરવી જરૂરી છે.
3. સેવાના સમયે નર્સોના પ્રશિક્ષણ અને સમસ્યાના સમાધાન માટે વિશેષ તંત્રની વ્યવસ્થા કરવી જરૂરી છે.

## દક્ષિણ એશિયા આર્થિક ફોકસ (South Asia Economic Focus)

- વિશ્વ બૅંકના 'દક્ષિણ એશિયા આર્થિક ફોકસ' આર્થિક સુધારા મુજબ, નાણાકીય વર્ષ 2021માં ભારતનો વિકાસ દર COVID-19ના રોગચાળાને કારણે 1991માં ઉદારીકરણ પછી સૌથી ખરાબ રહેવાની સંભાવના છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## દક્ષિણ એશિયા આર્થિક ફોકસની અન્ય બાબતો

- વિશ્વ બેંક અનુસાર, દક્ષિણ એશિયા ક્ષેત્રના 8 દેશોની આર્થિક વૃદ્ધિ દર વર્ષ 2020-21માં 1.5%-2.8% રહેવાનો અંદાજ છે. આ 6 મહિના પહેલા 6.3% રહેવાનો અંદાજ હતો.
- નાણાકીય વર્ષ 2021માં ભારતની અર્થવ્યવસ્થાનો વિકાસ દર 1.5%થી વધી 2.8% થવાનો અંદાજ છે. આ ઉપરાંત નાણાકીય વર્ષ 2019-20માં ભારતનો વિકાસ દર 4.8%-5% રહેવાનો અંદાજ છે.

## અન્ય એજન્સી મુજબ ભારતના વિકાસદરનો અંદાજ

| એજન્સી | વિકાસદર અંગે અંદાજ |
|---|---|
| એશિયન ડેવલપમેન્ટ બેંક | ચાલુ નાણાકીય વર્ષમાં આર્થિક વૃદ્ધિમાં 4%ના ઘટાડાનો અંદાજ |
| સ્ટેંડર્ડ એન્ડ પુઅર્સ | 5.2%થી ઘટાડી 3.5% |
| ફિચ રેટિંગ | 2% વિકાસદરનો અંદાજ |
| ઈન્ડિયા રેટિંગ એન્ડ રિસર્ચ | વિકાસદર 5.5%થી ઘટાડી 3.6% |
| મૂડીસ (Moody's) | કેલેંડર વર્ષ 2020 માટે અંદાજ 5.3%થી ઘટાડી 2.5% |

## દક્ષિણ એશિયા આર્થિક ફોકસ વિશે

- તે એક અર્ધવાર્ષિક આર્થિક અપડેટ છે જે દક્ષિણ એશિયામાં તાજેતરના આર્થિક વિકાસ અને નજીકના ભાવિ આર્થિક દષ્ટિકોણને પ્રસ્તુત કરે છે.
- તેના અંતર્ગત દક્ષિણ એશિયાના 8 દેશો – અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભૂતાન, ભારત, માલદીવ, નેપાળ, પાકિસ્તાન અને શ્રીલંકાને આવરી લેવામાં આવે છે.
- આ આર્થિક સુધારામાં દક્ષિણ એશિયાના દેશોની આર્થિક સ્થિરતા, વિકાસ અને સમૃદ્ધિનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ પ્રસ્તુત કરવામાં આવે છે.

# યુક્તિ પોર્ટલ

- કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલય (MHRD) દ્વારા જ્ઞાન, ટેકનોલોજી અને નવીનતા સાથે COVID-19 સામે લડવા યુક્તિ વેબ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે.
- યુક્તિ (YUKTI)નું પૂરું નામ 'Young India Combating Covid-19 with Knowledge, Technology and Innovation' છે.
- પોર્ટલના માધ્યમથી ભારત સરકારનો પ્રાથમિક ઉદ્દેશ શારીરિક અને માનસિક બંને રીતે દેશના શૈક્ષણિક સમુદાયને સ્વસ્થ રાખવાનો અને વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ ગુણવત્તા ધરાવતા શિક્ષણ વાતાવરણને નિર્મિત કરવાનો છે.

## યુક્તિ પોર્ટલની અન્ય માહિતી

- પોર્ટલ ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના પ્રયાસો અને પહેલોનું નિરીક્ષણ અને રેકોર્ડ કરવા માટેનું એક પોર્ટલ કે ડેશબોર્ડ છે.
- પોર્ટલ COVID-19ના પડકારોને વ્યાપક રીતે કવર કરશે.
- પોર્ટલ માનવ સંસાધન મંત્રાલય અને દેશની વિભિન્ન સંસ્થાઓ વચ્ચે બે–તરફી સંચાર ચેનલ પણ સ્થાપિત કરશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ભારત પઢે ઓનલાઈન અભિયાન

- માનવ સંસાધન મંત્રાલયે એક અઠવાડિયાનું અભિયાન શરૂ કર્યું છે. જેનું નામ 'ભારત પઢે ઓનલાઈન' છે.
- આ અભિયાનનો ઉદ્દેશ ભારતમાં ઓનલાઈન શિક્ષામાં સુધાર કરવાનો છે.
- આ ઉપરાંત દેશના વિશેષજ્ઞોને પોતાનું જ્ઞાન અને ઓનલાઈન શિક્ષા સંબંધી સમસ્યાનું સમાધાન કરવા આમંત્રિત કરવામાં આવશે.

### ઈ-લર્નિંગ માટે સરકારના અન્ય પ્રયત્નો

■ **ELIS પોર્ટલ**

- સ્કિલ વધારવાનો કોર્સ છે.
- AICTE દ્વારા પોર્ટલની શરૂઆત કરવામાં આવી હતી.
- મશીન લર્નિંગ, પ્રોગ્રામિંગ, ડિજિટલ માર્કેટિંગ જેવા અનેક કોર્સનો સમાવેશ થાય છે.

■ **SWAYAM**

- ધોરણ 9થી પોસ્ટ ગ્રેજ્યુએશન સુધીના વિદ્યાર્થીઓ માટે છે.
- તેમાં આર્કિટેક્ચર, આટ્ર્સ, લો, ગણિત, વિજ્ઞાન વગેરેના કોર્સ છે.
- કોર્સને 4 ભાગમાં વહેંચવામાં આવે છે.
  1. વિડિયો લેક્ચર
  2. રીડિંગ મટિરિયલ
  3. સેલ્ફ એસેસમેન્ટ ટેસ્ટ
  4. ઓનલાઈન ડિસ્કશન ફોરમ
- 'સ્વયં' સર્ટિફિકેટ માટે રજિસ્ટ્રેશન કરાવવું પડે છે.

■ **DIKSHA**

- શિક્ષકો અને 1-12 ધોરણના વિદ્યાર્થીઓ માટે છે.
- પોર્ટલ પર શિક્ષકો અને વિદ્યાર્થી માટે શિક્ષણ સામગ્રી છે.
- ધોરણ 12 માટે 80 હજારથી વધુ ઈ–બુક્સ છે.
- પુસ્તકો 8 ભાષામાં ઉપલબ્ધ છે.
- પુસ્તકો CBSE, NCERT અને રાજ્ય શિક્ષણ બોર્ડે તૈયાર કરેલા છે.

■ **NROER**

- સ્કૂલ-કોલેજથી નોકરિયાત વર્ગ માટે છે.
- નેશનલ રિપોઝિટરી ઓફ ઓપન એજ્યુકેશનલ રિસોર્સિસ (NROER) અંતર્ગત ઈ-લાયબ્રેરી, ઈ-બુક્સ અને ઈ-કોર્સિસની રિપોઝિટરી તૈયાર કરાયેલ છે.

## COVID-19 નિયંત્રણ માટે ડેટા પૂલ

- કેન્દ્ર સરકારે રાજ્ય, જિલ્લા અને નગરપાલિકાના પાયાના સ્તરે વહીવટીતંત્રને ઉપયોગમાં લઈ શકાય તે માટે https://covidwarriors.gov.in પર આયુષ તબીબો સહિત તમામ તબીબો, નર્સો અને અન્ય સ્વાસ્થ્ય સેવા પ્રોફેશનલ્સ અને સ્વયંસેવકોનો ડેટા તૈયાર કર્યો છે.
- આ માહિતી એક ડેશબોર્ડ પર અપલોડ કરવામાં આવશે.
- રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને સ્થાનિક એકમોને માનવ સંસાધન માટે ઓનલાઈન પ્લેટફોર્મનો ઉપયોગ કરવાનો અનુરોધ કરવામાં આવ્યો છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## મુખ્યમંત્રી COVID-19 યોદ્ધા કલ્યાણ યોજના

➤ તાજેતરમાં મધ્યપ્રદેશ સરકારે મુખ્યમંત્રી COVID-19 યોદ્ધા કલ્યાણ યોજના લોન્ચ કરી છે.

➤ આ યોજના અંતર્ગત 1 લાખ આંગણવાડી કાર્યકર્તાઓ અને સહાયિકોને લાભ પ્રાપ્ત થશે.

### યોજનાની મુખ્ય બાબત

➤ યોજના અનુસાર, જો કોરોના વાયરસથી લડતા કોઈપણ કર્મચારીનું મૃત્યુ થાય છે તો તેના પરિવારજનોને રૂ. 50 લાખની સહાય કરવામાં આવશે.

➤ આ યોજના 30 માર્ચથી 30 જૂનના સમયગાળા સુધી લાગુ રહેશે.

➤ યોજના અંતર્ગત પ્રદેશના રાજસ્વ વિભાગને નોડેલ વિભાગ બનાવવામાં આવ્યું છે.

### યોજના અંતર્ગત કોનો સમાવેશ થાય છે ?

➤ આ યોજના અંતર્ગત લોક સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય વિભાગ, ચિકિત્સા શિક્ષા અને આયુષ વિભાગના બધા સફાઈ કર્મચારી, વોર્ડબોય, આશા કાર્યકર્તા, પેરામેડિકલ સ્ટાફ, ડોક્ટર, વિશેષજ્ઞો, સ્વાસ્થ્ય કાર્યકર્તાઓ, નગર પ્રશાસનના સફાઈ કર્મચારીઓ વગેરેનો સમાવેશ થાય છે.

## કોવિડ ઈન્ડિયા સેવા પ્લેટફોર્મ

➤ કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા 'કોવિડ ઈન્ડિયા સેવા પ્લેટફોર્મ' નામનું એક ઈન્ટરએક્ટિવ પ્લેટફોર્મ શરૂ કરવામાં આવ્યું છે.

### પ્લેટફોર્મનો ઉદ્દેશ

➤ મહામારીના સમયમાં લાખો ભારતીયો સાથે સીધા સંપર્ક અને સંદેશાવ્યવહારની આ પ્રત્યક્ષ ચેનલ છે.

➤ કટોકટીના સમયમાં ઝડપથી તેમજ મોટી સંખ્યામાં લોકોના પ્રશ્નોના જવાબ આપવામાં પારદર્શક ઈ–શાસન સ્થાપવાના ઉદ્દેશથી આ પ્લેટફોર્મ શરૂ કરવામાં આવ્યું છે.

➤ લોકો @CovidIndiaSeva પર પોતાના પ્રશ્નો મૂકી શકે છે અને લગભગ વાસ્તવિક સમયમાં તેમને પ્રતિભાવ આપવામાં આવશે.

### પ્લેટફોર્મ કેવી રીતે કાર્ય કરશે ?

➤ @CovidIndiaSeva એક ડેશબોર્ડ તરીકે કામ કરે છે.

➤ તેમાં બેકએન્ડમાં મોટી સંખ્યામાં ટ્વીટની પ્રક્રિયા કરવામાં આવશે.

➤ તેને ઉકેલી શકાય તેવી ટ્વીટમાં રૂપાંતરિત કરી શકાય છે અને વાસ્તવિક સમયમાં જ ઉકેલ લાવવા સંબંધિત સત્તાધીશોને ફાળવી શકાય છે.

## ઈ-રક્તકોષ પોર્ટલ

➤ COVID-19ની સ્થિતિને ધ્યાનમાં રાખીને રક્ત સમૂહના વર્તમાન ભંડારની રિયલ ટાઈમ સ્થિતિની દેખરેખ માટે ઓનલાઈન પોર્ટલ 'ઈ–રક્તકોષ'નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

➤ સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી દ્વારા બ્લડ બેંકમાં રક્તની પર્યાપ્ત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા બધા રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના સ્વાસ્થ્ય વિભાગોને પત્ર લખવામાં આવ્યો છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ઈ-રક્તકોષ પોર્ટલ વિશે

- આ પોર્ટલની શરૂઆત 2016માં કરવામાં આવી હતી.
- આ એક એકીકૃત બ્લડ બેંક સંચાલન સૂચના પ્રણાલી છે. જેમાં બધા હિતધારકો સાથે વિકસિત કરવામાં આવેલ છે. આ વેબ આધારિત તંત્ર રાજ્યની બધી બ્લડ બેંકોના નેટવર્ક સાથે એકીકૃત કરવામાં આવેલ છે.
- એપ્લિકેશન મોબાઈલ પર નજીકના બ્લડ બેંકની જાણકારી પણ આપે છે અને કોઈ ક્ષેત્રમાં વિશેષ રક્ત સમૂહની ઉપલબ્ધતા વિશે પણ જાણકારી આપે છે.

## સંયમ એપ્લિકેશન

- પૂના મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 'સ્માર્ટ સિટી મિશન' અંતર્ગત સંયમ નામની મોબાઈલ એપ્લિકેશનનો વિકાસ કરવામાં આવ્યો છે.
- આ એપ્લિકેશનનો ઉપયોગ 'હોમ કોરેન્ટાઈન' નાગરિકોને ટ્રેક કરવા અને તે લોકો વાસ્તવિક રીતે ઘરમાં રહે છે કે નહીં તેની દેખરેખ રાખવા કરવામાં આવશે.
- મોબાઈલ એપ્લિકેશનમાં GPS ટ્રેકિંગ સુવિધા હોવાથી જ્યારે પણ કોરેન્ટાઈન વ્યક્તિ ઘર છોડે છે ત્યારે એપ્લિકેશન શહેરના પ્રશાસનને સતર્ક કરશે.
- આમ રિયલ ટાઈમના આધારે નાગરિકોની અવરજવરનું નિરીક્ષણ કરવામાં આવશે અને અવરજવરને લાલ, પીળો અને લીલા રંગમાં નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે.
- **લાલ રંગ :** જો વ્યક્તિ લાંબા સમય માટે બહાર જાય છે.
- **પીળો રંગ :** વ્યક્તિ સીમિત ક્ષેત્રમાં સીમિત સમય માટે બહાર જાય છે.
- **લીલો રંગ :** વ્યક્તિ ઘરની સીમા સુધી જ સીમિત હોય છે.

## વિશ્વ પ્રેસ સ્વતંત્રતા સૂચકાંક

- તાજેતરમાં વિશ્વ પ્રેસ સ્વતંત્રતા સૂચકાંક લોન્ચ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2020ના સૂચકાંકમાં 180 દેશોમાંથી ભારતનું સ્થાન 142મું રહ્યું હતું.
- આ સૂચકાંક મુજબ ભારતમાં વર્ષ 2018ની સરખામણીએ 2019માં પત્રકારોની હત્યા ન થવાથી દેશમાં સુરક્ષાની સ્થિતિમાં સુધાર થયો છે. વર્ષ 2018માં 6 પત્રકારોની હત્યા થઈ હતી.

**વિશ્વ પ્રેસ સ્વતંત્રતા સૂચકાંક, 2020માં અન્ય દેશોનું પ્રદર્શન**

| દેશ | સૂચકાંકમાં ક્રમ |
|---|---|
| નોર્વે | 1 |
| ફિનલેન્ડ | 2 |
| પાકિસ્તાન | 145 |
| બાંગ્લાદેશ | 151 |
| ચીન | 177 |
| ઉત્તર કોરિયા | 180 |

### વિશ્વ પ્રેસ સ્વતંત્રતા સૂચકાંક વિશે

- આ સૂચકાંક 'રિપોટર્સ વિધાઉટ બોર્ડર' પેરિસ (ફ્રાન્સ) આધારીત બિન–નફાકારી સંગઠન દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે.
- સૂચકાંકમાં લગભગ 180 દેશોને ક્રમ આપવામાં આવે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- વર્ષ 2002થી વાર્ષિક રીતે આ સૂચકાંક પ્રકાશિત કરવામાં આવે છે.
- તેના અંતર્ગત પ્રેસની સ્વતંત્રતા, કાનૂની માળખું, પત્રકારોની સલામતી વગેરેના માળખાનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

## ખાદ્ય સંકટ પર વાર્ષિક અહેવાલ

- સંયુક્ત રાષ્ટ્રના વિશ્વ ખાદ્ય કાર્યક્રમ (World Food Programme) દ્વારા તાજેતરમાં ખાદ્ય સંકટ (Food Crisis) પર ચોથો વાર્ષિક અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો હતો.
- અહેવાલ મુજબ ખાદ્ય સંકટમાં 10% વધારો થયો છે.

### અહેવાલની મુખ્ય બાબતો

- અહેવાલ મુજબ, વર્ષ 2020માં 265 મિલિયન લોકો એ ખાદ્ય સંકટથી પસાર થઈ રહ્યા છે. વર્ષ 2019થી આ સંખ્યામાં વધારો થયો છે. વર્ષ 2019માં 135 મિલિયન લોકો ખાદ્ય સંકટનો સામનો કરી રહ્યા હતા.
- ખાદ્ય સંકટમાં વધારો થવાનું મુખ્ય કારણ એ COVID-19 મહામારી છે.
- COVID-19 મહામારીને કારણે જ 130 મિલિયન લોકોમાં વધારો થયો છે.

### સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ ખાદ્ય કાર્યક્રમ વિશે

- આ કાર્યક્રમ એ સંકટના સમયમાં અન્ન પહોંચાડવા, પોષણ સુધારવા, લોકોના જીવનને બચાવવા જેવા ક્ષેત્રોમાં મુખ્યત્વે રીતે કામ કરે છે.
- આ કાર્યક્રમ 1963માં સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા 'ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન' (FAO) દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો.

## વિદ્યાદાન 2.0

- 22 એપ્રિલ, 2020ના રોજ કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રીએ નવી દિલ્હીમાં ઈ–લર્નિંગ સામગ્રી યોગદાન માટે વિદ્યાદાન 2.0નો પ્રારંભ કર્યો હતો.
- દેશના લાખો વિદ્યાર્થીઓને શીખવામાં મદદ કરવા આ શિક્ષણ સામગ્રીને 'દીક્ષા એપ' (DIKSHA APP)ના માધ્યમથી ઉપયોગ કરવામાં આવશે.

### વિદ્યાદાનની મુખ્ય બાબતો

- વિદ્યાદાન ઈ–લર્નિંગ સામગ્રીને વિકસિત કરવા તથા યોગદાન કરવા હેતુ રાષ્ટ્રીય સ્તર પર માન્યતા પ્રાપ્ત કરવાનો એક રાષ્ટ્રીય કાર્યક્રમ છે.
- તેના દ્વારા ગુણવત્તાપૂર્ણ શિક્ષાની સતતતા સુનિશ્ચિત કરીને શાળા અને ઉચ્ચ શિક્ષણ માટે ઈ–લર્નિંગ સંસાધનોનો વિકાસ થઈ શકે છે.
- વિદ્યાદાનમાં એક કન્ટેન્ટ કન્ટ્રીબ્યુશન ટુલ હોય છે જે કોઈ પણ ધોરણ માટે (ધો. 1-12) રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશ દ્વારા કોઈપણ વિષય માટે (જેમ કે વિડીયો, પ્રસ્તુતિઓ, ક્વિઝ વગેરે) નોંધણી કરવા અને યોગદાન આપવા માળખાગત ઈન્ટરફેસ પ્રદાન કરે છે.

## કોમોડિટી માર્કેટ આઉટલુક

- વિશ્વ બેંક દ્વારા પ્રકાશિત થતા કોમોડિટી માર્કેટ આઉટલુક અહેવાલ મુજબ COVID-19ના લીધે વર્ષ 2020માં મોટા ભાગની કોમોડિટી (ચીજવસ્તુઓ)ની કિંમતો નીચી રહેવાનો અનુમાન છે.

- આઉટલુક મુજબ હાલના સમયમાં ચીજવસ્તુની કિંમતો ઘણી અનિશ્ચિત બની છે અને મહામારીની ગંભીરતા અને તેના સમયકાળ પર નિર્ભર રહેશે.

### અહેવાલની મુખ્ય બાબતો

- મહામારીના કારણે ઊર્જા અને ધાતુની કિંમતો મહત્તમ રીતે પ્રભાવિત થઈ છે અને તેનું મુખ્ય કારણ આર્થિક પ્રવૃત્તિઓ પર લાગેલ પ્રતિબંધ છે.
- તેલ (Oil) સહિત પરિવહન સાથે સંકળાયેલ ચીજ વસ્તુઓમાં પણ તીવ્ર ઘટાડો નોંધવામાં આવ્યો છે.
- કૃષિ ઉત્પાદનોની કિંમતો પર વધુ અસર જોવા મળી નથી અને 2020માં તેની કિંમતો સ્થિર રહેશે. જેનું મુખ્ય કારણ ઉત્પાદનમાં થયેલ વધારો અને માંગમાં જોવા મળેલી સ્થિરતા છે.
- જો કે કૃષિ ક્ષેત્રે સપ્લાય ચેઈનમાં વિક્ષેપ, નિકાસ પ્રતિબંધ અથવા પેદાશોના જથ્થાનો સંગ્રહ વગેરેએ ખાદ્ય અસુરક્ષા ઊભી કરી છે.
- વૈશ્વિક સ્તરે પરિવહન માટે 2/3 તેલનો ઉપયોગ કરવામાં આવે છે. મહામારીની લીધે પરિવહન બંધ છે જેની સૌથી અસર કાચા તેલ (Crude Oil)ની કિંમતો પર પડી છે અને 2020માં તેની માંગ 10% ઘટવાનો અંદાજ છે.
- મહામારીને કારણે ઔદ્યોગિક માંગમાં થતા ઘટાડાની અસર ધાતુની કિંમતો પર પડી છે. વર્ષ 2020માં ધાતુની કિંમતોમાં 13% ઘટાડો થવાનો અંદાજ છે.
- આઉટલુક મુજબ મુખ્ય ખાદ્ય વસ્તુઓની કિંમતોમાં જાન્યુઆરી મહિનામાં લગભગ 9% ઘટાડો જોવા મળ્યો છે.
- અન્ય અવલોકનો મુજબ, ગ્રાહકોની વર્તણૂક બદલાય રહી છે. તેઓ દૂરથી કામ કરવાનું, ઓછી મુસાફરી કરવાનું પસંદ કરી શકે છે. તેનાથી કાયમી ધોરણે તેલની કિંમતોમાં ઘટાડો થઈ શકે છે.
- પ્રતિબંધોના કારણે પ્રદૂષણમાં થયેલ ઘટાડો એ ભવિષ્યમાં સ્વચ્છ પરિવહન અને ઓછું ઉત્સર્જન કરતા ઈંધણના ઉપયોગ માટે લોકોને પ્રભાવિત કરી શકે છે.

### Back to Basics : કોમોડિટી માર્કેટ આઉટલુક વિશે

- વિશ્વ બેંક દ્વારા 'કોમોડિટી માર્કેટ આઉટલુક' એ વર્ષમાં બે વખત (એપ્રિલ અને ઓક્ટોબર મહિનામાં) પ્રકાશિત કરવામાં આવે છે.
- આ અહેવાલમાં વિશ્વ બેંક દ્વારા ઊર્જા, કૃષિ, ખાતર, ધાતુ અને અન્ય મુખ્ય કોમોડિટી માટે વિસ્તૃત બજારનું વિશ્લેષણ આપવામાં આવે છે.

## ઈ-ગ્રામ સ્વરાજ પોર્ટલ અને સ્વામિત્વ યોજના

- તાજેતરમાં 24 એપ્રિલના પંચાયતી રાજના દિવસે પ્રધાનમંત્રી દ્વારા ઈ–ગ્રામ સ્વરાજ પોર્ટલ અને સ્વામિત્વ યોજના લોન્ચ કરવામાં આવી હતી.

### ઈ-ગ્રામ સ્વરાજ પોર્ટલ વિશે

- ઈ–ગ્રામ સ્વરાજ પોર્ટલ એકીકૃત પોર્ટલ અને મોબાઈલ એપ છે.
- આ પોર્ટલ ભારત સરકારના પંચાયતી રાજ મંત્રાલયની એક નવી પહેલ છે જે બધી ગ્રામ પંચાયતોને ગ્રામ પંચાયત વિકાસ યોજનાઓ તૈયાર કરવા અને અમલી કરવા એક ઈન્ટરફેસ આપવાની સાથે રિયલ ટાઈમ દેખરેખ અને જવાબદારી સુનિશ્ચિત કરે છે.

### સ્વામિત્વ યોજના વિશે

- આ યોજના પંચાયતી રાજ મંત્રાલય, રાજ્ય પંચાયતી રાજ વિભાગ, રાજ્ય મહેસૂલ વિભાગ અને ભારતીય સર્વેક્ષણ વિભાગના સહયોગથી ડ્રોન ટેકનોલોજી દ્વારા નવીનતમ સર્વેક્ષણ પદ્ધતિના ઉપયોગથી ગ્રામીણ ક્ષેત્રમાં રહેણાંક જમીનોના સીમાંકન માટે સંપત્તિ ચકાસણી માટેનું સમાધાન આપશે.

### પંચાયતી રાજ દિવસ વિશે

- 24 એપ્રિલના રોજ 73મા બંધારણીય સુધારા અધિનિયમને લાગુ કરવાની યાદમાં પંચાયતી રાજ દિવસ મનાવવામાં આવે છે.
- પંચાયતી રાજ દિવસની શરૂઆત વર્ષ 2010માં કરવામાં આવી હતી.
- પંચાયતી રાજ મંત્રાલય સેવાઓ અને જાહેર વસ્તુના વિતરણમાં સુધાર માટે અને સારું પ્રદર્શન કરનાર પંચાયતોને પુરસ્કાર આપવામાં આવે છે.
- તેના અંતર્ગત (1) નાનાજી દેશમુખ ગૌરવ ગ્રામ સભા પુરસ્કાર (2) બાલ સુલભ ગ્રામ પંચાયત પુરસ્કાર અને (3) ગ્રામ પંચાયત વિકાસ યોજના પુરસ્કાર આપવામાં આવે છે.

## આધાર સીડિંગની સમય મર્યાદામાં છૂટ

- કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા પ્રધાનમંત્રી કિસાન સમ્માનનિધિયોજના(PM-KISAN)અંતર્ગત અસમ અને મેઘાલય રાજ્યો તથા જમ્મુ–કશ્મીર અને લદાખ કેન્દ્રશાસિત પ્રદેશના લાભાર્થીઓને આધાર સીડિંગની કરવાની મર્યાદા 31 માર્ચ, 2021 સુધી લંબાવી છે.

### આધાર સીડિંગ અને તેનો ઉપયોગ

- આધાર સીડિંગ અંતર્ગત કોઈ યોજનાના લાભાર્થીનો આધાર નંબર એ સેવા વિતરણ કરવા માટેના આધાર ડેટાબેઝ સાથે જોડવામાં આવે છે અને તે ડેટાબેઝના આધારે લાભાર્થીઓને યોજનાના લાભ આપવામાં આવે છે.
- આમ આધાર સીડિંગ દ્વારા યોજના માટેના લાભાર્થીઓની ઓળખ કરવામાં સરળતા રહે છે.
- PM-KISAN યોજનાના નિયમ મુજબ ખેડૂતોને આપવામાં આવતી લાભની રકમ ફક્ત PM-KISAN પોર્ટલ પર રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશની સરકારો દ્વારા અપલોડ કરવામાં આવેલા આધાર સિડેડ ડેટાના આધારે આપવામાં આવે છે.
- અસમ અને મેઘાલય તથા જમ્મુ–કશ્મીર અને લદાખમાં હજુ આધાર ડેટાબેઝ ઓછો છે. આથી કોઈ લાભાર્થી બાકી ન રહે તેના માટે સમય મર્યાદા 31 માર્ચ, 2020થી 31 માર્ચ, 2021 સુધીની કરવામાં આવેલ છે.

### Back to Basics : PM-KISAN યોજના વિશે

- ખેડૂતોને કૃષિ આધારિત ખરીદી માટે આવક પ્રોત્સાહનના આધારે યોજનાની શરૂઆત કરવામાં આવી હતી.
- યોજના અંતર્ગત ખેડૂતોને વાર્ષિક રૂ. 6000 એ રૂ. 2000ના ત્રણ હપ્તા દ્વારા આપવામાં આવે છે. આ રકમ સીધી ખેડૂતોના ખાતામાં જમા કરવામાં આવે છે.
- યોજનાની શરૂઆત લઘુ અને સીમાંત ખેડૂતો (2 હેક્ટરથી ઓછી જમીન ધરાવતા) માટે કરવામાં આવી હતી.
- ત્યારબાદ લઘુ અને સીમાંત ખેડૂતો સુધી યોજના સીમિત ન રાખતા આ યોજના બધા જ ખેડૂતો માટે લાગુ કરી દેવામાં આવી છે.

## PRACRITI ડેશબોર્ડ

- IIT દિલ્હીના સંશોધનકારો દ્વારા ઈન્ટરનેટ આધારિત ડેશબોર્ડ બનાવવામાં આવ્યું છે જે COVID-19ના કેસના ફેલાવા સંબંધિત અનુમાન લગાવી શકશે.
- આ ડેશબોર્ડનું નામ PRACRITI અર્થાત્ 'Prediction and Assessment of Corona Infection and Transmission in India' છે.

### PEACRITI ડેશબોર્ડ વિશે

- ડેશબોર્ડ અંતર્ગત જિલ્લા અને રાજ્ય આધારિત વિગતવાર અનુમાન આપવામાં આવશે.
- ડેશબોર્ડ એ પુનરુત્પતિ નંબર 'R naught' (RO) આપશે.
- RO નંબર દર્શાવે છે કે એક વ્યક્તિમાંથી કેટલા લોકોમાં વાયરસનો ફેલાવો થાય છે.
- ડેશબોર્ડ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સંસ્થા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અને વિશ્વ આરોગ્ય સંગઠનના ઉપલબ્ધ ડેટાના આધારે જિલ્લા અને રાજ્ય આધારિત માહિતી આપશે.
- આમ RO નંબરના આધારે વાયરસના ફેલાવા વિશે અનુમાન લગાવી શકાશે.

## લશ્કરી ખર્ચ પર SIPRIનો અહેવાલ

- 27 એપ્રિલ, 2020ના રોજ 'સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ' (SIPRI) દ્વારા વિશ્વના દેશોનો લશ્કરી ખર્ચ પરનો અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

### લશ્કર પર ખર્ચ કરતા વિશ્વના દેશો

- અહેવાલ મુજબ, USA, ચીન અને ભારત એ 2019માં લશ્કર પર ખર્ચ કરનાર ટોચના ત્રણ દેશો છે.
- ત્યારબાદ ચોથા અને પાંચમા ક્રમે રશિયા અને સાઉદી અરેબિયા છે.
- ટોચના પાંચ દેશો વિશ્વના લશ્કરી ખર્ચનો 62% ખર્ચ કરે છે.
- પ્રથમ વખત એશિયાના બે દેશો (ચીન અને ભારત) ટોચના સ્થાને રહ્યા હતા.

**લશ્કર પર ખર્ચ કરતા ટોચના 5 દેશો**

| દેશ | ક્રમ |
|---|---|
| USA | 1 |
| ચીન | 2 |
| ભારત | 3 |
| રશિયા | 4 |
| સાઉદી અરેબિયા | 5 |

### વૈશ્વિક લશ્કરી ખર્ચ

- વૈશ્વિક સ્તરે વર્ષ 2018ની સરખામણીએ 2019માં લશ્કર પરનો ખર્ચ 3.6% વધ્યો છે.
- વર્ષ 2019નો વૈશ્વિક ખર્ચ 2 ટ્રિલિયન ડોલર હતો. વર્ષ 2008ની મંદી પછીનો સૌથી વધુ ખર્ચ 2019માં થયો હતો.
- વર્ષ 2019માં USA દ્વારા 732 બિલિયન ડોલરનો લશ્કરી ખર્ચ થયો હતો. જે વર્ષ 2018 કરતા 5.3% વધારે છે.

### ભારત સંબંધિત મુખ્ય બાબત

- વર્ષ 2019માં ભારતનો લશ્કર પરનો ખર્ચ એ કશ્મીર મુદ્દે પાકિસ્તાન સાથે ચાલતા સંઘર્ષને લીધે વધ્યો હતો.
- વર્ષ 2019માં ભારતે લશ્કર પર 71.1 બિલિયન ડોલરનો ખર્ચ કર્યો હતો જે વર્ષ 2018 કરતા 6.8% વધારે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## વિસ્થાપિત લોકોની સંખ્યામાં વધારો

- તાજેતરમાં 'આંતરિક વિસ્થાપન પરનો આંતરરાષ્ટ્રીય અહેવાલ' (Global Report on Internal Displacement - GRID) 2020 રજૂ કરવામાં આવ્યો હતો.
- આ અહેવાલ 'આંતરિક વિસ્થાપન નીરિક્ષણ કેન્દ્ર' (Internal Displacement Monitoring Center - IDMC) જાહેર કરે છે.
- અહેવાલ મુજબ વર્ષ 2019માં ભારતમાં 5 મિલિયનથી વધુ લોકો વિસ્થાપિત થયા છે જે વિશ્વમાં સૌથી વધુ છે.

### વિસ્થાપિત લોકોની વૈશ્વિક સ્થિતિ

- વૈશ્વિક સ્તરે વિખવાદો અને આપદાને કારણે લગભગ 33.4 મિલિયન લોકો વિસ્થાપિતનો સામનો કરી રહ્યા છે. તે 145 દેશોમાં ફેલાયેલ છે.
- વિસ્થાપિત લોકોમાં 75% લોકો આપદાને લીધે વિસ્થાપિત થયેલ છે અને તેમાંથી પણ 95% લોકો પૂર અને વાવાઝોડા જેવા આપદાને લીધે વિસ્થાપિત થયા છે.
- ચીન, ભારત, બાંગ્લાદેશ અને ફિલીપિન્સમાં 4 મિલિયનથી વધુ લોકો વિસ્થાપિત થયા છે.

### વિસ્થાપિત લોકોની ભારતમાં સ્થિતિ

- ભારતમાં 2.6 મિલિયન લોકો દક્ષિણ પશ્ચિમ ચોમાસાને લીધે વિસ્થાપિત થયા છે.
- દેશના અંદર વિખવાદને લીધે પણ આશરે 19000 લોકો વિસ્થાપિત થયા છે અને તેઓ મુખ્યત્વે પશ્ચિમ બંગાળ અને ત્રિપુરા ક્ષેત્રમાં છે.

## સ્વામિત્વ યોજના

- કેન્દ્રીય પંચાયત રાજ મંત્રી દ્વારા 27 એપ્રિલ, 2020ના રોજ પંચાયતી રાજ મંત્રાલયની નવી 'સ્વામિત્ત્વ યોજના'ના દિશા–નિર્દેશો જાહેર કર્યા હતા.

### સ્વામિત્વ યોજનાનો ઉદ્દેશ

- તેનો ઉદ્દેશ ગ્રામીણ લોકોને પોતાની નિવાસી સંપત્તિના દસ્તાવેજનો અધિકાર આપવાનો છે જેથી પોતાની સંપત્તિનો ઉપયોગ આર્થિક ઉદ્દેશો માટે થઈ શકે.

### સ્વામિત્વ યોજનાની મુખ્ય બાબતો

- વર્તમાનમાં આ યોજના હરિયાણા, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડ એમ 6 રાજ્યોમાં પાયલટ પ્રોજેક્ટના રૂપમાં શરૂ કરવામાં આવશે.
- યોજના અંતર્ગત નવીનતમ સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરી ગ્રામીણ આવાસની ભૂમિનું મેપિંગ કરી શકાશે.
- યોજના પંચાયતી રાજ મંત્રાલય, રાજ્ય પંચાયતી રાજ મંત્રાલય, રાજ્ય મહેસૂલી વિભાગ અને ભારતીય સર્વેક્ષણ વિભાગના સહયોગથી ડ્રોન ટેકનોલોજી દ્વારા નવીન ટેકનોલોજીના ઉપયોગથી ગ્રામીણ ક્ષેત્રોમાં નિવાસી જમીનોના સમીકરણ માટે સંપત્તિની ચકાસણી માટે સમાધાન પૂરું પડશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# 6. પર્યાવરણ અને ભૌગોલિક ઘટનાઓ

## નવીનીકરણ ઊર્જા પ્રમાણપત્રો

- નવીનીકરણ ઊર્જા પ્રમાણપત્રોનું વેચાણ માર્ચ મહિનામાં 8.38 લાખ યુનિટ સુધી પહોંચ્યું હતું. પાછલા વર્ષમાં આ સંખ્યા 4.68 લાખ યુનિટ હતી.
- ઈન્ડિયન એનર્જી એક્સચેંજ દ્વારા માર્ચ મહિનામાં 5.2 લાખ એકમનો કારોબાર કરવામાં આવ્યો હતો.
- પાવર એક્સચેંજ ઓફ ઈન્ડિયા લિમિટેડ દ્વારા માર્ચ મહિનામાં 3.18 લાખ એકમનો કારોબાર કર્યો હતો.

### નવીનીકરણ ઊર્જા પ્રમાણપત્રો શું છે ?

- નવીનીકરણ ઊર્જા પ્રમાણપત્રો બજાર આધારિત ઉપકરણ છે. જ્યારે નવીનીકરણ ઊર્જા સ્ત્રોતમાં થી 1 મેગાવોટ કલાક વીજળી ઉત્પન્ન થાય છે ત્યારે 1 નવીનીકરણ ઊર્જા પ્રમાણપત્રનું નિર્માણ થાય છે.
- જે એકમો પોતે સ્વચ્છ ઊર્જા સંબંધિત યોજનામાં સીધું રોકાણ કરવાની સ્થિતિમાં હોતા નથી તે આ પ્રમાણપત્રો દ્વારા કાર્બન ઉત્સર્જન ઘટાડવાનો પ્રયાસ કરે છે.

### નવીનીકરણ ઊર્જા પ્રમાણપત્રો દ્વારા કોને લાભ થાય છે ?

- તે ઉત્પાદકોને પરંપરાગત વીજળીની જેમ નવીનીકરણ સ્ત્રોતોથી તેમની વીજળી વેચવા માટેનો વૈકલ્પિક સ્વૈચ્છિક માર્ગ આપે છે. અને કાર્બન ઉત્સર્જન ઘટાડવા બાંધ્ય કંપનીઓને તેમની નવીનીકરણ ઊર્જાની પ્રણાલીના લક્ષ્યો પૂરા કરવામાં મદદ કરે છે.

### In depth : કાર્બન ક્રેડિટ અને સ્વચ્છ વિકાસ તંત્ર

- ક્યોટો પ્રોટોકોલમાં ઉલ્લેખિત સ્વચ્છ વિકાસ તંત્ર અર્થાત્ (Clean Development Mechanism - COM) એ વિકસિત અને વિકાસશીલ દેશો વચ્ચે અપનાવવામાં આવે છે.
- તેના અંતર્ગત ઉત્સર્જન ઘટાડવા કે નિયંત્રણ માટે વિકસિત દેશ (Annexure-1 પાર્ટી) અન્ય વિકાસશીલ દેશોમાં ઉત્સર્જન ઘટે તેવા પ્રોજેક્ટમાં રોકાણ કરી કાર્બન ક્રેડિટ પ્રાપ્ત કરી શકે છે.
- કાર્બન ક્રેડિટ 1 ટન કાર્બન ડાયોક્સાઈડના બરાબર હોય છે જેની ગણતરી ક્યોટો લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે થાય છે.
- ક્યોટો પ્રોટોકોલ 1997માં જાપાનના ક્યોટો ખાતે અપનાવવામાં આવ્યો હતો અને 2005માં તે અમલી બન્યો હતો.
- ક્યોટો પ્રોટોકોલ કાર્બન ડાયોક્સાઈડ, મિથેન, નાઈટ્રસ ઓક્સાઈડ, હાઈડ્રોફ્લોરોકાર્બન, પરફ્લુરોકાર્બન્સઅનેસલ્ફરહેક્સાફ્લોરાઈડના ઉત્સર્જનને ઘટાડવા બનાવવામાં આવ્યો છે.
- ક્યોટો પ્રોટોકોલના પ્રથમ લક્ષ્યનો સમયગાળો 2008-2012 હતો. ત્યારબાદ તેમાં સુધારો કરી 'દોહા સુધારા' અંતર્ગત નવા લક્ષ્યો નિર્ધારિત કરવામાં આવ્યા હતા. તે 2020 સુધી લાગુ રહેશે.

## મોનસૂન સંબંધી અનુમાન

- ભારત મોસમ વિજ્ઞાન વિભાગ (IMD) અનુસાર વર્ષ 2020 માટે મોનસૂન સામાન્ય રહેવાની સંભાવના છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- IMD સામાન્ય રીતે બે તબક્કામાં મોનસૂનના સંદર્ભે જાહેર કરે છે. જે નીચે મુજબ છે.

1. પ્રથમ અંદાજો એપ્રિલ મહિનામાં
2. બીજો અંદાજો મે મહિનાના અંતમાં

## સામાન્ય વર્ષા એટલે શું ?

- લાંબા ગાળાની સરેરાશ વર્ષાનો ઉપયોગ, મોનસૂનની 'સામાન્ય વર્ષા'ની ગણતરી માટે કરવામાં આવે છે.
- લાંબા ગાળાની સરેરાશ વર્ષા 1961-2010ના સમયગાળા દરમિયાન થયેલા વરસાદનું સરેરાશ મૂલ્ય છે.
- લાંબા ગાળાની સરેરાશના આધાર પર સમગ્ર દેશમાં મોનસૂનની સામાન્ય વર્ષા 88 સેમી છે.

## સામાન્ય વર્ષા કઈ રીતે નક્કી થાય છે ?

- સામાન્ય વર્ષના નિર્ધારણમાં વિવિધ પરીબળો ભાગ ભજવતા હોય છે. તે પરીબળોને આધારે તેનો અંદાજો લગાવવામાં આવતો હોય છે. આવા પરીબળો નીચે મુજબ છે.

1. **અલ નીનો - લા નીના**
   ભારતમાં 'અલ નીનો'ના કારણે દુકાળની સ્થિતિ ઉત્પન્ન થતી હોય છે. જ્યારે 'લા નીના'ના કારણે અતિવૃષ્ટિ થવાની સંભાવના હોય છે.
2. **હિંદ મહાસાગર દ્વિધ્રુવ (Indian Ocean Dipode - IOD)**

- IOD પણ ભારતીય મોનસૂનને પ્રભાવિત કરતું હોય છે. IODના મુખ્યત્વે બે પ્રકાર હોય છે. (1) સકારાત્મક IOD (2) નકારાત્મક IOD.
- સકારાત્મક IOD દરમિયાન મોનસૂનની વર્ષા પર સકારાત્મક અને નકારાત્મક IOD દરમિયાન મોનસૂનની વર્ષા પર પ્રતિકૂળ પ્રભાવ પડે છે.

3. **સુપર કોમ્પ્યુટર આધારિત અંદાજ**

- મોનસૂનના અંદાજ મુજબનું 'ગતિશીલ મોડેલ' સુપર કોમ્પ્યુટર પર આધારિત હોય છે. તેના આધારે વર્ષાનો અંદાજ લગાવવામાં આવતો હોય છે.

## IMD અનુસાર વરસાદનું ભારતમાં વર્ગીકરણ

| વર્ગીકરણ | આધાર |
|---|---|
| સામાન્ય વરસાદ | લાંબા ગાળાની સરેરાશથી ± 10% |
| સામાન્યથી ઓછો વરસાદ | લાંબા ગાળાની સરેરાશ કરતા સરેરાશ 10% કરતા ઓછો વરસાદ |
| સામાન્યથી વધુ વરસાદ | લાંબા ગાળાની સરેરાશ કરતા સરેરાશ 10% કરતા વધુ વરસાદ |
| ઊણપવાળું વર્ષ | ભારતના 40% ક્ષેત્ર સુધીમાં 10-20% ઓછો વરસાદ |
| લાંબુ ઊણપવાળું વર્ષ | ભારતના 40%થી વધુ ક્ષેત્રમાં 10%થી વધુ ઓછો વરસાદ |

## Back to Basics : ભારતીય મોસમ વિજ્ઞાન વિભાગ વિશે

- ભારતીય મોસન વિજ્ઞાન વિભાગ (IMD) એ દેશની રાષ્ટ્રીય હવામાન સેવા સંબંધિત સંસ્થા છે.
- તે મુખ્ય સરકારી એજન્સી છે. જે હવામાનશાસ્ત્ર, ભૂકંપવિજ્ઞાન અને સંબંધિત વિષયોની તમામ બાબતોમાં કામ કરે છે.
- IMDની રચના 1875માં કરવામાં આવી હતી.
- હાલમાં IMD એ ભારત સરકારના પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય અંતર્ગત કાર્યરત છે.

## ભૂકંપીય ધ્વનિમાં ઘટાડો

- બ્રિટીશ જિયોલોજીકલ સર્વેના વૈજ્ઞાનિકો મુજબ વૈશ્વિક ધોરણે લોકડાઉન હોવાને કારણે પૃથ્વીની ભૂકંપીય ધ્વનિ અને ધ્રુજારીમાં ઘટાડો જોવા મળ્યો છે.

### ભૂકંપીય ધ્વનિમાં ઘટાડાનું કારણ

- COVID-19 મહામારીને કારણે વૈશ્વિક ધોરણે લોકડાઉન લાગુ થવાને કારણે ભૂકંપીય ધ્વનિમાં ઘટાડો જોવા મળ્યો છે.
- ભૂકંપ સપાટીના કંપનને ભૂકંપ માપવાના ઉપકરણોનો ઉપયોગ કરીને માપવામાં આવે છે. આ ઉપકરણો પ્રમાણમાં સંવેદનશીલ હોય છે. જેના કારણે તે ટ્રાફિક, મશીન, લોકોના હલનચલન વગેરે સ્ત્રોતોમાંથી કંપનના અવાજને માપે છે.

### Back to Basics : ભૂકંપીય ધ્વનિ વિશે

- ભૂસ્તરશાસ્ત્રમાં ભૂકંપીય અવાજ ભીડના કારણે સપાટીના પ્રમાણમાં સતત કંપનનો સંદર્ભ આપે છે.
- ભૂકંપીય અવાજ એ ભૂકંપ ઉપકરણ દ્વારા નોંધેલા સંકેતોના અનિચ્છનીય ઘટકો છે. ભૂકંપ ઉપકરણ વૈજ્ઞાનિક સાધન છે જે ભૂકંપ, જ્વાળામુખી ફાટી નીકળે અને વિસ્ફોટો થાય ત્યારે જમીનની ગતિવિધિઓને નોંધે છે.
- ભૂકંપીય ધ્વનિમાં પરિવહન અને ઉત્પાદન જેવી માનવ પ્રવૃત્તિને લીધે થતા કંપનનો સમાવેશ થાય છે. આ અવાજ વૈજ્ઞાનિકોને ભૂકંપીય ડેટાનો અભ્યાસ કરવાનું મુશ્કેલ બનાવે છે.
- તેલ સંશોધન, હાઈડ્રોલોજી, ભૂકંપ એન્જિનિયરિંગ વગેરે જેવા ક્ષેત્રોમાં પણ ભૂકંપીય ધ્વનિનો ઉપયોગ કરવામાં આવે છે.

## ત્રિમેરેસુરુસ સાલાઝાર

- હાલમાં સાપોની એક નવી પ્રજાતિ 'ત્રિમેરેસુરુસ સાલાઝાર' અરુણાચલ પ્રદેશથી મળી આવી હતી. તે સરિસૃપની 5મી પ્રજાતિ છે.
- ગ્રીન પિટ વાઈપર ત્રિમેરેસુરુસ સાલાઝાર, ટ્રાઈમેરાસુરસ લેસેપડે વર્ગથી સંબંધિત છે. જેમાં ઝેરી નાગ સાથે પરિસ્થિતિક રૂપથી વિવિધ પ્રજાતિઓનો પણ સમાવેશ થાય છે.
- પિટ વાઈપર એ ખૂબ ઝેરી સાપ છે જેને આંખ અને નાક વચ્ચેના હીટ સેંસિંગ પિટ અંગો દ્વારા ઓળખાય છે.
- આ પ્રજાતિને અરુણાચલ પ્રદેશના પક્કે–કેસાંગ જિલ્લાના 'પક્કે ટાઈગર રિઝર્વ' ખાતેથી શોધવામાં આવી છે.
- ગ્રીન પિટ વાઈપરની આ નવી પ્રજાતિનો ઉલ્લેખ હોલિવુડની પ્રસિદ્ધ મુવી સિરીઝ 'હેરી પોટર'માં કરવામાં આવ્યો હતો.

## લૈધર બેક કાચબો

- તાજેતરમાં COVID-19ના લોકડાઉનને કારણે વિશાળ સંખ્યામાં લૈધર બેક કાચબાઓ થાઈલેન્ડના સમુદ્રતટ પર જોવા મળ્યા હતા.
- આ કાચબાઓએ મોટી સંખ્યામાં પોતાના માળા પણ બનાવ્યા હતા.

### લૈધર બેક કાચબા વિશે

- લૈધર બેક કાચબાઓ એ વિશ્વના મોટા દરીયાઈ કાચબાઓ છે.

- IUCNની સૂચિ અંતર્ગત તેમને સંવેદનશીલ (Vulnerable) પ્રજાતિ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે.
- આ કાચબાઓ શાંત અને અંધારાવાળી જગ્યાઓમાં પોતાના ઈંડા આપે છે.

## કેલ્સાઈન્ડ પેટ કોકની આયાત

- તાજેતરમાં સરકાર દ્વારા કેલ્સાઈન્ડ પેટ કોકની આયાત માટે ક્વોટા વહેંચણી માટેની પ્રક્રિયાની જાહેરાત કરી છે.
- ઓક્ટોબર, 2018માં ભારત સરકારે પેટ કોકની આયાત પર પ્રતિબંધ લગાવ્યો હતો. અને આયાતની હાલમાં ફક્ત ચૂના ભઠ્ઠી, સિમેન્ટ તથા કેલ્શિયમ કાર્બાઈડ જેવા ઉદ્યોગો માટે જ છૂટ છે.
- પેટ કોક મુખ્યત્વે રીતે એલ્યુમિનિયમ ઉદ્યોગમાં કાચા માલ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે.

### Back to Basics : પેટ કોક શું છે ?

- પેટ કોક એ પેટ્રોલિયમ રિફાઈનિંગની પ્રક્રિયામાં ઉત્પન્ન થયેલ ઉચ્ચ સલ્ફર અને ઉચ્ચ કાર્બનવાળું સહ–ઉત્પાદન છે.
- પેટ્રોલિયમના રિફાઈનિંગ દરમિયાન જે સલ્ફર ઈંધણથી અલગ કરવામાં આવે છે તે પેટ કોક જેવા નકામા ઉત્પાદનોમાં પહોંચી જાય છે.
- પેટ કોકમાં 80%થી વધુ કાર્બન હોય છે અને તેનું કેલરીફિક મૂલ્ય ઊંચુ હોય છે. આથી તે સૌથી વધુ પ્રદૂષણ ફેલાવે છે.
- ભારત વિશ્વમાં પેટ કોકનો ઉપયોગ કરતો સૌથી મોટો ગ્રાહક છે અને સૌથી વધુ આયાત USA પાસેથી કરવામાં આવે છે.

## બેલી પુલ

- તાજેતરમાં બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન દ્વારા અરૂણાચલ પ્રદેશ ઉપર સુબનસિરી જિલ્લામાં સુબનસિરી નદી ઉપર દાપોરીજોમાં 430 ફૂટ લાંબા બેલી પુલને અપગ્રેડ કરવામાં આવ્યો હતો.
- મુખ્યત્વે આ પુલનું વજન વધારવામાં આવ્યું છે. પહેલા તેનો વજન 24 ટન હતો જે હવે 40 ટન કરવામાં આવ્યો છે જેથી ભારે વાહનોની અવરજવર શક્ય બને.
- આ પુલના માધ્યમથી ભારત–ચીનની વચ્ચે વાસ્તવિક નિયંત્રણ રેખા પર સ્થિત 3000 સૈનિકોને પર્યાપ્ત માત્રામાં આવશ્યક વસ્તુનો પુરવઠો પૂરો પાડી શકાશે.
- આ પુલનું કાર્ય બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન, રક્ષા મંત્રાલય અને અરૂણાચલ પ્રદેશની સરકારના સહયોગથી પૂરું કરવામાં આવ્યું હતું.
- આ પુલ સુબનસિરી નદી પર બનેલ બે પુલોમાં થી એક છે જે અરૂણાચલ પ્રદેશના દાપોરીજો ક્ષેત્રને અન્ય રાજ્ય સાથે જોડે છે.
- ભારત અને ચીન વચ્ચેની વાસ્તવિક નિયંત્રણ રેખા (Line of Actual Control)ની લંબાઈ 3488 કિમી છે. જેમાંથી 1126 કિમી અરૂણાચલ પ્રદેશ સાથે સંબંધિત છે.

### Back to Basics : સુબનસિરી નદી અને બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન વિશે

■ **સુબનસિરી નદી**

- સુબનસિરી નદીનું ઉદ્ગમ તિબ્બતના હિમાલય ક્ષેત્રથી થાય છે.

- તે ભારતમાં અરૂણાચલ પ્રદેશથી થઈ દક્ષિણમાં આસામ ખીણ સુધી વહે છે જ્યાં લખીમપુર જિલ્લામાં બ્રહ્મપુત્રા નદીને મળે છે.
- સુબનસિરી નદી બ્રહ્મપુત્રાની સૌથી મોટી સહાયક નદી છે.
- સુબનસિરીની સહાયક નદીઓ 'સિઅ' અને 'કમલા' છે.

## બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન

- તે રક્ષા મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે અને દેશના સરહદી વિસ્તારોમાં મુશ્કેલ અને દુર્ગમ વિસ્તારોને માર્ગથી જોડવાનું કાર્ય કરે છે.
- તે દેશમાં 32,885 કિમી સુધીના રસ્તાઓ અને 12,200 મીટર કાયમી પુલનું સંચાલન અને જાળવણી કરે છે.

## આંતરરાષ્ટ્રીય પૃથ્વી દિવસ

- દર વર્ષે 22 એપ્રિલના રોજ આંતરરાષ્ટ્રીય પૃથ્વી દિવસ મનાવવામાં આવે છે. પૃથ્વીના સંરક્ષણના ઉદ્દેશો સાથે આ દિવસ ઉજવાય છે.
- વર્ષ 1970થી આ દિવસ મનાવવામાં આવે છે અને 2020માં તેની 50મી વર્ષગાંઠ છે.
- આંતરરાષ્ટ્રીય પૃથ્વી દિવસ વર્ષ 2020ની થીમ : ક્લાયમેટ એક્શન (Climate Action)
- પૃથ્વી દિવસની શરૂઆત યુએસ સેનેટર ગેલર્ડ નેલ્સન દ્વારા પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી વર્ષ 1970માં કરવામાં આવી હતી, ત્યારબાદ વિશ્વમાં પૃથ્વી દિવસની ઉજવણીની પ્રક્રિયા શરૂ થઈ હતી.
- આ દિવસની ઉજવણી 'વર્લ્ડ અર્થ ડે નેટવર્ક' નામની બિનનફાકારક સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

### આંતરરાષ્ટ્રીય પૃથ્વી દિવસની 50મી વર્ષગાંઠ

- વર્ષ 2020ની 50મી વર્ષગાંઠ એ ડિજિટલ ગતિશીલતા દ્વારા મનાવવામાં આવશે.
- નીચે મુજબના 5 ઘટકોનો સમાવેશ એ ઉજવણી અંતર્ગત કરવામાં આવ્યો છે.

1. **નાગરિક વિજ્ઞાન :**
   - આ વર્ષે 50મી વર્ષગાંઠ નિમિત્તે 1 મિલિયન નાગરિકોને 'અર્થ ચેલેન્જ 2020' માટે જોડવામાં આવશે. તેના માધ્યમથી હવાની ગુણવત્તા, પાણીની ગુણવત્તા, પ્રદુષણ, માનવ આરોગ્ય માટે 1 બિલિયન ડેટા પોઈન્ટ એકત્રિત કરવામાં આવશે.
2. **હિમાયત :**
   - આ સમય પૃથ્વીને બચાવવા માટે પગલા લેવાનો છે. પૃથ્વી દિવસ તકનીકી નવીનતા અને સમાવિષ્ટ આબોહવાની સમૃદ્ધિ વચ્ચેની સીધી કડીઓ વિસ્તૃત કરશે.
3. **સ્વયંસેવી :**
   - પૃથ્વી દિવસ એક મહિનો ચાલનારા વિશ્વવ્યાપી સ્વયંસેવક સંચાલિત કાર્યક્રમ માટે વિશ્વભરના સ્વયંસેવકોને જોડે છે.
4. **શિક્ષણ :**
   - પૃથ્વી દિવસ વિશ્વવ્યાપી પર્યાવરણીય અને આબોહવા સાક્ષરતા વધારશે.
5. **પૃથ્વી માટે કલાકારો :**
   - આબોહવા પરિવર્તનને વ્યક્તિગત બનાવવા અને તેને વ્યાપક પ્રેક્ષકો સુધી પહોંચાડવા માટે કલાને વિજ્ઞાન સાથે જોડવું આવશ્યક છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## સુજલામ સુફલામ જળ અભિયાનનો ત્રીજો તબક્કો

- તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા 'સુજલામ સુફલામ જળ અભિયાન'નો ત્રીજો તબક્કો શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.
- આ તબક્કો એ 20 એપ્રિલ, 2020થી 10 જૂન, 2020 સુધી ચાલશે.

### સુજલામ સુફલામ જળ અભિયાન વિશે

- સુજલામ સુફલામ જળ અભિયાન એ 1 મે, 2018ના રોજ શરૂ કરવામાં આવ્યું હતું.
- આ અભિયાન અંતર્ગત લોક ભાગીદારીના માધ્યમથી જળ સંચયના અનેક કાર્યો કરવામાં આવે છે.

### સુજલામ સુફલામ જળ અભિયાનની મુખ્ય બાબતો

- આ જળ અભિયાન અંતર્ગત અંદાજે 13000 જેટલા તળાવો, ચેકડેમ, જળાશયો ઊંડા કરવામાં આવશે અને પરંપરાગત જળસ્ત્રોતોના નવીનીકરણના કામો હાથ ધરાશે.
- તળાવો–ચેકડેમ ઊંડા કરવાથી ઉપલબ્ધ થનારી ફળદ્રુપ માટી રોયલ્ટી વિના ખેડૂતોને આપવામાં આવશે.
- અભિયાન દ્વારા 30 જિલ્લાની અંદાજે 340 કિમી લંબાઈની 32 નદીઓ પુનઃજીવિત કરાશે તથા 5400 કિમી લંબાઈની નહેરોની સફાઈ અને રિપેરિંગ કરાશે.
- તળાવો, ચેકડેમ અને જળાશયો ઊંડા કરવાથી વરસાદી પાણીનો સંગ્રહ વધુ થશે અને તે પાણીનો સિંચાઈ માટે ઉપયોગ કરી શકાશે.
- નદીઓના પ્રવાહને અવરોધરૂપ ઝાડી ઝાંખરા સાફ કરવામાં આવશે અને જળાશયોનું ડિસીલ્ટિંગ પણ કરવામાં આવશે.
- અભિયાન અંતર્ગત 50% કામો સરકાર અને 50% કાર્યો લોકો અને અન્ય સંસ્થાઓ કરશે. જો કે સરકાર દ્વારા પોતાનું યોગદાન બીજા તબક્કા દરમિયાન 60% સુધી વધાર્યું હતું.

## રાવી નદી પર સ્થાયી પુલ

- બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (BRO) દ્વારા દેશના બાકીના હિસ્સાથી પંજાબના કાસોવાલ એન્કલેવને જોડવા માટે રાવી નદી પર 484 મીટર લાંબા એક સ્થાયી પુલનું નિર્માણ કર્યું છે.
- 484 મીટર લાંબા આ પુલનું નિર્માણ 'પ્રોજેક્ટ ચેતક' અંતગત કરવામાં આવ્યું છે.
- આ પુલના નિર્માણ પહેલા 35 ચો. કિમીનો આ વિસ્તાર (કસોવાલ એન્કલેવ) મર્યાદિત ભાર ક્ષમતાથી પંટૂન પુલના માધ્યમ સાથે જોડાયેલો હતો.
- દર વર્ષે પંટૂન પુલ ચોમાસા પહેલા જ તૂટી જતો હતો અથવા રાવી નદીના પ્રવાહમાં વહી જતો હતો. તેના કારણે ખેડૂતો ચોમાસા દરમિયાન નદીની આજુબાજુ હજારો એકર ફળદ્રુપ જમીનનો ઉપયોગ કરી શકતા ન હતા.

### Back to Basics : પ્રોજેક્ટ ચેતક અને રાવી નદી વિશે

■ **પ્રોજેક્ટ ચેતક**

- પ્રોજેક્ટ ચેતક એ 1 જુલાઈ, 1962માં દહેરાદુનથી શરૂ કરવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તે જોશીમઠ–માલારી–રીનકીન માર્ગના નિર્માણ માટે શરૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સંપૂર્ણ કાર્યો પૂરા થઈ ગયા બાદ 1966માં પ્રોજેક્ટ બંધ કરી દેવામાં આવ્યો હતો.
- જો કે 1971ના ભારત–પાકિસ્તાન સંઘર્ષ બાદ ફરીથી આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો.

■ **રાવી નદી વિશે :**

- રાવી નદીનું ઉદ્‌ગમ સ્થાન એ હિમાચલ પ્રદેશના રોહતાંગ પાસ નજીક કુલ્લુના પહાડોમાં છે.
- ભારતમાં તેની કુલ લંબાઈ 725 કિમી છે અને અપવાહ તંત્ર 14442 ચો. કિમી છે.
- તે પીર પંજાલ અને ધૌલાધર શ્રેણીના વચ્ચેના વિસ્તારોમાં વહે છે.
- તે માધોપુર નજીક પંજાબના મેદાનોમાં પ્રવેશે છે અને ત્યારબાદ અમૃતસરની નીચેથી વહી પાકિસ્તાનમાં પ્રવેશ કરે છે.

## એરોસોલના સ્તરમાં ઘટાડો

- તાજેતરમાં NASA (National Aeronautics and Space Administration) દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા આંકડાઓ અનુસાર ઉત્તર ભારતમાં વર્ષમાં સામાન્ય રીતે જોવા મળતા એરોસોલના સ્તરમાં એપ્રિલ મહિનામાં ઘટાડો નોંધવામાં આવ્યો છે.
- એરોસોલના આ સ્તરનું અવલોકન એ MODIS અર્થાત્ મોડરેટ રિસોલ્યુશન ઈમેજિંગ સ્પેક્ટ્રોમીટર દ્વારા કરવામાં આવ્યું હતું.
- MODIS એક ઉપકરણ છે જે NASAના ઉપગ્રહોમાં લગાવવામાં આવ્યું છે અને તેના દ્વારા પૃથ્વીના વાતાવરણ, સમુદ્ર અને જમીનનું નિરીક્ષણ કરવામાં આવે છે.

### એરોસોલ સ્તરને નોંધવાની પદ્ધતિ

- એરોસોલના સ્તરને નોંધવા માટે 'એરોસોલ ઓપ્ટીકલ ડેપ્થ' (Aerosol Optical Depth) પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.
- આ પદ્ધતિ વાતાવરણમાંથી પ્રકાશ પ્રવાસ કરતી વખતે વાયુયુક્ત કણો દ્વારા કેવી રીતે શોષાય છે અથવા પ્રતિબિંબિત થાય છે તેને માપે છે.
- જો એરોસોલ સપાટી પર કેન્દ્રીત હોય તો તેની 1થી વધુની ઓપ્ટીકલ ડેપ્થ (ઊંડાઈ) એ વધુ ધૂંધળી સ્થિતિ દર્શાવે છે.
- જો ઓપ્ટીકલ ડેપ્થ 0.1થી ઓછી હોય તો સમગ્ર વાતાવરણ સ્વચ્છ માનવામાં આવે છે.
- NASAના આંકડાઓ અનુસાર 25 માર્ચ, 2020ના રોજ આ સ્તર 0.3, 1 એપ્રિલે 0.2 અને 5 એપ્રિલે 0.1 નોંધવામાં આવ્યું હતું.

### Back to Basics : એરોસોલ વિશે

- એરોસોલ એ વાયુયુક્ત (Gaseous) અથવા પ્રવાહી (Liquid) વાતાવરણમાં રહેલ પ્રવાહી કે ઘન કણોના સંયોજનને દર્શાવે છે.
- વાતાવરણમાં આ કણો એ વાતાવરણના નીચેના સ્તર પર જોવા મળતા હોય છે.
- વાતાવરણમાં એરોસોલની ઉત્પત્તિ એ પ્રાકૃતિક અથવા માનવીય પ્રવૃત્તિઓના આધારે થાય છે. એરોસોલના પ્રાકૃતિક સ્ત્રોતમાં જ્વાળામુખી કે પવનો દ્વારા ફૂંકાતી ધૂળ અને માનવીય પ્રવૃત્તિમાં અશ્મિભૂત ઈંધણથી દહન થતા સલ્ફેટ, નાઈટ્રેટ કાર્બોનેસિયસના સંયોજનનો સમાવેશ થાય છે.
- એરોસોલ એ વાતાવરણની દ્રશ્યતાને અસર કરે છે.
- તેનો ઉપયોગ કૃત્રિમ વરસાદ (Artificial Rain) લાવવા માટે પણ કરવામાં આવે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## દેહિંગ પટકાઈ વન્યજીવ અભ્યારણ

- તાજેતરમાં નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડલાઈફ (NBWL) દ્વારા અસમના દેહિંગ પટકાઈ વન્યજીવ અભ્યારણનો એક હિસ્સો 'સાલેકી'માં કોલસાના ખનની મંજૂરી આપવામાં આવી હતી.
- સાલેકીમાં કોલસાનું ખનન એ કોલ ઈન્ડિયા લિમિટેડના એક એકમ 'નોર્થ ઈસ્ટર કોલ ફિલ્ડ' દ્વારા કરવામાં આવશે.
- સાલેકી એ પટકાઈ એલિફન્ટ રિઝર્વનો એક ભાગ છે અને તેમાં ઘણા આરક્ષિત વૃક્ષોનો પણ સમાવેશ થાય છે.
- NBWL દ્વારા જુલાઈ, 2019માં કોલસાના ખનનની આકરણી કરવા માટે એક સમિતિ બનાવવામાં આવી હતી.

### દેહિંગ પટકાઈ વન્યજીવ અભ્યારણ વિશે

- આ અભ્યારણ એ અસમના ડિબ્રુગઢ અને તિનસુકિયા જિલ્લામાં સ્થિત છે અને 111.19 ચો. કિમીમાં ફેલાયેલ છે.
- તેને 2004માં અભ્યારણ તરીકે ઘોષિત કરવામાં આવ્યું હતું. આ અભ્યારણ દેહિંગ પટકાઈ એલિફન્ટ રિઝર્વનો પણ ભાગ છે.

### નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફ (NBWL) વિશે

- NBWL એ ભારત સરકારના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
- NBWLની સ્થાપના વર્ષ 2003માં 'વન્ય જીવ (સુરક્ષા) અધિનિયમ, 1972' અંતર્ગત કરવામાં આવી હતી.
- NBWLના અધ્યક્ષ એ પ્રધાનમંત્રી હોય છે. આ ઉપરાંત NBWLની એક સ્થાયી સમિતિ હોય છે જેના અધ્યક્ષ પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયના મંત્રી હોય છે.
- NBWL પાસે વન્યજીવ સંબંધિત તમામ બાબતોની સમીક્ષા કરવાનો અને રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભ્યારણોની આસપાસ પ્રોજેક્ટને મંજૂરી આપવાનો અધિકાર છે.
- રાષ્ટ્રીય ઉદ્યાનો અને વન્યજીવ અભ્યારણોની સીમામાં ફેરફાર NBWLની મંજૂરી વિના થઈ શકે નહીં.

## દેવનહલ્લી પોમેલો

- તાજેતરમાં 'બેંગલોર ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ' દ્વારા પોતાની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી - CSR અંતર્ગત 500 દેવનહલ્લી પોમેલો વૃક્ષો લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.
- પોતાના અલગ પ્રકારના સ્વાદને કારણે દેવનહલ્લી પોમેલોને 'ભૌગોલિક સંકેતક' (GI Tag) આપવામાં આવેલ છે.
- દેવનહલ્લી પોમેલોને 'ચકોટા'ના રૂપમાં પણ ઓળખવામાં આવે છે. જો કે હાલના સમયમાં આ વૃક્ષ ઉગાડનાર લોકોની સંખ્યા બહુ ઓછી છે.
- દેવનહલ્લી પોમેલો એક સાયટ્રસ ફળનો પ્રકાર છે જે લુપ્ત થવાની સ્થિતિ પર છે.

### ચકોટાની ખેતી

- ચકોટાની ખેતી મુખ્યત્વે કર્ણાટકના દેવનહલ્લી અને ડોડ્ડાબલ્લાપુર ક્ષેત્ર (કર્ણાટક)માં કરવામાં આવે છે. તે ખેડૂત દ્વારા ખેતરની પાછળ અથવા ઘરોની આસપાસ ઉગાડવામાં આવે છે.

### પોમેલો ફળ વિશે

- પોમેલો એ દ્રાક્ષના ફળનું મૂળ છે જેમાં વિટામિન C ખૂબ માત્રામાં હોય છે.
- પોમેલોનું વૈજ્ઞાનિક નામ 'સાયટ્રસ મેક્સિમા' છે.
- પ્રત્યેક ઋતુમાં પોમેલો વૃક્ષમાં લગભગ 24 ઈંચની વૃદ્ધિ થાય છે. જે 25 ફૂટની ઊંચાઈ સુધી પહોંચી શકે છે. તે લગભગ 50-150 વર્ષો સુધી જીવિત રહે છે.
- પ્રત્યેક વૃક્ષ પ્રતિવર્ષ સરેરાશ 300-400 ફળ આપે છે.

## એટાલિન જળવિદ્યુત પરિયોજના

- અરુણાચલ પ્રદેશની દિબાંગ ઘાટીમાં 3097 મેગાવોટની એટાલિન પરિયોજનાની દરખાસ્ત કરવામાં આવી છે જેના લીધે લગભગ 2,70,000 વૃક્ષોને કાંપવા પડે તેવી સંભાવના છે.
- વૃક્ષોને કાંપવાની બાબતે જૈવ વિવિધતા પર પડતી અસરને લીધે વિવિધ સમૂહોએ ચિંતા વ્યક્ત કરી છે.

### એટાલિન જળવિદ્યુત પરિયોજના વિશે

- તે દિબાંગ નદી પર બનાવવાની યોજના છે. જેને પૂર્ણ કરવામાં 7 વર્ષનો સમય લાગશે.
- આ ક્ષેત્રમાં પક્ષીઓની 680 પ્રજાતિઓ પણ જોવા મળે છે અને મોટાભાગના પ્રવાસી પક્ષીઓ આવે છે.
- જો કે આ યોજનાને હજુ 'વન સલાહકાર સમિતિ'ની મંજૂરી મળી નથી.

### વળતર વનીકરણ (Compensatory Afforestation)

- વન સંરક્ષણ અધિનિયમ, 1980ની જોગવાઈ મુજબ જ્યારે પણ ખનન કે આંતરમાળખાના વિકાસ જેવા બિન–વનીકરણ ઉદ્દેશો માટે વન ભૂમિનો ઉપયોગ કરવામાં આવે છે. તો બદલામાં તે ભૂમિ જેટલી બિન–વન ભૂમિ પર વળતર વનીકરણ કરવું જરૂરી છે.
- અર્થાત્ કાંપવામાં આવતા વૃક્ષો જેટલા જ વૃક્ષો અન્ય જગ્યાએ વાવવા જરૂરી છે.

## આર્કટિક ક્ષેત્ર અને ઓઝોન હોલ

- યુરોપિયન યુનિયનની કોપરનિક્સ એટમોસ્ફિયર મોનિટરિંગ સર્વિસના એક રિપોર્ટ અનુસાર, આર્કટિક ક્ષેત્ર પર બનેલ ઓઝોન હોલ હવે સમાપ્ત થઈ ગયું છે.
- આ હોલ (છિદ્ર) પહેલા 1 મિલિયન વર્ગ કિમીમાં ફેલાયેલ હતો.
- જો કે આ રિપોર્ટ અનુસાર ઓઝોન હોલ સમાપ્ત થવા પાછળનું કારણ એ વિશ્વવ્યાપી લોકડાઉન નહીં પરંતુ પોલાર વોર્ટેક્સ (Polar Vortex) છે.

### આર્કટિક ક્ષેત્રમાં ઓઝોન હોલ

- સમતાપ આવરણ (Stratosphere)માં ઓઝોનનો ઘટાડો થવાને કારણે ઓઝોન છિદ્રનું નિર્માણ થાય છે.
- આ વર્ષે આર્કટિક ક્ષેત્રમાં ઓઝોનના સ્તરમાં મોટા પ્રમાણમાં ઘટાડો થયો હતો. જેનું કારણ સમતાપ આવરણમાં તાપમાન ઘટાડાની સાથે અસામાન્ય વાતાવરણીય પરિસ્થિતિ પણ હતી.
- જો કે આર્કટિક ક્ષેત્રમાં એન્ટાર્કટિકાની જેમ


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

તાપમાનમાં ઘટાડો થતો નથી પરંતુ આ વર્ષે ઉત્તર ધ્રુવમાં (આર્કટિક ક્ષેત્ર) ચારે તરફથી વહેતી શક્તિશાળી અને ઠંડી હવાનું મોટું ક્ષેત્ર બન્યું હતું જે પોલાર વર્ટેક્સ તરીકે ઓળખાય છે.

➤ યુરોપિયન અંતરિક્ષ એજન્સીના રિપોર્ટ મુજબ ઓઝોનના તાપમાન ઘટાડો, સૂર્ય પ્રકાશ, ક્લોરોફ્લોરો ગેસ, એર કંડિશનર, રેફ્રિજિરેટર વગેરે જવાબદાર છે.

## Back to Basics :
## પોલાર વોર્ટેક્સ અને ઓઝોન સ્તર વિશે

### ■ પોલાર વોર્ટેક્સ વિશે

➤ તે પૃથ્વીના ધ્રુવોની આસપાસ ઓછા દબાણ અને ઠંડી હવાનું એક મોટું ક્ષેત્ર છે.

➤ તે ધ્રુવોની આસપાસ હંમેશા હાજર રહે છે જે ગરમીમાં નબળું અને ઠંડીમાં શક્તિશાળી બને છે.

➤ વોર્ટેક્સ શબ્દ હવાના ઊંધા પ્રવાહને સંદર્ભિત કરે છે જે ઠંડી હવાને ધ્રુવો પાસે રોકવામાં મદદ કરે છે.

➤ ઉત્તર ગોળાર્ધમાં ઠંડી દરમિયાન ઘણી વખત પોલાર વોર્ટેક્સમાં વિસ્તાર થાય છે જે જેટ સ્ટ્રીમ સાથે દક્ષિણ દિશામાં ઠંડી હવાને મોકલે છે.

➤ તાપમાન નીચું થવાને લીધે વાદળો બરફ, નાઈટ્રિક એસિડ અને સલ્ફયુરિક એસિડનું સંયોજન બનાવે છે.

➤ વાદળોમાં બરફ સ્ફટિકોની સપાટી પર રાસાયણિક પ્રક્રિયા થવાને કારણે ક્લોરોફ્લોરોકાર્બન (CFC) મુક્ત થતા ઓઝોનના સ્તરમાં ઘટાડો થાય છે.

### ■ ઓઝોન સ્તર વિશે

➤ ઓઝોન ઓક્સિજનના ત્રણ પરમાણુઓ મળીને બનતો ગેસ છે.

➤ વાતાવરણમાં તે સમતાપ આવરણમાં 10-50 કિમીમાં ફેલાયેલ છે.

➤ ઓઝોન સૂર્ય તરફથી આવતા અલ્ટ્રાવાયોલેટ કિરણોને શોષીને પૃથ્વીનું રક્ષણ કરે છે.

➤ જો કે પૃથ્વીની નીચી સપાટીમાં જો ઓઝોન હોય તો તેને એક પ્રદૂષક માનવામાં આવે છે.

➤ સમતાપ આવરણમાં ઓઝોનના સ્તરમાં ઘટાડો થવાની પ્રક્રિયાને ઓઝોન છિદ્ર તરીકે ઓળખવામાં આવે છે.

➤ આર્કટિકની જેમ એન્ટાર્કટિકા ક્ષેત્ર પર પણ ઓઝોન છિદ્ર જોવા મળે છે.

# રોહતાંગ ઘાટ

➤ COVID-19ને કારણે રાષ્ટ્રવ્યાપી લોકડાઉનને ધ્યાનમાં રાખતા હિમાચલ પ્રદેશના લાહૌલ અને સ્પીતિ જિલ્લાઓમાં આવશ્યક વસ્તુ પહોંચાડવા સીમા સડક સંગઠન (BRO) દ્વારા રોહતાંગ ઘાટને ત્રણ અઠવાડિયા માટે ખોલવામાં આવેલ છે.

## રોહતાંગ ઘાટ વિશે

➤ હિમાચલ પ્રદેશમાં રોહતાંગ ઘાટ એ હિમાલયની પૂર્વી પીર પંજાલ શ્રેણીમાં 13,058 ફૂટ પર સ્થિત છે.

➤ તે લેહને મનાલી સાથે જોડે છે.

➤ લદાખ ક્ષેત્રમાં પૂર્વી સીમા પર સૈનિકોને પહોંચવા માટે તે મહત્ત્વપૂર્ણ રસ્તો છે.

➤ વિશ્વની સૌથી લાંબી સુરંગ ‘અટલ સુરંગ’ (Atal Tunnel) રોહતાંગ ઘાટની નીચે બનાવવામાં આવેલી છે.

- અટલ સુરંગ મનાલી અને લેહ વચ્ચે 46 કિમી જેટલું અંતર ઘટાડે છે.

### ભારતના પ્રમુખ ઘાટ વિશે

| ઘાટ | વિશેષતાઓ |
|---|---|
| ખારદુંગલા | લદાખને સિયાચિન સાથે જોડે છે. |
| બોમડી લા | અરુણાચલ પ્રદેશમાં સ્થિત છે. તેનાથી તિબેટને જોડતો માર્ગ પસાર થાય છે. |
| લિપુલેખ લા | નેપાળ–ચીન–ભારતને જોડે છે. |
| બનિહાલ | જવાહરલાલ નહેરુ સુરંગ-બનિહાલ કાઝીગુંડ, ડોડ અને અનંતનાગને જોડે છે. |
| બારાલાચલા | કેલાંગ–લેહને જોડે છે. |
| શિપકીલા | હિમાચલપ્રદેશ–તિબેટને જોડે છે. |
| નાથુલા | સિક્કિમને તિબેટ સાથે જોડે છે. |
| જેલેપ લા | સિક્કિમને તિબેટ સાથે જોડે છે. |

## પ્રથમ વર્ચ્યુઅલ પીટર્સબર્ગ જળવાયુ સંવાદ

- ભારત દ્વારા પ્રથમ 'વર્ચ્યુઅલ પીટર્સબર્ગ જળવાયુ સંવાદ'માં 30 દેશો સાથે જળવાયુ પરિવર્તન (Climate Change) સંબંધિત બાબતો પર વિચાર કર્યો હતો.
- વર્ચ્યુઅલ રીતે યોજવામાં આવેલ આ સંવાદ એ 'પીટર્સબર્ગ જળવાયુ સંવાદ'નું 11મું સત્ર હતું.
- COVID-19ના લીધે આંતરરાષ્ટ્રીય લોકડાઉનના પરીણામે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વર્ચ્યુઅલ રીતે સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

### 11મા પીટર્સબર્ગ જળવાયુ સંવાદની મુખ્ય બાબતો

- પીટર્સબર્ગ જળવાયુ સંવાદના 11મા સત્રની અધ્યક્ષતા જર્મની દ્વારા કરવામાં આવી હતી. આ સત્રની સહ–અધ્યક્ષતા બ્રિટન દ્વારા કરવામાં આવી હતી.
- આ સંવાદની અધ્યક્ષતા 2010થી જર્મની કરે છે અને UNFCC (United Nations Framework Convention on Climate Change)ના આગામી સંમેલનના જે અધ્યક્ષ હોય તે સહ–અધ્યક્ષતા કરે છે.
- UNFCCની 26મી બેઠકની અધ્યક્ષતા બ્રિટન કરવાનું છે.
- વર્ચ્યુઅલ સંવાદનો મુખ્ય ઉદ્દેશ સામૂહિક સ્થિતિસ્થાપકતાને વધારવા અને જળવાયુ પરિવર્તનની દિશામાં ઝડપથી કાર્ય કેમ થાય તે હતો.
- સંવાદ અંતર્ગત COVID-19 મહામારી બાદ અર્થવ્યવસ્થા અને સમાજમાં ઉત્પન્ન પડકારોને સામૂહિક રીતે કેમ સમાધાન કરવા તે બાબતે પણ ચર્ચા કરવામાં આવી હતી.

### પીટર્સબર્ગ જળવાયુ સંમેલનમાં ભારતે રજૂ કરેલ મુદ્દાઓ

- પર્યાવરણ સંબંધી ટેકનોલોજીની તક મુક્ત રૂપથી અને પોષાય તેવી કિંમતે ઉપલબ્ધ થવી જોઈએ.
- વિકાસશીલ દેશોને ત્વરિત ધોરણે 1 ટ્રિલિયન ડોલરના અનુદાનની યોજના બનાવવી જોઈએ.
- વિશ્વએ ટકાઉ જીવનશૈલીની જરૂરીયાત મુજબ વધુ ટકાઉ વપરાશ પદ્ધતિઓ અપનાવવા વિચારવું જોઈએ.
- નવીનીકરણ ઊર્જાનો ઉપયોગ વધારવો જોઈએ.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## Back to Basics :
## પીટર્સબર્ગ જળવાયુ સંવાદ વિશે

- ‘પીટર્સબર્ગ જળવાયુ સંવાદ’ને વર્ષ 2010માં જર્મનીના ચાન્સેલર એન્જલા મર્કેલની પહેલ પર પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- આ સંવાદનો ઉદ્દેશ મંત્રીઓને એક ઘનિષ્ઠ અને રચનાત્મક સંવાદ માટે એક મંચ પ્રદાન કરવાનો છે.
- આ સંવાદ જળવાયુ કેન્દ્રિત અનૌપચારિક ઉચ્ચ સારીય રાજનિતિક ચર્ચા હેતુ એક મંચ પ્રદાન કરે છે.

# ગંગા નદીના જળની ગુણવત્તા

- કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (Central Pollution Control Board - CPCB) ના રિપોર્ટ મુજબ દેશભરમાં લોકડાઉનથી વાયુ પ્રદૂષણ ઓછું થયું છે પરંતુ ગંગા નદીમાં જળ પ્રદૂષણમાં કોઈ ખાસ ફર્ક પડયો નથી.

## CPCBના રિપોર્ટની મુખ્ય બાબતો

- રિપોર્ટ મુજબ 22 માર્ચથી 15 એપ્રિલ સુધીમાં ગંગા નદીમાં ઓગળેલ ઓક્સિજન (Dissolved Oxygen - DO)ની માત્રામાં ફક્ત થોડો સુધારો થયો છે.
- આ સાથે જ ગંગા નદીમાં ‘બાયોલોજિકલ ઓક્સિજન ડિમાંડ (BOD)’ અને ‘કેમિકલ ઓક્સિજન ડિમાંડ’ (COD)ની માત્રા ઓછી થઈ છે જે જળ પ્રદૂષણ ઓછું થવા માટે સારો સંકેત છે.
- CPCBના રિપોર્ટ અનુસાર ઉત્તરપ્રદેશની વધુ પડતી નદીઓ પ્રદૂષિત છે. પરંતુ યમુના નદીમાં પાણીની ગુણવત્તા અને DO, BOD અને CODમાં ઘણો સુધાર થયો છે.
- ગંગા નદીના ડાઉનસ્ટ્રીમ દિશામાં BODની માત્રામાં વધારો થયો છે. પશ્ચિમ બંગાળમાં તે સૌથી વધુ છે. અમુક સ્થળો પર ફક્ત થોડો ઘટાડો થયો છે.

## Back to Basics :
## DO, BOD, COD અને ગંગા નદી વિશે

■ **ઓગળેલ ઓક્સિજન (Dissolved Oxygen - DO)**

- તે પાણીમાં ઓગળેલ ઓક્સિજનની માત્રા છે. જે જળીય જીવોને શ્વસન ક્રિયા માટે આવશ્યક હોય છે.
- જો પાણીમાં તેની માત્રા 8.0 mg/*l* (મિલિગ્રામ/લિટર)થી ઓછી હોય તો પાણી દૂષિત છે. જ્યારે તે 4.0 mg/*l* થી ઓછી થાય છે ત્યારે તેને વધુ પ્રદૂષિત પાણી કહે છે.

■ **બાયોલોજિકલ ઓક્સિજન ડિમાન્ડ (BOD)**

- BOD ઓક્સિજનની એ માત્રા છે જે પાણીમાં કાર્બનિક પદાર્થો અને જૈવ રાસાયણિક વિઘટન માટે જરૂરી હોય છે.
- BODનું વધુ સ્તર દર્શાવે છે કે પાણીમાં રહેલ કાર્બનિક પદાર્થોના વિઘટન માટે મોટા પ્રમાણમાં ઓક્સિજનની આવશ્યકતા રહેશે.

■ **કેમિકલ ઓક્સિજન ડિમાન્ડ (COD)**

- પાણીમાં ઉપસ્થિત ઓક્સિજનની એ માત્રા છે જે પાણીમાં રહેલ કુલ કાર્બનિક પદાર્થો (દ્રાવ્ય અથવા અદ્રાવ્ય)ના ઓક્સિકરણ માટે જરૂરી હોય.

➢ જળ પ્રદૂષણ નાથવા માટે આ સૌથી શ્રેષ્ઠ વિકલ્પ છે.

## ■ ગંગા નદી વિશે

➢ ઉત્તરાખંડના ગઢવાલ હિમાલયમાં આવેલ ગંગોત્રી હિમનદી 6600 મીટર પર ઊંચાઈ પર સ્થિત છે ત્યાં તેને ભાગીરથી તરીકે ઓળખવામાં આવે છે.

➢ ગંગા નદી દેવપ્રયાગમાં ભાગીરથી અને અલકનંદા સાથે મળે છે.

➢ ઋષિકેશ થઈને ગંગા હરિદ્વારમાં ભારતના મેદાનમાં પ્રવેશ કરે છે.

➢ ગંગાની લંબાઈ 2525 કિમી છે. તે ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, બિહાર અને પશ્ચિમ બંગાળ રાજ્યોમાંથી વહે છે.

➢ ગંગાની સૌથી વધુ લંબાઈ ઉત્તરપ્રદેશ રાજ્યમાં છે.

➢ પ્રયાગરાજ (જૂનું નામ અલ્હાબાદ) પાસે ગંગા નદીને યમુના મળે છે. રામગંગા, ગોમતી, ઘાઘરા, ગંડક, કોસી, મહાનંદા વગેરે પણ ગંગાની સહાયક નદીઓ છે.

➢ ગંગા બ્રહ્મપુત્રાને મળ્યા બાદ મેઘના નામથી ઓળખાય છે.

## દક્ષિણ એશિયા મોસમી આબોહવા આઉટલુક ફોરમ (South Asian Seasoned Climate Outlook Forum)

➢ 23 એપ્રિલ, 2020ના રોજ દક્ષિણ એશિયા મોસમી આબોહવા આઉટલુક ફોરમ (SASCOF) દ્વારા દક્ષિણ એશિયામાં આગામી દક્ષિણ–પશ્ચિમ ચોમાસા દરમિયાન સામાન્ય વરસાદ રહેવાનું અનુમાન છે.

### Back to Basics : SASCOF વિશે

➢ SASCOF એ અફઘાનિસ્તાન, પાકિસ્તાન, ભારત, નેપાળ, બાંગ્લાદેશ, શ્રીલંકા, ભૂતાન અને મ્યાનમાર સહિત દક્ષિણ એશિયા દેશોના હવામાન વિજ્ઞાનીઓ અને હાઈડ્રોલોજિકલ વિશેષજ્ઞોનું એક સંઘ છે.

➢ તેને વિશ્વ મોસમ વિજ્ઞાન સંગઠન (World Meteorological Organization - WMO)ના સમર્થનથી 2010માં સ્થાપવામાં આવ્યું હતું.

➢ તેમાં સમાવિષ્ટ દેશો ક્ષેત્રીય અનુમાન જાહેર કરવા માટે સામૂહિક રીતે કાર્ય કરે છે અને પ્રત્યેક વર્ષે દક્ષિણ–પશ્ચિમ અને ઉત્તર–પૂર્વ ચોમાસા સંબંધિત અનુમાન જાહેર કરે છે.

➢ SASCOFને એક એવા મંચ તરીકે સ્થાપિત કરાયેલ છે જ્યાં મ્યાનમાર સાથે SAARC સંગઠનના સભ્ય દેશોના હવામાન વિજ્ઞાનીઓ સામાન્ય મોસમ અને આબોહવા સંબંધિત મુદ્દા પર ચર્ચા કરી શકે.

## જળ શક્તિ અભિયાન

➢ COVID-19 મહામારીના કારણે ગ્રામીણ ક્ષેત્રોમાં શ્રમ બળની વ્યાપક ઉપલબ્ધતાને જોતા આવનારા ચોમાસાને ધ્યાનમાં રાખી જળ શક્તિ અભિયાન અંતર્ગત તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

➢ હાલમાં જળશક્તિ મંત્રાલય દ્વારા આ સંબંધે એડવાઈઝરી જાહેર કરવામાં આવેલ છે.

## વર્ષ 2020ના જળ શક્તિ અભિયાનમાં કરવામાં આવેલ ફેરફારો

- આરોગ્યલક્ષી વર્તમાન કટોકટીને કારણે ચાલુ વર્ષે ઉનાળામાં અભિયાનમાં કેન્દ્ર સરકારના કર્મચારીઓને કામે લગાવવામાં નહીં આવે.
- ચાલુ વર્ષે ચોમાસા દરમિયાન વરસાદના પાણીનો સંચય કરવા ઉપલબ્ધ તમામ સંસાધનોનો અસરકારક ઉપયોગ કરવામાં આવશે અને તેના માટે પૂર્વ તૈયારીઓ કરવામાં આવેલ છે.

## Back to Basics : જળ શક્તિ અભિયાન વિશે

- જળ શક્તિ અભિયાનનો પ્રારંભ 1 જુલાઈ, 2019ના રોજ કરવામાં આવ્યો હતો.
- આ અભિયાન અંતર્ગત 256 જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## અભિયાનનો ઉદ્દેશ

- ભારત સરકારના વિવિધ મંત્રાલયો અને રાજ્ય સરકારના સહયોગી પ્રયત્નો દ્વારા દેશમાં જળસંચય અને જળ સુરક્ષા માટેનું અભિયાન છે.
- પાણીની અછત અનુભવતા જિલ્લાઓ અને બ્લોકને પ્રાથમિકતા આપવામાં આવશે.
- જળસંચય માટેના મહત્ત્વપૂર્ણ પગલાઓ નીચે મુજબના છે :

1. જળ સંરક્ષણ અને વરસાદી પાણીનો સંગ્રહ
2. ટેંક અને પાણીના પરંપરાગત સ્ત્રોતોનું નવીનીકરણ
3. પાણીનો ફરીથી ઉપયોગ કરવો અને સ્ત્રોતોને રિચાર્જ કરવા
4. વોટરશેડ ડેવલપમેન્ટ
5. સઘન વનીકરણ

## અભિયાનની પ્રગતિ

- અભિયાન અંતર્ગત હાલ સુધીમાં કેન્દ્ર સરકાર, નાગરિક સમાજ સંસ્થાઓ, પંચાયતી રાજ સંસ્થા અને 6કરોડથી વધુ લોકોને આવરી લેવાયા હતા.
- 75 લાખથી વધારે પરંપરાગત અને અન્ય જળાશયો અને પાણીની ટાંકીનું નવીનીકરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત 1 કરોડ જળસંચય અને વરસાદના પાણીના માળખાનું સર્જન કરવામાં આવ્યું હતું.

# ANTHURIUM

- કેરળ સ્થિત એક સ્ત્રી ખોજકર્તા વસીની બાઈ દ્વારા 'ANTHURIUM' ફૂલની 10 વેરાયટી વિકસાવવામાં આવી છે.

## ANTHURIUM વિશે

- આ ફૂલના હવા શુદ્ધ કરવાના ગુણના કારણે તેનું મહત્ત્વ વધારે છે.
- ફૂલ આસપાસના વાતાવરણમાંથી હાનિકારક રસાયણો જેવા કે એમોનિયા, ફોર્માલ્ડીહાઈડ, ટોલ્યુઈન, ઝાયલીન વગેરે દૂર કરી શકે છે.
- NASA દ્વારા આ છોડને 'એર પ્યુરિફાયર પ્લાન્ટ' તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# 7. ઈતિહાસ અને સંસ્કૃતિ

## જલિયાવાલા બાગ હત્યાકાંડ વર્ષગાંઠ

- 13 એપ્રિલ, 2020ના રોજ જલિયાવાલા બાગ હત્યાકાંડની 101મી વર્ષગાંઠ હતી.

### શું હતો જલિયાવાલા બાગ હત્યાકાંડ ?

- 13 એપ્રિલ, 1919ના રોજ અમૃતસર (પંજાબ)ના જલિયાવાલા બાગમાં 'વૈશાખી'ના દિવસે સેંકડો નિર્દોષ લોકોની હત્યા કરી નાખવામાં આવી હતી.
- 9 એપ્રિલ, 1919ના રોજ રોલેટ એક્ટનો વિરોધ કરવાના ગુનામાં પંજાબના બે લોકપ્રિય નેતા ડૉ. સત્યપાલ અને ડૉ. સૈફુદ્દીન કિચલુની સરકારે ધરપકડ કરી હતી.
- ધરપકડના વિરોધમાં 13 એપ્રિલ, 1919ના રોજ અમૃતસર (પંજાબ)ના જલિયાવાલા બાગમાં એક શાંતિપૂર્ણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.
- જનરલ ડાયરે આ વિશાળ સભાને પોતાના આદેશની અવગણના માની અને સભાસ્થળ પર ઉપસ્થિત લોકો પર ગોળીબાર કરવાનો આદેશ આપ્યો.
- બ્રિટિશ આંકડાઓ અનુસાર મરનારોની સંખ્યા 379 હતી પરંતુ તેનાથી ઘણા વધારે લોકો મર્યા હતા.
- આ હત્યાકાંડના વિરોધમાં રવિન્દ્રનાથ ટાગોરે પોતાની 'નાઈટહૂડ'ની ઉપાધિનો ત્યાગ કર્યો હતો.
- કોંગ્રેસ દ્વારા હત્યાકાંડની તપાસ કરવા મદન મોહન માલવીયાની અધ્યક્ષતામાં સમિતિની રચના કરવામાં આવી જ્યારે બ્રિટિશ દ્વારા તપાસ માટે હંટર કમિશનની રચના કરવામાં આવી હતી.

## સિયાચિન દિવસ

- 13 એપ્રિલ, 2020ના રોજ ભારતીય સેના એ સિયાચિન દિવસ મનાવ્યો હતો.
- આ દિવસને 'ઓપરેશન મેઘદૂત' અંતગત ભારતીય સેનાના સાહસને યાદ કરવા માટે મનાવવામાં આવે છે.

### ઓપરેશન મેઘદૂત વિશે

- ઓપરેશન મેઘદૂત, 1984માં લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ ઓપરેશન અંતર્ગત ભારતીય સૈનિકો એ પૂરા સિયાચિન ગ્લેશિયર પર સફળતાપૂર્વક નિયંત્રણ મેળવ્યું હતું.
- આ ઓપરેશનનું નેતૃત્વ લેફ્ટનન્ટ જનરલ પ્રેમનાથ હૂન દ્વારા કરવામાં આવ્યું હતું.

### પૃષ્ઠભૂમિ

- જુલાઈ, 1949માં હસ્તાંતરિક કરાચી કરારમાં એ ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો કે સિયાચિન પર કોનો અધિકાર છે.
- 1970 અને 1980ના દાયકામાં પાકિસ્તાન સરકારે પર્વતારોહણ અભિયાનોને અનુમતિ આપી.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- ભારતે 1978માં ગ્લેશિયર પર પોતાની પહેલી હવાઈ લેંડિંગ કરી.
- સંઘર્ષની શરૂઆત ત્યારે થઈ જ્યારે પાકિસ્તાને જાપાની અભિયાન કોરિમો (ક્ષેત્રનું મહત્ત્વપૂર્ણ શિખર) માટે અનુમતિ આપી.
- તેનાથી ગ્લેશિયરને કાયદેસર બનાવવાના પાકિસ્તાનના પ્રયત્નો પર ભારત સરકારને શંકા થઈ. તેના કારણે ઓપરેશન મેઘદૂતની શરૂઆત કરવામાં આવી.

## 'દેખો અપના દેશ' વેબિનાર સિરીઝ

- અતુલ્ય ભારતની સંસ્કૃતિ અને વારસા વિશે ઊંડી અને વિગતવાર માહિતી પ્રદાન કરવા હેતુ પર્યટન મંત્રાલયે તાજેતરમાં 'દેખો અપના દેશ' નામની વેબિનાર સિરીઝ શરૂ કરી છે.
- સિરીઝના પ્રથમ વેબિનારમાં દિલ્હીના લાંબા ઈતિહાસને વર્ણવવામાં આવ્યો હતો.
- આ વેબિનારની પ્રથમ સિરીઝનું શીર્ષક 'City of Cities - Delhi's Personal Diary' રાખવામાં આવ્યું હતું.
- પર્યટન મંત્રાલયના જણાવ્યા અનુસાર, COVID-19 એ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પર્યટન અને ટ્રાફિકને અસર કરી છે. પરંતુ ટેકનોલોજીના આધારે સ્થળો પર વર્ચ્યુઅલ રીતે પહોંચવું શક્ય છે. તે જ સિદ્ધાંત પર આ સિરીઝ શરૂ કરવામાં આવી છે.
- સિરીઝ અંતર્ગત સ્મારકો, કલા, નૃત્યના રૂપો સહિત ભારતનો ઈતિહાસ અને સંસ્કૃતિને પ્રદર્શિત કરવામાં આવશે.

## મહામારીનો ઈતિહાસ

- COVID-19એ 21મી સદીમાં જેમ માનવજાતને પ્રભાવિત કરી છે તેવી જ રીતે 6-20મી સદીઓ સુધી અનેક મહામારીએ માનવજાત પર વિશેષ પ્રભાવ પાડયો છે. આવી મહામારીઓ નીચે મુજબની છે :

### જસ્ટિનિયન પ્લેગ (Justinian Plague)

- તેની ઉત્પત્તિ 6મી સદીમાં મિસ્ત્રમાં થઈ હતી અને પૂર્વી રોમ રાજ્યમાં તેનો ઝડપથી પ્રસાર થયો હતો.
- આ મહામારીથી લગભગ 25-100 મિલિયન લોકો મર્યા હતા.
- ઈ.સ. 750 સુધી વારંવાર આ પ્લેગનો પ્રકોપ જોવા મળ્યો હતો. જેનાથી પૂર્વી રોમન સામ્રાજ્ય આર્થિક રૂપથી નબળું પડયું હતું.
- જસ્ટિનિયન પ્લેગ એ બેક્ટેરિયા યેરસિનીયા પેસ્ટિસને કારણે થયો હોવાનું માનવામાં આવે છે. તે ઉંદરથી માણસમાં ફેલાયો હોવાનું માનવામાં આવે છે.

### બ્લેક ડેથ (Black Death)

- આ મહામારીનો પ્રભાવ 14મી સદી દરમિયાન યુરોપ અને એશિયા મહાદ્વીપોમાં રહ્યો હતો.
- આ મહામારીથી લગભગ 75-200 મિલિયન લોકો મર્યા હતા.
- તેનો પ્રભાવ ચીન, ભારત, સીરિયા અને મિસ્ત્ર પછી યુરોપ સુધી જોવા મળ્યો હતો.
- આ મહામારીથી યુરોપની લગભગ 50% આબાદી મૃત્યુ પામી હતી. જસ્ટિનિયન પ્લેગ જે કારણે ફેલાયો હતો તે જ કારણ બ્લેક ડેથનું પણ માનવામાં આવે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### સ્પેનિશ ફ્લૂ (Spanish Flu)

- તેનો પ્રભાવ પ્રથમ વિશ્વ યુદ્ધના અંતિમ તબક્કામાં રહ્યો હતો.
- 20મી સદીની સૌથી ઘાતક બીમારી હતી જેમાં લગભગ 50 મિલિયન લોકો મૃત્યુ પામ્યા હતા.
- તે સૌપ્રથમ યુરોપમાં જોવા મળ્યો હતો અને ત્યારબાદ અમેરિકા અને એશિયામાં ફ્લૂ જોવા મળ્યો હતો.
- ફ્લૂ માટેના વાયરસ તરીકે H1N1 વાયરસને જવાબદાર માનવામાં આવે છે.

## વિશ્વ ધરોહર દિવસ

- 18 એપ્રિલના રોજ દર વર્ષે વિશ્વભરમાં ‘વિશ્વ ધરોહર દિવસ’ મનાવવામાં આવે છે. જેનાથી વૈશ્વિક સમુદાયો વચ્ચે વારસા વિશે જાગૃકતા આવે.
- વર્ષ 2020ના વિશ્વ ધરોહર દિવસની થીમ : 'Shared Cultures, Shared Heritage, Shared Responsibility'

### વિશ્વ ધરોહર દિવસની પૃષ્ઠભૂમિ

- વિશ્વ ધરોહર દિવસની ઘોષણા વર્ષ 1982માં ‘આંતરરાષ્ટ્રીય સ્મારકો અને સ્થળો પરિષદ’ દ્વારા કરવામાં આવી હતી.
- તેને સાંસ્કૃતિક વારસો, સ્મારકોનું મહત્ત્વ અને તેના સંરક્ષણ બાબતે જાગૃકતા વધારવાના ઉદ્દેશથી 1983માં યુનેસ્કોની સામાન્ય સભા દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.
- ભારતમાં કુલ 38 સ્થળો (1 મિશ્રિત, 7 પ્રાકૃતિ અને 30 સાંસ્કૃતિક) યુનેસ્કો દ્વારા ઘોષિત વિશ્વ ધરોહર યાદીમાં છે.
- વર્ષ 2019માં જયપુર, રાજસ્થાન ભારતના 38માં સ્થાન તરીકે યાદીમાં સમાવવામાં આવ્યું હતું.

## અમૂર્ત સાંસ્કૃતિક વારસાની રાષ્ટ્રીય સૂચિ

- તાજેતરમાં સંસ્કૃતિ મંત્રાલય દ્વારા અમૂર્ત સાંસ્કૃતિક વારસાની રાષ્ટ્રીય સૂચિ જાહેર કરવામાં આવી હતી.
- જો કે ભારતની અમૂર્ત સાંસ્કૃતિક વારસાની 13 પરંપરાઓ પહેલેથી જ યુનેસ્કોની યાદીમાં સમાવિષ્ટ છે.
- અમૂર્ત સાંસ્કૃતિક વારસાની રાષ્ટ્રીય સૂચિનો ઉદ્દેશ ભારતીય અમૂર્ત વારસામાં સમાયેલ ભારતીય સંસ્કૃતિની વિવિધતાને નવી ઓળખ આપવાનો છે.
- અમૂર્ત સાંસ્કૃતિક વારસાની આ યાદીમાં 101 કલાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ 101 યાદીમાં યુનેસ્કો દ્વારા જાહેર કરાયેલ અમૂર્ત સાંસ્કૃતિક વારસાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

### અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદીના ક્ષેત્રો

- અમૂર્ત સાંસ્કૃતિક વારસાની સુરક્ષા માટે યુનેસ્કોના વર્ષ 2003ના સંમેલનનું અનુસરણ કરીને સંસ્કૃતિ મંત્રાલયે અમૂર્ત સાંસ્કૃતિક વારસાને 5 વ્યાપક ક્ષેત્રોમાં વર્ગીકૃત કરેલ છે.

1. અમૂર્ત સાંસ્કૃતિક વારસાના વાહકના રૂપમાં ભાષા સહિત મૌખિક પરંપરા અને અભિવ્યક્તિ
2. પ્રદર્શન કલા
3. સામાજિક પ્રથા, અનુષ્ઠાન અને ઉત્સવ

4. પ્રકૃતિ અને બ્રહ્માંડના વિષયમાં જ્ઞાન અને અભ્યાસ
5. પારંપરિક શિલ્પ કૌશલ્ય

## અમૂર્ત સાંસ્કૃતિક વારસાની રાષ્ટ્રીય સૂચિમાં ગુજરાતનો વારસો

➤ સંસ્કૃતિ મંત્રાલયની આ રાષ્ટ્રીય સૂચિમાં ગુજરાતની 3 કલાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**1. પાટણનું પટોડું**

➤ તે હાથશાળથી બનતી સાડી છે.

➤ વર્લ્ડ હેરિટેજ સાઈટ રાણકી વાવથી જાણીતું પાટણ એ પટોળાથી વિશ્વભરમાં મશહૂર છે.

➤ પટોળાની શરૂઆત કરનાર સિદ્ધરાજ જયસિંહ હતા.

➤ પટોળા બેવડ ઈક્ત શૈલીમાં બનાવવામાં આવે છે.

**2. રાઠવાની ઘેર**

➤ આદિવાસી લોકનૃત્ય છે.

➤ વડોદરા જિલ્લાના છોટાઉદેપુર, ક્વાંટ અને પાવીજેતપુર તેમજ પંચમહાલના જાંબુઘોડા, નારુંકોટ અને ઘોઘંબા તાલુકામાં વસતા આદિવાસી રાઠવા સમાજમાં પ્રચલિત નૃત્ય રાઠવાની ઘેરનો સમાવેશ પરોફોર્મિંગ આર્ટસ વિભાગમાં કરવામાં આવ્યો છે.

➤ હોળી સમયે ઉજવાતો ક્વાંટનો મેળો તેની આગવી ઓળખ છે.

**3. સંખેડાનું લાકડાનું કામ**

➤ તે લાકડાનું ફર્નિચર છે.

➤ વડોદરા જિલ્લાના સંખેડા ગામમાં પરિવારો દ્વારા સાગના લાકડામાંથી તૈયાર થતું ફર્નિચર છે.

## Back to Basics :

## અમૂર્ત સાંસ્કૃતિક વારસો અને યુનેસ્કો

➤ અમૂર્ત સંસ્કૃતિ એ સમુદાય અને રાષ્ટ્રનું એવું ભંડોળ છે જે સદીઓથી સમૃદ્ધ થતું રહ્યું હોય. તે સમાજની ચેતનાને પ્રતિબિંબિત કરે છે જે કલા, ક્રિયા અથવા અન્ય કોઈપણ રૂપે વ્યક્ત થાય છે.

➤ યુનેસ્કો વિશ્વ ધરોહરની યાદી ઉપરાંત અમૂર્ત સાંસ્કૃતિક વારસાને પણ માન્યતા આપે છે.

➤ યુનેસ્કો દ્વારા માન્યતા પ્રાપ્ત સૂચિમાં ભારતના 13 અમૂર્ત સાંસ્કૃતિક વારસાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

| ક્રમ | અમૂર્ત સાંસ્કૃતિક વારસો | સમાવેશનું વર્ષ |
|---|---|---|
| 1 | વૈદિક જાપની પરંપરા | 2008 |
| 2 | રામલીલા, રામાયણનું પરંપરાગત પ્રદર્શન | 2008 |
| 3 | કુટિયાટ્ટમ, સંસ્કૃત થિયેટર | 2008 |
| 4 | રામમન, ભારતના ગઢવાલ હિમાલયનો ધાર્મિક ઉત્સવ અને ધાર્મિક થિયેટર | 2009 |
| 5 | મુડિએત્તુ, કેરળનું ધાર્મિક થિયેટર અને નૃત્ય નાટક | 2010 |
| 6 | કાલબેલીયા લોકગીતો અને રાજસ્થાનના નૃત્યો | 2010 |
| 7 | છઉ નૃત્ય | 2010 |
| 8 | લદ્દાખનું બૌદ્ધ જાપ : ભારતના જમ્મુ કશ્મીર, ટ્રાંસ હિમાલય લદ્દાખ ક્ષેત્રમાં પવિત્ર બૌદ્ધ ગ્રંથોનું પઠન | 2012 |
| 9 | સંકિર્તન, ધાર્મિક ગાયન, ઢોલ વગાડીને મણિપુરનું નૃત્ય | 2013 |

| | | |
|---|---|---|
| 10 | પંજાબના થાથેરા દ્વારા બનાવેલ પીતળ અને તાંબાના વાસણો | 2014 |
| 11 | યોગ | 2016 |
| 12 | નવરોઝ, નોવરેઝ, નૌરોઝ, નૌરેઝ, નુરઝ, નોવરુઝ, નવરુઝ, નેવરુઝ | 2016 |
| 13 | કુંભ મેળો | 2017 |

## અંબુબાચી મેળો

- COVID-19ના કારણે આ વર્ષે ગુવાહટી (આસામ)ના કામાખ્યા મંદિરમાં અંબુબાચી મેળાનું આયોજન કરવામાં નહીં આવે.

### અંબુબાચી મેળા વિશે

- આસામ રાજ્યના ગુવાહટીમાં આયોજિત થનાર પૂર્વોત્તર ભારતનો સૌથી મોટો ધાર્મિક ઉત્સવ છે.
- અંબુબાચી મેળાનું આયોજન પ્રત્યેક વર્ષ 21-25 જૂનના મધ્યમાં જ્યારે સૂર્ય મિથુન રાશિમાં હોય છે ત્યારે કરવામાં આવે છે.
- આ મેળાનું કામખ્યા મંદિરમાં બિરાજમાન દેવીના વાર્ષિક માસિક સ્ત્રાવને દર્શાવતા તહેવારના સમયે આયોજન કરવામાં આવે છે.
- કામખ્યા 51 શક્તિપીઠોમાંથી એક છે. જે શક્તિ પંથના અનુયાયીઓ માટેનું એક પવિત્ર સ્થળ છે. શક્તિ પંથમાં ઈશ્વરની પૂજા માતા કે દેવીના રૂપમાં કરવામાં આવે છે.
- એવી માન્યતા છે કે મેળાના ત્રણ દિવસ માટે દેવીના માસિક સ્ત્રાવ હોવાને લીધે કામખ્યા મંદિરના દરવાજાઓ સ્વયં બંધ થઈ જાય છે.

### કામખ્યા મંદિર વિશે

- પૌરાણિક માન્યતાઓ અનુસાર કામખ્યા મંદિરનું નિર્માણ દાનવ રાજા નરકાસુર એ કરાવ્યું હતું.
- આ મંદિર નીલાચલ પહાડો પર સ્થિત છે જેનો ઉત્તર ભાગ બ્રહ્મપુત્રા નદીના ઢાળ સુધી જાય છે.
- આ મંદિરને લગતા વર્ષ 1565 પછીના પ્રાપ્ત રેકોર્ડ મુજબ કોચ રાજ્યના રાજા નર નારાયણ દ્વારા મંદિરનું પુનઃનિર્માણ કરાવવામાં આવ્યું હતું.

## ખોંગજોમ દિવસ

- પ્રત્યેક વર્ષ 23 એપ્રિલના રોજ મણિપુરમાં 'ખોંગજોમ દિવસ' મનાવવામાં આવે છે.
- આ દિવસનું આયોજન 'એંગ્લો મણિપુર યુદ્ધ'માં લડનાર યોદ્ધાઓને શ્રદ્ધાંજલી આપવાના ઉદ્દેશથી કરવામાં આવે છે.

### એંગ્લો મણિપુર યુદ્ધ વિશે

- એંગ્લો મણિપુર યુદ્ધ બ્રિટિશ સામ્રાજ્ય અને મણિપુર સામ્રાજ્ય વચ્ચેનો સશસ્ત્ર સંઘર્ષ હતો. જે 31 માર્ચથી 27 એપ્રિલ, 1891 સુધી લડવામાં આવ્યું હતું.
- યુદ્ધમાં બ્રિટિશ સામ્રાજ્યનો વિજય થયો હતો.
- આ યુદ્ધ મણિપુરના ખાંગજોમ ખેબા પહાડો પર લડવામાં આવ્યું હતું તેથી આ દિવસનું નામ ખાંગજોમ દિવસ છે.
- 27 એપ્રિલ, 1891ના રોજ યુદ્ધ સમાપ્ત થયા બાદ મણિપુર પર અંગ્રેજોનું પ્રત્યક્ષ નિયંત્રણ સ્થપાયું હતું.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ખુદાઈ ખિદમતગાર આંદોલન

- 23 એપ્રિલ, 1930ના રોજ 'કિસ્સા ખ્વાની નરસંહાર' થયો હતો. તે નરસંહારને 90 વર્ષ પૂર્ણ થયા હતા.
- આ નરસંહાર બ્રિટીશો દ્વારા કરવામાં આવ્યો હતો. તેના અંતર્ગત ખુદાઈ ખિદમતગાર આંદોલન કરતા લોકોની હત્યા કરવામાં આવી હતી.

### નરસંહારની ઘટના

- અબ્દુલ ગફાર ખાન અને ખુદાઈ ખિદમતકારના નેતાઓને બ્રિટિશો દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. તેનું મુખ્ય કારણ એ તેમના દ્વારા ઉત્તર–પશ્ચિમ સીમા પ્રાંતમાં એક સભામાં આપવામાં આવેલું ભાષણ હતું.
- તેમની ધરપકડના વિરોધમાં પ્રદર્શનો શરૂ કરવામાં આવ્યા હતા. આ જ વિરોધ પ્રદર્શન કિસ્સા ખ્વાની બજારમાં પણ શરૂ થયું હતું.
- કિસ્સા ખ્વાની બજારમાં બ્રિટિશ સેનાએ પહોંચી તે સ્થળ ખાલી કરવા લોકોને જણાવ્યું અને તે ન થતા પ્રદર્શન કરતા લોકો પર ગોળીબાર કરવાનો શરૂ કરી દીધો હતો.

### ખુદાઈ ખિદમતગાર અને અબ્દુલ ગફાર ખાન વિશે

■ **ખુદાઈ ખિદમતગાર**

- અબ્દુલ ગફાર ખાન દ્વારા આ આંદોલનની શરૂઆત કરવામાં આવી હતી.
- આ આંદોલન ગાંધીજીની અહિંસાની પદ્ધતિ પર આધારિત હતું.
- ખુદાઈ ખિદમતગારનો અર્થ 'સર્વન્ટ ઓફ ગોડ' થાય છે. આંદોલનને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે સમર્થન આપ્યું હતું. જ્યારે મુસ્લિમ લીગ દ્વારા તેને સમર્થન આપવામાં આવ્યું ન હતું.
- ખુદાઈ ખિદમતગારોમાં પુરુષો લાલ રંગનો શર્ટ અને મહિલાઓ કાળા રંગના વસ્ત્રો ધારણ કરતી હતી.

■ **અબ્દુલ ગફાર ખાન**

- તેઓને ફ્રન્ટિયર ગાંધીના નામથી પણ ઓળખવામાં આવતા હતા.
- તેઓ રાજનિતિક નેતા હતા અને અહિંસાના આંદોલન માટે જાણીતા હતા. તેમના દ્વારા ભારત–પાકિસ્તાનના વિભાજનનો વિરોધ કરવામાં આવ્યો હતો.
- ભારત સરકાર દ્વારા તેમને 1987માં 'ભારત રત્ન' સમ્માન આપવામાં આવ્યું હતું.

## બસવ જયંતી

- 26 એપ્રિલ, 2020ના રોજ ભારતના પ્રધાનમંત્રી દ્વારા બસવ જયંતી પર ભગવાન બસવેશ્વરાને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી.

### બસવ જયંતી વિશે

- બસવ જયંતી એ 12મી સદીમાં દર્શનશાસ્ત્ર અને સમાજ સુધારક વિશ્વગુરુ બસવેશ્વરાના જન્મની સ્મૃતિમાં મનાવવામાં આવતો વાર્ષિક તહેવાર છે.
- ભગવાન બસવેશ્વરા એ 12મી સદીમાં દર્શનશાસ્ત્ર કવિ અને લિંગાયત સંપ્રદાયના સંસ્થાપક સંત હતા.

## ભગવાન બસવેશ્વરા વિશે

- બસવન્ના અર્થાત્ ભગવાન બસવેશ્વરાના વિચારોને નવલકથાના રૂપમાં લિપિબદ્ધ કરવામાં આવેલ છે. જેને વચન (કવિતા) કહેવામાં આવે છે.
- આ નવીન સાહિત્યિક કૃતિનું 'શરણ આંદોલન'માં મુખ્ય યોગદાન રહ્યું છે, જેમાં એ પોતાની ક્રાંતિકારી અને સુધારાવાદી વિચારધારાને સરળ રીતે કન્નડ ભાષામાં વ્યક્ત કરે છે.
- બસવેશ્વરાના નેતૃત્વમાં 'વચન' આધારિત આંદોલનનો મુખ્ય ઉદ્દેશ બધાનું કલ્યાણ કરવાનો હતો.
- તેમના દ્વારા બે નવી અવધારણાઓ આપવામાં આવી છે જે 'સ્થાવર' અને 'જંગમ' દ્વારા ઓળખવામાં આવી જેનો અર્થ અનુક્રમે 'સ્થિર' અને 'ગતિશીલ' છે.
- બસવેશ્વરા એ 'મંદિરની અવધારણા' બદલવાનો પ્રયત્ન કર્યો જે વિભિન્ન પ્રકારના ઉત્પીડનનું મુખ્ય કેન્દ્ર હતું. તેમનું માનવું હતું કે પુજારી અને અમીર લોકો ભગવાન અને મંદિરના નામ પર શોષણ કરે છે.
- ભારતીય પ્રધાનમંત્રી દ્વારા વર્ષ 2015માં લંડન ખાતે લમ્બેધમાં 'થેમ્સ' નદીના કિનારે બસવન્નાની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું.




# 8. અન્ય સંક્ષિપ્ત વર્તમાન પ્રવાહો

## ઓપરેશન લાઈફલાઈન ઉડાન

- COVID-19ને કારણે રાષ્ટ્રવ્યાપી લોકડાઉનને ધ્યાનમાં રાખીને દૂરના સ્થળો પર આવશ્યક વસ્તુઓની આપૂર્તિ સુનિશ્ચિત કરવા નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા 'ઓપરેશન લાઈફલાઈન ઉડાન' લોન્ચ કરવામાં આવ્યું હતું.
- ઓપરેશન દ્વારા દેશના વિભિન્ન ક્ષેત્રોમાં આવશ્યક ચિકિત્સા સુવિધાઓ પહોંચાડવા માટે ઉડાનો સંચાલિત કરવામાં આવી રહી છે.
- આ ઉડાનોનું સંચાલન એર ઈન્ડિયા, અલાયંસ એર, ભારતીય વાયુ સેના, પવન હંસ અને અન્ય ખાનગી કેરિયર્સ દ્વારા કરવામાં આવી રહ્યું છે.
- હાલમાં ઓપરેશન લાઈફલાઈન ઉડાન અંતર્ગત મેડિકલ કાર્ગો એક દિવસમાં 108 ટન માલની આવશ્યક આપૂર્તિ કરે છે.
- અન્ય દેશોમાં જરૂરી વસ્તુઓ પહોંચાડવાની જવાબદારી એર ઈન્ડિયાને આપવામાં આવી છે.

## સહયોગ એપ

- ભારતીય સર્વેક્ષણ વિભાગે સરકારી એજન્સી અને આરોગ્ય સંભાળ વ્યવસાયિકોને મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં મદદ માટે જરૂરી આંકડાઓની જરૂરીયાતને ધ્યાનમાં રાખી માળખાગત સુવિધા પર ડેટા એકત્રિત કરવા એક નવું પ્લેટફોર્મ બનાવ્યું છે.
- આ પ્લેટફોર્મ પર બાયોમેડિકલ વેસ્ટ, COVID-19ની હોસ્પિટલો, પરીક્ષણ પ્રયોગશાળાઓ અને કોરેન્ટાઈન શિબિરોનો સમાવેશ થાય છે. જેનો ડેટા એકત્રિત કરવામાં આવશે.
- આ પ્લેટફોર્મને ટેકો આપવા 'સહયોગ' નામની મોબાઈલ એપ બનાવવામાં આવી છે. તે સમુદાય કાર્યકરોની સહાયથી ડેટા એકત્રિત કરવામાં મદદ કરશે.
- સરકાર દ્વારા જરૂરી માહિતી ધોરણોને 'સહયોગ' એપમાં શામેલ કરવામાં આવ્યા છે. જે સંપર્ક ટ્રેસિંગ, લોક જાગૃતિ અને સ્વ–આકરણી હેતુના સંદર્ભમાં સરકારની 'આરોગ્ય સેતુ' એપની અસરકારકતામાં વધારો કરશે.

## અજય મહાજન કેર રેટિંગના નવા MD

- ક્રેડિટ રેટિંગ એજન્સી 'કેર રેટિંગ' (CARE Ratings)ના અજય મહાજનને આગામી 5 વર્ષ માટે કંપનીના નવા મેનેજિંગ ડાયરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.
- કેર રેટિંગનું પૂરું નામ 'ક્રેડિટ એનાલિસિસ એન્ડ રિસર્ચ' (CARE) છે.

### ક્રેડિટ રેટિંગ એજન્સી વિશે

- ક્રેડિટ રેટિંગ એજન્સી કોઈ દેશ, સંસ્થા કે વ્યક્તિને ધિરાણ/ઋણ લેવા કે તેને ચૂકવવાની ક્ષમતાના મૂલ્યાંકન માટે કામગીરી કરે છે.

### ભારતમાં નોંધાયેલ ક્રેડિટ રેટિંગ એજન્સી

1. ક્રિસિલ (CRISIL)
2. ઈન્ડિયા રેટિંગ એન્ડ રિસર્ચ (India Rating and Research)

3. આઈસીએઆર (ICAR)
4. ક્રેડિટ એનાલિસિસ એન્ડ રિસર્ચ (CARE)
5. બ્રિકવર્ક રેટિંગ ઈન્ડિયા (Brickwork Rating India)
6. સમેરા રેટિંગ (SMERA)
7. ઈન્ફોમેરિક્સ વેલ્યુએશન એન્ડ રેટિંગ

## વિશ્વ હીમોફીલિયા દિવસ

- સમગ્ર વિશ્વમાં 17 એપ્રિલને વિશ્વ હીમોફીલિયા દિવસ તરીકે મનાવવામાં આવે છે.
- વર્ષ 2020ના વિશ્વ હીમોફીલિયા દિવસની થીમ : 'Get + Involved'

### હીમોફીલિયા વિશે

- આ એક પ્રકારની આનુવંશિક બીમારી છે. જે બાળકોમાં તેના માતા–પિતાના માધ્યમથી પહોંચે છે.
- તેને બે વર્ગોમાં વહેંચવામાં આવે છે. હીમોફીલિયા A અને હીમોફીલિયા B.
- હીમોફીલિયા Aમાં ફેક્ટર-8ની માત્રા વધુ ઓછી કે શૂન્ય થઈ જાય છે.
- હીમોફીલિયા Bમાં ફેક્ટર-9ની માત્રા શૂન્ય કે વધુ ઓછી થઈ જાય છે.
- હીમોફીલિયા Aના લગભગ 80% દર્દીઓ હોય છે.
- હીમોફીલિયા એ રક્તનું પિંડ ન બનવાને કારણે થાય છે. તેનાથી શરીરની અંદરના અંગો જેવા કે લિવર, કિડની, માંસપેશીઓથી રક્ત વહેવા લાગે છે.
- તેમાં ક્રોમોજોમની કાર્યપ્રણાલી બગડવાથી રક્તસ્ત્રાવ વધુ ઝડપી થઈ જાય છે.

## 'અસેસ કોરો ના' એપ્લિકેશન

- દિલ્હી સરકાર દ્વારા ડોર–ટુ–ડોર સર્વે કરવા માટે 'અસેસ કોરો ના' એપ્લિકેશન શરૂ કરવામાં આવી છે. તેને COVID-19 નિયંત્રણ ક્ષેત્રમાં શરૂ કરવામાં આવી છે.

### એપ્લિકેશનની મુખ્ય બાબતો

- આ મોબાઈલ એપ નિર્ણય લેવાની પ્રક્રિયાને ગતિ આપશે. કારણ કે તે વાસ્તવિક સમયના ડેટાનું વિશ્લેષણ કરે છે.
- એકત્રિત ડેટાને સર્વર પર અપલોડ કરવામાં આવે છે અને તરત જ વિશ્લેષણ શરૂ થાય છે.
- નિયંત્રણ કેન્દ્રો ડેટાનો ઉપયોગ કરશે અને તરત જ એમ્બ્યુલન્સ સેવા, ચિકિત્સા વિશેષજ્ઞ વગેરે જેવી જરૂરીયાતો પૂરી કરવા નિર્ણય લેશે.

## WWF ઈન્ડિયાના એમ્બેસેડર તરીકે વિશ્વનાથ આનંદની નિયુક્તિ

- હાલમાં જ 'વર્લ્ડ વાઈડ ફંડ – ઈન્ડિયા' દ્વારા વિશ્વના પ્રસિદ્ધ શતરંજ ખેલાડી વિશ્વનાથ આનંદની પર્યાવરણ શિક્ષણ કાર્યક્રમના બ્રાંડ એમ્બેસેડર તરીકે પસંદગી કરવામાં આવી છે.
- પર્યાવરણ શિક્ષા કાર્યક્રમની શરૂઆત વર્ષ 1976માં કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત દેશના યુવાઓ, સ્કૂલના બાળકો અને નાગરિકોને પર્યાવરણ વિશે જાગૃત કરવામાં આવે છે.

### વર્લ્ડ વાઈડ ફંડ (WWF) વિશે

- **WWFનું નિર્માણ વર્ષ 1961માં કરવામાં આવ્યું હતું.**
- **WWF પર્યાવરણનું સંરક્ષણ અને સંશોધન સંબંધિત કાર્ય કરે છે.**
- **WWFનું મુખ્યાલય ગ્લેન્ડ, સ્વિટ્ઝર્લેન્ડ ખાતે આવેલું છે.**
- **WWFના લોગોમાં પ્રાણી તરીકે પાંડાનું ચિત્ર છે.**
- **WWF પર્યાવરણના સંદર્ભે વિવિધ અહેવાલો (રિપોર્ટ) પ્રકાશિત કરે છે જેની યાદી નીચે મુજબ છે.**

■ **WWF દ્વારા પ્રકાશિત થતા મુખ્ય અહેવાલો**

1. લિવિંગ પ્લાનેટ રિપોર્ટ
2. લિવિંગ પ્લાનેટ ઈન્ડેક્સ
3. ઈકોલોજીકલ ફૂટપ્રિંટ
4. વન પ્લાનેટ સોલ્યુશન્સ

## એશિયન બોક્સિંગ ચેમ્પિયનશીપ 2020

- તાજેતરમાં ભારતીય બોક્સિંગ ફેડરેશન એ ઘોષણા કરી છે કે નવેમ્બર–ડિસેમ્બર 2020માં આયોજિત થનાર એશિયન બોક્સિંગ ચેમ્પિયનશીપની યજમાની ભારત કરશે.
- ઈન્ડિયન બોક્સિંગ ફેડરેશન મુજબ, કોરોના વાયરસથી ઉદ્‌ભવેલ પરિસ્થિતિ યોગ્ય બન્યા બાદ એશિયન બોક્સિંગ કોન્ફેડરેશન દ્વારા તેની ઔપચારિક જાહેરાત કરવામાં આવશે.
- વર્ષ 2019થી પુરુષ અને મહિલા ચેમ્પિયનશીપનું આયોજન એકસાથે કરવામાં આવે છે. આ પહેલા ભારત 1980માં મુંબઈ ખાતે પુરુષ એશિયાઈ ચેમ્પિયનશીપ અને 2003માં હરિયાણા ખાતે મહિલા ચેમ્પિયનશીપનું આયોજન કરી ચૂક્યું છે.

## ગોવા COVID-19 મુક્ત રાજ્ય

- ગોવા રાજ્ય એ ભારતનું પ્રથમ રાજ્ય બન્યું છે જેને COVID-19થી મુક્ત રાજ્ય જાહેર કરવામાં આવ્યું હોય.
- 3 એપ્રિલ, 2020થી ગોવામાં કોઈ નવો કેસ સામે આવ્યો નથી. આથી તે ભારતનું પ્રથમ 'ગ્રીન ઝોન' રાજ્ય પણ બન્યું છે.
- COVID-19થી બચવા ભારત સરકારે દેશના જિલ્લાઓને હોટસ્પોટ જિલ્લાઓ, નોન હોટસ્પોટ જિલ્લાઓ અને ગ્રીન ઝોનમાં વર્ગીકૃત કર્યા છે.

## સામુદાયિક રસોઈઘરને જીઓ ટેગ (Geo Tag) કરનાર ઉત્તરપ્રદેશ પ્રથમ રાજ્ય

- ઉત્તરપ્રદેશ ભારતનું પ્રથમ રાજ્ય બન્યું છે જેમણે 75 જિલ્લામાં આવેલ લગભગ 7368 જેટલા સામુદાયિક રસોઈઘરને જીઓ ટેગ કર્યા હોય.
- ગુગલ (Google)ના માધ્યમથી આ રસોઈઘરોને જીઓ ટેગ કરવામાં આવ્યા છે. આ રસોઈઘરો પ્રતિ દિન 12 લાખ ફૂડ પેકેટ બનાવે છે.
- COVID-19 દરમિયાન શ્રમિકોને સામુદાયિક રસોઈઘરોની માહિતી ન હોવાને કારણે જમવાની સમસ્યા ઉભી થઈ હતી. જીઓ ટેગના માધ્યમથી રસોઈઘરો કઈ જગ્યાએ ઉપલબ્ધ છે તેમની માહિતી તેમને મળશે.

- જીઓ ટેગ માટે 'રિમોટ સેન્સિંગ એપ્લિકેશન સેન્ટર' દ્વારા એક એપ્લિકેશન બનાવવામાં આવશે. આ ઉપરાંત ગુગલ પણ આ રસોઈઘરોની માહિતી પોતાની એપ્લિકેશનમાં ઉપલબ્ધ કરાવશે.

## નરેલા કોરેન્ટાઈન સેન્ટર

- દિલ્હીમાં આવેલું નરેલા કોરેન્ટાઈન કેન્દ્ર દેશમાં COVID-19 શંકાસ્પદ કેસોનું વ્યવસ્થાપન કરતા કેન્દ્રોમાં સૌથી મોટા કેન્દ્રમાંથી એક છે.
- ભારતીય સૈન્યની ટીમ દ્વારા આ કેન્દ્રને હાલમાં મદદ કરવામાં આવી રહી છે. 40 વ્યક્તિનો સ્ટાફ ધરાવતી સૈન્યની ટીમ સ્વૈચ્છાએ સેવા આપે છે. જેમાં 6 મેડિકલ અધિકારીઓ અને 18 પેરામેડિકલ સ્ટાફ પણ છે.
- શરૂઆતમાં આ સેન્ટરમાં મિત્ર દેશોથી આવેલ 250 વિદેશી નાગરિકો રાખવામાં આવ્યા હતા. ત્યારબાદ અહીં નિઝામુદીન મરકઝમાંથી આવેલ અંદાજે 1000થી વધુ લોકોને લાવવામાં આવ્યા હતા.

## કપિલ દેવ ત્રિપાઠી રાષ્ટ્રપતિના નવા સચિવ તરીકે નિયુક્ત

- પૂર્વ IAS અધિકારી કપિલ દેવ ત્રિપાઠીને રાષ્ટ્રપતિના નવા સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.
- કેન્દ્રીય મંત્રીમંડળની નિયુક્ત સમિતિએ રાષ્ટ્રપતિના કાર્યકાળ સાથે સહ–કાર્યકાળ માટે કપિલ દેવ ત્રિપાઠીની નિયુક્તિને મંજૂરી આપી છે.
- કપિલ દેવ ત્રિપાઠી અસમ–મેઘાલય કેડરના 1980 બેચના સેવાનિવૃત્ત IAS અધિકારી છે.
- તેઓ પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયમાં થી સચિવ તરીકે સેવાનિવૃત્ત થયા હતા.
- તેઓ પૂર્વ સચિવ સંજય કોઠારીનું સ્થાન લેશે. જેઓને ફેબ્રુઆરી, 2020માં મુખ્ય સર્તકતા કમિશનર (CVC) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

## ટ્રાન્સજેન્ડર માટે ત્રીજા લિંગની અલગ શ્રેણી

- કેન્દ્ર સરકાર દ્વારા બધા જ વિભાગોને નિર્દેશ આપવામાં આવ્યો છે કે સિવિલ સેવા અને અન્ય પદો માટેની અરજી પત્રમાં ટ્રાન્સજેન્ડર સમુદાય સંબંધિત લોકો માટે ત્રીજા લિંગની અલગ શ્રેણી બનાવવામાં આવે.
- કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલયે આ નિર્ણય 'ટ્રાન્સજેન્ડર વ્યક્તિ (અધિકારોનું સંરક્ષણ) અધિનિયમ'ના આધારે આપ્યો છે.

## ઓનલાઈન કોચ વિકાસ કાર્યક્રમ

- બેડમિન્ટન એસોસિયેશન ઓફ ઈન્ડિયા અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા સંયુક્ત રીતે 20 એપ્રિલ, 2020થી મુખ્ય રાષ્ટ્રીય કોચ પુલેલા ગોપીચંદના નેતૃત્વમાં ઓનલાઈન કોચ વિકાસ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.
- આ કાર્યક્રમ 3 અઠવાડિયા સુધી અને દરેક અઠવાડિયામાં 5 દિવસ ચાલશે. જે દરમિયાન સંપૂર્ણ કોર્સના વિષયને 39 વિષયોમાં વહેંચવામાં આવેલ છે.
- કોર્સના માધ્યમથી દેશના અન્ય કોચને ટોચના કોચ પાસેથી શીખવા મળશે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- પ્રથમ સત્રમાં ફુલેલા ગોપીચંદ સાથે અન્ય 2 વિદેશી કોચ પણ રહેશે.
- કોર્સના માધ્યમથી દેશના અન્ય કોચને અનુભવ મળશે અને તેમના કૌશલ્યમાં વૃદ્ધિ થશે.

## સિવિલ સેવા દિવસ - 2020

- દર વર્ષે 21 એપ્રિલને સિવિલ સેવા દિવસ તરીકે મનાવવામાં આવે છે.
- આ દિવસનો ઉદ્દેશ ભારતીય વહીવટી સેવા, રાજ્ય વહીવટી સેવાના સદસ્યો દ્વારા પોતાને નાગરિકો માટે સમર્પિત અને વચનબદ્ધ કરવાનો છે.

### શા માટે 21 એપ્રિલનો દિવસ પસંદ કરવામાં આવ્યો ?

- 21 એપ્રિલ, 1947ના રોજ સ્વતંત્ર ભારતના પ્રથમ ગૃહ મંત્રી સરદાર વલ્લભભાઈ પટેલે દિલ્હીના મેટકોફ હાઉસમાં વહીવટી સેવાના પ્રોબેશનરી અધિકારીઓને સંબોધિત કરતા સિવિલ સેવકોને 'ભારતની સ્ટીલ ફ્રેમ' કહ્યા હતા.
- સિવિલ સેવા દિવસને પ્રથમ વખત દિલ્હીના વિજ્ઞાન ભવનમાં 21 એપ્રિલ, 2006માં મનાવવામાં આવ્યો હતો.
- ભારતમાં 'સિવિલ સેવા'નો પાયો વોરન હેસ્ટિંગ્ઝે રાખ્યો હતો પરંતુ પછીથી ચાર્લ્સ કોર્નવોલિસ દ્વારા તેમાં કરવામાં આવેલ આર્થિક સુધારાને કારણે તે 'ભારતમાં સિવિલ સેવાના પિતા'ના રૂપમાં ઓળખાય છે.

### લોક પ્રશાસનમાં વિશિષ્ટતા માટે પ્રધાનમંત્રી પુરસ્કાર

- સિવિલ સેવાના દિવસે 'લોક પ્રશાસનમાં વિશિષ્ટતા માટે પ્રધાનમંત્રી પુરસ્કાર' આપવામાં આવે છે.
- તે જિલ્લામાં સરકારી યોજનાઓ અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે આપવામાં આવે છે.

## વૈશ્વિક સર્જનાત્મકતા અને નવીનતા દિવસ

- દર વર્ષે 21 એપ્રિલના રોજ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'વૈશ્વિક સર્જનાત્મકતા અને નવીનતા દિવસ' મનાવવામાં આવે છે.
- સંયુક્ત રાષ્ટ્રના 'ટકાઉ વિકાસ લક્ષ્યો'ને પ્રાપ્ત કરવા નવીનતા અને સર્જનાત્મકતા વિશે જાગૃત કરવા આ દિવસ મનાવવામાં આવે છે.
- UNESCO અને UNOSSC દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ 'ક્રિએટીવ ઈકોનોમી રિપોર્ટ' અંતર્ગત સર્જનાત્મકતા (Creativity) અને નવીનતા (Innovation)ને 21મી સદીની સંપત્તિ માનવામાં આવેલ છે.
- આ દિવસની સૌપ્રથમ ઉજવણી 21 એપ્રિલ, 2018ના રોજ કરવામાં આવી હતી.

## જીન ડિચ

- 'ટોમ એન્ડ જેરી'ના નિર્દેશક અને ઓસ્કર વિજેતા જીન ડિચનું હાલમાં 95 વર્ષની ઉંમરમાં નિધન થયું હતું.
- તેઓ એનિમેટર, પ્રોડયુસર અને ડાયરેક્ટરના રૂપમાં પ્રસિદ્ધ હતા.
- 'ટોમ એન્ડ જેરી'ના કુલ 13 ભાગ તેમણે નિર્દેશિત કર્યા હતા. આ ઉપરાંત 'પોપાય ધ સેલર' સીરિઝના પણ અમુક ભાગ નિર્દેશિત કર્યા હતા.
- જીન ડિચની ફિલ્મ 'મુનરો'ને બેસ્ટ એનિમેટેડ શોર્ટ ફિલ્મ માટે વર્ષ 1960માં એકેડમી એવોર્ડ મળ્યો હતો.

- આ ઉપરાંત 1961માં ફિલ્મ 'મુનરો' માટે જ તેમને 'ઓસ્કર' પણ મળ્યો હતો.

## રસીઓની સમાન પહોંચ માટે ઠરાવ

- 21 એપ્રિલ, 2020ના રોજ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સર્વસંમતિથી "equitable, efficient and timely access to future vaccines developed to fight against COVID-19" નામના ઠરાવને અપનાવવામાં આવ્યો હતો.

### ઠરાવની મુખ્ય બાબતો

- ઠરાવનું પ્રારૂપ મેક્સિકો દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું અને USA દ્વારા તેને સમર્થન આપવામાં આવ્યું હતું.
- ઠરાવ COVID-19 સામે લડવાના વૈજ્ઞાનિક અને આંતરરાષ્ટ્રીય સંકલનને મજબૂત બનાવશે.

### સંયુક્ત રાષ્ટ્રમાં ઠરાવ

- સંયુક્ત રાષ્ટ્રમાં ઠરાવ પસાર કરાવવા સાદી બહુમતી (50%થી વધુ મત)ની જરૂરીયાત રહે છે.
- અતિ મહત્ત્વના મુદ્દાઓને મત માટે મૂકવામાં આવે ત્યારે 2/3 બહુમતીની જરૂરીયાત રહેતી હોય છે.

## નૂર ઉપગ્રહ

- 22 એપ્રિલ, 2020ના રોજ ઈરાન દ્વારા પોતાનો પ્રથમ સૈન્ય ઉપગ્રહ નૂર (Noor) સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો હતો.
- આ સૈન્ય ઉપગ્રહનું પ્રક્ષેપણ ઈરાનના 'મધ્ય રણ'થી કરવામાં આવ્યું હતું.

## ટીમ માસ્ક ફોર્સ

- 'ટીમ માસ્ક ફોર્સ' BCCI દ્વારા બનાવવામાં આવી છે.
- તેના અંતર્ગત ભારતના સમ્માનિત ક્રિકેટરો જેવા કે સચિન તેંડુલકર, વિરાટ કોહલી, સૌરવ ગાંગુલુ અને રાહુલ દ્રવિડનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- ટીમ માસ્ક ફોર્સનો ઉદ્દેશ જાહેર સ્થળો પર ફેસ માસ્ક પહેરવાના મહત્ત્વ વિશે જાગૃકતા ફેલાવવાનો છે.
- ક્રિકેટરો પોતે બનાવેલ માસ્ક દેખાડશે તથા લોકોને પણ ઘરે માસ્ક બનાવવા માટે પ્રોત્સાહિત કરશે.
- આ ફોર્સમાં પૂર્વ, વર્તમાન, પુરુષ, મહિલા એમ બધા ભારતીય ક્રિકેટરો શામિલ છે.

## વિશ્વ પુસ્તક તથા કોપીરાઈટ દિવસ

- દર વર્ષે 23 એપ્રિલના રોજ 'વિશ્વ પુસ્તક તથા કોપીરાઈટ દિવસ' મનાવવામાં આવે છે.
- આ દિવસનું આયોજન એ યુનેસ્કો દ્વારા કરવામાં આવે છે.
- યુનેસ્કો દ્વારા આ દિવસ પુસ્તકો, પ્રચાર, પ્રકાશિત અને કોપીરાઈટ માટે મનાવવામાં આવે છે.
- 23 એપ્રિલ, 1995ના રોજ પ્રથમ વખત 'પુસ્તક દિવસ' મનાવવામાં આવ્યો હતો.

### વિશ્વ પુસ્તક રાજધાની - 2020

- દર વર્ષે યુનેસ્કો અને અન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ 23 એપ્રિલથી 1 વર્ષ માટે 'વિશ્વ પુસ્તક રાજધાની' પસંદ કરે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- વર્ષ 2020માં કુઆલા લમ્પુર શહેર (મલેશિયા)ને વિશ્વ પુસ્તક રાજધાની તરીકે ઘોષિત કરવામાં આવેલ છે.

## અંગ્રેજી ભાષા દિવસ

- દર વર્ષે 23 એપ્રિલના રોજ આંતરરાષ્ટ્રીય સ્તર પર અંગ્રેજી ભાષા દિવસ મનાવવામાં આવે છે.
- 23 એપ્રિલ, 1564ના રોજ અંગ્રેજીના પ્રખ્યાત કવિ અને નાટયકાર વિલિયમ શેક્સપિયરનો જન્મ થયો હતો. અને 23 એપ્રિલ, 1616માં તેમનું મૃત્યુ થયું હતું. આથી આ દિવસને અંગ્રેજી ભાષા દિવસના રૂપમાં પસંદ કરવામાં આવ્યો છે.
- વર્ષ 2010થી 'સંયુક્ત રાષ્ટ્રના આંતરરાષ્ટ્રીય સંચાર વિભાગ' દ્વારા સંયુક્ત રાષ્ટ્રની 6 સત્તાવાર ભાષાઓ માટે અલગ–અલગ દિવસોની સ્થાપના કરી હતી. આ દિવસો નીચે મુજબ છે.
- 23 એપ્રિલના રોજ સ્પેનિશ ભાષા દિવસ પણ મનાવવામાં આવે છે.

| ભાષા | આંતરરાષ્ટ્રીય દિવસ |
|---|---|
| અરબી ભાષા | 18 ડિસેમ્બર |
| ચીની ભાષા | 20 એપ્રિલ |
| અંગ્રેજી ભાષા | 23 એપ્રિલ |
| ફ્રેંચ ભાષા | 20 એપ્રિલ |
| રુસી ભાષા | 6 જૂન |
| સ્પેનિશ ભાષા | 23 એપ્રિલ |

## પી.વી. સિંધુ બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન અભિયાનના એમ્બેસેડર તરીકે નામાંકિત

- વિશ્વ ચેમ્પિયન પી.વી. સિંધુને 'આઈ એમ બેડમિન્ટન' અભિયાનના એમ્બેસેડર તરીકે નામાંકિત કરવામાં આવ્યા છે.
- આ અભિયાન બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (BWF) દ્વારા શરૂ કરવામાં આવ્યું છે.
- આ અભિયાન બેડમિન્ટન ખેલાડીઓને ઈમાનદારીના ધોરણે રમવા માટેની વકાલત માટેનું મંચ પ્રદાન કરે છે. આ ઉપરાંત ખેલાડીઓને રમત પ્રત્યે પોતાનો પ્રેમ અને સમ્માન વ્યક્ત કરવામાં પણ મદદ કરે છે.
- પી.વી. સિંધુ ઉપરાંત કેનેડાના મિશેન લી, ચીનના હુઆંગ યા ક્યૂંગ અને જેન્ગ સી વેઈ, જર્મનીના વલેસ્કા નોબ્લુચ અને હોંગકોંગના ચૈન હો યુએનને પણ એમ્બેસેડર તરીકે નામાંકિત કરવામાં આવ્યા હતા.

## ભારતીય વૈજ્ઞાનિકની અમેરિકાના 'રાષ્ટ્રીય વિજ્ઞાન બોર્ડ'માં નિયુક્તિ

- અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપે ભારતીય–અમેરિકી સુદર્શન બાબુને અમેરિકાના 'રાષ્ટ્રીય વિજ્ઞાન બોર્ડ'માં નિયુક્તિ કરી હતી.
- તેમને 6 વર્ષના કાર્યકાળ માટે નિયુક્તિ કરવામાં આવ્યા છે.

- સુદર્શન બાબુ એ વર્ષ 1988માં IIT-મદ્રાસથી માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરી હતી. આ ઉપરાંત તેઓએ કેમ્બ્રિજ યુનિવર્સિટીથી સામગ્રી વિજ્ઞાન અને ધાતુ વિજ્ઞાનમાં PhD કર્યું હતું.

## લોકડાઉન લર્નર્સ સિરીઝ

- ડ્રગ અને ગુના પર સંયુક્ત રાષ્ટ્રની ઓફીસ (United Nations Office of Drugs and Crimes) દ્વારા COVID-19 પર વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે સંવાદ શરૂ કર્યો હતો.
- આ સંસ્થા દ્વારા 'ન્યાય માટે શિક્ષણ' અભિયાન અંતર્ગત 'લોકડાઉન લર્નર્સ સિરીઝ' શરૂ કરી હતી.
- આ સિરીઝનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને ખોટી માહિતી, સાયબર ક્રાઈમ, લિંગ આધારીત હિંસા, ભ્રષ્ટાચાર વગેરે મુદ્દે સંવેદનશીલ બનાવવાનો છે.
- 'ન્યાય માટે શિક્ષણ પહેલ' એ ડ્રગ અને ગુના પરની સંયુક્ત રાષ્ટ્રની ઓફિસ દ્વારા આગળ ની પેઢીને ગુના રોકવા અને કાયદા અંતર્ગતના પ્રશ્નો પ્રત્યે શીખવવા માટે શરૂ કરવામાં આવી છે.

## 'આપ્તમિત્ર' હેલ્પલાઈન અને એપ્લિકેશન

- કર્ણાટકની સરકાર દ્વારા COVID-19થી લડવા માટે 'આપ્તમિત્ર' એપ્લિકેશન અને હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે.
- આ એપ્લિકેશનનો ઉદ્દેશ COVID-19 પર ચિકિત્સા માર્ગદર્શન અને સલાહ આપવાનો છે.
- જ્યારે કોઈ વ્યક્તિને COVID-19ના લક્ષણ હોય તો એ 'આપ્તમિત્ર' હેલ્પલાઈન નંબર પર ફોન કરી શકે છે. તેમને ચિકિત્સા વિશેષજ્ઞોની ટીમ દ્વારા સલાહ આપવામાં આવશે.

## ક્લાસિકલ સ્વાઈન તાવ

- તાજેતરમાં પૂર્વ આસામના અમુક જિલ્લાઓમાં ક્લાસિકલ સ્વાઈન તાવના કારણે એક અઠવાડિયામાં 1300થી વધુ ડુક્કર/ભૂંડની મૃત્યુ થઈ હતી.
- આ એક ચેપી તાવ છે જે ડુક્કરો માટે મૃત્યુનું કારણ બને છે.
- સ્વાઈન ફ્લૂથી મનુષ્યોને ચેપ લાગે છે જ્યારે તેનાથી વિરુદ્ધ ક્લાસિકલ સ્વાઈન તાવથી ફક્ત ડુક્કરને ચેપ લાગે છે.
- જો કે રસી દ્વારા આ રોગને નિયંત્રિત કરી શકાય છે.
- ભારતમાં આ બીમારીને નિયંત્રિત કરવા માટે 'લૈપિનાઈઝડ ક્લાસિકલ સ્વાઈન તાવ રસી'નો ઉપયોગ કરવામાં આવે છે.

## શાંતિ માટે કૂટનીતિ અને બહુપક્ષવાદ પર આંતરરાષ્ટ્રીય દિવસ

- દર વર્ષે 24 એપ્રિલના રોજ શાંતિ માટે કૂટનીતિ અને બહુપક્ષવાદ પર આંતરરાષ્ટ્રીય દિવસ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા મનાવવામાં આવે છે.
- સૌપ્રથમ વખત આ દિવસ એપ્રિલ, 2019માં મનાવવામાં આવ્યો હતો.
- આ દિવસનો ઉદ્દેશ આંતરરાષ્ટ્રીય સહયોગ અને બહુપક્ષવાદના મૂલ્યોનું સંરક્ષણ કરવાનો

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

છે, જેના આધાર પર સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર અને 2030 સતત વિકાસ લક્ષ્યો તૈયાર કરવામાં આવે છે.

- આ ઉપરાંત સંયુક્ત રાષ્ટ્રના ત્રણ સ્તંભો શાંતિ અને સુરક્ષા, માનવ અધિકાર અને વિકાસને સમર્થન આપવા આ દિવસ મનાવવામાં આવે છે.

## ટિયાનવેન-1

- તાજેતરમાં ચીન દ્વારા ટિયાનવેન-1ને પોતાના પ્રથમ 'મંગળ ગ્રહ પરના સંશોધન મિશન' તરીકેની જાહેરાત કરવામાં આવી છે.
- વર્તમાન સુધીમાં ભારત, રશિયા, યુરોપિયન યુનિયન, USA દેશો મંગળ ગ્રહ પરના મિશનમાં સફળ રહ્યા છે. રશિયા, USA અને યુરોપિયન યુનિયન બાદ મંગળ ગ્રહ પર જનાર ભારત ચોથો દેશ બન્યો હતો.

## લેબનને મરીજુઆનાની ખેતીને કાયદેસર માન્યતા આપી

- લેબનન એ આરબનો પ્રથમ દેશ બન્યો છે જેમણે મરીજુઆનાની ખેતીને કાયદેસર માન્યતા આપી છે.
- તેનો મુખ્ય હેતુ મરીજુઆનાની નિકાસને વધારવાનો છે.
- લેબનન દ્વારા ઔદ્યોગિક અને મેડિકલ હેતુ માટે મરીજુઆનાને કાયદેસરતા આપવામાં આવી છે.
- મરીજુઆના (ગાંજો) એક માદક દ્રવ્ય છે જે કેનાબિસ સૈટાઈવા નામની વનસ્પતિથી પ્રાપ્ત થાય છે.
- સંયુક્ત રાષ્ટ્ર મુજબ, લેબનન એ મોરક્કો અને અફઘાનિસ્તાન પછી કૈનેબિસનો પુરવઠો પૂરો પાડનાર ત્રીજો સૌથી મોટો દેશ છે.
- લેબનન સિવાય અન્ય બે ક્ષેત્રો છે જ્યાં કૈનેબિસ વનસ્પતિનો ઉપયોગ અફીમ બનાવવા માટે કરવામાં આવે છે. આ ક્ષેત્રોમાં 'ગોલ્ડન ક્રિસેન્ટ' અને 'ગોલ્ડન ટ્રાયેંગલ'નો સમાવેશ થાય છે.

1. **ગોલ્ડન ક્રિસેન્ટ (Golden Crescent)**
   - તેના અંતર્ગત ત્રણ દેશો – ઈરાન, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનનો સમાવેશ થાય છે.
   - ત્રણેય દેશો મળીને નકશામાં અર્ધચંદ્રાકાર (Crescent) બનાવે છે આથી આવું નામ અપાયું છે.
   - અફઘાનિસ્તાન અફીણનું ઉત્પાદન કરતો સૌથી મોટો દેશ છે.
2. **ગોલ્ડન ટ્રાયેંગલ (Golden Triangle)**
   - તેના અંતર્ગત ત્રણ દેશો થાઈલેન્ડ, મ્યાનમાર અને લાઓસનો સમાવેશ થાય છે.
   - આ ક્ષેત્રો રુઅક અને મેકોંગ નદીના સંગમ ક્ષેત્રમાં મળે છે. ત્યાં ત્રિકોણ આકાર બનાવે છે.

## હરિયાણામાં પત્રકારો માટે વીમાની સુવિધા

- તાજેતરમાં હરિયાણા સરકાર દ્વારા COVID-19 મહામારીના સમયે રિપોર્ટિંગ કરતા બધા પત્રકારો માટે રૂ. 10 લાખના વીમાની સુવિધા આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.
- જો કોરોના વાયરસને કારણે પત્રકારનું મૃત્યુ થાય તો રૂ. 10 લાખના વીમાની રકમ તેના પરિવારજનોને આપવામાં આવશે.

## વિશ્વ મલેરિયા દિવસ

- પ્રત્યેક વર્ષ 25 એપ્રિલના રોજ મલેરિયા નિવારણ અને નિયંત્રણ માટે વિશ્વ મલેરિયા દિવસનું આયોજન કરવામાં આવે છે.
- વિશ્વ મલેરિયા દિવસ 2020ની થીમ : 'ઝીરો મલેરિયા સ્ટાર્ટ્સ વિથ મી' (Zero Malaria Starts with me)
- વિશ્વ મલેરિયા દિવસ એક અભિયાન પણ છે. જેનો હેતુ મલેરિયાના નિયંત્રણ માટે સંસાધનો એકઠા કરવા અને લોકોને જાગૃત બનાવવાનો છે.
- પરંતુ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) દ્વારા પ્રકાશિત 'વિશ્વ મલેરિયા રિપોર્ટ' મુજબ વર્ષ 2014-2018ના મધ્યમાં મલેરિયા નિયંત્રણ માટે કોઈ ખાસ વૈશ્વિક પ્રગતિ થઈ નથી.
- વિશ્વ મલેરિયા દિવસની શરૂઆત WHO દ્વારા તેની નિર્ણય સંસ્થા વિશ્વ સ્વાસ્થ્ય એસેમ્બલીના 60મા અધિવેશન (મે, 2007)માં કરવામાં આવી હતી.

### Back to Basics : મલેરિયા વિશે

- મલેરિયા એ મચ્છરજન્ય રોગ છે જે પ્લાઝમોડિયમ પરોપજીવી દ્વારા થાય છે.
- આ પરોપજીવી ચેપી માદા એનોફિલિસ મચ્છરના કરડવાથી થાય છે. આમ મલેરિયા એ વેક્ટર (પરોપજીવી) વાહક દ્વારા થતો રોગ છે.
- મુખ્યત્ત્વે આ રોગ ઉષ્ણકટિબંધીય અને સમશીતોષ્ણ કટિબંધીય ક્ષેત્રોમાં જોવા મળે છે.

### ભારત સરકાર દ્વારા મલેરિયાના સંદર્ભે લેવાયેલ પગલાઓ

- ભારત સરકાર દ્વારા વર્ષ 2030 સુધીમાં મલેરિયા નાબૂદ કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.
- આ ઉપરાંત ICMR દ્વારા પણ મલેરિયા નાબૂદ કરવા માટે "MERA-India" નામના અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી.

## આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિ દિવસ

- 25 એપ્રિલ, 2020ના રોજ પ્રથમ વખત સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિ દિવસ' અંકિત કરવામાં આવ્યો હતો.
- આ દિવસ સાન ફ્રાન્સિસ્કો પરિષદની 75મી વર્ષગાંઠને મનાવવા માટે અંકિત કરવામાં આવ્યો હતો.

### સાન ફ્રાન્સિસ્કો પરિષદ વિશે

- 25 એપ્રિલ, 1945ના રોજ 50 દેશોના પ્રતિનિધિઓએ સાન ફ્રાન્સિસ્કો ખાતે એકઠા થયા હતા.
- પરિષદનો મુખ્ય ઉદ્દેશ બીજા વિશ્વયુદ્ધ બાદ સાથે આવી વૈશ્વિક શાંતિ સ્થાપવાનો હતો.
- આ પરિષદમાં 850થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. જે તે સમયના વિશ્વની 80% વસતીનું પ્રતિનિધિત્ત્વ કરતા હતા.

## વિશ્વ રસીકરણ સપ્તાહ

- પ્રત્યેક વર્ષે એપ્રિલ મહિનાના છેલ્લા સપ્તાહને 'વિશ્વ રસીકરણ સપ્તાહ' તરીકે અંકિત કરવામાં આવેલ છે.
- આ સપ્તાહને રસીકરણની જાગૃતિ વધારવા માટે મનાવવામાં આવે છે.
- વિશ્વ રસીકરણ સપ્તાહ વર્ષ 2020ની થીમ : રસી બધા માટે કામ કરે છે. (Vaccines Work for All)

- વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન મુજબ રસીકરણ અને 25 ચેપી રોગોથી બચાવે છે.
- વિશ્વ રસીકરણ એ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO)નું અભિયાન છે.

### પ્રથમ રસીકરણ

- સ્પોલ પોક્સ રસી એ ચેપી રોગ વિરુદ્ધ રક્ષા આપવા પ્રથમ રસી તરીકે વિકસિત કરવામાં આવી હતી.
- તે 1796માં એડવર્ડ જેનર દ્વારા વિકસિત કરવામાં આવી હતી.
- રસીકરણના કાર્યક્રમમાં લાંબો સમય લાગતો હોય છે. દા.ત. વર્ષ 2014માં ઈબોલા વિરુદ્ધ રસીકરણ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો પરંતુ તે અમલી 2016થી થયો હતો.

### વિશ્વ રસીકરણ સપ્તાહ 2020ના અભિયાનની મુખ્ય બાબતો

- વર્ષ 2020માં વિશ્વ રસીકરણ સપ્તાહમાં નીચેની બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

1. બાળકોને રસીના મૂલ્યો દર્શાવવા
2. રસીકરણ પ્રગતિ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે મુખ્ય વિષયો પર ધ્યાન આપવું.
3. રસીકરણ કાર્યક્રમો પ્રત્યે રોકાણ વધારવાનું મહત્ત્વ

## સાઉદી અરેબિયામાં નાબાલિકોને મૃત્યુદંડની સજા પર પ્રતિબંધ

- તાજેતરમાં સાઉદી અરેબિયા દ્વારા નાબાલિકો દ્વારા કરવામાં આવતા ગુનાઓ માટે મૃત્યુદંડની સજાની જોગવાઈ પર પ્રતિબંધ મૂક્યો છે.
- માનવ અધિકારોની રક્ષા કરવામાં સાઉદી અરેબિયા દ્વારા કરવામાં આવેલ આ નવો સુધારો છે.
- મૃત્યુદંડના સ્થાને તે નાબાલિક અપરાધીને મહત્તમ 10 વર્ષ માટે જુવેનાઈલ ડિટેંશન ફેસિલિટી (Juvenile Detention Facility)માં મોકલવામાં આવશે.

## પિચ બ્લૈક 2020

- COVID-19ના કારણે ઓસ્ટ્રેલિયામાં 27 જુલાઈ - 14 ઓગસ્ટ સુધી આયોજિત થનાર બહુપક્ષીય હવાઈ યુદ્ધ અભ્યાસ 'પિચ બ્લૈક'ને રદ કરવામાં આવેલ છે.

### પિચ બ્લૈક વિશે

- આ અભ્યાસ વિશ્વભરની સેનાઓને એકસાથે સહભાગી બનવાની તક આપે છે.
- આ પહેલા ભારતીય વાયુસેના દ્વારા 2018માં પ્રથમ વખત પિચ બ્લૈકમાં ભાગ લીધો હતો.
- 'અભ્યાસ પિચ બ્લૈક' એ રોયલ ઓસ્ટ્રેલિયન એરફોર્સ દ્વારા આયોજિત એ દ્વિવાર્ષિક યુદ્ધ અભ્યાસ છે જેની શરૂઆત 1981માં કરવામાં આવી હતી.

## વૈશ્વિક બૌદ્ધિક સંપદા દિવસ

- દર વર્ષે 26 એપ્રિલના રોજ દુનિયાભરમાં 'વૈશ્વિક બૌદ્ધિક સંપદા' દિવસનું આયોજન કરવામાં આવે છે.
- આ દિવસના આયોજનનો ઉદ્દેશ પેટન્ટ, કોપીરાઈટ, ટ્રેડમાર્ક તથા ડિઝાઈનના સંબંધમાં જાગૃકતા વધારવાનો છે.

- વર્ષ 2020 વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસની થીમ : 'ઈનોવેટ ફોર અ ગ્રીન ફ્યૂચર' (Innovate for a Green Future)
- આ દિવસની સ્થાપના વિશ્વ બૌદ્ધિક સંપદા સંગઠન (World Intellectual Property Organisation - WIPO) દ્વારા વર્ષ 2000માં કરવામાં આવી હતી.
- WIPO બૌદ્ધિક સંપદા સેવાઓ, નીતિ, સૂચના અને સહયોગ માટે એક વૈશ્વિક મંચ છે. તેનું મુખ્યાલય જિનીવા, સ્વિટ્ઝર્લેન્ડ ખાતે છે.

## COVID-19 ટૂલ્સ (એક્ટ) એક્સલેરેટર

- વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) અન્ય આંતરરાષ્ટ્રીય સંગઠનો જેમ કે ગ્લોબલ ફંડ, UNTAID, CEPI વગેરે સાથે મળીને COVID-19 ટૂલ્સ (એક્ટ) એક્સલેરેટર લોન્ચ કરેલ છે.
- આ ભાગીદારીથી COVID-19ના નિદાન, ચિકિત્સા અને રસીના વિકાસ, ઉત્પાદન અને ઉપલબ્ધતાને વધુ ઝડપી બનાવી શકાશે.
- આ ભાગીદારીનો મુખ્ય ઉદ્દેશ અમીર અને ગરીબ દેશોને COVID-19 ઉપચાર ઉપલબ્ધ કરાવવાનો છે.
- આ પહેલને 2009માં H1N1 સ્વાઈન ફ્લૂ દરમિયાન થયેલ અનુભવને આધારે શરૂ કરવામાં આવેલ છે. કારણ કે સ્વાઈન ફ્લૂ દરમિયાન રસીનું વિતરણ ન્યાયસંગત રીતે થયું ન હતું.
- ન્યાયસંગત રીતે રસીનું વિતરણ ન થવાથી ફક્ત અમીર દેશો રસી ખરીદી શકતા હતા.

## રુહદાર વેન્ટિલેટર

- IIT બોમ્બે અને ઈસ્લામિક યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, શ્રીનગરના વિદ્યાર્થીઓએ 'રુહદાર' નામે ઓછી કિંમતનું એક વેન્ટિલેટર બનાવ્યું છે.
- આ વેન્ટિલેટરની ઉત્પાદન કિંમત રૂ. 10000 છે.
- COVID-19થી સંક્રમિત લગભગ 80% ભારતીય દર્દીઓમાંથી 15%ને ઓક્સિજનની સહાયતાની જરૂરીયાત છે. તેમાંથી ફક્ત 5%ને વેન્ટિલેટરની જરૂરીયાત રહે છે.
- ભારતમાં વર્તમાનમાં 40000 વેન્ટિલેટર છે. આથી વધુ માંગને પહોંચી વળવા દેશમાં જ વેન્ટિલેટરનું ઉત્પાદન કરવું જરૂરી છે.

## કાર્યસ્થળ પર સુરક્ષા અને આરોગ્ય માટે વિશ્વ દિવસ

- દર વર્ષે 28 એપ્રિલના રોજ 'કાર્યસ્થળ પર સુરક્ષા અને આરોગ્ય માટે વિશ્વ દિવસ' મનાવવામાં આવે છે.
- COVID-19 મહામારી સરકાર, કામદારો અને કામ પર રાખનાર માટે પડકાર છે અને આ વર્ષે કાર્યસ્થળ પર ચેપી રોગ ફાટી નીકળવા જેવી બાબત ધ્યાનમાં લેવામાં આવી છે.
- વર્ષ 2020ની થીમ : મહામારીને રોકો (Stop the Pandemic) છે.
- વર્ષ 2003થી આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન (International Labour Organisation - ILO) દ્વારા આ દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસનું મહત્ત્વ એટલા માટે છે કારણ કે નવી ટેકનોલોજી, ઉત્પાદન, પ્રક્રિયાઓને કારણે કાર્યસ્થળ પર જોખમ વધ્યું છે.

- આ દિવસ દ્વારા કામદારોના સ્વાસ્થ્ય અને સુરક્ષા પ્રત્યે જાગૃતિ વધે તેવો ઉદ્દેશ છે.

## ટી. એસ. તિરુમૂર્તિ સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ તરીકે નિયુક્ત

- તાજેતરમાં ટી.એસ. તિરુમૂર્તિને સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના પ્રતિનિધિ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.
- વર્તમાનમાં તેઓ વિદેશ મંત્રાલયના સચિવ પદ પર કાર્યરત છે.
- ટી.એસ. તિરુમૂર્તિ એ ન્યુયોર્કમાં સૈયદ અકબરુદ્દીનનું સ્થાન લેશે.

## એરો ઈન્ડિયા

- સંરક્ષણ મંત્રાલય દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે 'એરો ઈન્ડિયા'ની 13મી આવૃત્તિ 3-7 ફેબ્રુઆરી, 2021 દરમિયાન એરફોર્સ સ્ટેશન યેલહંકા (કર્ણાટક) ખાતે યોજવામાં આવશે.

### એરો ઈન્ડિયા વિશે

- એરો ઈન્ડિયા દ્વિવાર્ષિક આંતરરાષ્ટ્રીય લશ્કર અને નાગરિક એર શો (Air Show) છે.
- 2021 એરો ઈન્ડિયાનું આયોજન 'ડિફેન્સ એક્સિબિશન ઓર્ગેનાઈઝેશન, સંરક્ષણ મંત્રાલય' દ્વારા કરવામાં આવશે.
- 2019માં તેનું આયોજન હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ આયોજન ભારતીય તેમજ આંતરરાષ્ટ્રીય લશ્કર અને નાગરિક વિમાન ઉત્પાદકો તેના સાથે જોડાયેલ ઉદ્યોગોનું ધ્યાન ખેંચે છે.

### ડિફેન્સ એક્સિબિશન ઓર્ગેનાઈઝેશન વિશે

- તે ભારત સરકારની અંતર્ગત એક સ્વાયત્ત સંસ્થા છે જેની સ્થાપના વર્ષ 1981માં કરવામાં આવી હતી.
- આ સંસ્થા ભારતીય સંરક્ષણ ઉદ્યોગો માટે નિકાસની સંભાવના શોધી તેને પ્રોત્સાહન આપવાનું કાર્ય કરે છે.
- આ સંસ્થા ડિફેન્સ એક્સિબિશન જેવા કે DEFEXPOનું પણ આયોજન કરે છે.

## VITAL વેન્ટિલેટર

- તાજેતરમાં નાસા દ્વારા 'VITAL' નામનું એક વેન્ટિલેટર બનાવવામાં આવ્યું હતું.
- તેનું પૂરું નામ 'Ventilator Intervention Technology Accessible Locally' છે.
- તે સરળતાથી બની શકતું ઉચ્ચ દબાણ ધરાવતું વેન્ટિલેટર છે.
- તેની રચના મંદ લક્ષણો ધરાવતા COVID-19ના દર્દીની સારવાર માટે કરવામાં આવી છે. જેથી સામાન્ય વેન્ટિલેટર ગંભીર દર્દી માટે ઉપયોગમાં લઈ શકાય.
- આ વેન્ટિલેટર ઝડપતી બનાવી શકાય છે અને તેનું મેઈન્ટેનન્સ પણ સામાન્ય વેન્ટિલેટરની સાપેક્ષે સરળ છે અને તેમાં ઓછા ઉપકરણોનો ઉપયોગ થયો છે.

## Feluda

- 'Feluda' એક 'પેપર–સ્ટ્રીપ' ટેસ્ટ છે જેના દ્વારા COVID-19નું પરીક્ષણ માત્ર 1 કલાકની અંદર થઈ શકે છે.


- આ પદ્ધતિ CSIR-IGIBના વૈજ્ઞાનિકો દ્વારા વિકસાવવામાં આવી છે.
- CSIR-IGIBનું પૂરું નામ 'Council of Scientific & Industrial Research Institute of Genomics and Integrative Biology' છે.
- તેની કિંમત આશરે રૂ. 500 જેટલી જ છે.

## બ્લાઝાર

- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ એસ્ટ્રોફિઝિક્સના વૈજ્ઞાનિકોએ વિવિધ પ્રકારના બ્લાઝારમાંથી ઉત્સર્જિત થતા ગામા કિરણોની ચલિતતા વિશે અભ્યાસ કર્યો છે.
- બ્લાઝાર એક પ્રકારના સક્રિય ગેલેક્સી કેન્દ્રો (AGN-Active Galactic Nuclei) હોય છે.
- કેટલાક બ્લાઝારમાં બાયનરી બ્લેકહોલ આવેલા હોય છે અને ભવિષ્યમાં ગુરુત્વાકર્ષણ તરંગોના સંશોધન માટેના તે કેન્દ્રો બની શકે તેમ છે.
- બ્લાઝાર બ્રહ્માંડમાં સૌથી વધુ તેજસ્વી તથા ઊર્જાસભર પદાર્થો છે. 1990ના દશકમાં તેઓ ગામા કિરણોનું ઉત્સર્જન કરે છે તેવું જાણવા મળ્યું હતું.

ICE CURRENT AFFAIRS LOCKDOWN નથી

દરરોજ 5 મિનિટના 5 પ્રશ્નો સમજૂતી સાથે




SAVE & SHARE

Join Telegram : t.me/icerajkotofficial

# સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT